કવિ ભાલણકૃત

બે નળાખ્યાન.

રા શુ મોદી.

શ્રીમંત ગાયકવાડ સરકારના આશ્રયથી

ભાલણકૃત

બે નળાખ્યાન.

સંશોધન કરી ઉપોદ્ઘાત તથા ટીકા સાથે

પ્રકટ કરનાર,

રામલાલ ચુનીલાલ મોદી.

પાટણ.

निपीय यस्य क्षितिरक्षिणः कथाः
तथाद्रियन्ते न बुधाः सुधामपि ।

—श्री हर्षः

આવૃત્તિ પહેલી　　　　પ્રત ૧૦૦૦.

સં ૧૯૮૦　　　　સને ૧૯૨૪

અમદાવાદ, સલાપોસરોડ—

ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કિંમત રૂ. ૨-૦-૦.

સાંકેતિક શબ્દો.

કા —કાદમ્બરી

કા પ્ર —કાન્હડદે પ્રબંધ

દશમ —ભાલણકૃત દશમસ્કંધ

વૈ પ —વૈતાલ પચીસી (જ દ મોદીએ પ્રકટ કરેલી.)

ના ન —નાકરકૃત નળાખ્યાન

ભા ધ્રુ —ભાલણકૃત ધ્રુવાખ્યાન

ભા જા — ,, જાળધરઆખ્યાન

આ કા મ મૈ —આનન્દકાવ્યમહોદધિ મૌક્તિક

કા દો ભા —કાવ્યદોહન ભાગ

પ્રા કા મા અ —પ્રાચીન કાવ્યમાળા અંક

પ્રા કા ત્રિ અ —પ્રાચીનકાવ્ય ત્રિમાસિક અંક

પ્રે ન —પ્રેમાનન્દકૃત નળાખ્યાન

नैषध—नैषधीय चरितम्

दे. ना—હેમચંદ્રકૃત **देशीनाममाला.**

पं. तं.—पंचतंत्र

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

પાટણ (ઉ ગુજરાત)

૧ પ્રકાશક—સોનીવાડામા આંબલીની પોળ

૨ **બુકસેલર્સ કે. બી. પરીખની કંપની**—બજાર

૩ **બુકસેલર્સ ડાહ્યાલાલ એન્ડ કંપની**—બજાર

અમદાવાદ.

૧ **બુકસેલર જીવણલાલ અમરશી મહેતા**—પીરમશાહરોડ

૨. **બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે**—ત્રણ દરવાજા.

વડોદરા.

૧ **મેસર્સ કીકુભાઈ ચકુલાલની કંપની,**


કોઠીપોળની સામે, ટાવર રોડ

મુંબાઈ.

૧. **ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ**—સાસુન બીલ્ડીંગ્સ, સર્કલ, કોટ.

૨ **બુકસેલર એન. એમ. ત્રિપાઠીની કંપની,**

પ્રિન્સેસ સ્ટ્રીટ



પહેલું પાનું — ભાલણકૃત પ્રથમ નળાખ્યાન — છેલ્લું પાનું



કવિ ભાલણની છબી

પ્રસ્તાવના.

પ્રકટ કરવામા આવેલા નળાખ્યાનની પ્રતો અને પાઠયોજના સબધી ખુલાસો કરવો અહિ આવશ્યક ધારૂ છુ

પ્રથમ નળાખ્યાનની એક જ પ્રત મળી શકી છે તે 'ગુજરાતી' છાપખાનાની માલકીની છે ઘણા વખતથી જાણવામા હતુ કે ભાલણે બે નળાખ્યાન લખ્યા છે પરન્તુ પ્રથમ નળાખ્યાન હાથ લાગતું નહોતુ તેનો પત્તો આ રીતે લાગ્યો આજથી ચાર વર્ષ ઉપર 'શ્રી સયાજી સાહિત્ય માળા' માટે ભાલણનુ ચરિત્ર હુ લખતો હતો, ત્યારે કાવ્ય દોહનમા પ્રકટ થયેલા ભાલણના બીજા નળાખ્યાનની મૂળ પ્રત 'ગુજરાતી છાપખાના'ના સગ્રહમા હોય તો મોકલવાનુ મ્હારા મિત્ર રા નટવરલાલ ઇચ્છારામ દેસાઇને લખ્યુ તેમની પાસે જે પ્રત હતી તે મોકલી, એમ ધારીને કે એજ પ્રત ઉપરથી છપાયુ હશે (એના ઉપર 'છપાયલુ છે' એમ નોધ પણ થઈ હતી) પરન્તુ, તે વાચતા મ્હને જૂદુ જ જણાયુ અને બારીકાઇથી તપાસતા તેનુ પ્રથમ નળાખ્યાન સિદ્ધ થયુ આ પ્રમાણે ગુજરાતી સાહિત્યના એક બહુ મૂલ્ય રત્ની પ્રાપ્તિ થવાથી અત્યત આનન્દ થયો

આ પ્રત ૪"×૩"ના એક ગુટકામા લખાઇ છે આગળ પાછળ બીજા કાવ્યના પાના હોવાથી, ઘણા પાના ફાટી ગયા છે, છતા પણ નળાખ્યાન તો સપૂર્ણ જળવાઈ રહ્યુ છે વચમા કેટલાક પાના આગળીઓના ઘસારાથી જરા જગ કોરેથી ખડિત થયા છે, આથી કેટલાક શબ્દો ગયા છે લિપિ ગુજરાતી છે, પરન્તુ કેટલાક અક્ષરો બાળબોધને મળતા છે તેથી જણાય છે કે બાળબોધ અને ગુજરાતી લિપિના સધિકાળમા એ લખાઈ હશે પ્રત લહીઆના હાથની લખેલી નથી, સાધારણ નામુ ઠામુ લખી જાણનારના હાથની લાગે છે, જો કે અક્ષરો બોડીઆ નથી પણ કાના-માત્ર સાથે છે આથી અશુદ્ધિ બહુ હોય એ સ્વાભાવિક છે મૂળ જે પ્રત ઉપરથી આ પ્રત લખી હશે તેના કેટલાક શબ્દો લેખકને નહિ બેસવાથી, પણ કેટલોક ગોટાળો થયેલો જણાય છે. તોપણ એટલુ તો ખરૂ કે લખનાર બહુ કાળજીવાળો હશે, કેમકે બહુ જુજ સ્થળે જ અક્ષરો પડયા છે

આ કારણોથી શુદ્ધ પાઠો નક્કી કરવામા ઘણી મુશ્કેલી પડી છ અને વખત પણ વધારે ગયો છે. પાઠનિર્ણયમા **ભાલણ**ની કાદમ્બરી, **નાક**રનુ નળાખ્યાન, મૂળ **महाभारत** અને **नैषधचरित**માથી ઘણી સહાય મળી છે જે જે પાઠ અશુદ્ધ કે અનુચિત લાગ્યા છ, તે બદલ્યા છે મૂળ પાઠ ટિપ્પણમા આપ્યા છે બે ત્રણ પ્રતો હોત તો કદાચ નવા પાઠ કલ્પવાની જરૂર ન પડત, પરન્તુ એકજ બહુ અશુદ્ધ પ્રત હોવાથી કલ્પિત પાઠ યોજ્યા વિના છૂટકો નહિ જેમને કલ્પિત પાઠ ઉચિત ન જણાય, તે ટિપ્પણમાથી મૂળ પાઠ મૂકી સુધારી શકશે જે પાઠ બદલ્યા છે તે કાળા અક્ષરમા મૂકયા છે અને ટિપ્પણમા જે કડીમા તે છે તેનો અંક લખ્યો છે જ્યા એક કડીમા વધારે પાઠ બદલ્યા છે, ત્યા અનુક્રમે લખ્યા છે એથી મૂળ પાઠ સહેલાઇથી જોઈ શકાશે કેટલેક સ્થળે અક્ષરો પડેલા કે ઘસાઈ ગયા છે, ત્યા કૌંસમા લખી ઉમેર્યા છે

હવે શા ધોરણે પાઠ બદલ્યા છે એ જણાવુ છુ (૧) 'ય' કારને બદલે છેવટે 'એ' કાર છે દાખલા તરીકે ગાએ (ગાય), જાએ (જાય) રાએ (રાય), દમઅતી (દમયતી), જો કે પાછળથી 'ય' કાર ઘણી જગાએ છે (૨) ભૂતકાળ અને ભૂતકૃદતમા 'અ'કાર અને 'ઉ'કાર–'ય'ના સ્થાને છે દા કરૂ (કર્યું), ગઉ (ગયુ) ગઆ (ગયા), ગો (ગ્યો), થો (થ્યો) વગેરે માત્ર એકજ 'ય' કાર સયુક્ત છે 'ભૂખ્યા' (૧૧, ૯૧) (૩) હકાર છૂટો લખ્યો છે દા માહાર, તહમો જોઇને આશ્ચર્ય થાય છે કે એક જગાએ હકાર હાલની માફક જોડાયેલો જ લખ્યો છે કોન્હે (૧૯, ૧૦) આ સ્થળોએ તો મૂળ પાઠ ટિપ્પણમા આપ્યા છે, પણ અન્ય સ્થળે તેમ કરવાની જરૂર જોઇ નથી. તે સ્થળો આ રીતે છે (૧) જ્યા તત્સમ (સસ્કૃત) શબ્દોની જોડણી ખોટી છે અગર સયુક્ત અક્ષરો છૂટા લખ્યા છે, તે એમને એમ સુધારી લીધા છે- દા કઉરવ (કૌરવ), દૃત (ઘૃત), સધુ (સિંધુ), બ્રામણ (બ્રાહ્મણ), મદર (મદિર), વાણી (વાણી) ઇત્યાદિ. (૨) જ્યા અક્ષરો પડેલા છે ત્યા તે પણ વધાર્યા છે દા વૈભ (વૈભવ), વિધાને (વિધાતાને) (૩) ઘણીખરી જગાએ અનુસ્વાર નથી તુ (તુ), હુ (હુ) બાધુ (બાધુ) એહેવુ (એહેવુ) આ શબ્દો માટે ટિપ્પણમા મૂળ અશુદ્ધ પાઠો આપવા નિરર્થક છે, તેથી આપ્યા નથી (૪) વિશેષ નામો અશુદ્ધ છે, તેને માટે શુદ્ધ પાઠ મૂકી, માત્ર એકજ વખત ટિપ્પણમા અશુદ્ધ પાઠ દર્શાવ્યા છે, ફરી ફરીને એના એ શબ્દોના મૂળ પાઠ આપવા ઇષ્ટ નથી લાગ્યા મૂળ

પ્રત કેટલી અશુદ્ધ છે, તે જોવા માટે થોડીક પંક્તિઓ યથાસ્થિત અહિ ઉતારું છું—

ગુરૂપદ પંકજને પ્રણમું, બ્રંમસુતાને ધાઉ,
ગુર્જર ભાખાએ નલરાજાના, ગુણ મનોહર ગાઉ ૧
નઇ ખંધ ચંપૂ માહાભારથમા, કવે કીરતે અતિ લીધી,
કાલનિ પ્રીછવવા ભાલણે, ભાખાએ એ કીધી ૨
સાન્ચા હીરા હેમે જીડીઆ, વઇભનો સણગાર,
દુબેલને તો કાચ કથીરે, ભુખણ હોએ અપાર ૩
ધનવંત ભુપતેને ભોજન, સરવ સંજોગે થાએ,
નીરધન તવારા અતે, આનંદે જ્વાર બાજરી કાએ ૪
\+ \+ \+ \+
આરણીક પરવતણી, કથા જે સાભળે નેર નાર,
પામે સુખ સંસારના, પૂનરપ્ય નહી અવતાર ૩૫
દેહ પામે નહિ જે, સાભળે કરે ગાન,
રાજ પામે આપણુ જે, મુણે તા રાજાન ૩૬
સાભલે પ્રેમે કરી તે, પામે પદ નીરવાણ,
કેહે ભાલણ બુધમાને, બોલુ એહ પ્રમાણ ૩૭

વા ॥ ૩૩ ॥ ઇતીશ્રી નલ આખાન નલનુ સમાપ્ત સંવત ૧૭૩૫ જીઠ સુદ ૫ વર ગરૈઉ લા ગ ભગવતી દાસ ગણેશ.

બીજા નળાખ્યાનની તો એકે હાથ પ્રત મળી નથી તે પ્રાચીન કાવ્યમાળા અંક ૧૧ (ઇ સ ૧૮૮૯) તથા બૃહત્ કાવ્ય દોહન ગ્રંથ ૫ (૧૮૯૫) એ બેમા છપાયુ છે તે જે પ્રત ઉપરથી છપાયા હશે, તે મૂળ પ્રતોનો પણ હાલમા પત્તો નથી આવી સ્થિતિમા એ છપાએલી પ્રતોના મુકાબલો કરી પાઠની પરીક્ષા કરવી પડી છે પ્રા કા માળા વાળી પ્રતને **ક** અને બૃ કા દો ની પ્રતને **ખ** નામ આપ્યા છે તે બેમાથી જેનો પાઠ ઉચિત લાગ્યો છે તે સ્વીકાર્યો બીજીનો પાઠ ટિપ્પણમા મૂક્યો છે કોઈ કોઈ સ્થળે બને પ્રતોના પાઠ યોગ્ય નથી લાગ્યા ત્યા નવા પાઠ કલ્પવાની જરૂર જણાઇ છે પાઠ સ્વીકારના કારણો આવી વિસ્તાર કર્યો નથી કોઇ વખતે આખી કડીઓ પ્રક્ષિપ્ત ગણી ચાળી કાઢી છે આવી કડીઓ અન્ય પ્રતમા ન હોય તો ક્ષેપક ગણવામા ઝાઝો મતભેદ થશે નહિ પરન્તુ, એક બે સ્થળે બંનેમા કડીઓ છે, છતા ક્ષેપ ગણી છે, તેના કારણો અહિ દર્શાવુ છુ

(૧) ૧૩, ૨૭ પછીની (જુઓ પૃ ૭૮ ટિપ્પણ) આ કડી પૂર્વાપર સબંધ જોતા અસ્થાને છે ૨૬ મી કડીમા દેવને ઓળખવાના

ચિહ્ન શરૂ થાય છે તે ૨૮ મી કડી સુધી ચાલુ છે તો આ વચમા નકામી છે તેમ હજી નળ ઓળખાયો નથી, તો તેનુ ઉત્તરીય શી રીતે સાધે ? તેમજ સ્વયવર મડપમા તે વર માળા આરોપવાનો રિવાજ હતો ખેસનો છેડો ઝાલવાનો કે છેડાબધન બાધવાનો રિવાજ નહોતો

(૨) ૨૬, ૨૪ ઉપરની (જુઓ પૃ ૧૦૫ ટિપ્પણુ) આ કડીમા નળ નારીને જઈને કહેવાનુ કહે છે, પરન્તુ તેને જાણુવાને શુ કારણુ હતું કે આ ટહેલેનો કોઈ સ્ત્રીએ જવાબ માગ્યો છે ? અને આવી રીતે તે બ્રાહ્મણુને કહે તો તે ઓળખાઈ ન જાય ? નળને અત્યારે પ્રકટ કરવાનો કવિનો હેતુ ન હોઈ શકે

આ ગ્રથ તૈયાર કરવામા રા બ કેશવલાલ હર્ષદરાય ધ્રુવ અને સન્મિત્રો રા રા હરિનારાયણુ આચાર્ય તથા રા રા. નટવરલાલ ઇચ્છારામ દેસાઇ–એમણે મહાય કરી છે રા બ કેશવલાલભાઇએ કેટલાક દુર્બોધ પાઠોની વાચનામા અને રા આચાર્યે નાકરના નળાખ્યાનની પ્રાચીન પ્રત અને બીજા કેટલાક ગ્રથો ધીરવામા મહાનુભાવ દર્શાવ્યો છે રા નટવરલાલભાઈ માટે તો શુ કહુ ? ભાલણુના પ્રથમ નળાખ્યાનની પ્રત જ તેમની છે તેમને જ તે કાવ્યદોહનના ગ્રથમા પ્રકટ કરવાનુ હતુ, છતા મ્હને પ્રકટ કરવા અનુમતિ આપી ! આથી મૂળ થાપણુ તો તેમની જ ગણાય, મે તો પારકી મૂડી ઉપર વ્હેપાર ખેડયો છે '

રા બ હરગોવિંદદાસે છઠ્ઠી સાહિત્ય પરિષદ વખતે જાહેર કરેલી રકમમાથી જે પુસ્તકો તૈયાર કરાવવાનુ ઠર્યું હતુ, તેને અગે આ પ્રવૃત્તિનો આરભ થયો હતો એટલે તેમનો પણુ ઉપકાર માનવો જોઇએ એને માટે મળેલી રકમ છપાવવા પૂરતી નહિ હોવાથી, શ્રીમત ગાયકવાડ સરકારની પ્રાચીનકાવ્યપ્રકાશનની યોજનાનો આશ્રય લેવો પડયો છે આ માટે વિદ્યાવિલાસી નેક નામદાર સર મનુભાઇ સાહેબનો આભારી છુ

છાપખાનાના માલીક મારા મિત્ર રા પોપટલાલે પણુ મ્હારા કહ્યા પ્રમાણે બનતી ત્વરાથી અને નિયમિત રીતે છાપવાની યોજના કરી છે, તેમનો આભાર ન માનુ તો કૃતઘ્નતા ન કહેવાય

પ્રથમ નળાખ્યાનના પહેલા અને છેલ્લા પાનાનુ તથા કવિનુ છાયાચિત્ર આપ્યુ છે તે ગ્રથની ઉપયોગિતામા વધારો કરશે એમ આશા છે

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
		પ્રસ્તાવના	
૩	૧૫	રત્ની	રત્નની
૫	૨૮	આવી	આપી
		કવિ અને કાવ્ય.	
૭	૧૨	પ્રકટ	અપ્રકટ
૧૨	૩	નગસુંદરે	નયસુંદરે
	૧૮	(૧૧, ૨૬),	(૧૧, ૨૭)
	૨૧	(૨૮, ૧૧).	(૨૮, ૧૭)
૧૩	૧૧	શ્લોકો	શ્લોકોનો
૨૧	૧	ત્રણ	ચાર
૨૨	૧૧	વરહદશાના	(૪) દમયતીની વિરહદશાના
	૨૬	ભાષણુની	ભાલણુની
		મૂળ કાવ્યો.	
૩	૬	વનવાસ	વનવાસ
	૧૨	અર્ધ્ય	અર્ઘ્ય
૬	૧૭ પછી		ઢાળ
૮	૧૨	કેરી	કેરિ
૯	૩	ઘણું	ઘણૂં
	૨૯	તવારા	તાવારા
૧૦	૨૦	કોડ	કોડ
૧૩	૨૦	પ્રતાપ્ચી	પ્રતાપ્ચી
૧૬	૧	કરે	ન કરે
૨૦	૧૩	આપણા	આપણા
૨૧	૧	આસાન	આસન
૨૪	૪	ક્રીઢા	ક્રીડા
૨૬	૩	બહત્સેના	મહત્સેના
૩૭	૩	હાસ	હસ

	૨૦	સ્વીમ	સ્વામ
૪૦	૩૦	લખ્યુ છેx	લખ્યું છે,
૪૩	૨૧	મદમિતિ	મદમતિ
૪૪	૧૩	આવુ	આપુ
	૨૦	જણે	જેણે
૫૫	૨૬	ગ્રહી	ગ્રહિ
૫૯	૩ પછી		ઢાળ
	૨૮	થોઆ	થોઆ. રાએ
૭૮	૨૧	તમ	તમિ
૮૦	૧૭	કૃત્ય	કૃત્ય
	૩૩	સ્વધર્મે	સ્વધર્મેકરી
૮૩	૩૭	દીપછ	દીપે
૮૬	૧૧	જાણુ	જાણે
૮૭	૨	નિશ્ચે	નિશ્ચે
૯૩	૨૨	ટૂકી	ઢૂકી
૧૦૭	૩૨	૧ क–ગમગ્રી	પૃ. ૧૦૮ ઉપર આનોટજોઇએ
૧૦૮	૧૦	નવી	નવિ
	૨૬	ફકોટક	ફકેટિક
૧૦૯	૧૦	कस्थीर	कथ्थीर
૧૩૫	૮	पचू	पचू
	૧૬ પછી	...	કડવુ ૩૩
૧૪૪	૨૭	अलार्मि	अलोर्मि

કવિ અને કાવ્ય.

ઉપક્રમ.

વિક્રમના સોળમા શતક પહેલા ગુજરાતી સાહિત્યનો કીલ્લો મુખ્ય રીતે જૈન સાધુઓના કબજા ભોગવટામા હતો કુમારપાળના અવસાન પછી જૈનોની રાજ્યપ્રકરણમા સત્તા ઓછી થવા માડી હતી, પરન્તુ સાહિત્યપ્રકરણમા તો તેમનુ સામ્રાજ્ય સોળમા શતક સુધી પૂર્ણ તેજથી તપતુ હતુ એ શતકમા એમના ઉપર વૈદિક સાહિત્યકારોએ એકાએક હુમલો કર્યો અને ઘણીક સત્તા છીનવી લીધી આ હુમલામા આગેવાની બે વીરોએ લીધી હતી–સોરઠમા નરસિહ મહેતાએ અને ગુજરાતમા ભાલણે. ખરૂ છે કે મહેતાએ આરભ પ્રથમ કર્યો હતો અને ભાલણ પાછળથી જોડાયો હતો, પરન્તુ એનુ કામ વધારે મુશ્કેલ હતુ, શાથી કે સોરઠમા જૈનસાહિત્યસત્તા બહુ પગભર થઇ નહોતી ભાલણને તો એમના મુખ્ય મથક–પાટણ–મા જ સામે થવાનુ હતુ[1] વૈદિકો પણ બધા જ કઇ એના પક્ષમા નહોતા તેઓ કહેતા કે ગુજરાતીમા તે વળી કાવ્યો કેવા? ભાષામા કાવ્યો લખનાર તે કવિ કહેવાય?[2] આ પ્રમાણે ભાલણને બે સત્તાની સામે લઢવાનુ હતુ

ભાલણે કાવ્યો લખવા માડયા ત્યારે વિરુદ્ધ પક્ષ તરફથી તેની ચેકડી થતી, તેના કાવ્યોમાથી ખોડખાપણ કાઢવામા આવતી અને કટલીક વખત

---

૧. ધ્રુવાખ્યાનમા ' એકાદશી વ્રતને મેહેલી પોસો લે કો મૂઢ ? ' એમા જૈનોના પૌષધવ્રત ઉપર કટાક્ષ કર્યું છે (૧૪, ૧૦)

૨ ક ' ખળ જોવાને જાએ દોષ, કવિ કહાવ્યા માટે મન રોષ
મર્મ મન કેરો જે લહે, સાધુ હોય તે તો ગુણ ગ્રહે
દૂષણ દેવા જે મન કરે તે આહે આવી ઊચરે '
(દશમ ૩૧૬,૧૬-૧૭)

ખ ' પ્રેમ ધરીને સાભળે વિપ્રની જાણી વાણ,
શૂદ્રના જોડયા થકી એ સરસ મનમા આણે '
(મૃગીઆખ્યાન. ૧૭,૧૧)

ગ ' કવિ વિવિધ નાના ઘણારે સુજને દેશે ખોડરે ' (દશમ ૧,૪.)

ઘ ' રખે ચતુર કોઇ મૂરખ માનો ભાષાબધ એ દેખી '
(નળાખ્યાન ૧,૧૦)

તો છડે ચોક નિન્દા પણ થતી તે કહેતો કે, ભાઇ, હુ કવિ હોવાનો ક્યા દાવો કરૂ છુ? હું તો મ્હારી બુદ્ધિ પ્રમાણે સાધારણ જનસમાજને માટે લખુ છુ, પડિતોને માટે ક્યા લખુ છુ?[3] બીજા કોઇ મ્હને કવિ કહે તેમા મ્હારો દોષ?

આ પ્રમાણે નમ્રતા બતાવતો,[4] પરન્તુ ગુજરાતીમા કાવ્યો ઉત્તમ લખી શકાય છે એ વાત તે ઉપરા ઉપરી આખ્યાનો રચીને સિદ્ધ કરી બતાવતો. તેણે નળાખ્યાન અને કાદબરી રચીને કાવ્યમીમાસક વિદ્વાનોને સારો ઉત્તર આપ્યો છે

ગુજરાતના સાહિત્યસામ્રાજ્યમા ભાલણે બીજો પણ એક મહત્વનો ફેરફાર કર્યો છે અત્યાર સુધી આપણા પ્રાતની ભાષાને અપભ્રશ નામ આપવામા આવતુ, અપભ્રશ એ ગુજરાતીની માતા ખરી, પણ માતા કરતા પુત્રી હવે બહુ મ્હોટી થઈ ગઇ હતી-મૂળ અપભ્રશ કરતા સોળમા શતકની ભાષામા બહુ ફેરફાર થઇ ગયો હતો, પરન્તુ કોની મગદૂર કે તેનુ નામ ફેરવી શકે? ચાલતી ધરેડમાથી નીકળવાનુ કામ ઓછી હિમતનુ નથી તેમાએ ભાલણના ટીકાકારો તો જાગતા જોધ હતા ભાલણે એ હિમત બતાવી અને ભાષાનુ નૂતન નામકરણ કર્યું દેશાભિમાની વીરે તેને 'ગુર્જર ભાષા' એવુ દેશવિષયક નામ આપ્યુ[5]

ચરિત્રનાં સાધન.

આ કવિનુ ચરિત્ર જાણવા જેવુ જ હોય, પરન્તુ સખેદ જણાવવુ પડે છે કે તે સબધી બહુ ઓછી વિશ્વસનીય હકીકત પ્રકાશમા આવી

---

૩ ક 'સકળ જનને પ્રીછવા ભાષાએ કીધુ ગાન' (મૃગી૦ ૧૭,૯)
ખ 'ત્યમ મે પામરને પ્રીછવા સુગમ કરીને ભાખી' (નળા૦ ૧,૧૧)
ગ. 'ભાષાએ કીધુ આખ્યાન, રસિક મુગ્ધ રીઝવવા ગાન' (કાદબરી ૧૬૯,૪.)
ઘ 'કવિ કહાવ્યા માટે મન રોષ' (દશમ ૩૬૬,૧૬)

૪ (ક) 'હવે કિંચિત્ બુદ્ધિ જોવી નહિ, માહારી મતિ છે મદ' (દશમ ૪૯૭-૪)
(ખ) 'કહિ ભાલણ બુદ્ધિ માનિ પ્રકાર' (કાદબરી, ૧૬૯, ૩)
(ગ) 'ચંડિચરિત્ર આ કથ્યુ મતિમાને પ્રીછ્યુ જેહ' (શસશતી ૧૮, ૧૦)

૫. ભાલણના પહેલાના સાહિત્યમા કોઇ સ્થળે 'ગુર્જર ભાષા' શબ્દ જણાતો નથી, પરન્તુ ભાલણે પ્રથમ નળાખ્યાન, કાદબરી અને દશમસ્કધમા 'ગુર્જર ભાષા' નામ આપ્યુ છે, તેથી એ અનુમાન કર્યું છે

છે ઘણીક હકીકત અદ્દ્ભુત દંતકથા અને નિર્બળ પુરાવાના આધારે અપાએલી છે, જેને ત્યજી દીધા સિવાય છૂટકો નથી[૬] જેમ ભાસ, કાલિદાસ, આદિ સંસ્કૃત કવિઓના જીવનચરિતો માટે તેમના ગ્રંથોના આંતરિક વચનોનો ઉપયોગ કરવામાં આવે છે, તેમ ભાલણનું ચરિત પણ ઐતિહાસિક રીતે તૈયાર કરવું હોય તો એમ જ થાય ભાલણના જીવન સંબંધી હકીકત મેળવવા જો કોઇએ પહેલો અને છેલ્લો પ્રયત્ન કર્યો હોય તો તે સ્વ નારાયણ ભારતી યશવંત ભારતીએ એમણે પ્રાચીન કાવ્ય ત્રિમાસિકમાં 'સપ્તશતી'ના ઉપોદ્ઘાતમાં એ હકીકત આપી છે ભાલણના ચરિત્ર સંબંધી બધા લેખોનું મૂળ બસ એજ છે નારાયણ ભારતીનો શ્રમ પ્રશંસાપાત્ર હતો, પરન્તુ એ ઐતિહાસિક વૃત્તાંત માટે બહુ ઉપયોગી નથી, એમ એને તર્ક અને સંશોધનની કસોટીએ કસી જોતાં લાગે છે અહિં આપેલું વૃત્તાંત એના ગ્રંથોના આંતરિક પ્રમાણોને આધારે મુખ્ય રીતે તૈયાર કર્યું છે

જન્મકાળ.

ભાલણના જન્મનું ચોક્કસ વર્ષ તો જણાયું નથી, પરન્તુ એ વિક્રમના સોળમા શતકમાં વિદ્યમાન હતો એ નિશ્ચિત છે[૭] એનું અવસાન સં ૧૫૭૦ ના સુમારે થયું હશે એમ જણાય છે એનો જન્મ સોળમા શતકના પ્રારંભમાં ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં થયો હતો 'પ્રાચીન પાટનગર' લખવાનું કારણ એ કે, જેમ અત્યારે પાટણ ગુજરાતનું પાટનગર નથી, તેમ એના સમયમાં પણ નહોતું એના સમયમાં પાટણની પ્રાચીન જાહોજલાલી કાયમ નહોતી રહી દૈવકોપથી જૂનું શહેર તૂટવાથી તેની પૂર્વ દિશાએ નવું શહેર વસાવવામાં આવ્યું હતું અને મૂળ જગાએ જૂના ખંડેરો જ જોવામાં આવતાં છતાં પણ કેટલાક વખત સુધી તેની સત્તા ગુજરાત ઉપર કાયમ રહી હતી ભાલણના જન્મ પહેલાં આશરે ૩૫–૪૦ વર્ષ ઉપર તો તેની રાજ્યકીય સત્તા પણ અહમ્મદશાહે સં ૧૪૭૦ માં અમદાવાદ વસાવીને તોડી નાખી હતી તેથી તે અમદાવાદના તાબામાં આવી ગયું હતું અને ત્યાંના સુલતાનનો એક સુબેદાર હકુમત ચલાવતો હતો ભાલણના સમયમાં ગુજરાતનો સુલતાન પ્રતાપી મહમ્મદ બેગડો હતો

૬ જુઓ 'ભાલણ' (શ્રી સયાજી સાહિત્યમાળા) પૃ ૫૨–૫૭

૭ જુઓ 'ભાલણ'–પરિશિષ્ટ પૃ ૧૫૧–૧૫૫

કુટુંબ.

આ નવા વસેલા પાટણમા ધીવટાના ચકલામા એક ન્હાની ખડકીમા એક ત્રિવેદી મોઢ બ્રાહ્મણને ઘેર આપણા કવિનો જન્મ થયો હતો એને જન્મ આપનાર માતપિતાના નામ જણાયા નથી એના સતાન વિષે પણ બહુ માહીતી મળતી નથી, પણ બે પુત્રો તો કવિ તરીકે ખ્યાતિ મેળવી ગયા છે એમના નામ ઉદ્ધવ અને વિષ્ણુદાસ ઉદ્ધવના રચેલા ગ્રથોમાથી યુદ્ધકાડ સુધીનુ રામાયણ અને બભ્રુવાહન આખ્યાન પ્રાપ્ત થયા છે વિષ્ણુદાસનો રચેલો રામાયણનો ઉત્તરકાડ મળ્યો છે[૮] ઉદ્ધવે સસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો અને કાવ્યશાસ્ત્રમા પણ તેનો પ્રવેશ હતો[૯] ભાલણે ક્રમબદ્ધ રામાયણ નહિ રચેલુ, પણ માત્ર છૂટક પદો રચ્યા હતા તેથી ઉદ્ધવે ક્રમબદ્ધ રામાયણ રચવુ એના પિતાની હયાતીમા જ શરૂ કરેલુ, પણ તેનો દેહ ભરજુવાની પડયો,[૧૦] એ ગુજરાતી ભાષાનુ દુર્ભાગ્ય સમજવુ, નહિ તો વિદ્વાન પિતાના સસ્કારી પુત્રથી સાહિત્યને શા શા લાભ ન થયા હોત! અધુરૂ રામાયણ પુરૂ કરવાને એના ભાઈ વિષ્ણુદાસે સકલ્પ કર્યો એના પિતાના કાવ્યોના સસ્કાર એનામા હતા, પરન્તુ એને બીચારાને સસ્કૃતનુ જ્ઞાન નહોતુ, તેથી તેણે બાલકૃષ્ણ ભટ્ટ નામના સસ્કૃતશાસ્ત્રી પાસેથી ઉત્તરકાડ સમજી લેઈ,[૧૧] ગુજરાતી કાવ્યમા ઉતાર્યો અને એ રીતે ભાઇનુ શ્રાદ્ધ ઉત્તમ રીતે સાર્યું ભાગ્વતીએ મોઢેરાપુરાણના રચનાર તરીકે ત્રીજા પુત્ર ચતુર્ભુજનો ઉલ્લેખ કર્યો છે, પણ તેના કહીને જે બે પદ આપ્યા છે તેમા એનુ નામ નથી, તેથી એના સબધી નિશ્ચય થતો નથી

આ પ્રમાણે ભાલણનુ કુટુબ સાહિત્યરસિક હતુ પુરૂષોની સાથે સ્ત્રીઓ પણ એના કાવ્યોમા રસ લેતી એની વહુ દીકરીઓ એના ધાર્મિક

---

૮ ઉદ્ધવકૃત યુદ્ધકાડ સુધીનુ રામાયણ અને વિષ્ણુદાસકૃત ઉત્તરકાડ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી પ્રક. થયા છે 'બભ્રવાહન આખ્યાન' સોસાકટીના સગ્રહમા અપ્રકટ છે

૯ એના રામાયણ ઉપરથી સસ્કૃત અભ્યાસ જણાય છે તેમજ બભ્રુવાહન આખ્યાનમા કેટલાક શ્લેષ એણે નવીન રચ્યા છે તે ઉપરથી કવ્યશાસ્ત્રના અભ્યાસનુ અનુમાન કર્યું છે

૧૦ એ રામાયણ 'પિતાને પ્રેમે પ્રણામ' કરીને શરૂ કરે છે, તેથી ભાલણ એ સમયે જીવતો હશે એમ જણાય છે તેનુ રામાયણ અધુર રહેલુ હોવાથી એ પુરૂ કરવા જીવ્યો નહિ હોય એમ લાગે છે.

૧૧ 'ભટ્ટ બાલકૃષ્ણની કૃપાથી આ ગ્રંથ પૂરણ થાય' (ઉત્તરકાંડ).

આખ્યાનો હોશે હોશે સાંભળતી અને કાવ્યોના ગુણદોષની ચર્ચામાં ભાગ લેતી[૧૨]

સંન્યસ્ત.

એણે સુખપૂર્વક લાંબો ગૃહસ્થાશ્રમ ભોગવી આર્યસંસારવ્યવસ્થા પ્રમાણે ઉત્તર વયે સંન્યસ્ત લીધું હતું અને મધુસૂદનાશ્રમ નામ રાખી કાષાય વસ્ત્રો અને દંડ ધારણ કર્યાં હતા[૧૩] એના ગુરૂનું નામ શ્રીપાતજી હતું[૧૪] એણે ઉત્તરવયમાં રામચન્દ્રજીને પોતાના ઇષ્ટદેવ તરીકે સ્વીકારી રામભક્તિમાં પ્રવેશ કર્યો હતો[૧૫] અંતમાં શ્રી રઘુનાથજીનું નામ રટતા રટતા સં ૧૫૭૦ ના અરસામાં પ્રભુના પરમ ધામમાં ગયો એના મૃતદેહને ભૂમિદાહ કરી, ત્યાં એક સુન્દર સમાધિ ચણવામાં આવી હતી એ સમાધિ જીર્ણ અવસ્થામાં હજી પણ પાટણથી એક ગાઉ ઉપર આવેલા હરિહર મહાદેવની જગામાં ઉભી છે

અભ્યાસ.

ભાલણ સંસ્કૃતનો વ્યુત્પન્ન પંડિત હતો આર્યધર્મના ધાર્મિક

---

૧૨. 'રૂક્મિણીને વિવાહે સંતોખાણો નહિ પરિવાર
તે માટે વિવાહ વિસ્તારે સતભામાનો ભાખું '
(દશમ પૃ ૨૮૪-૮૫)

આ ઉપરથી એમ જણાય છે કે રૂક્મિણીના વિવાહથી એના કુટુંબને-સ્ત્રીવર્ગને-સંતોષ નહિ થયો હોય તેથી સત્યભામાનો વિવાહ વિસ્તારથી લખ્યો.

૧૩ 'મધુસૂદનઆશ્રમ સંન્યાસી સમરી તેનું નામ,
પિતાને પ્રેમે પ્રણામ કરીને ગાવા હરિગુણ ગ્રામ '
(ઉદ્ધવ-રામાયણ)

૧૪ શ્રીપાતજીની કૃપા કહિનિ કથા કાંઇ કહેવાય,
કુહે કવિ હું ગુરૂતણા અહોનિશ પૂજું પાય. '
(ભાલણ-ધ્રુવાખ્યાન ૧૮, ૨૦)

નરસિંહની હારમાળામાં જણાવેલ શ્રીપાદ સંન્યાસી એજ હશે?

૧૫. એના ઉત્તર વયના ગ્રંથોમાં કડવા કે પદની અંતે 'ભાલણપ્રભુ રઘુનાથ ' કે એવા ભાવની છાપ છે, તેથી આ તર્ક કર્યો છે

ગ્રંથો રામાયણ, મહાભારત, હરિવંશ અને પુરાણોમા તે પારંગત હતો,[૧૬] ધર્મશાસ્ત્રોના ગ્રંથોનો તેણે સારો અભ્યાસ કર્યો હતો[૧૭] અને વેદમા પણ તેની ગતિ હતી[૧૮] સંસ્કૃતના ઘણાક સાહિત્ય ગ્રંથોનુ તેણે પરિશીલન કર્યું હતુ રામચરિત સંબંધી ઘણા કાવ્યો અને નાટકો તેણે અવલોકયા હતા[૧૯] **નૈષધચરિત** અને **કાદમ્બરી** તો તેના પ્રિય ગ્રંથો હતા સંસ્કૃત વ્યાકરણનો તેનો અભ્યાસ પણ ઊંચા પ્રકારનો હતો[૨૦] તેણે કાવ્યશાસ્ત્રનુ પણ સારૂ અધ્યયન કર્યું હતુ[૨૧] સંસ્કૃત ઉપરાંત વ્રજભાષાનુ પણ તેને ઉત્તમ જ્ઞાન હતુ એ ભાષામા એણે સુન્દર પદો લખ્યા છે[૨૨]

ગ્રંથો

ભાલણે ઘણા ગુજરાતી કાવ્યો લખ્યા છે એ લોકોના આદરને પાત્ર થયા હતા એને લીધે એના આસપાસ રસિક મંડળ જામ્યુ હતુ[૨૩]

---

૧૬ એણે રામાયણ ઉપરથી 'રામવિવાહ' અને 'રામબાળચરિત,' મહાભારત ઉપરથી 'નળાખ્યાન' અને 'દુર્વાસાખ્યાન', માર્કંન્ડેય પુરાણ ઉપરથી 'સપ્તશતી', શિવપુરાણ ઉપરથી 'મૃગી આખ્યાન', પદ્મપુરાણ ઉપરથી 'જાળંધર આખ્યાન', ભાગવત ઉપરથી 'દશમ' અને 'ધ્રુવાખ્યાન' રચ્યા છે અને તેમા એ મૂળગ્રંથોનો નિર્દેશ પણ કર્યો છે તે ઉપરાંત તે 'દશમ'મા હરિવંશ અને ધ્રુવાખ્યાનમા કાશીખંડનો ઉલ્લેખ પણ કરે છે.

૧૭ નળાખ્યાનમા ધર્મશાસ્ત્રોમા કહેલી બાબતો પ્રમાણ તરીકે મૂકી છે (આને માટે જુઓ તેની ટીકા)

૧૯ 'અનેક કવિએ વર્ણંવ્યુ નાટક કરી પ્રબંધ
કડે ભાલણ ભાખાએ શું રે પદનો કરીને પ્રબંધ'
(ભાલણ–રામવિવાહ).

૧૮ નળાખ્યાનમા (૧૧, ૩૩) 'જમ બાંધ્યુ જમના શું મન' એમ લખ્યુ છે એનુ મૂળ ઋગ્વેદ (૧૦, ૧૦) ના યમસૂક્ત મા જ છે, અન્યત્ર નથી

૨૦. 'સંનિપાત વ્યાકરણ વિધિ' આવો નવો શ્લેષ તેણે કાદમ્બરીમા રચ્યો છે (૩,૨૦) તે ઉપરથી એનુ વ્યાકરણનુ જ્ઞાન ઊંડું જણાય છે

૨૧ નળાખ્યાન અને કાદંબરીમા એણે ઘણા નવા અલંકાર રચી મૂકયા છે તેથી એનો કાવ્યશાસ્ત્રનો અભ્યાસ સારો જણાય છે

૨૨ જુઓ દશમસ્કંધના પદ–અંક ૭૭, ૨૫૧, ૨૫૩, ૨૫૪, ૨૫૫.

૨૩ 'મુગધ રસિક સાંભળવા ઇછિ, પણ પ્રીછિ નવિ જાય' (કાદંબરી,૧,૧૨)
'સંસ્કૃત કઠણુ, કોણ તે પ્રીછે, સાંભળવા કરે મન'
(મૃગીઆખ્યાન ૧૭, ૯)

એના નવા નવા કાવ્યો સાભળવા તેઓ બહુ આતુર રહેતા એને ગુરૂ તરીકે પણ કેટલાક લોક પૂજતા હશે, કારણ એનુ બીજુ નામ પુરૂષોત્તમજી મહારાજ હતુ એમ કહેવાય છે

ભાલણના કાવ્યો બહુ રસિક છે અને તેનાથી ગુજરાતી સાહિત્ય પરિપુષ્ટ થયુ છે એના સમયના કોઇ કવિએ એના જેટલી સખ્યામા કાવ્યોમા લખ્યા નથી એના કાવ્યોના ગુણ પ્રમાણે ત્રણ વર્ગ પડે છે – સામાન્ય, મધ્યમ અને ઉત્તમ શિવ ભીલડી સવાદ, શસશતી, જાળધર આખ્યાન, બીજુ નળાખ્યાન, (!) દુર્વાસા આખ્યાન–એ પ્રથમ વર્ગના, રામવિવાહ, ધ્રુવાખ્યાન અને મૃગી આખ્યાન–બીજા વર્ગના, અને કૃષ્ણ વિષ્ટિ, પ્રથમ નળાખ્યાન, કાદબરી, દશમસ્કધ અને રામબાળ ચરિત–એ ત્રીજા વર્ગના છે એમાથી રામવિવાહ, જાળધર આખ્યાન, દુર્વાસાઆખ્યાન, મૃગી આખ્યાન અને કૃષ્ણવિષ્ટિ એ પ્રકટ છે કાદબરીનો પૂર્વ ભાગ પ્રસિદ્ધ થયો છે, બીજો થોડા વખતમા રા કેશવલાલ ધ્રુવ બહાર પાડશે રામબાળ ચરિત પુરૂ તો હાથ લાગ્યુ નથી, તેના ૧૫ પદ પ્રા કા મા અ ૧૦ મા છપાયા છે ગુજરાતી પ્રેસના સગ્રહમા તે ૧૫ સાથે એકદર ૪૦ પદ છે કૃષ્ણવિષ્ટિના ? પદ મળ્યા છે[૨૪] દુર્વાસાખ્યાનના પણ ત્રણજ કડવા હાથ લાગ્યા છે મૃગી આખ્યાન, જાળધર આખ્યાન રામવિવાહ અને ધ્રુવાખ્યાન પુરા પ્રાપ્ત થયા છે[૨૫] આ ઉપરાત તેણે બીજા પણ કાવ્યો વખતે રચ્યા હશે ખરા, એમ જણાય છે બીજા નળાખ્યાનમા ધ્રુવાખ્યાન પણ બીજી વખત રચ્યાનો ઉલ્લેખ છે,[૨૬] પણ એ મળી આવ્યુ નથી તેણે સીતાહનુમાનસવાદ રચ્યાનુ જાણવામા આવ્યુ છે,[૨૭] પરન્તુ તે પણ હજી અધારામા રહેવા સરજાયુ હશે એમ જણાય છે

---

૨૪ આની હસ્તલિખિત પ્રતો નડીઆદની શ્રી ડાહીલક્ષ્મી પુસ્તકશાળામા અને રા હીરાલાલ ત્રિ પારેખના સગ્રહમા છે

૨૫. આમાથી પ્રથમનુ મારી પાસે, બીજુ ગુજરાતી પ્રેસમા, ત્રીજુ રા પારેખ પાસે અને ચોથુ વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરીમા છે એ છેલ્લુ થોડા વખત ઉપરજ રા. ભાનુસુખરામે ખોળી કાઢ્યુ હતુ તે 'સાહિત્ય' માસિકમાં પ્રકટ થઈ ગયુ છે દુર્વાસાઆખ્યાનના ત્રણ કડવા રા પારેખના સગ્રહમા છે

૨૬ 'ધ્રુવાખ્યાન ને નળાખ્યાન એ પુનરપિ કરી અનુરાગ્યોજી' (૨૮,૭)

૨૭. સ્વ આદિત્યરામ સહુખરામ પારધીનો ગુ વ સોસાઇટી ઉપરનો તા ૭–૧૨–૧૯૦૪ નો પત્ર

ભાલણે પોતાના કોઈ ગ્રથમા રચ્યા સાલ આપી નથી, તેથી ક્યા ક્રમમા ગ્રથો લખ્યા હશે એ કહેવુ મુશ્કેલ છે માત્ર બીજા નળાખ્યાનમા સ ૧૫૪૫ ની સાલ છે, પણ તે શકમદ જણાય છે, અને માત્ર એકજ વર્ષ ઉપરથી બધા ગ્રથોનો અનુક્રમ ગોઠવાય નહિ પરન્તુ એને માટે એક ચાવી છે એણે કૃષ્ણવિષ્ટિ, દશમ અને રામબાલચરિતમા પદે પદે 'ભાલણ પ્રભુ રઘુનાથ' એમ છાપ મારી છે જાળધર આખ્યાન અને ધ્રુવાખ્યાનના મગળાચરણમા રામની સ્તુતિ છે[૨૮] નળાખ્યાન અને રામવિવાહના એક કડવાને અન્તે 'ભાલણપ્રભુ રઘુનાથ' એમ ઉલ્લેખ છે[૨૯] આથી આ ગ્રથો તેની ઉત્તરવયના અને બાકીના પૂર્વવયના હશે એમ લાગે છે

કાદબરીની વિદ્વત્તા જોતા તે ઉત્તર કાળની કૃતિ હોવાનો વિશેષ સભવ છે તે ધાર્મિક ગ્રથ ન હોવાથી તેમા રામભક્તિની નોધ કરવી વખતે આવશ્યક નહિ જણાઈ હોય

તેથી ઉલટુ, બીજી વખતનુ નળાખ્યાન,[૩૦] બહુ ઉતરતી શક્તિનુ હોવાથી, તે તેની ઉત્તરવયની પરિપક્વ દશામા રચાયુ હોય એમ સભવતુ નથી અને છતા આશ્ચર્ય જેવુ છે કે તેના પ્રત્યેક કડવાના અતે 'ભાલણપ્રભુ રઘુનાથ છે' પરન્તુ, બારીકાઈથી તપાસતા એ ભાલણની કૃતિ હોવા વિષે શક રહે છે[૩૧]

---

૨૮ 'શ્રી સીતાપતિ ચરણકમળને પ્રથમ કરી પ્રણામ,
બુદ્ધિમાને આખ્યાન બોહ્યુ, ગોવિદના ગુણગ્રામ.'
(જાળધરાખ્યાન ૧, ૧૦)

'પ્રથમિ પ્રણમુ શ્રી રઘુનદન, શ્રી ગુરૂકેરા પાય—
જેહતણી કૃપા કરીનિ દુષ્કૃત દૂરિ પલાય (ધ્રુવાખ્યાન, ૧,૧૦)

૨૯ રામવિવાહ હાલમા મ્હારી પાસે નથી, તેથી અવતરણ આપતો નથી, પણ તેમા છે એમ ચોક્કસ યાદ છે નળાખ્યાનમા આ પ્રમાણે છે —

'જેણી પેરે રાખે તેણી પેરે રહીએ ભાલણ પ્રભુ રઘુનાથરે (૧૯, ૧૦)

૩૦ આના કર્તૃત્વ બાબત ચર્ચા છેવટે કરી છે જો એ ભાલણની કૃતિજ હોય તો તે અપવાદ રૂપેજ ગણાય

૩૧ મોઢજ્ઞાતિના ઇષ્ટદેવ શ્રી રામચન્દ્રજી છે પાટણમા શ્રી રઘુનાથજીનુ મદિર એ નામના મહોલ્લામા આવેલુ છે તેના પૂજારી મોઢબ્રાહ્મણો છે અને સેવકો મોઢવાણીઆ છે ભાલણ મોઢ હોવાથી તેણે પોતાના કુલદેવનુ માત્ર નામસૂચન કર્યું હશે, એથી એણે રામભક્તિસપ્રાયનો સ્વીકાર કર્યો કહેવાય નહિ, એમ શકાને અવકાશ છે પરન્તુ દશમ

૯

કવિતા.

ભાલણની કવિતા પ્રસાદવાળી છે એ સસ્કૃતનો મહા પડિત હતો, છતા એની ભાષામા સરળતા છે એ ઝાઝા કઠિન સસ્કૃત શબ્દોનો ભાર ભરતો નથી, એથી એની શૈલી ફ઼ારી ફ઼ારી લાગે છે તે ગુજરાતી ભાષાના રૂઢ પ્રયોગોનો છૂટે હાથે ઉપયોગ કરે છે, તેથી ભાષા પોતાનુ વ્યક્તિત્વ ખોતી નથી અને મનોહર લાગે છે ભાષાની પ્રાચીનતા અને લહીઆના પ્રમાદને લીધે તેના કેટલાક શબ્દો ક્વચિત્ દુર્બોધ જણાય છે, પણ તેમા તેનો દોષ ગણાય નહિ સસ્કૃત સાહિત્યનો તે પાકટ અભ્યાસી હોવાથી તેણે જે સસ્કૃત શબ્દો પસદ કર્યા છે તે બધા લાલિત્ય અને અર્થગાભીર્યવાળા છે એને લાબા વર્ણનો પસદ નથી, તેથી વાચતા કટાળો આવતો નથી કહેવાનુ ટૂકામા કહી દે છે, છતા આબાદ અસર ઉત્પન્ન કરે છે

એણે રસમય કાવ્યો લખ્યા છે જેમ એના બધા કાવ્યો સરખા ગુણવાળા નથી, તેમ એના કાવ્યોના બધા રસ પણ સરખી પક્તિના નથી એ હાસ્યરસ ક્વચિત વાપરે છે વીરરસ પણ એનો જોઇએ તેવો નથી એનો શૃગારરસ નરસિહ અને દયારામને ઘડીભર ભૂલાવી દે એવા છે કરુણરસ એ કરતા પણ ઉચ્ચ પ્રતિનો છે એમા એ પ્રેમાનન્દની સાથે સરસાઇ કરી શકે એના કરુણમા હૃદયની ઊડી મર્મવેદના જણાય છે પરન્તુ ભાલણની સર્વથી વિશેષ મહત્તા તો વત્સલરસમા છે એ રસમા એ સિદ્ધહસ્ત છે દશમમા અને રામબાલચરિતમા જેવી ઉચ્ચ પ્રતિનો વત્સલ રસ ' છે, તેવી પ્રતિનો એની પૂર્વના અન્ય ભાષાના સાહિત્યમા મળવો વિરલ છે[૩૨] એનુ બાલસ્વભાવનુ ચિત્ર બહુ મનોહર છે સ્ત્રી હૃદયનો પરિચય પણ તે ઉત્તમ રીતે કરાવે છે કાદમ્બરીના રસિક પદ્યમય ભાષાતરથી અને વત્સલરસ[૩૩] ભર્યા કાવ્યોથી તેણે ગુજરાતી ભાષાનુ ગૌરવ વધાર્યું છે, એ નિર્વિવાદ છે

અને રામબાલચરિતના ઉલ્લેખ જોતા રામનો તે અનન્ય ભક્ત લાગે છે અને તેણે માત્ર કુલદેવનુ સૂચન કર્યું હોય તો બધા ગ્રથોમા કરે, થોડામા કરવાનુ શું પ્રયોજન ?

૩૨. હિન્દી–વ્રજ–ભાષાના સૂરદાસ આદિ અષ્ટ સખાના પદોમા વત્સલરસ ઉચ્ચપ્રતિનો છે એ ખરૂ, પણ તે બધા ભાલણના પછી થયેલા છે.

૩૩ વત્સલરસ સાધારણ રીતે રસ ગણાતો નથી પણ સાહિત્યદર્પણકારે તેને રસ ગણી તેનુ નિરૂપણ કર્યું છે. ૩, ૨૫૧–૫૩, જુઓ ' ભાલણ ' પૃ ૧૪૧

સંસ્કૃતમાં નળાખ્યાન.

હવે પ્રસ્તુત કાવ્ય ઉપર વિવેચન કરીશુ નળાખ્યાનની મૂળ કથા **મહાભારત**મા છે એને **उपाख्यान** (આડકથા) કહેલુ છે **महाभारत**નુ **वनपर्व** આવા **उपाख्यान**ની ખાણ જેવુ છે **नलोपाख्यान** પણ તેમા આવેલુ છે બધા ઉપાખ્યાનોમા આ આખ્યાન સર્વથી વિશેષ હૃદયગમ છે તેમાથી અદ્ભૂત અંશો કાઢી નાખીએ તો એક બહુ સુન્દર વાર્તા બની શકે, કારણકે આધુનિક નવલકથાના ઘણા અંશો એમા છે આથી નલચરિત્ર આપણા દેશમા બહુ લોકપ્રિય થયુ છે એની સાબીતી એટલી કે એ વિષય ઉપર સંસ્કૃતમા અને ભાષાઓમા જેટલા નાટક, કાવ્ય અને ચમ્પૂ રચાયા છે, તેટલા અન્ય એક વિષય ઉપર રચાયા નહિ હોય

नैषधीय चरित, नलोदय, सहृदयानन्द, नलाभ्युदय એ કાવ્યો અને **नलचम्पू** એટલા વૈદિક લેખકોના પ્રકટ થયા છે.

જૈન કવિઓએ પણ એ વિષય ઉપર ઘણા ગ્રંથો લખ્યા છે. માણિક્યચન્દ્રે સો સર્ગનુ **नलायन**[૩૪] કાવ્ય અને રામચન્દ્રે **नलविलास नाटक**[૩૫] રચ્યા છે વળી એ ઉપરાત **दमयन्तीचम्पू, दमयन्तीप्रबन्ध** અને **नलकथा** એટલા નામ જણાયા છે[૩૬]

ગુજરાતીમાં નળાખ્યાન.

ગુજરાતી ભાષામા વૈદિક કવિઓના ત્રણ નળાખ્યાન જાણવામા આવ્યા છે **ભાલણ, નાકર** અને **પ્રેમાનન્દ**ના આ ઉપરાત જે કવિઓએ સળગ મહાભારતના અનુવાદ કર્યા છે, તેમણે પણ તેના ઉપાખ્યાન તરીકે નળચરિત્ર તેમા લખ્યા હશે દાખલા તરીકે ખભાતના **વિષ્ણુદાસે** લખ્યુ છે પરન્તુ, એ સ્વતત્ર આખ્યાન ન હોવાથી તેની ગણત્રી અહિ કરી નથી જૈન કવિઓમા સ ૧૬૬૪ મા **વાચક મેઘરાજે** રચેલો ‘નળદમયતી રાસ’ (આનન્દકાવ્ય મહોદધિ મૌક્તિક ૬) અને નયસુદરે સ ૧૬૬૫ મા રચેલુ ‘નળચરિત્ર’ પ્રકટ થયા છે એ ઉપરાત **સમયસુદર**નો લખેલો ‘નળદવદતી રાસ’ જણાયો છે,[૩૭] પણ પ્રકટ નથી થયો વળી

---

૩૪ આ કાવ્ય ભાવનગરમા છપાય છે એમ સાભળ્યુ છે.

૩૫ આની હાથપ્રત (વડોદરા) સેન્ટ્રલ લાઇબ્રેરીમા છે

૩૬ જુઓ ‘આનન્દકાવ્ય મહોદધિ’ મૌક્તિક ૬ પ્રસ્તાવના પૃ ૩૨.

૩૭. આનો ઉલ્લેખ આ કા મ મૌ ૬મા ટિપ્પણોમા કરવામા આવ્યો છે

વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીમા ‘ દમયતી ચઉપઈ’ છે આ બધા ગ્રથો ભાલણ પછીના છે[૩૮]

આમાંથી ભાલણના નળાખ્યાનની ઘણી અસર નાકરના નળાખ્યાનમા છે.[૩૯] પ્રેમાનન્દના નળાખ્યાનમા નાકરની અસર તો છે જ, પરન્તુ તે ઉપરાત ભાલણની સીધી અસર પણ છે[૪૦] જૈન કવિઓને પણ ભાલણના નળાખ્યાનનો પરિચય હતો,[૪૧] તે ઉપરથી એમ સમજાય છે કે બન્ને કોમના ગ્રથો પરસ્પર વચાતા હશે.

---

૩૮ ભાલણના પહેલા સ ૧૫૧૨ માં ઋષિવર્દ્ધને ‘નલદવદતી રાસ રચ્યો છે, એમ રા મોહનલાલ દેસાઇનુ કહેવુ છે (આ. કા. મ મૌ ૬ પ્રસ્તાવના પૃ. ૩૨), પણ એ હજી હાથ લાગ્યો હોય એમ જણાતુ નથી.

૩૯ નાકર અને ભાલણના નળાખ્યાનોનુ સરખાપણુ મે વિસ્તારથી બતાવ્યુ છે (ભાલણ, પૃ ૧૨૩–૧૨૭) ત્યારપછી રા. હરિનારાયણ આચાર્યને નાકરના નળાખ્યાનની એક બહુ પ્રાચીન પ્રત હાથ લાગી છે, તેમા તો ઘણુજ મળતાપણુ જણાય છે આ પ્રતમા નળાખ્યાનની રચ્યા સાલ સ ૧૫૮૧ આપી છે

૪૦ ભાલણ અને પ્રેમાનન્દના નળાખ્યાનની ટૂકમા સરખામણી મે અન્યત્ર કરી છે (ભાલણ પૃ ૧૨૮–૧૨૯) વિશેષ એક બે પ્રમાણ અહિં આપુ છું —

ભાલણ

૧ રૂપ હોએ તો ચતુર નોહે અથવા નોહે ઉદાર (૭, ૧૪)
૨. વિધાતાએ વદન રચ્યુ તવારા સાર ઇન્દુનુ હરીઉં (૫, ૪)
૩ દેવ તહમો પિતાને ઠાર પુત્રી સાથે શો વ્યભિચાર ? (૧૧, ૬૪)
૪ ઉફરાટી અબળા થઇ રહી, પ્રિયુને તે જાણી નગ્ન (૧૫, ૬)

પ્રેમાનન્દ

૧ રૂપ તાહા કુલ નહિ, કુલ તા નહિ ચાતુરી (૩, ૭)
૨ વિનતાવદન વિધિએ કીધુ સાર શશીનુ લીધું (૧૫, ૨૪)
૩ તમો અમને ભીમકશાન્વન, હું તમને પુત્રી સમાન (૨૮, ૨૧)
૪ ઉફરાટી કરી સુદરી, નળ ચાલ્યો દેહ નગ્ન કરી (૩૩, ૮)

૪૧ સરખાવો નીચલી પક્તિઓ —

ભાલણ

૧ પેર કહું જો પીહર જાએ, છે એવો લાગ,
સુખ પામે સુંદરી મુઝ મોકળો થાએ પાગ (૧૫, ૧૦)
૨ કાળો કુચિત્ર અને કુબડો, કાયામા નહિ કાત (૨૯, ૧૪)

જૈન નળાખ્યાન.

જૈન નળાખ્યાન પણ મહાભારતના મૂળ ઉપરથી રચાયા છે, પરન્તુ નામમા બહુ ફેરફાર કરવામા આવ્યો છે તેમાએ નળસુદરે થોડો ફેરફાર કર્યો છે, જેમકે બાહુક-કુબ્જ, દમયતી-દવદતી, પુષ્કર-કુબર, સહદેવ-કુરવક, ઇત્યાદિ, પણ મેઘરાજે તો બહુ ગોટાળો કર્યો છે નળને અયોધ્યાનો રાજા અને ઋતુપર્ણનુ નામ દધિપર્ણ ફેરવીને તેને સુસુમાર પુરનો રાજા ઠરાવ્યો છે ! સુબાહુનુ નામ ઋતુપર્ણ આપ્યુ છે અને તેને અચળપૂરની ગાદીએ બેસાડ્યો છે ! તેની મા પાસે નહિ પણ ચન્દ્રયશા નામની સ્ત્રી પાસે દમયતીને રાખે છે અને પુત્રીનુ નામ-ખરી રીતે સુબાહુની બ્હેન-સુનન્દા ને બદલે ચન્દ્રવતી કહ્યુ છે ! કર્કોટકને પૂર્વજન્મમા નળનો બાપ બનાવ્યો છે !

મેઘરાજનો રાસ ઉંચા પ્રકારનો નથી, સાધારણ કવિત્વવાળુ કાવ્ય છે તેથી ઉલટુ નયસુંદરનુ નળચરિત્ર વિદ્વત્તા ભરેલુ અને રસિક છે પરન્તુ **નલાયન** ઉપરથી રચાયુ હોવાથી, એ મૂળ ગ્રંથ પ્રકટ થાય, ત્યારે જ ખબર પડે કે તેમા મૂળનો આધાર કેટલો છે અને તેની સ્વતંત્ર કલ્પના કેટલી છે

---

૩ જાતા પડી પછેડી રાયની, રથ રાખો એમ ભાખે (૩૦, ૨૨)
૪ નળરાજા વિણ સર્વ વિખ્યાત માહારે પિતા અને તા ભ્રાત (૧૧,૨૬)
૫ નૈષધ કહે ભલી એ પેર, બેઠા જાશો દેવને ઘેર (૧૧, ૩૫)
૬ પરપુરૂષ શુ વાત ન કરવી, મન રાખવુ ઠામજી (૨૩, ૨૭)
૭ જો જાણે જે પુત્રી જીવે, પ્રિયુ શોધવો જાણી (૨૮, ૧૧)
૮ રાજા આદર અતિ કરે છે, તેહેને સાથે જાઉં
જૂઠે સાચુ નયણે જોઇ સુખીઓ દુખીઓ થાઉ (૩૦, ૧૧)

જૈન કવિઓ

૧ મેઘરાજ

૧ એ પગબ ધન મૂકીને હુ જાઉ પરદેશ (પૃ ૩૩૪, ૫)
૨ વિણે વિખે પીડયોરે, નળ થયો કૂબડો, કાળો અને કુરૂપ (૩૪૮,૮)
૩ પડી પછેડી હડીવાય, રથ રાખો હુ ડક ! કહે રાય. (૩૬૦, ૪)

૨ નયસુદર

૪ વીરસેનસુત ભૈમીકત, બધવ પિતા અવર માહાત (૨૫૩,૬૫)
૫ તો ચમવ છિત ફલસ્યે સહી, નિજ મદિર બઈઠાતુ લહી (૨૫૪,૭૬)
૬ પુરૂષ કોઇ સાથે નહિ વાત, સત્ય એહ પણિ સુણજો માત (૩૬૭,૩૭)
૭ હવે થોડુ ઘણુ કરી, જો લહે ભીમી નળરાણો,
તો પુત્રી જીવિત રાખે, (૩૭૦, ૬૪)
૮ તુ તેણિ થાનકિ જાઇ, જોઇ જે વાત સત્ય કે જૂઠી (૩૮૬, ૫૬)

ભાલણનું નળાખ્યાન.

આ નળાખ્યાનોમાંથી ઉચ્ચ પ્રતિના તો ત્રણજ છે—ભાલણ, નયસુંદર અને પ્રેમાનન્દના. નયસુંદરે મૂળનું ભાષાંતર કર્યું છે, ભાલણે પણ નૈષધનો થોડોક આધાર લીધો છે, પરન્તુ પ્રેમાનન્દનું નળાખ્યાન-કાવ્યનું વસ્તુ બાદ કરીએ તો—મુખ્ય રીતે એની સ્વતંત્ર કલ્પનાનુંજ પરિણામ છે એ અંશમાં પ્રેમાનન્દનું નળાખ્યાન સર્વ શ્રેષ્ઠ છે આપણે અહિં ભાલણના નળાખ્યાનની વિશિષ્ટતા તપાસવાની છે

ભાષા.

ભાલણના નળાખ્યાનનો મુખ્ય ગુણ તેના ભાષાનો પ્રસાદ છે ભાષા સરળ છે અને ગુંચવાડા ભરેલી નથી એણે નૈષધ જેવા કઠિન કાવ્યના શ્લોકો અર્થસુલભ અને સુબોધક અનુવાદ કર્યો છે કેટલાક શ્લોકોમાં એની રસિકતાએ ઉચિત ફેરફાર કર્યો છે, તેથી મૂળનો અર્થ વિશેષ દીપી ઉઠ્યો છે એની શૈલી મિતાક્ષરી હોવાથી ઘણી વખત આખા શ્લોકનો ભાવ એ એકજ કડીમાં સમાવે છે, પરન્તુ તેથી અર્થ-બોધમાં ક્વચિતજ બાધા આવે છે ભાલણે કોઈ કોઇ વખતે ગુજરા-તીમાં વિરલ વપરાતા સંસ્કૃત શબ્દો—વિકચ, દુરોદર, સબલ, પ્રતિબોધ, વિષ્ટિ (ધંધાના અર્થમાં) સમય (સંકેતના અર્થમાં), વાપર્યાં છે,[૪૨] એ ખરૂં, પણ બહુ જવલ્લેજ પરન્તુ ને શબ્દો તે એવી રીતે વાપરે છે કે તેનો અર્થ આપોઆપ બેસે છે

એની વાણી સરળ હોવાની સાથે દુર્બળ નથી પ્રતાપ અને ઓજસ્ અને એમાં છે વળી તે રૂઢ ભાષા વાપરે છે, તેથી તેની શૈલી સ્વાભા-વિક લાગે છે નાકરના નળાખ્યાનમાં જેમ વિચારસમૃદ્ધિ ઓછી છે, તેમ ભાષા પણ બળવાળી નથી

---

૪૨. આ શબ્દોમાંથી કેટલાક મને પ્રથમ ન સમજાયેલા તેથી અશુદ્ધ ધારીને બદલ્યા હતા વિકચને બદલે વિકસિત, દુરોદરને બદલે દ્યૂતોદર, સબલને બદલે સબળ, સમયને બદલે સંકેત પરંતુ, તેવા શબ્દો સંસ્કૃતમાં જોવામાં આવતા ભૂલ સમજાઇ. 'દુરોદર'ને તો રા મોહનલાલ દલીચંદ દેસાઇએ પણ અશુદ્ધ માનીને તેને બદલે 'દુપોહોર' પાઠ સ્વીકાર્યો છે (જુઓ આ. કા. મ. મૌ ૬ પૃ ૩૩૭, કડી ૧૩૬)

'કૂબરબંધવ સાથિ દુપોહોર રમતા હારિઉ રાજ'

પણ પ્રત ૧૦નો પાઠ 'દુરોદર'જ શુદ્ધ છે.' એનો અર્થ 'દ્યૂત' થાય છે. पणे द्यूतें दुरोदरम्। अमर कोष. ३, १७।।

વર્ણનો.

ભાલણને લબાણ પસદ નહિ હોવાથી, નળાખ્યાનમા વર્ણનો એણે ટૂકાવ્યા છે સ્વયવરમડપનુ વર્ણન માત્ર એક કડીમા અને સરોવરનુ ત્રણ કડીમા સમાવ્યુ છે. વનનુ વર્ણન સહેજ વિશેષ છે આથી એક જાતની તેના નળાખ્યાનમા ઉણપ લાગે છે પરન્તુ, આ વર્ણનો ટૂકા પણ મનોહર છે વનનુ વર્ણન આપણી આગળ તેનુ ભયાનક સ્વરૂપ ખડુ કરે છે. જે વખતે દમયતી વણજારાના સાથમા જાય છે, તે વખતે હાથીનુ ટોળુ આવી બધુ વેરણખેરણ કરી નાખે છે, એ વિષેનુ વર્ણન બહુ સુન્દર છે

એના સ્થળ વર્ણનો કરતા મનુષ્યના રૂપવર્ણનો સહેજ લાબા છે, પણ કટાળો ઉપજાવે એટલા લાબા નથી દમયતીના સ્વરૂપવર્ણનમા પ્રેમાનન્દે અલકારો ખડકી અને કામશાસ્ત્રમા જણાવેલા સૌન્દર્યના બધા ચિહ્નોની લાબી યાદી ગોઠવી તે વર્ણન કટાળો ઉપજે તેટલી હદ સુધી લબાવ્યુ છે ભાલણે ટૂકામા પણ મોહક ચિત્ર ખડુ કર્યું છે

ભાવ–આલેખન.

હૃદયના ભાવ વ્યક્ત કરવાની કળામા ભાલણ અદ્વિતીય છે જ્યા જ્યા કોમળ લાગણીઓ દર્શાવવાની હોય છે, ત્યા એની કલમ ઝળકી ઉઠે છે આથી એના કરુણ પ્રસગો શ્રુતિસુખદ બને છે નળ હસને પકડે છે તે વખતે હસ પ્રભુની સ્તુતિ કરે છે, તે ટૂકી પણ કેવી મર્મભેદક છે! દમયતી નળને દ્યૂત રમવાનુ ત્યજી દેવા જે આજીજી ભરેલી વીનવણી કરે છે તે કેવી કરૂણ છે! જે વખતે નળદમયતી નગરમાથી નીકળી વનમા જાય છે, તે વખતની તેમની સ્થિતિનો ચિતાર (કડવુ ૧૪) કેવો હૃદયવેધક છે! દમયતીના વિલાપની કરૂણતાનુ તો કહેવુજ શુ? હૃદયની કોમળ લાગણીઓ ભાલણે એક પ્રસગે તો અદ્ભૂત રીતે વ્યક્ત કરી છે એ પ્રસગ અર્ધુ વસ્ત્ર ફાડી દમયતીને જ્યારે નળ ત્યજી જાય છે, તે છે આને ઉતારવાની ઇચ્છાને રોકી શકાતી નથી

> વેગે લઇ વવાડ્યું ચીર, પહેરી ખડ નીસરીઓ વીર.
> ગયો જેટલે ડગલા સાત, હૈડાશુ વિમાસી વાત —
> ‘ હવડા એ નારી જાગશે, અણદીઠે આસા ભાગસે
> ૫ અબળાનુ અતિ કોમળ મન, વિરહે પ્રાણ છાડશે તન;
> જોઉં, જાગી રોતી હશે જોવાને પગલે આવશે ’

એમ ચિંતવી પાછો વળ્યો, મુખ નીહાળી ઉપર ઢળ્યો
નિદ્રાવશ દીઠી વહાલા, વળી નીસર્યો છાડી સભા
આઘેરો જઇને ચિંતવે, 'લોચન માહાર ડાબું સવે
લોહ, રહી હશે ટળવળી. પુનરપિ આવ્યો પાછો વળી
નારી સુતી દીઠી ભોમ, ચઢયો ઉકાટો રોમેરોમ.
જેહને ન દેખતા રવિવાય, તે પડી ઉઘાડી કાય !'
એહેવું કહી શ કરે રૂદંન નીહાળે નારીતણું વદંન
વળી નીસરે, પાછો વળે, આણી દુખ રાજા ટળવળે,
'ક્યમ રહેશે એ નિરાધાર ? વાઘ, સિંહ કો કરશે આહાર'

(કડવું ૧૬)

આની સાથે પ્રેમાનન્દનો આ પ્રસગ સરખાવો —

કટકા બે પટકૂળના કરી, મૂકી નળ ચાલ્યો સુંદરી
ગયો ડગલા સાત જ ભરી, પ્રીત રચામાની સાંભરી.
નળ વિમાસણ મનમા કરે, 'એકલી એ ફાટીને મરે
વર્યો હું દેવતા પરહરી, વળી વનમા સાથે નીકળી
ત્રૈલોકમોહન એ માનિની કેમ વેદના સહેશે સનની ?
ન ઘટે મૂકી જવુ મને.' નળ આવ્યો દમયંતી કને
દીઠું મુખ અતર પરજળ્યો સભારી મચ્છને પાછો વળ્યો

(કડવું ૩૩)

ભાલણની સાથે હરખાવતા આ લુખ્ખુ, લાગણી વિનાનુ લાગે છે

મત્સ્યભક્ષણનો પ્રસંગ.

દમયતીને ત્યજવાના કારણમા ભાલણે એમ જણાવ્યુ છે કે તે મારી સાથે હશે તો વનમા દુખ પામશે અહિથી કુંડિનપુરનો રસ્તો સીધો છે, તેથી હુ નહિ હઉં તો ત્યા જશે અને મારો પગ પણ છૂટો થશે પ્રેમાનન્દે તો ત્યજવાના કારણમા મત્સ્યભક્ષણનો પ્રસગ ઉભો કરીને ખરેખર ત્રાસ જ આપ્યો છે એણે નળના મુખમા કેવા શબ્દો મૂકયા છે એ જુઓ —

શી સગાઇ પરતનયાતણી ? દુષ્ટ દમયંતી એ પાપિણી
શી પ્રીત છેહ દીધો જેણીએ ? હું વિના મચ્છ ખાધા એણીએ
મલીન મન એનુ નિર્ધાર; કો સચે માહારો કરે આહાર
×　　+　　×　　×
જેવુ હોય જમનનું અંન, તેવી મારે એ શીજન
કો વેળા મુને મારે નેહ, હુંપે વાહાલુ એને પેટ

શુ જે દમયતી બધા રાજાઓ અને દેવોને તરછોડી તેને વરી, તેના સ્નેહની આવી કિમત ? ખરેખર આ પ્રસગ પ્રેમાનન્દના નળાખ્યાનમા એક મહાકલકરૂપ છે નથી એ પ્રસગ મૂળ **મહાભારત**મા કે નથી અન્ય કોઈ સસ્કૃત ગ્રથમા આ પ્રસગ પ્રથમ નાકરના નળાખ્યાનમા દેખા દે છે એ ખરૂ, પણ તેમા તો માત્ર દમયતીના હાથે અમી હતુ એ જણાવવા પુરતો જ તેનો ઉલ્લેખ છે

દમયતીના ત્યાગનુ કારણ એ પ્રસગ બનતો નથી દમયતી એવો વિચાર કરે છે કે જો એમ કહીશ કે મીન જીવતા થયા તો માનશે નહિ, માટે મે ખાધા એમ જ કહીશ તે પ્રમાણે કહે છે તેના જવાબમા નળ માત્ર આટલુ જ બોલે છે

એકલપેટી પ્રમદા રે જાણ્યુ તાહરૂ વિચાર,
લોકમાહિ ઇમ કહાવિ–પતિવ્રતા તે નારી ! ૨૧૫

પ્રેમાનન્દે તો એનો બહુ દુરૂપયોગ કર્યો છે નળને કેવળ માછીમાર જેવો જ ચીતર્યો છે નળના પાસે દમયતીને કહેવડાવેલ શબ્દો કોઈ ઉચ્ચ જ્ઞાતિના માણસના મુખમા શોભે એવા છે ? જુઓ —

હુ ભૂખ્યો ને તે મચ્છ ખાધા, શું આગ પેટમાં લાગી ?

× × × ×

નળ તિરસ્કાર હીડતો કરે, હૃદે ફાટે અબળા આખ ભરે
'ખાધા મચ્છ હશે ગત ઘણી, તો **હીંડે છે રે પાપિણી**
પીરે પાણી ફરી ફરી, કા જે મચ્છ ખાધા પેટ ભરી
બે મારગ આવ્યા આગળે વિદાય કીધી નારી નળે
'**તું નહિ નારી હું નહિ કથ** આ તારા પિયરનો પથ
મારો સગ તુજને નહિ ગમે **પિયરમા પેટ ભરીને જમે.**'
(કડવુ ૩૪).

હવે, ભાલણ દમયતીને પીયર જવાનુ કેવી સ્નેહ ભરી વાણીમા કહે છે એ જુઓ —

એ અબળા અતિ દુઃખણી થયેરે વિષમ વનમા સગ
આગળ જાણ્યુ નથી જાતુ કેહેવો આવશે કાળ ?
સીદાસે એ સુદરી–કોમળ ચરણ પ્રવાલ
પેર કહું જો પીએર જએ–છે એહવો લાગ
સુખ પામે સુદરી મુઝ મોકળો થાએ પાગ.
એહેવુ વિમાસી કેહે નૈષધ, 'સાંભળી છાં સતી !

વચન માહારૂ ચિત્ત આણે, ભલી છે તુજ મતિ
આ પથ છે અતિ માધરો, કુડિન પુરની વાટ.

(કડવુ ૧૫)

પાત્રોની ઉદાત્તતા.

પ્રેમાનન્દે બીજો પ્રસગ ઉમેરેલો તે હાર ચોરીને। છે આ પ્રસગ પણ સસ્કૃત સાહિત્યમા નથી અને નાકરમા પણ નથી નાકરના નળાખ્યાનની રા આચાર્યની જૂની પ્રતમા નથી, પરન્તુ ગુજરાતી પ્રેસની પ્રતમા છે, એટલે તે ક્ષેપક હશે એમ લાગે છે તેમા પણ માશીના ઘરનો પ્રસગ નથી પણ નળદમયતી વનમા નીકળતા કોઇ મિત્રને ઘેર રહે છે, ત્યા કળિયુગ હાર ચોરીને ટોલ્લામા પેસી જાય છે. પરન્તુ પ્રેમાનદ જે રીતે ઇન્દુમની પાસે મહેણા મરાવે છે, તે ગીન તેમા નથી

પ્રેમાનન્દે મહાભારતના ઉદાત્ત મનુષ્યોને એના સમયમા ખેચી લાની તેમનુ ચારિત્ર્ય બગાડી નાખ્યુ છે ભાલણે મૂળ પાત્રોની મહાનુ-ભાવિતા કાયમ રાખી છે તેમના ચારિત્ર્યને દૂષણ રૂપ એક પણ કાર્ય કરાવ્યુ નથી કે એક પણ શબ્દ ઉચ્ચરાવ્યો નથી પ્રેમાનન્દે રાજગુરૂ સુદેવને એક ભિક્ષુક ટહેલીઆ જેવો ચીતર્યો છે એણે નાખેલી ટહેલ પણ મહેણા જેવી જણાય છે

અલક્ષ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ, પરિત્યાજ તેનો કીધો રે.
ધર્મ ધોરીધર ધિક્ક તુજને, ફરી તપાસ ન લીધો રે
રકે રત્નનુ જત્ન ન થાએ જાત નીવડી નેઠ રે
વિલપે છે વસ્તુ વહોરતીઆ વિના, કા ભરે પર ઘેર પેટ રે?
કુળ લજાવ્યુ કરમી માણુસે, કીર્તિ કીધી ઝાખી રે

વળી જ્યારે વિચાર કરીએ છીએ કે આ શબ્દો દમયતીના હતા, ત્યારે તો ગ્લાનિ આવે છે. દમયતી જેવી સતી પતિને આવી ગાળો દે? આની સાથે સરખાવો ભાલણની 'ગાથા'—

ધૂર્તે વસ્ત્ર વધારી વનમા સુતી મેહેલી નારી—
પરમ સાધવી પુત્રની માતા, કેહિ બુધે વિચારી ?
તે દુઃખ પામી રોતી હીંડે, ક્ષમા તો હવે કીજે,
દુર્બળ પણ નારીને પાળે, તેહ વિમાસી લીજે.
પત્નીની તો રક્ષા કરવી, ભરણુ પોષણુ તો દેઈ;
ધર્મ જાણતો તે કેમ મેહેલે સ્વર્ગતણું ફળ લેઇ ?

ચતુર, કુલિન ને ક્યાનતનો પ્રેમ ઘણો મને હુતો.
અવળું ભાગ્ય થયુ એ માહાર તો મોહબળે ગુતો.

આમા ઠપકાની સાથે કેવી દર્દ ભરી વિનતી છે! આનો પ્રેમાનન્દના નળનો ઉત્તર પણ હલકાઇ ભરેલો છે, જ્યારે ભાલણનો ગૌરવ વાળો છે શ્રી રામચન્દ્રજીના પૂર્વજ સૂર્યવશી ઋતુપર્ણ રાજાને પ્રેમાનન્દે વિષયી અને કામુક જેવો ચીતર્યો છે ઋતુપર્ણ કહે છે કે 'વીજળી સરખી લાવુ દમયતી, કરૂ શોક્યનુ સાલ.' તેની રાણી કહે છે કે 'ક્ષત્રી થઇ કરો ઘઘરણુ, તવ હોએ અતે ક્ષેમ ' અને અતે 'રીસ ચઢી ઋતુપર્ણને પછી ધણીઆણીને ઘોય ' આતે રાજ કુટુબનુ ચિત્ર છે ક કોઇ હલકા વર્ગનુ ? વળી બાહુકને જોઇને દમયતીની મશ્કરી તેની ભોજાઇઓ જે નિર્લજ રીતે કરે છે, તે રાજકુટુબમા શોભે એવી છે ? પતિવિરહથી ઝુરતી લાડકવાઇ નણદની આવી મશ્કરી કરવાનો કોઇ રાજકુલવધૂ વિચાર સરખોએ કરે કે ? હાસ્યરસ જ્યા ત્યા લાવવાને પ્રેમાનન્દે આવા અનુચિત ચિત્રો ઘણા ચીતર્યા છે બાહુક શરીરે કદ્રપો હતો, કઈ ગાડો નહોતો પ્રેમાનન્દે તો તેને ગાંડા-ગમાર બનાવી મૂક્યો છે! સ્વયવરમા દેવના મોઢા જાનવર જેવા બનાવીને અને દેવ પત્નીઓને તે જોવા બોલાવીને તેણે આર્યધર્મનુ ગૌરવ હીણું કર્યા ઉપરાત સુરૂચિને પણ સખત આઘાત કર્યો છે ભાલણે આ પ્રમાણે કોઇ સ્થળે કર્યું નથી

ઔચિત્ય.

પ્રેમાનન્દે જેમ હાસ્ય પ્રસગોમા અનૌચિત્ય દર્શાવ્યુ છે, તેમ અન્ય પ્રસગોમા પણ તેણે ઉચિત-અનુચિત કે સભવ-અસભવનુ પ્રમાણ જાળવ્યુ નથી પ્રેમાનન્દે યુધિષ્ઠિર પાસે અર્જુનની પ્રશસા કરાવી બીજા ભાઇઓને ઉતારી પાડ્યા છે, એ અનુગતુ છે ભાલણે તો યુધિષ્ઠિરના મુખે પોતાના ભાઇઓ માટે કહેવડાવ્યુ છે કે—

સેજ સુતા કઠણ લાગતી હસ પીછ તળાઇ,
દાભ પાથરીને સુએ છે તે લાડકા ભાઇ!

આમા યુધિષ્ઠિરની વત્સલતા પ્રકટ થાય છે વળી ભીમ સાથેના સવાદમા પણ યુધિષ્ઠિરનો સ્વભાવ કેવો ધીર અને ઉદાત્ત જણાય છે!

પ્રેમાનન્દ હસ પાસે પ્રથમ દમયતી પરણાવવાનુ વચન અપાવ્યા પછી તેને નળના પજામાથી છોડાવે છે, જ્યારે ભાલણ તો હસની પાસે મર્મવેધક પ્રભુ સ્તુતિ નળને સભળાવી તેને બીન શરતે મુક્તિ

અપાવે છે ત્યાર પછી ઉપકારનો બદલો વાળવા હસ તેને દમયતી મેળવી આપવાનુ વચન આપે છે આમા નળ અને હસ બનેના સ્વભાવની ઉચ્ચતા ભાલણે પ્રકટ કરી છે

પ્રેમાનન્દ નળને દેવનો વકીલ કરી દમયતી પાસે મોકલે છે, ત્યારે તેને કઈ લાગણી થતી નથી એ શુ યોગ્ય છે? જેને માટે તે આટલો તલસતો હતો, તેને બીજાને પરણવાનુ કહેવા જતી વખતે હૃદયને કઇ દુઃખ ન થાય તો એ હૃદય કેવુ? ભાલણે આ પ્રસગે કોમળ લાગણીઓ પ્રકટ કરી છે વળી પ્રેમાનન્દ નળની પાછળ જાસુસી કરવા દેવદૂતને મોકલે છે, એ અણુવિશ્વાસ બતાવવા જેવુ અઘટિત નથી? ભાલણે તેમ કર્યું નથી પ્રેમાનન્દ નળને દમયતીના મહેલમા જે રીતે છતો કરે છે, તે રીત પણ જરા અસભવિત જેવી લાગે છે તે કહે છે કે નળનુ પ્રતિબિબ અરીસામા પડયુ, તેથી તેના અસ્તિત્વની ખબર દમયતીને પડી પરન્તુ, પ્રશ્ન એ છે કે નળ જો અદૃશ્ય હોય તો તેનુ બિબ શી રીતે પડે? ભાલણની રીત તદ્દન સ્વાભાવિક લાગે છે તેણે એમ કહ્યુ છે કે નળ અદૃશ્ય હતો તેથી પોતાની સાથે કોઈ અથડાય નહિ એમ સાચવી સાચવીને તે જતો પરન્તુ એક દાસી શરીર ઉઘાડુ કરી ચદનનો લેપ કરતી હતી તેથી તેણે ઉચિત મર્યાદાથી પોતાની આખો મીંચી દીધી આથી સામેથી આવતી દાસી તેની સાથે અથડાણી દાસીને વ્હેમ આવ્યો કે કોઇ નજરબધીવાળો પુરૂષ મેડીમા છે અને તે વાત તેણે જઇને દમયતીને કહી તેને પકડી પાડવા દમયતીએ એવી યુક્તિ કરી કે બધી દાસીઓને ભેગી કરી હાથે હાથ મીલાવી (હાથાજોડી કરી) એક ભીંતથી બીજી ભીંત સુધી હાર કરી ફરવા માડયુ નળે જાણ્યુ કે હવે કાતો પાછા જવુ પડશે કે પકડાઈ જવાશે, તેથી તે છતો થયો સ્વયવરમા નળ અને દેવ ઓળખાતા નથી તે સબધી ભાલણની કલ્પના કેવી ભવ્ય છે! કળિયુગ અને દ્વાપર નળના નગરમા રહેવાને સ્થાન ન મળવાથી કેટલોક કાળ ભટકયા આની અવધિ ભાલણે બાર વર્ષની ઠરાવી છે, પણ પ્રેમાનન્દે એક હજાર વર્ષની આ શુ સભવિત છે? આ બને યુગને ગામમાં રહેવાનુ સ્થાન કેમ ન મળ્યુ તેનો ખુલાસો પ્રેમાનન્દે માત્ર એક બે પક્તિઓમા કર્યો છે, ત્યારે ભાલણે વિસ્તારથી નગરના સદાચારનુ વર્ણન કર્યું છે હજાર વર્ષ સુધી ભટકયો એનુ કારણ બે પક્તિઓમા દર્શાવવુ ઉચિત છે?

નળદમયતીની વિપત્તિઓમા પ્રેમાનન્દે જ્યા ત્યા કળિયુગને આડો કર્યો છે સોનાનુ પખી થાય છે તે કળિયુગ, વસ્ત્ર ફાડવાની છરી પણ કળિયુગ, તાપસનો આશ્રમ પણ તેની જ બનાવટ, વણજારાની પોઠમા હાથીના ટોળાને સિહ થઇને તેજ ભડકાવે છે, જોષી થઈ દપ યતીને આળ ચઢાવે છે અને ઇન્દુમતીનો (ખરી રીતે સુનન્દા જોઇએ) હાર ચોરનાર પણ કળિયુગ! જ્યા ત્યા કળિયુગનુ જ કામ કળિયુગને અજગર અને પારધિ ન બનાવ્યો એટલી જ ખામી રાખી છે ! આ પ્રમાણે જ્યા ત્યા કળિયુગને ખડો કરવાથી વાર્તાના કુદરતી વહનમા બાધા આવે છે ભાલણે તો માત્ર સોનાનુ પખી બનાવવામા જ કળિયુગને ઉપયોગમા લીધો છે, અન્યત્ર નહિ

ભાલણ અને પ્રેમાનન્દ.

આટલા અશોમા ભાલણના નળાખ્યાનની વિશિષ્ટતા છે ભાલણના નળાખ્યાન સાથે સરખાવી શકાય તેનુ પ્રેમાનન્દનુજ નળાખ્યાન છે એ સરખામણીથી એમ કહેવાનો આશય છે જ નહિ કે ભાલણનુ નળાખ્યાન પ્રેમાનન્દ કરતા બધી રીતે ચઢે એવુ છે ઉપરના અશો બાદ કરતા પ્રેમાનદનુ નળાખ્યાન ભાલણ કરતા ઉચ્ચ પ્રકારનુ છે જ પ્રેમાનન્દ તે પ્રેમાનન્દ જ છે એની તોલે ભાલણ ન આવે જે પ્રમાણે પ્રેમાનન્દના નળાખ્યાનમા વિચારનો ધોધ અને વર્ણનની છટા છે, તે પ્રમાણે ભાલણમા નથી પ્રેમાનન્દના હાસ્યનો ભાલણમા છાંટો સરખોએ નથી પ્રેમાનન્દના વૈદર્ભીના વિલાપ ભાલણ કરતા ઉતરે એવા નથી દમયતી બાળકોને પીઅર મોકલે છે, તે વખતે તેને સ્વાભાવિક રીતે જે મનોવ્યથા થવી જોઇએ, તેનો ચિતાર પ્રેમાનન્દે અત્યત આર્દ્રતાથી આપ્યો છે, જ્યારે ભાલણમા એ પ્રસગ નથી દમયતીની વિરહવ્યથા જોઇને, તેની માતા પાસે જેવા ઉદ્ગારો પ્રેમાનન્દે કઢાવ્યા છે તેવા ભાલણમા નથી એમા એક આર્યમાતાનુ હૃદય તેણે વ્યક્ત કર્યું છે

આ પ્રમાણે કોઈ અશમા ભાલણ ચઢે છે, ત્યારે કોઇ અશમા પ્રેમાનન્દ પરન્તુ એકદરે પરિણામ જોઇએ તો ગુણના ટકા પ્રેમાનન્દના લાભમા જાય

કેટલાક દોષ.

ઉપર આપણે નળાખ્યાનના ઉત્તમ અશો જોયા હવે કેટલાક દોષ વિચારીયુ કવિના દોષને નિરકુશતા કહેવામા આવે છે અને કઇક અશે

ક્ષન્ય ગણાય છે **निरंकुशा कवयः**। એના દોષના ત્રણ પ્રકાર છે (૧) વ્યાકરણવિરૂદ્ધ પ્રયોગ (૨) અસ્પષ્ટ વિધાન, (૩) અનવધાનતા (૪) જુગુપ્સા આ દોષો અનુક્રમે વિચારીશુ

(૧) પ્રથમ વ્યાકરણ સબધી દોષો જોઈશુ

क 'ઉદધિ મહાવડવાનલથી કે શિવગલાના વિષ તણી'
પ્રથમ વાક્ય ખડમા પચમી વિભક્તિ છે તો બીજામા ષઠી નહિ પણ પચમી જોઇએ (૮,૧૪,)

ख 'હસવચને ધરી અતિ પ્રીત, તેહને તજવુ કેહિ રીત' (૩૧, ૪૬,)
સ્ત્રી લિગે હોવાથી 'તજવી' જોઇએ

આ વ્યાકરણ સબધી દોષો ભાલણના પોતાના જ છે એમ ચોક્કસ કહી ન શકાય. કેમકે વખતે નકલ કરનાર લહીઆનો પણ પ્રમાદ હોય

(૨) અસ્પષ્ટતા સબધી—

क 'રક્તપાદ જાણે ચમર ધર્યું છે, વિદ્રુમ કેરી દાડી' (૬,૮) આમા હસને કોના ચમરની ઉપમા આપી છે, એ જણાવ્યુ નથી **नैषध**મા વરણનુ ચમર કહ્યુ છે

ख ૯ મા કડવાના આરભની ઉક્તિ કોની છે, તે બતાવ્યુ નથી સદર્ભ ઉપરથી દમયતીની માતાની લાગે છે.

ग કડવુ ૧૩, કડી ૮ મા વાર્ષ્ણેયને સોપી આવવાનુ કહે છે, પણ કોને લઈ જવાનુ છે તે જણાવ્યુ નથી સદર્ભ ઉપરથી બાળકો જણાય છે

घ ૩૨, ૩ મા ત્રણ એંધાણ પર્ણાદે કહ્યાનુ જણાવ્યુ છે પણ તેમાથી માત્ર 'પખી વસ્ત્ર હરી ગયો' એમ એકનો જ ઉલ્લેખ છે

(૩) અનવધાનતા સબધી—

क નળને હજી ઓળખ્યો નથી, છતા ૩૧, ૧ મા 'નળ ઓળખી તે દડવડી' એમ કહ્યુ છે ('ઊખવી' પાઠ લેઇએ તો **उपलक्षण**ના અર્થમા 'કલ્પીને' 'ધારીને' અર્થ થાય, તો દોષ નહિ,)

ख ૨૭, ૧૨ મા 'સુબાહુને હુ અમ દીધી' ત્યા 'વીરબાહુ' જોઇએ. રાજમાતા તો સુબાહુની મા થાય મે તે લહીઆની ચૂક ગણી સુધારીને પાઠ મૂક્યો છે.

ग ૨૫, ૩૧ મા નળ પાસે **नैषध**ના શ્લોક બોલાવે છે, તે કાળ-વિરોધ ગણાય ખરી રીતે તો તે **महाभारत**ના શ્લોકનો અનુ-

વાદ છે **નૈષધ** તો એટલું લાગુ છે પણ નહિ તેમા નળના વનવાસની હકીકત નથી.

ઘ ૪, ૧૦ મા ચન્દ્ર અને સૂર્ય આસપાસ જળકુડાની વાત છે, પણ ખરી રીતે તો જળકુડુ ચન્દ્રની આસપાસ થાય છે, સૂર્યની આસપાસ થતુ નથી મૂળ **નૈષધ** મા એ પ્રમાણે છે એ ખરૂ, પરન્તુ **ભાલણુ**ની સમજમા એ ન આવ્યુ તેટલી તેની અનવધાનતા ગણાય

ङ ' જમ બાધ્યુ જમનાશુ મન ' આ પ્રમાણે તેણે યમ અને યમુના એ બે ભાઇ બ્હેનના વિશુદ્ધ સબધ ઉપર અણુછાજતો આક્ષેપ કર્યો છે (આ ઉપર વિશેષ વિવેચન ટીકામા જુઓ)

(૪) દમયતીની વિરહદશાના વર્ણનમા **ભાલણે** બે કડીઓ ઉઘાડા શૃગારની લખી છે (કડવુ ૮, કડી ૧૫-૧૬) એ જુગુપ્સાનો દોષ ગણાય **ભાલણ** જેવા શિષ્ટ અને મર્યાદવાળા કવિને શોભે નહિ જો કે તેણે એ વાત મોઘમજ જણાવી છે અને આશય ગૂઢ રાખ્યો છે, તો પણ એ ન લખી હોત તો જ ઠીક

નળાખ્યાનના આટલા દોષ મ્હને જણાયા છે બીજાને વખતે તે ન પણ લાગે અથવા તો નહિ જેવા લાગે વિદ્વાનો આને દોષ નહિ ગણે તો મ્હારા જેટલો આનન્દ બીજાને નહિ થાય

બીજું નળાખ્યાન.

ઉપર આપણે જે વિવેચન કર્યું છે તે પ્રથમ નળાખ્યાન સબધી છે, બીજુ નળાખ્યાન ગણત્રીમા લીધુ નથી એથી ઘણાને આશ્ચર્ય થશે તેનો ખુલાસો કરવાની જરૂર છે પ્રથમતો એ કે એનામા કોઈ જાતની વિશિષ્ટતા નથી, સાહિત્યની દૃષ્ટિએ ઉચ્ચ પ્રકારનુ નથી, પ્રેમાનન્દની સાથે સરખાવી શકાય એવુ નથી અને તેને બારીકાઇથી તપાસી જોતા તે **ભાલણ**ની કૃતિ હોવા વિષે શકા ઉત્પન્ન થાય છે તેના કારણો ટૂકામા જણાવુ છુ પ્રથમ તો આમા **ભાલણ**ની શૈલીની છાયા સરખીએ નથી **ભાલણ**ના નિકૃષ્ટમા નિકૃષ્ટ કાવ્યો સપ્તશતી, **શિવભીલડીસવાદ** વગેરેમા પણ તેની કલમ છાની રહી શકી નથી બીજુ, એમા એની નથી જણાતી રસિકતા કે નથી જણાતી વિદ્વત્તા ઉલટુ રસિકતાનો ઘણી

જગાએ લોપ થયો છે અને સુરુચિને સખત આઘાત થાય એવા વિચારો દર્શાવ્યા છે, તે **ભાલણ**ના સ્વભાવથી વિરુદ્ધ છે એની શબ્દોની પસદગી પણ એની વિદ્વત્તાને અનુરૂપ નથી તેણે કેટલાક શબ્દો ખોટા અર્થમા પ્રયોજ્યા છે, કેટલાકના અર્થ મચડીને બેસાડયા છે અને કેટલાક તો માત્ર પ્રાસ મેળવવા ખાતર નિરર્થક જ ઉમેર્યા છે તેણે **મહાભારત**નુ ભાષાતરજ કર્યું છે, જાણે કે **નૈષધ** કાવ્ય કદી જોયુ જ નહોય! એમા તેની છાયા કંઈ પણ જણાતી નથી ભાષાતર કરવામા પણ શ્લોકોના અર્થમા ઘણી જગાએ ઠોકર ખાધી છે, જાણે કે એને સસ્કૃતનુ પુરૂ જ્ઞાન જ ન હોય! શૈલી પણ સરળ નહિ પણ શ્રમસાધ્ય અને ભારે ભારે લાગે છે રાગ માપમા પણ નથી શબ્દો ગમે તેમ લબાવવા કે ટૂકાવવા પડે છે, ત્યારે ગાઇ શકાય છે યોગ્ય પ્રમાણ પુર સર ગેયતાનુ વહન વહેતુ નથી રાગના નામ પણ યોગ્ય નથી કાદબરીના રાગ સાથે પ્રથમ નળાખ્યાનના રાગ મળે છે જ્યારે આ નળાખ્યાનનો કોઈક જ ભાગ મળતો આવે છે. **ભાલણ**ના સમયના પ્રાચીન શબ્દો, શબ્દ સમૂહો કે રૂઢિ પ્રયોગો આમા નજરે પડતા નથી કેટલાક પ્રાચીન જેવા રૂપો છે ખરા, પણ ઘણા ખરા ખોટા અને પ્રાચીન ગુજરાતીના વ્યાકરણ વિરૂદ્ધ લાગે છે 'વહઇ' 'નમઈ' જેવા કાદબરી કરતા પણ પ્રાચીન રૂપો જળવાય અને એના સમયના પ્રાચીન શબ્દો અને વિશિષ્ટ વાકય પ્રયોગો ન જળવાય, એ શુ આશ્ચર્યજનક નથી? (બીજા નળાખ્યાનની ટીપ જોવાથી આ વિગતો જણાશે) આથી આ નળાખ્યાન પ્રત્યે હુ શકાની નજરે જોઉ છુ મ્હારૂ એમ કહેવુ નથી કે તે આધુનિક જ છે, પ્રાચીન કાળના કોઇ કવિએ રચીને તેને નામે ચઢાવ્યુ પણ હોય

એક બીજી વાત પણ છે બીજા નળાખ્યાનના અંતે આમ કહ્યુ છે —

'ગાંઘીને કહેવુ મરી માટે, મૂર્ખ ન જાણે મરીની ખોટજી
ગુરૂકૃપાએ કવિતાસાગરમા આવે ભરતી ઓટજી' (૨૮, ૮)

આ ઉપરથી કદાચ એમ અનુમાન કરીએ કે **ભાલણ**ને આ કાવ્ય અમુક સમયમા રચવાની સરત થઈ હોય અને શીઘ્રતાથી તેણે તે લખ્યુ હોય તેથી તે નિકૃષ્ટ પ્રકારનુ થયુ હોય પરન્તુ ગમે તેટલી ઝડપથી લખે તોપણ કોઈ લેખક પોતાની શૈલીની બહાર જઈ શકે નહિ, સિવાય કે તેનો તેમ કરવાનો ખાસ ઇરાદોજ હોય **ભાલણ**નો એવો હેતુ કેમ હોય એ સમજાતું નથી.

ગમે તેમ હોય પણ આ કાવ્ય **ભાલણ**ની કૃતિ તરીકે શોભતું નથી ખરેખર જો તે **ભાલણ**નીજ કૃતિ હોય તો તેની રસિકતા, તેની

વિદ્વત્તા અને તેની કવિત્વશક્તિ સબધી આપણે પૂર્વે જે વિચારો બાંધ્યા છે, તેમાથી ઘણા ટકા બાદ કરવા પડે

ઉપસંહાર.

કવિ અને તેના પ્રસ્તુત કાવ્યો સબધી વિવેચન પુરૂ થયુ ખરે-ખર ભાલણે પ્રથમ નળાખ્યાન રચીને ગુજરાતી સાહિત્યમા કિંમતી ઉમેરો કર્યો કર્યો છે પાશ્ચાત્ય સાહિત્ય સપર્કથી આપણી મનોદશામા ઘણો ફેરફાર થયો છે, છતા અત્યારે પણ તે આપણુ ચિત્ત આકર્ષે તેવુ છે એની શૈલી અને ભાષા અભ્યાસ કરવા જેવી છે એ અભ્યાસથી આપણી આધુનિક ભાષામા નવુજ તેજ અને બળ આવશે હાલ આપણે મહાનવ્યો લખવાની શક્તિ ગુમાવી બેઠા છીએ એમ લાગે છે માત્ર ન્હાના ન્હાના કાવ્ય લખાય છે અને એ વાચીને આપણે આનન્દ માનીએ છીએ આપણે જો ન લખી શકીએ તો પ્રાચીન કવિઓ આપણે માટે આવા કાવ્યોનો જે અમૂલ્ય વારસો મૂકી ગયા છે, તેનો રસાસ્વાદ તો અવશ્ય લેઇજ શકીએ ભાલણની સરળ, શિષ્ટ અને અર્થ-સુલભ ભાષા,+ તેની ઉચ્ચ પાત્રાલેખનશક્તિ, ઉચ્ચ ભાવના, વિશુદ્ધ વિચારો, ઇત્યાદિનુ મનન કરી આપણી કૃતિઓમા ઉતારીશુ તો પરિણામે સાહિત્યને લાભજ થશે

+ નળાખ્યાનમાથી ભાષાસૌન્દર્યના કેટલાક નમૂના અહિ ટાકી બતાવુ છુ —

'અખિલ રાજ્ય એ તમને આપુ નિજભુજબલ દેખાડુ' (૨, ૧૧)
'શોકઅગ્નિજ્વાળા લાગી છે સીતળ વચને વારો' (૩, ૮)
'સુખ દુ:ખ દેહ સાથે સરજ્યા છે ચિત્ત ન કીજે કાચુ' (૪, ૨)
'ગલિત થઇને ઉચરે રે વિનતા વિનય વચન' (૮, ૧)
'તારા અધરપાનપ્રતાપ અમો જીવવુ વાછુ આપ' (૧૧, ૨૦)
'તે છોડી કા માનવી ભજે ? દેખી ગુજા મણિને તજે'! (૧૧, ૨૯)
'સદેહ હાદવ માહે કશી, ચિંતાએ થઈ અતિ આકુળી' (૧૧, ૫૯)
'ચરણ ચાપુ, નીર પાઉ, કરૂ અહોનિશ સેવ' (૧૫, ૨૭)
'હસે હું વાળી રે વાહાલા! કહી તમારી પ્રીત' (૨૦, ૩)
'એણીએ તો ઉત્પાત જ કીધો ગજની ઘટા ઉતારીજી' (૨૩, ૫)
'વિદર્ભ દેશ તમને પહોચાડુ અણુઆથમતે સૂર' (૩૦, ૩૦)

ભાલણકૃત

પ્રથમ નળાખ્યાન.

કડવું ૧+

રાગ કેદારો.

ગુરૂપદપંકજને પ્રણમું, બ્રહ્મસુતાને ધ્યાઊં,
ગુર્જરભાષાએ નળરાના ગુણ મનોહર ગાઊં. ૧

નૈષધ, ચંપૂ, મહાભારતમા કવિ કીર્તિ અતિ લીધી;
કાલાને પ્રીછવવા ભાલણે ભાષાએ એ કીધી. ૨

સાચા હીરા હેમે જડીઆ, વૈભવનો શણગાર;
દુર્બળને તો કાચકથીરે ભૂષણ હોએ અપાર. ૩

ધનવંત ભૂપતિને ભોજન સર્વ સંજોગે થાએ;
નિર્ધન તવારા અતિ આનન્દે જવારબાજરી ખાએ. ૪

સિદ્ધિવંતને સપ્તભોમના મંદિર, ઊંચા આવાસ;
પ(ર્ણ કુ)ટિ રેહે સુખ પામે અતિ દુર્બળ પામી વાસ. ૫

તાલમય સકળ અર્થપદબંધે બાંધુ નળઆખ્યાન
મૂરખજનમોહ કરવાને ભાલણ કવિ અભિમાને. ૬

પુણ્યશ્લોકકથારસ પીતા અમ્રત ખાટુ લાગે,
મહાકવિ શૃંગાર વર્ણવ્યો પૂર્વે જે મહાભાગે. ૭

આર્ણિંક પર્વ સકળરસભોળો, દષ્ટાંતે એ માડી,
ધર્મરાજાને ધીરજ દેવા દેખાડી શમહાડી. ૮

સંક્ષેપે તે સકલ ગ્રંથનુ લઇ કેટલું હેત
કહીશ કથા હું નળરાજાની થોડામાહે, સંકેત. ૯

+ કડવાનો અંક હરેક કડવુ પુરૂ થયા પછી આપ્યો છે

૧ ધાઉ ગુજરભાખાએ. રાજાના ૨ નઇખધ ભાખાએ ૩ સાચા ભુખણ ૪ હાએ ૫ અવાસ. અત ૬. તાલમએ. અથેપદબાધે મુરખ-જમમાહે કરે ૭ સાહા. વરણુવો આગે ૯ સંખપીત.

રખે ચતુર કોઇ મૂરખ માનો ભાષાબધ એ દેખી,
શિશુ લડાવતાં મહા કવિ કાલે બોલે મતિ ઉવેખિ. ૧૦
ત્યમ મે પામરને પ્રીછવવા સુગમ કરીને ભાખી,
કથામાત્ર એ નૈષધરાની અપભ્રંશ એ દાખીં ૧૧

કડવું ૨.

રાગ કેદારો.+

વૈશંપાયન એમ ઓચરે, જન્મેજય શ્રવણે ધરે,
વિસ્તરે વાણીએ ગુણ પાડવતણારે. ૧

ઢાળ.

પાડવના ગુણ વિસ્તારીને સાભળ, તૂં ભૂપાળ !
જેને પોતાના કરી જાણે સ્વામી શ્રીદીનદયાળ ૨
દ્યૂત રમીને રાજ્ય હારીઆ, જઇ રહ્યા તે વનં.
આયુધને કાજે તપ કરવા ચા(લ્યો) તા અર્જુનં. ૩
કામ્યક વને રેહે તે વાસે, સાથે છે બહુ લોક.
અર્જુન આવ્યો રાય યુધિષ્ઠિર આણે છે બહુ શોક ૪
દુઃખ કરતા જોઇ રાજાને તાપ અતરગતે (આ)ણી,
અગ્રજ આગળ ભીમસેન તે કોપે કેહે છે વાણી, ૫
'બુદ્ધિ તમારીએ અતિ બળીઆ બાધવ બહુ વગુતા,
નહિતર દ્યૂત રમતા તમો તવારાં અમો પાસે હુતા ૬
મે જાણ્યું મારૂ હું હવડા દુશાસન મહા પાપી,
ર્ણે કેશ ગ્રહીને આણી દ્રુપદસુતા સંતાપી ૭
તવારાં હું સઘળાને મારત રોતી દેખી નારી.
શુ કીજે જો વીરા માહારા' તમો જ રાખ્યો વારી ? ૮
હાથે કરી શુ શોક કરો છો, નિજ ઇચ્છાએ રમીઆ ?
અમને બળ કરવા નવે દીધુ તો દુર્યોધને દમીઆ. ૯

---

૧૦ કાએ ભાખા સસુ બોલે. ઊવેખી ૧૧ તમ. નઇખધ રાની અપભ્રાસ ૧ વૈસપા જનમેજે વાણીધ ૩ રાજે રહ્યા આઊધને ૪ કામીક ગ્યાનો રાએ જુધષ્ટર ૫ અગજ ૬ બુધે નહિતરે ત્મો તાવારા ૭ જાણુ દુસ્યાસન ૮ તાહાવારા દેખીને રાખો ૯ દુરજોધને
+ રાગનુ નામ આપ્યુ નથી

આજ આજ્ઞા આપો જો મુહને, હસ્તિનાપુર જાઉં ધાઇ,
ગદાતણે પ્રહારે મારૂં સાથે સોએ ભાઇ ૧૦
અખિલ રાજ્ય એ તમને આપુ, નિજભુજબળ દેખાડુ;
મુઝ સાહામો જે જોધ આવે તેહેને તત્ક્ષણ પાડુ.' ૧૧
વળતા રાય યુધિષ્ઠિર બોલ્યા, 'તાહારો છે વિશ્વાસ;
તેર વરસ પૂરણ થાવાદ્યો, પરઠયો જે વનવાસ. ૧૨
તવાર પૂઠે તું ને તા અર્જુન, સાથે શ્રી જગદીશ,
એક થઇ દુર્યોધન ઉપર ઊતારજો સર્વ રીસ. ૧૩
એહેવી વારતા રાય કરે છે, એટલે આવ્યા મુન્ય;
બૃહદશ્વ તા નામ તેહેનુ, હરખ્યો ભૂપતિ મંન. ૧૪
ઊઠી રાએ આસન આપ્યું, પ્રેમે કરી પ્રણામ;
અર્ધ્યપાદ્યે પૂજા કીધી મન કરીને (ઠામ.) ૧૫
પાસે રાય યુધિષ્ઠિર બોલે, બ્રાહ્મણ આગળે ભાખે;
નયણે નીર, નીસાસો મેહેલી, દુખ પોતાનુ દાખે. ૧૬

કડવું ૩.

રાગ કેદારો.+

રાજા વાણી એમ વદે, દુઃખ ઘણું આણી હદે,
'સ્વામી! હું દ્યૂત રમીને હારીઓ રે. ૧

ઢાળ.

સ્વામી! દ્યૂત રમી હુ હાર્યો, કૂડ કૌરવે કીધુ.
કપટ કરીને શકુનિ રમાડયો રાજ્ય હરીને લીધુ. ૨
પાંચાલી કેશ ગ્રહીને તાણી, આણી સભા મુઝાર;
તે દુખ હૈયાથી નવ જાએ કરતા કોડ પ્રકાર ૩
અર્જુન તપ કરવાને ચાલ્યો, તેની જોઉં વાટ;
આ અનુજ અરંણ્ય માટે દુઃખ પામે છે ઉચાટ ૪

---

૧૦ હસ્તાનીપોર ૧૧ રાજે ૧૨ રાએ બોલા થાવાદો પરઠો ૧૪ રાએ. આવા મુન બ્રેહેદસ્વ હરખો ૧૫ આપુ અરઘપાદેને ૧૬ રાએ. નઇઅણે ૨. હારો રમાડો રાજ ૩ પચાલી ૪ ચાલો. અરણ

+ રાગનુ નામ નથી

સેજ સુતા કઠણુ લાગતી હંસપીછ તળાઇ,
દાભ પાથરીને સુએ છે તે લાડકા ભાઇ ! ૫
અનેક સુખડી અનુદિનશુ જમતા કનકતણે જે પાત્ર,
તે આહેડીની પેરે જીવીએ વનમાહે ત્રુષ્ટ ગાત્ર. ૬
અમ સરખો આગે કો દુઃખી દીઠો કે સાભળીઓ,
વનમાહે એમ દુખ પામ્યો રાજા થઇને બળીઓ ? ૭
હુઓ હોએ તો સંભળાવો, મન અમારૂં ઠારો,
શોકઅગ્નિજવાળા લાગી છે, સીતળ વચને વારો ૮
વળતા બૃહદશ્વ ઋષિ બોલે, 'સાભળ, રાજા ધર્મ'!
પ્રાણી માત્ર સદાએ દુખીઆં, જેહેને (લાગ્યા) કર્મ. ૯
રામચન્દ્ર વનવાસ ભોગવ્યો, જે તા અશરણશરણ.
જનકસુતાને વનમા આવી રાવણે કીધુ હરણ. ૧૦
અતિ દુઃખ બહુ વાનરદલ મેલી સાગરે બાધી પાજ.
રાવણ મારી વિભીષણને આપ્યું લંકાનુ રાજ્ય. ૧૧
ઇન્દ્ર અમર મેહેલીને નાઠો, માન સરોવર વસીઓ.
મઘવા મહીપતિ નહુષ થયો તે શચી સમીપે ધસીઓ. ૧૨
વાડવ તેણે વાહન કીધા, નારીને નવ અડીઓ
અગસ્ત ઋષિના શાપ થકી તે સર્પ થઇને પડીઓ ૧૩
એહેવા કહું દષ્ટાત કેટલા ? સાભળ એક આખ્યાન -
નૈષધ દેશ હુઓ એક બળીઓ નળનામે રાજાન ૧૪
તેહે દ્યૂત રમીને હાર્યો રાજ્ય રિદ્ધભડાર
એકેક વસ્ત્રે વનમા ચાલ્યાં તે બેહુ નગ્નાર ૧૫
વસ્ત્ર વધારી નારી મેહેલી ઊતારી અંતે નેહ,
થયાં જુજુઆ અતિ દુખ પામ્યાં રાણીરાજા બેહ ૧૬
તે જોતા તમો શા દુખીઆ, જે મને ધીરજ આણો ?
કર્મતણે વશ્ય સઘળા પ્રાણી, એહેવુ અંતર જાણો ૧૭
રાજા કેહે, 'કોણ તે નળરા ? કયમ રમ્યો, કયમ હાર્યો ?
કોણે રાજ્ય હર્યું તા તેહેનુ ? મંત્રીએ શે અન વાર્યો ? ૧૮

---

૬ રૂખી (I) ૭ પામી ૮ હુઓ ૯ રૂખી ૧૦ ભોગવો ૧૧ ભીખણને આપૂ રાજ ૧૨. નીઘાખ થઓ ૧૪ હુઓ ૧૫. હારો ચાલા બહુ ૧૬ અતે થઆ પાંમા ૧૭ વસે ૧૮ કોમ રમે કમ હારો રાજહર સઅ વારો

તે કથા કોહોજી મુઝને, દયા હ્રદેશુ આણી.
પાપીને કરે તા પાવન પવિત્ર તહમારી વાણી ' ૧૯

કડવું ૪.

રાગ કેદારો.+

એણી પેરે બોલે મુન્ય, ' સાભળ, રે તું તા રાજન '
એકમને, પ્રશ્ન કરી મન આપણુ રે. ૧

ઢાળ.

પ્રશ્ન કરી મન આપણુ ને સુણો, યુધિષ્ઠિર ' સાચુ;
સુખદુઃખ દેહ સાથે સરજ્યાં છે, ચિત્ત ન કીજે કાચુ. ૨
નૈષધ નામે દેશ મનોહર, વીરસેન વસુધેશ.
પ્રાણીમાત્ર નહિ કો દુખીઆ, જાહા ધર્મિષ્ઠ નરેશ ૩
તેહેને સુત નળ નામે સુંદર, જાણે મન્મથ જણીઓ '
દેવ, પિતૃ ને મનુષ્ય તણો તે રાય ટળ્યો તા રણીઓ. ૪
સકળ ગુણ પૂરો તે નળરા, ચતુર અને દાતાર
રૂપવત નહિ તા બીજો જોતાં જગ મુઝાર. ૫
જેણે જાઇ નળ રાજા જાચ્યો, તે બીજી વાર ન માગે !
અનેક યજ્ઞ કર્યા, ધન ખર્ચ્યું, તો હે રિદ્ધ ન ભાગે ' ૬
નળ શિરે બે અંબોડા બાંધ્યા કરતા તા મલસ્નાન;
શ્યામ કલક રહ્યાં શિર બે, એમ જાણ્યુ રાએ નિદાન.- ૭
વેહેચી મેરૂ મહાગિરિ નાપ્યો પાત્ર તણે તા પાણ,
તો શુ દાન કર્યું મે મહીમા ? મન મોટી એ હાણ ! ૮
બ્રાહ્મણની તા વરૂણી કરતા સિંધુ ન થયો મરૂઆડે,
તો શુ પુણ્ય કર્યું મે ? મનશુ ચિંતા પામ્યો હાડે. ૯
ચન્દ્રસૂરજપાખલે કુંડાળું થાએ છે વરસાતે,
તાહા કલ્પના મહા કવિને એહેવી આવી વાત - ૧૦
નળના તેજ રૂપીઓ સૂરજ, જશ રૂપે શશી દેખી,

+ રાગનુ નામ નથી ૧ એમને મુન ૨ સરજા ૪ રાએ ટલો. ૫ જાુગ. ૬ જાચો. કરા ખરચ્યુ. ૭ સરે બાંધા સામ. રહા જાણ્યુ ૮ ગીર. નાપો. કરૂ. થો. રૂઆડે. કરૂ પામો ૧૦ આ શબ્દ આગળ ' મને ' મૂળમા છે

બ્રહ્મા સાચુ જૂઠું જોઇ, અંતર ગતે ઉવેખિ. ૧૧
જયમ નાણુ જૂઠું જાણીને વણિક લઇને વાળે,
ત્યમ વિધાતા એ જૂઠા જાણી રવિશશીને કુડાળે. ૧૨
એહેવો ભૂપતિ અતિ અનુપમ નૈષધ કેરો રાય,
(મુખે) જીહ્વા અસખ્ય હોએ તો તેના ગુણ કેહેવાય. ૧૩

ત્યમ વિદર્ભ દેશનો રાજા ભીમ નામે અતિ બળીઓ,
દાતા, ચતુર, રૂપવત તે હોણે ન જાએ કળીઓ ૧૪
તે સતાનતણી અતિ ચિતા કરતો રાજા જાંહા,
દમન નામે ઋષિ ઇચ્છાએ મદિર આવ્યા તાંહાં ૧૫
આસન આપી રાએ પૂજ્યા સ્રી સહિત, દઇ માન
પ્રશ્ન કર્યો, 'સ્વામીજી! મુઝને ક્યમ હોએ સતાન?' ૧૬
ઋષિજીઆ વરદાન જ આપ્યું-'એકપુત્રી, ત્રણકુમાર;
દમયંતી, દમ, દાન્ત, દમન, એ સતતિ હશે ચાર' ૧૭

કડવું ૫

રાગ કેદારો.+

બૃહદશ્વ ઋષિ એમ ભણે, ધર્મપુત્ર! શ્રવણે સુણે,
તે ત્રણ સતતિ હુઇ અતિ ભલી રે. ૧
અતિ ભલી સતતિ થઇ તેહેને; આનન્દ પામ્યો ભૂપ.
પુત્રીના સરખુ નહિ રે ચૌદ લોકમાહા રૂપ ૨
નારી સર્વને દમે કામિની સુંદર તા અભિરામ,
તેહેવુ જોઇ તેણાં પાડ્યુ દમયતી તા નામ. ૩
વિધાતાએ વદન રચ્યું તવારા સાર ઇન્દુનુ હરીજી,
તર લીધી તે ખાણુ થઇ છેઃ મુખ મનોહર કરીજી! ૪
મુષ્ટિ ઉદર મધ્યે વિધિ દઈ, આગળીનુ એધાણુ,
ત્રિવલિ પ્રગટ થઇ તે પ્રમદા પ્રત્યક્ષ એહ પ્રમાણુ! ૫

---

૧૨ જમ તમ. ધાતા. ૧૩ રાએ કેહેવાએ ૧૪ તમ વઇધભ ૧૫ આવા તાંહે ૧૬ પૂજા શ્રી કરો ૧૭ આપૂ પૂત્રી ત્રેણે કુમાર દમઅતી દમનક મન દત ૧ એ તિણ હોઇ ૨ પામો ૩ દમઅતી ૪ રચ્યુ ૫ મુષ્ટી ઉદર મધ્યે વેધોઇ + રાગનુ નામ નથી

કબરી પીછભાર મયૂરનો વહતાં ગ્યાં વિધાતા પાસ.
અર્ધચન્દ્ર દઈ શિખી કાઢયો, પૂજી પુષ્પ પ્રકાશ. ૬
સકળ ગુણે પૂરણ તે નારી. એક સમે ઉલ્લાસ
અગ્નિશર્મા નામે એક બ્રાહ્મણ આવ્યો ભીમઆવાસ. ૭
વાડવ બહુ કરે છે ભોજન, તેહેવે તે દ્વિજ બોલે,
'નારી કોએ નહિ તૂ સરખી, નર કો નહિ નળ તોલે' ૮
જો નળરાજા તું વર પર પામે, જન્મ સફળ તુજ હોએ.
ચૌદ લોકમાંહા નહિ તે તોલે રૂપે બીજો કોએ. ૯
એ નૈષધ નર ને જો તું નારી, સરખાસરખી જોડ;
નહિતર વિધાતાને લાગશે રૂપ રચ્યાની ખોડ.' ૧૦
તે સાભળીને વૈદર્ભીને વિરહ વ્યાપીઓ મન.
દાનમાન દઈ સંતોખ્યો માનિનીએ તે સુન્ય. ૧૧
તાહાથી આવી નૈષધ આગળ ભીમીના ગુણ ભાખે.
પ્રેમ ઉપાઓ નળ રાજાને સુણ્યા દીઠા પાખે. ૧૨
પરસ્પરે અનુરાગ ઊપન્યો, માહોમાહે પ્રીત,
રસશૃંગારતણો થયો અંકુર, વિપ્રલંભ એ રીત. ૧૩
એક સમે તે વીરસેનસુત ઉપવનપાદ તે નીરખી,
રમતો સરની તીરે આવ્યો આનન્દભર તે હરખી. ૧૪
દેખિ તેહ તડાગ અનુપમ, પંગજ નાના રંગ,
ચક્વા (ક સા)રસ શુભ બોલે, અતિ ગુંજારવ ભૃંગ. ૧૫
નિર્મળ સાધુતણા મન સરખુ સીતળ, સુતનુ, સોઈ
જળ જોઈ મન હરખ્યો; નવે ઉપમા કાંઈ ! ૧૬

કડવું ૬.

રાગ કેદારો.+

મહીપતિ મનમાહે ધરે, જોતા જોતા સાચરે.
મનિ કરે નાના વિધની કલ્પના રે. ૧

---

૬ વહતા ગા સખ. કાઢો ૭ આવો ૯ પામા ૧૦ રચાની ૧૧ સતોખ્યો મુન ૧૨ સુણી ૧૩ ઊપનો થો. વિપ્રવલભે ૧૪ આવો ૧૫ દેખી ૧૬ હરખ્યો + રાગનુ નામ નથી

ઢાળ.

કરે કલ્પના અનેક પેરે પુરણુ સર તે જોઇ;
શુ ભઈ! અમરે ભર્યું છે અમ્રતપૂરણુ શશી નીચોઈ? ૨
દેવે સિંધુ મથન તા કીધો અમ્રત તા (ની) સરીઊં,
શુભ ઈ ઉત્તમ સ્થાનક જોઇ આહા આણીને ભરીઊં' ૩
સિંધુ થકી સર અધકુ દીસે મિ મન સાથે દીઠૂ,
જેહેનું જળ કાઇ અર્થ ન આવે, આ તા અમ્રત મીઠૂ' ૪
શ્રીહરિ જઈ સાગરે સુએ છે, સહી સર એ નવે જાણ્યું?
નારાયણુ આગળે નારદજીઆ શુ એ સર નથી વખાણ્યું? ૫
કુંભીસુતે જવ આચમન કીધો કોટિ વરસ રહ્યો ઠાલો,
અનેક કુંભિ ઉલેચતરાં રે ઘટે નહિ સરપાળો' ૬
એણી પેરે ચિંતવતા રાએ સરોવર કેરી તીર
વરટાપતિ સુંદર તાં દીઠો કનક જશુ અ શરીર ૭
એક ચરણુ પાંખ માહે લીધો, બીજો અવની માંહિ;
રક્તપાદ જાણે ચમર ધર્યું છે, વિદ્રુમ કેરી દાંડી' ૮
નિદ્રાવશ તે રાએ દીઠો, ગ્રેહેવાને મન ચળીઊં
અપૂર્વ માટે ભૂપતિનું મન પંખી માહે ભળીઊં. ૯
ચરણત્રાણ ઊતારી ભૂપતિ વામન થઇને ચાલ્યો.
બલિગજાની પેરે રાએ દક્ષિણ કર પદ ઝાલ્યો. ૧૦
જાગ્યો ખગ તે, ઝાલ્યો જાણી માંડ્યૂં અતિ આક્રંદ
સર સઘળે પંખી બહુ બોલે દીન દામણી મંદ ૧૧
મનુષ્ય વાચાએ તે બોલ્યો વાણી દીન મરાલ,
'શાહાને કાજે હુ ઝાલ્યો છુ? તૂ છે અતિ દયાળ. ૧૨
પાંખ તણે હેમે શુ તાહારે ભરાશે ભંડાર?
સાગરજળ કેટલુએક વાધે પડે નિશાએ ઠાર? ૧૩
આહેડી અમને નવે મારે અપૂર્વ મને જાણી.'
રાજા તોહે (મૂ)કે નહિ રે, સુણુતા અમ્રત વાણી. ૧૪

---

૨ અનિક સુભઇ ભરૂ અનીચોઇ ૩ સુભઇ ૪ સધુ ૫ જાણુ વખાણુ, ૬ રહો કુભી ચાલો ૭ વારટાપતી ૮ માડી રગતપાદ ૯ ચાલીઊ. ૧૦ ત્રણ ચાલો ઝાલો. ૧૧ જગો ઝાલો માહુ ૧૨. બોલો. ઝાલો.

હસે હરિનું સમરણ કીધૂં, 'તું છે દીનાનાથ
કઠિણ થયો રા નથી મૂકતો, અહી રહ્યો છે હાથ. ૧૫
વૃદ્ધ ઘણુ છે માતા માહારી, બાલ સાધવી નારી
(બે)હને જીવન હુ અ છુ રે મૂકાવો, મુરારિ! ૧૬
સાથી સઘળા એ ઘેર જાશે, માતા માહારી રોશે.
વિરહે પ્રાણ છોડશે, તવારાં અબળા પાસે રોશે. ૧૭
કરૂણાનિધ! તે દયા કાહા ગઈ, ગજપતિ જે મુકાવ્યો?'
વચન સાભળી રાય તણે મન દયાલેશ તા આવ્યો. ૧૮
કર ઢીલો મૂકયો તવ પંખી ઊડી ગયો આકાશ.
મધુરે શબ્દે વાણી બોલ્યો, 'નળરા' સુણો પ્રકાશ. ૧૯
પ્રાણ દાન તે મુઝને દીધુ, તે ઓસીકળ થાઊં;
પ્રત્યુપકાર કરેવા, રાજા! કુંડિનપુર હુ જાઊં ૨૦
ભીમતણી સુતા છે સુંદર દમયતી અભિધાન;
ચૌદ લોકમા એક રત્ન છે, રૂપે કહુ શુ માન? ૨૧
એ વિધાતા નિર્લજ નીશે, દમયંતીને સરજી—
પ્રાકૃત નારી નીપાઇને સૃષ્ટિ જેણે નવ વરજી! ૨૨
મૃગ, ઇશાખો, ચમરી વન માહે નાઠા; કમળમીન ગ્યાં વારી;
ઇન્દુહોલાએ એના ગુણ ગાઇ ખાધી હાર! ૨૩
રંભા રક થઇને છૂટી; ઉર્વશી આગળે નાચી;
મન તજીને ગઇ મેનકા, દાસી થઇ અ ઘ્રતાચી. ૨૪
તેહેનુ રૂપ તા તોજ ખરૂ, જો થાએ તુજ પટરાણી.
વિધિ બ્રહ્માનો થાએ સાચો, ચતુરપણે ગ્રેહે પાણિ ૨૫
તાંહા (જ)ઇ તેહેને વિરહ લગાડુ, પ્રીત કરે જ્યમ નારી
ગુણ ઓસીકળ થાએ નહિ, રા' ધિક્ તેહેનો અવતાર'! ૨૬

કડવું ૭.

રાગ મેવાડો.

બૃહદશ્વ ઋષિ ઓચરે રે, સાભળ, કુંતા તન!
પુણ્યશ્લોક વળતું વદે રે, દ્વિજના સુણીને વચંન. ૧

---

૧૫ હરનુ થઓ રહો ૧૭. તવારા. ૧૮ મુકાવો રાએ આવો ૧૯ મુકો ગઓ બોલો ૨૦ પ્રતુપકાર. કુંહીનપુર. ૨૧ અભીધાંમ ૨૨ નીલજ ૨૩ સીખ ગા ઇન્દૂ ઊહોલાઇ ચિનુ ૨૫. વિધા બ્રાહમાનો ૨૬ જમ

ઢાળ.

વચન સુણીને રા કેહે, 'મે મિત્ર તું સાચો લહ્યો.
જાણું છુ, તે કારજ કીધૂ બોલ જહવારા કહ્યો ૨
સત્પુરૂષ તે થોડુ કેહેને કરે કારજ અતિ ઘણું.
નીચ બોલી દેખાડીને કામ સાધે આપણું. ૩
વીર ! વેહેલો આવજે, કુશળ મારગ તુહને.
કરે કારજ મનવાછિત, સમે સંભારે મુહને' ૪
આજ્ઞા માગી હસ ચાલ્યો ગરૂડ ગતે કરી જાએ.
મન હરખે, પથ નીરખે, પ્રેમ સરખે રાએ. ૫
પરિવાર સાથે પળે તેહેને, કુંડિનપુર ખગ આવીઓ.
નગરજન જે કોએ દેખે તેહેને મને ભાવીઓ. ૬
દમયતીને સદને આવી દીર્ઘિકા દીઠી ભારી
વિકચ વારિજવન દેખી ઊતર્યા તે અનુસારિ. ૭
મૃણાલ ગ્રેહેવા હસ લાગ્યા, નયણે નીરખે કામિની.
ગ્રેહેવાની ઇચ્છા કરી ઊઠી તવારા એ ભામિની. ૮
એકએક પૂઠે સખી ગ્રેહેવા ઉદ્યમ નારી અતિ કરે.
*ભૈમી જે ગ્રેહેવા ગઇ તે હસ વાણી ઓચરે ૯
ઓઢણાનુ અબર નાંખ્યૂં, ઝાલવાની પેરે કરી
મનુષ્યવાણી એ તવારા મધુરે વચને ઓચરિ. ૧૦
'સકળ લોકે અમો જાઊં, નીરખીઆ નર કોડ;
ત્રણ ભુવન માહે નથી બીજો નૈષધ રાની જોડ ૧૧
નારી માહે જેમ એક તુ છો, પુરૂષ માહે તેહ,
વિધાતાએ અમૂલક એ રત્ન ઘડીઆ બેહ ૧૨
રૂપ તાહારૂં તો સકળ જો વરે વર નળરાએ
જોગ પાખે એ નથી, તે કાળ કેહિ પેરે જાએ ? ૧૩
રૂપ હોએ, તો ચતુર નોહે અથવા નોહે ઉદાર,
તે હોએ, તો વૈભવ નોહે કે લપટ હોએ સાર ૧૪

---

૨. મત્રે લહો. ક્હો ૫ ચાલો ૬ પરવાર કુદનપોર ભાવીઅ ૭ ભાલી. ઊતરા અણુસારી ૮ લાગા 'એ' નથી ૧૦ નાખુ. ઓચરે ૧૧ 'ત્રણ' મૂળમા નથી

* મૂળમાજ આ પ્રમાણે શુદ્ધ સસ્કૃત શબ્દ છે, 'ભીમી' સર્વસ્થળે છે, માત્ર અહિ એકજ સ્થળે 'ભૈમી' છે

અતિ ચતુર, અતિ કુળવંત, બળવંત નહિ સમાન;
વરે જો નળરાયને, તો રેહે મનનું માન. ૧૫
ભાવી હોએ તો સહી પણે, પણ ચતુરે કરવું યત્ન.
ભાગ્ય હોએ તો આવી મળે, કુંદનને જયમ રત્ન.' ૧૬

કડવું. ૮.

રાગ મેવાડો.+

વચન વિહંગનું સુણી રે વિસમે પામી મન.
ગલિત થઇને ઊચરે રે વિનતા વિનય વચંન. ૧

ઢાળ

વચન વિનતા ઓચરે, 'વિહંગ! તું વૈરી થયો
ગુણ કહ્યા નળરાયના ને ભાવ મનનો તાહા ગયો. ૨
હવે એક ઉપકાર કરો—તેહને પાસે પરવરો,
જૂઠા એ મુઝ ગુણ કહીને ચિત્ત તો તેહેનું હરો' ૩
વાયક વામાના સુણી, આકાશ માર્ગે અણુસરી
વેગે વહી ગયો રે હંસ નળરાની પુરી. ૪
કુશળ રાએ પૂછી, તવ હસી હંસ વાણી વદે,
'વિરહવેદના જગાવી જે સબળ શ્યામાને હ્રદે ૫
મનસાવાચાકર્મણા એ નેમ તેણીએ કર્યો—
ભાવે ભક્તિએ ભામિની ભર્તાર, ભૂપતિ! તું વર્યો' ૬
વચને રાય રળીઆત કીધો; શીખ માગી સાંચર્યો.
વિરહ નળરાને લગાડી તે માનસરોવરે પરવર્યો. ૭

હંસવાણી હ્રદે આણી, પ્રાણ પરવશ્ય થયો ઘણું.
ભૂખ ભાગી, પ્રીત લાગી; જાગી તો મન (સ)ણુમણું. ૮
'દુખ ધરવું, સહી આ મરવું, કરવું કાંઇ સુઝે નહિ.
ઇન્દુ બાળે, દેહ ગાળે, ટાળે તે સુકે કહીં? ૯
રાહુ દ્વિજપતિ ગ્રસવા માટે કોડેથી કાળો ટળે,
મુખચન્દ્ર ગ્રેહેવા માહારૂ ઊતાવળો આવી મળે! ૧૦

---

૧૫ કુલપતી ૧૬ રા એને ૧૬ 'પણ' મૂળમા નથી જત્ન 'આવી' મૂળમા નથી કુદણને જમ. + રાગનું નામ નથી ૨. થઓ કહા રાએના ગઓ ૪ ગઓ ૫ યે ૬ કરો.ભગતે વરો ૭ રાએ સાચરો. પરવરો ૮ થો ૯. સાહી ૧૦ કોઢેથી

રાહુનુ શિર હરિ છેદ્યુ, પુરાણિક મિથ્યા કહે;
વિરહિણીનુ છેદીજ તે મર્મમાહે નવ લહે! ૧૧
જઠર રેહેત રાહુને, ઇન્દુ પચતો પાપીઓ,
વિરહિણીને પીડવાને વિધાતાએ આપીઓ! ૧૨
અગસ્ત જવારા ઉદધિ પીધો, તાહાં શશી શે નવ જર્યો?
મંદરાચલ પહચો, તવારા પૂરણ કા ભાઘ' નવે કર્યો? ૧૩
પૂછિ, સખી! જઇ ઇન્દુને એ વિઘા તેં કાથી ભણી?
ઉદધિ મહા વડવાનલથી કે શિવગલાના વિષતણી? ૧૪
હાર ગ્રહી કેહે કામિની, 'ગુણવત છે, તૂને નવ ધરે;
પરનારના એ પયોધરશુ સ્પર્શ કરે છે શા મટે? ૧૫
ઇન્દુ આવી જંઘાને રે અડે છે નિર્લજ થઇ;
કલંકી શુ કરે નહિ, જે લાજ તો તાહારી ગઇ? ૧૬
પુષ્પ શર એ કામના તે સખી' શાહાને પાથરે?
બાણુસેજે પોઢયો જે તે શ્રમ કોહો કાહાંથી કરે? ૧૭
અંગથી આ ચંદન (ધુ)ઓ, દેહ માહારાને ડસે;
પ્રત્યક્ષ જુઓ પારખુ, ફણગર બહુ જેણે વસે' ૧૮
ગાનવેણુ ગમે નહિ, જો મનથી મોહ નવ ટળે.
સઘળા એ સુખ તો કરે, જો નળરાજા આવી મળે. ૧૯
ઘેર ન ગમે, વન ન ગમે, સુની ચાલે લડથડે
વિરહે પીડી વામનયણી પુષ્પશૈયાએ પડે. ૨૦
'માગ્યુ મરણ આવે નહિ, તો સુખ આવે કાહા થકી?'–
નિઃશ્વાસ મેહેલી નિમળી સખી આગળે એમ બકી ૨૧
દમયતીને વિરહ જેવો તેહેવો તાહા નળ રાયને
કેહે ભાલણ, દિવસ રજની સુખ નહિ તે કોયને. ૨૨

કડવું. ૯

રાગ મેવાડો.+

'ભીમરાય! શ્રવણે સુણ રે, પુત્રીને પીડા તન,
વિવાહનો સમય થયો રે, અબળા થઇ જોબન ૧

---

૧૧ છેદુ ૧૨ રેહેતો ૧૩ જરો ઘડો કરો ૧૪ પુછ ૧૫ સ્થસ, માટે ૧૭ પોઢો સમં ૧૮ કસે, જોઓ ૨૦ પડે. ૨૧ રાએને, કોએને
+ રાગનુ નામ નથી આપ્યુ.

ઢાળ.

જોબન પામી પદ્મિની, સ્વયવર તા કીજીએ.
ભૂપાલમાહા નળ આવશે, પછે પ્રીત જાણીને દીજીએ' ૨

મહીપતિએ સહુને મોકલી ગામે ગામે કંકાતરી.
સુણી સ્વયંવર નીસર્યા નરપતિ સેના પરવરી. ૩

સેના ચાલે, શેષ હાલે, માહાલે મહીપતિ મલપતા;
'નારી વરશુ, પ્રીત કરશુ, મોદ ધરશુ,'–જલપતા. ૪

અશ્વગજરથ ચઢી ભૂપતિ નગરથી બહુ નીસર્યા.
કુંડિનપુર ભણી સાંચર્યા. પાળા તે બહુ આવી મળ્યા. ૫

સમે એહેવે દેવમુનિ નારદપર્વત નામ
ઇન્દ્રસદને આવીઆ. સુરપતિ કર્યો પ્રણામ. ૬

પ્રેમશુ પૂજા કરી ને બેસારીઆ આસન.
કુશળ પુછી ઇન્દ્ર ઋષિને પ્રીત આણી મન. ૭

'જે રાય રમવા આવતા અહિં, પ્રેમ મુઝ સાથે સદા;
તે કોઈ ભૂપતિ શે ન આવે સ્વર્ગે સુખ આણી મુદા?' ૮

કેહે નારદ, 'સુણો, (મઘ)વા! કુંડિનપતિની દીકરી
દમયતી તા નામ તેહેનું. સ્વામી' સુંદર છે ખરી ૯

તાહારે સ્ત્રી છે પુલોમી ને અપ્સરા છે અતિઘણી;
તોલે નાવે સોળમીએ કળા દમયતીતણી! ૧૦

મેનકા ને ઘ્રતાચી, પ્રેમધાર, ઉર્વશી;
રૂપ જોતા ચિત્તમાહે કામિની કો ન વશી. ૧૧

સ્વર્ગ નહિ, પાતાલે નહિ, અવનીમાહે પણ એક છે!
કેહેતા કુડું લાગશે, પણ માનશો દીઠા પછે. ૧૨

સ્વયવર છે તેહેનો, તાહા જાએ છે ભૂપાળ.
પામવુ વશ દૈવને, પણ આશાતણી છે લાલ. ૧૩

તેણીઆ મનશુ વર્યો છે નળરાય. સરખી જોડ;
એ જોગ એમ મળે નહિ તો વિધાતાને ખોડ. ૧૪

---

૧ રાએ થઓ ૩ 'મોકલી' પછી 'તેણે' મુળમા વધારેછે નીસરા. ૪ માહાલે મલપતા ૫ નીસરા સાચરા. મલા ૬ કરો. ૭ 'ને' મૂળમા નથી. ૮ રાએ. તેહકોએ. ૯ પોતનની. ૧૦ શ્રી. ૧૪ વરો.

જયમ રત્ન કુંદને જડયુ, એમ દમયંતી નળભૂપ;
વિધાતાએ ઘડયાં છે રે બેહુના સરખાં રૂપ ' ૧૫
એહેવી કેહે છે વારતા જેહેવે નારદ મુન્ય,
તેણે સમે તાહાં આવીઆ યમ, વરૂણ, હુતાશન. ૧૬
લોકપાલે સાંભળ્યું સુંદરીતણું વખાણ,
મન જાવાને કર્યું, સ્વયંવર જોવા જાણ ૧૭
વિરહ લગાડી વળ્યા, વેગે નારદ પર્વત બેહ.
લોકપાલ તે નીસર્યા, અંતર આણી નેહ ૧૮
વાહને બેશી આપણે સાંચર્યા સવિ આકાશ
ઇન્દ્ર કેહે, 'ઠાલા પડીશુ, પછે સર્વ કરશે હાસ. ૧૯
બેહુ વાતે સુંદરી નહિ હોએ સુખદાયક,–
નળ તજી આપણને, વરશે તો તા મૂરખનાયક ! ૨૦
કદાચ વરશે નૈષધને, નહિ રેહે આપણી લાજ,
બેહુ વાતે નહિ સરે રે, જોવા આથી કાજ ! ૨૧
આશ્ચર્ય એહ જે સ્વર્ગ છાડી અવની આવ્યા, સ્વામ !
જાહા મને સુખ તે, સ્વર્ગભણી એ રૂઢિનુ નહિ નામ !' ૨૨
એહેવો મન વિચાર કરતા સાંચર્યા તે દેવ
માર્ગમાહે નળ નીરખ્યો અવનીએ તતખેવ ૨૩
માહોમાહે વિચાર માંડયો, કીજીએ ઉપાય,
કામિનીને કારણે જાચીએ જઇ નળરાય. ૨૪
આકાશથી તે ઊતર્યા જાચવા, જોઈ મોખ
કેહ ભાલણ, થયા જાચક; અર્થી ન ગણે દોખ ! ૨૫

કડવું ૧૦

રાગ મેવાડો.+

નળ સમીપે આવીઆ રે દેતા દેતા આશિષ
સ્તુતિ કરે રાયની રે લાજે નમતા શીશ ૧

૧૫ જમ.જડ્યુ હેતમ ઘડા ૧૬ મુન ૧૭ સાભળ્યુ કર્યુ ૧૮ વળા નીસરા ૧૯ સાચરા સવે ૨૨ આવા ૨૩ સાચરા નીરખો ૨૫ ઊતરા થઆ
+ રાગનુ નામ નથી આપ્યુ ૧ ગએની

ઢાળ.

લાજે શીશ નીચા નમે. 'જાચવુ અતિ હલુ આપણું;
શુ કરે જો મન વશ્ય નહિ ? તેજ ઢાંક્યુ આપણું !' ૨
'સત્યવંત ' દાતાર છો, નિ નંનો તો ભણીઓ નથી;
અથવા શુ તે વીસર્યો ? સંદેહ એકુ કહીએ કથી. ૩
ઉદાર જાણી જાચવા અમો આવીઆ છું (તૂ)ભણી.
સત્ય વચન દ્યો કામ કરવા. આશ તાહારી છે ઘણી ' ૪
નળ કેહે ' મે સહી કરવુ જે તમારૂં કૃત્ય;
વચન મિથ્યા નવ કહૂ, એ સહી જાણો સત્ય ' ૫
દેવ કેહેછિ, 'દૂત થઇ જાઓ શ્યામાને સંનિધાન.
પ્રીછવી અમને વરાવો, એહ તમારૂ દાન.' ૬
પુણ્ય શ્લોકે પૂછીઉં જે, 'કોહો તમારૂં નામ.
કેઇ પેરે તે સિદ્ધ પામે ? કઠણુ છે એ કામ.' ૭
શચીપતિ કેહે, ' સાભળો, રા ' ઇન્દ્ર મુઝને જાણુ;
આ વરૂણ, આ હુતાશન, આ હરે જે જમ પ્રાણ. ૮
સુદરીને જઈ કહો, સુર આવ્યા છે તુજ હેત;
મનિ ગમિ તેહેને વરો શ્યામા ' કરી સંકેત.' ૯
નળ કેહે, ' તે નારનુ મુઝ ઉપર છે તા મન;
એકુઅર્થી દૂત થઇને ક્યમ કહૂં વચન ? ' ૧૦
પુલોમીપતિ કેહે ' રાજા ! મુખ કહી હાકાર,
સત્યવાદી સબળો કાહાવી, કયમ કહીશ નાકાર ? ૧૧
એ સ્વર્ગથી સુર આવીઆ અમો જાચવાને આજ;
કલ્પતરૂને એણી વાતે કામધેનુને લાજ ' ૧૨
અસ્થિ આપ્યાં દધીચી ને માસ શિબિ રાજન;
તે થકી તૂ નાહાનો નથી રે; ચિતવી જુએ જ્ઞાન.' ૧૩
તવ મહીપતિ મનિ ચિતવે, ' આપતા બી નાર,
પ્રાણ આપ્યા થકી અધકુ જશ નહિ સસાર. ૧૪
પ્રાણથી એ પ્રમદા શતગુણી અધકી કોટ !
શિબિ સમાને દાતા થાતા ઘણી દીસે ખોટ. ૧૫

---

૨. વસે. ઢાકુ ૩. તે. વીસરો. કુ ૪ દા. ૧૦. એક એથી કમ. ૧૧ કમ ૧૩ આપા જોઓ.

ઉદધિ, ગિરિ ને વૃક્ષ, તે તો અવનીનિ કરે ભાર,
સુકૃત્યે જે ના કહિ તે દુષ્ટ જન નિરધાર ૧૬
ના કહ્યે નિરાશ થાએ, ક્લેશ પામે મન;
પાપ તેણે નવે છૂટીએ, જો કોડ કીજે પુણ્ય ૧૭
વિધાતા(એ કે)યોં વેહેરો, સરસવ ને જ્યમ મેર !
એક જાચક, એક દાતા, ઘણો દીસે ફેર ! ૧૮
લાજ મેહેલી દેવ આવ્યા, થઇ જાચક દીન,
ભાગ્ય માહારે મન, એહને કર્યા લેવા લીન ! ૧૯
કાળ જાશે, કાહાણુ થાશે, ગાશે ગુણી પુરાણું–
નૈષધ રાને આગળે દેવતા ઓઢયો પાણુ ! ૨૦
ધન્ય દિન તે જેણે આવે જાચવા કો દ્વાર !
કાંઇ જે આપી શકે તેણે જીવીએ સંસાર' ૨૧
એહેવુ અંતર ચિંતવીને, વદે નળ ભૂપાળ;
'મંદિર માહે કયમ જવાએ, દ્વાર બહુ રખવાળ?' ૨૨
ઇન્દ્ર કેહે, 'વરદાનથી દેખશે નહિ પ્રતિહાર,
ઇચ્છાએ તૂ દર્શન દેજે, દેખી વિવિધ વિહિવાર.' ૨૩
બૃહદશ્વ કહિ, ધર્મ રા ! તે કરિ અંગીકાર.
દેવતા તે તાહા રહ્યા, નળ ચાલ્યો પુર મુઝાર. ૨૪
રાજમંદિર ગયો વેગે સુંદરીનિ ધામ.
કોણે તે દીઠો નહિ, અતિ રૂપ છે અભિરામ ! ૨૫
નયણે નીરખી કામિની, તવ વાધીઓ અતિ કામ.
વિવેકે વશ કરી ઇન્દ્રી, મન ગખ્યુ ઠામ. ૨૬

કડવું ૧૧.

રાગ ગોડી.

રાય રહ્યો જઇ ભુવન મુઝાર. દેખે નળ નવ દેખે નાર
દાસી ફરે જે આવે જાય, એટલી જાળવે તે નળરાય. ૧
એક ઉઘાડુ કરીને અંગ ચંદન લેપ કરે છે રંગ.
પરનારી જાણીને મન નળરાજા મીચ્યાં લોચન ૨

---

૧૬ દુસ્ટની દે કાર ૧૭ કહે ૧૮ રો. જમ ૧૯ આવા ૨૦ ઓડા ૨૧ ને ૨૨. કમ ૨૩ વાહીવાર ૨૪ રહા ચાલો. ૨૫ ગઓ ૨૬ કેરી ૧ રાએ રહો કરે ગાએ રાએ ૨. મીચા

તવ નારી કો આવી દલવડી, રાએ ન દીઠી ને આથડી;
આવી દમયતીને કેહે, 'કો એક નર આ મદિરે રેહે ૩
હવડા મુઝને સ્પ(ર્શ) જ થયો, ઝાલુ એટલે નાસી ગયો.
દષ્ટબંધવિદ્યાનો જાણ આવ્યો છે કો પુરૂષ પ્રમાણ ' ૪
તવ ઊઠી વેગે સુદરી. સાથે લીધી સર્વ કિંકરી.
હાથાજોડી કરે આયાસ, તવારાં રૂપ કર્યું અ પ્રકાશ. ૫
દીઠો જાણે પ્રત્યક્ષ કામ ! માની દેવ કરે પ્રણામ !
વિસ્મય પામી ગજ ગામિની, સઘળી રૂપ જુએ કામિની. ૬
' એ કોણ? અહિ કયમ કર્યો પ્રવેશ ? દીઠો નહિ પ્રતિહારી નરેશ ?
દેવ, જીન, ગાંધર્વ કો સહી; અવર પુરૂષ અવરાએ નહિ ! ૭
ધન્ય દેશ જાહા એ અવતાર ! સ્વર્ગ થકી તે અધિકો ઠાર !
ધન્ય માતા જેણિએ જણ્યો ! ધન્ય ગોર જે પાસે ભણ્યો ! ૮
ધન્ય રે તેહ નગરના જન, જે સેહેજે પામે દરશન !
કો એક પુણ્ય આવ્યું તો આજ, સકે તો કાંઇ સરશે કાજ ! ૯
આદરશુ આપ્યું આસંન. પૂજા પ્રેમે કીધી ધન્ય
પ્રમદા પૂછે પ્રીતે કરી, જેણે મન લીધુ છે હરી, ૧૦
'કોહો, સ્વામી ! કાહા છે તુમ વાસ ? કયમ કીધો અહિ કણ આયાસ ?
દ્વારે કોણે નવ બોલાવીઓ ? કોણ ભેદ મદિરે આવીઓ ? ૧૧
સાભળવા તમારૂં નામ મન કરે છે એવુ કામ.
કારજ કોહો જી આવ્યા તણુ મન મુઝ મોહ પામે છે ઘણુ.' ૧૨
તવ નળરાજા વાણી વદે, ' જુઓને વિચારી હદે
જે કો ધર્મતણી ગતિ લેહે, આપે આપ નામ કયમ કેહે ? ' ૧૩
વામા વદે, ' કોહો જી તાત; તેથી સર્વ જણાશે વાત
પિતા તમારાને સાભળી અમ મનની તો પોહોચે રળી ' ૧૪
રાય વદે, ' આવ્યા છે દેવ-ઇન્દ્ર, વરૂણ, યમ, પાવક એવ
સ્વયવર જોવાની ખાતે દૂત મોકલ્યો હું એકાતે. ૧૫
તેહ તણે વરદાને અહિ આવ્યો; કોણે દીઠો નહિ.
સુણો વિનતી તેહેની આપ. શુ કરશો પૂછીને બાપ ? ૧૬

---

૪ થઓ ગઓ આવો ૫ એ આસ તવાર કરૂ ૭ કમ કરો જન અવરે ૮ જણ્યો ૯ આજુ. ૧૦ પ્રેમદા ૧૧ કમ ૧૨ આવા ૧૩. જોઓના તાકમ. ૧૫. રાએ આવા મોકલો

હવે કાહાવ્યું છે તે કરો—ચારમાહે ગમે તેને વરો.
દૂત થઇ આવ્યો આ સ્થાન; કહીએ કયમ તાતઅભિધાન? ૧૭
નન્દનવન ને અમ્રતપાન, દેવતણા સાભળવા ગાન;
પુણ્યવિના તે કયમ પામીએ? જરા નહિ સુખે દિન વામીએ! ૧૮
મનસાથે કરી વિવેક ઇન્દ્રે વચન કહ્યું છે એક—
તાહારા અધરપાનપ્રતાપ અમો જીવવુ વાછુ આપ! ૧૯
જો તું ગુણવતી આવે નાર, સ્વર્ગલોક પામે શણગાર!
જો તું છાયા બેસે પાસ, કલ્પવૃક્ષ પામે ઉલ્લાસ! ૨૦
દર્શન દઇને તાહા પ્રકાશ, કામધેનુની પુરો આશ.
ઇન્દ્રાણી પરિચર્યા કરી, તાહારી થઇ રિહેશે અનુચરી ૨૧
રંભા ઉર્વશી કરશે વાય. તિલોત્તમા ચાપશે પાય
ધ્રતાચી આગળે નાચશે મેનકા ગુણ ગાઇ રાચશે. ૨૨

× × . × ×

સુધુ સુખ પામીશ, સુંદરી! સુરપતિને ભરતાર જ વરી.' ૨૩
વળતી વામા બોલે વાણ, 'સાંભળિ, સુદર પુરૂષ સુજાણ!
બોલ્યાની ચતુરાઈ કરી મન માહારૂ લીધુ છે હરી. ૨૪
હવે સર્વ નોહે અજ્ઞાન, જાણે મનની વાત નિદાન
તો શુ જ્ઞાન તેહેનું ગયું? એહેવુ અધારૂં શે થયું? ૨૫
મે જવ વાણી ખગની સુણી, દેહતણો નળ કીધો ધણી;
તે હવે શુ નવ જાણીજી, જે અહિ વરવા મન તાણીજી? ૨૬
નળરાજાવિણ સર્વ વિખ્યાત માહારે પિતા અને તો ભ્રાત'
મહહાસ કરી ઊચરે, 'નારી! મૂરખતા આદરે ૨૭
કાહા નળ માનુષ અલ્પપ્રતાપ, કાહા સુરપતિ આવ્યો છે આપ?
વ્રત તપ જાગ કરે પામીએ, તેહને ઘેર બેઠા પામીએ! ૨૮
દેહ દમી વાછે સુરલોક, જાહાં સવિ સુખને નહિ શોક,
તે છોડી કા માનવી ભજે? દેખી ગુંજા મણિને તજે! ૨૯
જેહેને મરણ જેહેને વ્યાધ, એકે સુખ નહિ તો સાધ્ય.
કર્મતણા વશથી જે ભમે, તે માનવી મૂરખને ગમે! ૩૦

---

૧૭ કાહાનુ આવો એ સ્થાનિ કમ ૧૮ કમ ૧૯ કહ્યુ. ૨૧ પરચરજ ૨૨ વાએ. પાએ ૨૪ સાભળે બોલાની. ૨૫ નેહે ગઇ થઇ ૨૬ જબ ૨૮ આવો

વળતી વામા બોલી મર્મ, 'વરિકા છે તે મનનો ધર્મ.
મન માન્યો તે માનુષ દેવ, જે પશુ લખીઓ મર્મ ન ભેવ. ૩૧
હસે ગુણ કહાતા જેહ, તમમાંહે દીસે છે તેહ
બોલો છો ચતુરાઇ ઘણી, આશ પોહોતી અમ મનતણી ૩૨
ઇન્દ્ર ઓળખ્યો અહલ્યાજાર, પાવક ઋષિપ(ત્ની) વ્યભિચાર,
જમ બાંધ્યું જમનાશું મન; શું કહીએ ગુણ તેહના ધન્ય ! ૩૩
પરનારી સહોદર રાય, રૂપ તોલે કોણે ન થવાય.
દેવ તણે મન જશો તશો, હસ વચને નળ મુઝ મન વશ્યો. ૩૪
દેવતણું કહ્યું નવિ કરૂં, વીર ! હું વિષ ખાઇને મરૂં;
કે હું કંઠે ઘાલુ પાસ, કે જળ ઝંપાની કરૂં દેહનો નાશ' ૩૫
નૈષધ કેહે, 'ભલી એ પેર ! બેઠા જાશો દેવને ઘેર.
દુર્મેણું જાવુ જમહાથ, પુણ્યે સુરપતિ થાશે નાથ ૩૬
દેવ છતા નળ શી પેરે વરે, જેને કોપે તત્ક્ષણ મરે ?'
એહેવુ વચન કહ્યું જેટલે, ગમા રૂદન કરે તેટલે ૩૭
દયાવત તવ થયો રાજન, તવ સાચુ રા વદે વચન,
'શ્યામા ! હું નળ પાળી સત્ય, આહી આવ્યો દૂતને કૃત્ય. ૩૮
દેવ છતા મે ક્યમ વરાય ? તેનો દીસે નહિ ઉપાય.'
વળતી ભીમી કેહ, 'પરણીશ હું એક પરપચ કરીશ. ૩૯
પાસે દેવ છતા, ભૂપાળ ! તવ કંઠે આરોપીશ માળ.
માહારે નહિ કો બીજો સ્વામ. નિશ્ચલ મન કર્યું મિ ઠામ.' ૪૦
એવો સમય સુણી નળ વળ્યો; માગી શીખ ને વેગે પળ્યો.
વિરહાકુલ કામિની રહી. સેવા પ્રીત કરે છે સહી. ૪૧.
અમર પાસે નળ આવ્યો જદા, આદરશું સુર પૂછે તદા,
"કોહો રા ! દીઠી તે પદ્મિની ? વાત કશી તેના મનતણી ? ૪૨
કીધો વરવા તણો પ્રસગ ? કેહેવો છે તેહેના મનનો રગ ?'
× × × × × ૪૩
કેહે નળ, 'દેવ સહુ સાભળો. સકળ વાત તમો મનની કળો.
હું બયો તેહતણે સદંન, દીઠો નહિ રખવાળે મન. ૪૪

---

૩૧ માનો ૩૨ કહ્યા જે ૩૩ ઓલખો બાધુ ૩૪ રાએ. યવાએ વસો ૩૫ કહુ ૩૬ પુને ૩૭. કહુ ૩૮ થઓ, સતે કીતે ૩૯ પરણેસ કરેસ ૪૦ આરોપૂસ કર ૪૧ સમેએ સુણી કરી નેલ વલો પલો ૪૨ આવો મનની ૪૪ ગએો

હું તે પાસે રહ્યો જઇ, કામિની સઘવે વિસ્મય થઇ.
પૂછ્યુ નામ પણ મે નવ કહ્યુ, અબળાએ અનુમાને લહ્યું. ૪૫
મે ઘણીએ કરી તા જુક્તિ, સ્યામા વગતી કહી એક ઉક્તિ.
મે પ્રીછવી તે અતિ ઘણુ દૃઢ મન મુઝ ઉપરે તેહે તણુ ૪૬
નારે કહ્યું 'મંડપ આવજો. સ્વયવર સાનિધ્યે ભાવજો.
દેવ દેખતા તુને વરૂ, એહવો કાંઈ પરપચ જ કરૂં ' ૪૭
એહેવુ કહી રહ્યો નળ ભૂપ, સુર મન માન્યું તેહ અનુપ.
ભૂપ ઉતર્યો રકધાવાર, ચઢી વિમાન રહ્યા સુર ચાર ૪૮

બૃહદશ્વ કેહે, કુતાતન ! આવ્યો લગ્નતણો શુભ દિન.
રચીઆ મડપ, તોરણુ દ્વાર, ધ્વજાપતાકા ઉત્તમ સાર ૪૯
રત્નજડિત ચમકતા સ્થભ, માહે પુતળી નાચે રભ,
માડયાં બહુ નપનાં આસન રચના રાય કરાવી ધન્ય. ૫૦
તેડયા પૃથ્વીપતિ તે ઘણા, આવ્યા સજાઇ કરી આપણા.
રાજે રાજાની મડળી, મુખ જાણે ઉડુમાળા મળી ! ૫૧
પટ બહુ પેહેર્યાં આભરણ, મસ્તક મુગટ ને કુંડળ કર્ણ,
+ + + + + ૫૨
આવી નળ બેઠો તે મધ્ય, અમરે ઊપાઇ એક બુધ્ધ્ય-
કીધુ નળના સરખુ રૂપ, વિસ્મય પામ્યા સઘળા ભૂપ. ૫૩
દમયતી બેઠી પાલખી, મડપ આવી સાથે સખી
જુએ રાજા કેરી હાર પૂછે નામ ગોત્ર વિસ્તાર. ૫૪
જે આગળે જઇ કન્યા રહે, પેહેલુ તે નામ તેનું ગ્રહે
તેહેને જવારા મૂકી જાય, તેજહીન તે ઝાખો થાય. ૫૫
દેખી નળનુ રૂપ પ્રકાશ, કોએ ન કરે તેહેની આશ.
ભૂપતિ મનમાહા થયો સંદેહ-પાંચ નળ સરખા કોણ એહ? ૫૬
લક્ષ(ણ દેવના) જે સાંભળ્યાં, વૃદ્ધ થકી જે હુને મળયાં.-
ઠામે ઠામે ચમ(રી) ઢળે, પરસેવો કોહોને નવ વળે. ૫૭
સુદર જોતા ચક્ષુ ચિત્રામ, નિમિષ ન લાગે લોચન ઠામ;
આતપવારણ છાયા થાય, માળા કોહોની નવ કરમાય. ૫૮

૪૫ રહો પૂછુ કહુ ૪૭ કહુ કાહી ૪૮ રહો માનુ ઉતરો રહ્યા ૪૯ આવો ૫૦ માડા નીપના. રાએ ૫૧ તેડા આવા ૫૨ પન પેહેરા સ્તુક. ૫૩ મધે.બુધે પામા ૫૪ જોએ. ૫૫ નેનએહ જાએ થાએ ૫૬ થો ૫૭. સાભલા. મલા નવે. ૫૮. ચખુ. અતપરણ. થાએ તેહેણી નવે કરમાએ

ઊંચા આસાન બાંહ્યા લાગ, બોમ છએ નહિ કોહાના પાગ;
સંદેહ કાદવમાહે કળી, ચિંતાએ અતિ થઇ આકુળી. ૫૯
'અણુપ્રીછે આરોપુ માળ, દેવ વરાએ, રેહે ભુપાળ,
તાહા તત્ક્ષણ મરવુ સહી, નળવિના કો વરવો નહિ' ૬૦
મનથી ઊપાઇ તા મત્ય, 'સહી આવજો આડે સત્ય
સ્તવુ અમરને કહી કહી તાત; સ્તવતા વસશે મનમા વાત.' ૬૧
એહેવો મન વિચાર જ કરી સુર આગળે વદે વૈખરી.
નયણુ થકી નયણે જે ભરી, આકારિ અતિ આતુરી કરી. ૬૨
'એહેવો પાપી છે અનગ, પુત્રીશું ઉપાએ રગ
મે વરીઓ વીરસેનસુત આદિ હસતણે વચને ઉલ્હાદિ. ૬૩
દેવ તહમો પિતાને ઠાર, પુત્રી સાથે શો વ્યભિચાર ?
તમને સહુના મનનું જ્ઞાન; જાણો જે વરીઓ રાજાન. ૬૪
લોકપાલ જો કરે અન્યાય, પ્રજા ધર્મ માર્ગે કયમ જાય ?
વાણી એહેવી કહું છુ ખરી, મુઝને જાણોને દીકરી. ૬૫
પુત્રી જાણી દયા મન ધરો, આપ આપણા રૂપ સર્વે કરો.'
સ્તવન કરતી દીન શરીર, નયણુ થકી તા ચાલે નીર. ૬૬
દીઠી ભીમસુતા દામણી, દયા ઊપની સુરમને ઘણી.
નિજ નિજ રૂપ થયા દિશપતિ; મનમાં આનન્દ પામી સતી. ૬૭
તવ ઓળખીઓ નળ ભૂપાળ; વેગે કંઠે આરોપી માળ.
પચશબ્દ વાગ્યાં નિશાણ, જય ! જય ! બંદીજન કેહે વાણ ૬૮
વરીઓ નળ; દેખી નરનાર ભૂપતિ કીધો હાહાકાર.
લોકપાલ આનન્દિત હુઆ; ચારે વર આપ્યા જુજુઆ— ૬૯
હોમ કરતા પ્રત્યક્ષ દર્શન, અતિ અનુત્તમ દેવસદન;
એ બે વર ઇન્દ્રે આપીઆ, પ્રીત કરી સરવે અ થાપીઆ. ૭૦
પાવક તેડયો આવે પાસ, દાઝે નહિ તેણે હુતાશ,
યમે આપ્યો અન્નસ્વાદ, ધર્મ વિષે મતિ; મન પ્રસાદ. ૭૧
જળપતિ સમરે આવે નીર, ઉત્તમ ગંધ ને માળ શરીર.
એ આઠે વર નળ પામીઓ, દેવતણો ભય મન વામીઓ. ૭૨

---

૫૯. માડા. ૬૧ મતે સતે ૬૨. નેઅણુથીકા નઅણે જ ભરે કરે. ૬૩ જે પૂત્રીસુ ઊલાદે ૬૪ ઠામ. ૬૫ અનાએ કમ જાએ જાણોના. ૬૭ થાઆ દેશ ૬૮ વાગા, ૬૯ આનદજ આપા. ૭૦ અહમસુ, અઉનમે. ૭૧. તેડો. આપૂ આપૂ.

શીખ કરી નળશું સુર વળ્યા, સ્વર્ગભણી તે વેગે પળ્યા.
ભૂપતિ અતિ સંતોખ્યા ભીમ. શીખ કરી, ચાલ્યા પુરસીમ. ૭૩
વિવાહ માડીને તો કીધ માનપ્રાણુ નળરાને દીધ.
શાકપાક નાના પકવાન, ભોજનવિધે સંતોખી જાન. ૭૪
આપી દાસદાસી ઘણી, ગજરથ કીધી પેહેરામણી;
અંબર ઉત્તમ, મણિ, મહોર, આપ્યા વેગવંત તોખાર. ૭૫
નળ વિવાહ કરી નીસર્યો, નૈષધદેશ વેગે પરવર્યો;
આવ્યો પુરે, આનન્દ્યા લોક; ટળીઓ પ્રજા માત્રનો શોક ૭૬
વિઘ્નરહિત પાળે મેદિની. પ્રજા વસિ ધર્મિષ્ટ તિ ઘણી
આનન્દે દમયંતી શું ગ્મે શત્રુ સર્વને તેજે દમે. ૭૭
અશ્વમેધાદિક યજ્ઞ અનેક કીધા, બહુ ધન ખર્ચ્યું વિવેક.
હુઆં પુત્રપુત્રી સંતાન ઇન્દ્રસેન–સેના અભિધાન. ૭૮

બૃહદશ્વ કેહે, સુણો રા ' ખેવ. વિવાહ જોઈ વળીઆ દેવ.
સ્વર્ગભણી જાએ છે જાહા, વાટે કળિયુગ મળીઓ તાહ. ૭૯
દ્વાપર સહિત. દેખી સુરસ્વામ, આવી ઇન્દ્રને કર્યો પ્રણામ.
પૂછે ઇન્દ્ર, ' કોહો કળિ ! આજ તમો એ નીસરીઆ શે કાજ ?' ૮૦
જુગ ચોથો બોલે, ' સુરરાય ' દમયંતીનો (વિવાહ) થાય.
તે વરવા થયું માહારૂં મન, તેણે નીસરીઓ મઘવન ! ' ૮૧
ઇન્દ્ર કેહે, ' તે તો નળ વરી અમ આજ્ઞા લઈ સુંદરી
જે નળ સઘળે ગુણ સમાન, તે મેહેલી કોહોને દે માન ? ' ૮૨
ચોથો જુગ કેહે, ' સુરપતિ સુણો તે હુઓ અન્યા અતિઘણો.
પીડું હું નળને જઇ તાહા, જ્યમ સુખ પામે નહિ મનમાહા.' ૮૩
ઇન્દ્ર કેહે, ' એમ મ કરીશ કામ, કીધે નરક હશે તુજ ઠામ,
વણઅપરાધે સાધુ નરેશ જો તું જઈ પીડા કરેશ ' ૮૪
એણી પેરે તે દીધો શાપ. પોહોતા નિજ ગૃહ દેવ પ્રતાપ;
કળિયુગ દ્વાપર પ્રત્યે વદે, 'ક્રોધ ન જાએ માહારે હદે. ૮૫
તું સાહ્ય માહારે આવેશ ? પાસામાહે કરે પ્રવેશ ? '
એહેવો સમય કરી નીસર્યા, નૈષધ દેશ બેહુએ પરવર્યા. ૮૬

---

૭૩ વળા પળા સંતોખા ચાલા ૭૫. આપા. આપા. ૭૬ નીસરો પરવરો. આવો આનદા ૭૭ જન. ધની ૭૮ ખરચ્યુ હુઉઆ. ૮૦ કરો ૮૧ રાએ. થાએ થઉ ૮૩ તે તો હુઉઓ જમ ૮૬ નીસરા. પરવરા

તેણે શોધ્યું સઘળું ગામ, વસવા કહીં નવ દેખે ઠામ.
જુઠું જાહા નવ બોલે કોય,* તિહા તે જુગ કોહો કાહાથી હોય ? ૮૭
જાહા સેવત્રાં જનુની તાત, તાંહા તે જુગની કાહાથી વાત ?
બ્રાહ્મણ વેદકર્મ જાંહાં કરે, બીહીતો તે તાંહા કયમ સાચરે ? ૮૮
નહિ પરનિન્દ્રા ને પરદ્રોહ, તાહાં તેહનો કાહાથી અવરો હોય !
વરાસા પરધન કો નવ ગ્રેહે, તાંહા ચોથો જુગ શી વિધ રેહે ? ૮૯
ગૌબ્રાહ્મણુની પૂજા ઘણી, તાહા વાત શી જુગ તણી ?
સાસુસસરાને દે માન, તાહા તેહેને રેહેવા કયમ સ્થાન ? ૯૦
અતિ માનીએ બેહેન ભાણેજ, તાહા તેહેનું તપે કયમ તેજ ?
માયત્રગ્છ ભૂખ્યા+ નવ રેહે, તાંહા તેહેની વાત કો કેહે ? ૯૧
કામ, ક્રોધ, નહિ જાહા લોભ, તાહા તે જુગ કયમ પામે થોભ
દેવ અતિથિની પૂજા સદા, તાહા તે કયમ કરી વસે મુદા ? ૯૨
દેખી પશુતણા તે ઘાત, મનમાહે અતિ થયો રળીઆત.
વેદ ભણે, ગાઇ દ્વિજરાય; જાણી યજ્ઞ તે નાશી જાય. ૯૩
સૌત્રામણે દેખીને સુરા, હરખ્યો જુગ અણુજાણે પુરા
વેદ વહત દીઠા જેટલે, નાઠો તે તાંહાથી તેટલે. ૯૪
એણી પેરે વસીઓ વર્ષ જ બાર, રેહેવા કેહે ન પામે ઠાર.
નળની વાડીમાહે વિશાળ બેહેડાનો વૃક્ષ દીઠો તત્કાળ. ૯૫
અતિશે જોતામા મહા શ્રમ, તાહા રેહેવા કીધો આશ્રમ.
દ્વાદશ વર્ષે તાહા ઉલાણુ, કળિને એક થયુ વિનાણુ. ૯૬
લઘુ શંકા કીધી ભૂપાળે, પગ ન ધોયા સંધ્યાકાળે,
કરી આચમન વિધિ તે કર્યો કળિયુગ દેહમાહે સાંચર્યો. ૯૭
કાયા માહે કરી પ્રવેશ પોહોતો પુષ્કરતણે નિવેશ
રમવા દ્યૂત કહ્યો ઉપદેશ–'નીશે જાણે તું જીતેશ' ૯૮
વેહેર્યો પુષ્કર કળિયુગે જઇ, આપે રહ્યો ગોધલો થઇ–
અતિશે ઉજ્જ્વલ સુંદર અંગ, રત્નજડિત હેમમયશિંગ. ૯૯
દ્વાપર પેઠો પાસામાહા, પિત્રાઇ ચાલી આવ્યો તાહા;
આવ્યો નળની સભા મુઝાર ઉભા અતિશે લઇ તે સાર. ૧૦૦

---

* મૂળમા અન્ત્ય 'ય' જ છે, 'એ' નથી

૮૭ હોએ ૮૮ કમ. ૮૯ હો ૯૦ રેહેવાને કમ. ૯૧ કમ ૯૨. કમ. ૯૩ શે રાએ જાએ ૯૪ સુત્રામણે હરખો વહત ૯૬ માસમ નળને. થઉ ૯૭ ધોઆ કરો સાચરો ૯૮ પોહોકર કહો ૯૯ ગ્રેહેરો રહો હેમમસી ૧૦૦ આવો આવો + મૂળમા યકાર યુક્ત 'ભૂખ્યા' છે, 'ભૂખા' નથી.

રાજા નળ આપ્યું આસન. પૂછી કુશલ ને કહ્યું વચન,
'કોહોજી કયમ આવ્યા છો આજ ' વૃષભ ફરી ? કોહો, કાંઇ કાજી? ૧૦૧
પુષ્કર કેહે, ' દુઃખ પામ્યો વાસ, મનમા ગમત્ત થયો ઉલ્લાસ.
કીહા કીજે બેહુએ ભાત, માહારા મનમા એહેવી વાત. ૧૦૨
નળે જાણ્યુ હું જીતીશ સહી, એ વૃષભ હારવા આવ્યો અહિ
કેહે ભાલણ, અભિમાને વેહે, પણ કાળતણી ગતિ નવ લેહે ૧૦૩

કડવું ૧૨.

રાગ રામગ્રી.

નળ ન જાણે જુગનુ વિનાણજી, પ્રેમે પાસા લીધા પ્રાણજી. ૧

ઢાળ.

પ્રેમે પાસા પાણે લીધા. સમીપે છે સુદરી
દ્યૂતનો આરભ માંડયો વૃષભ પુષ્કરે પ્રણ કરી. ૨
પેહેલે પાસે રાય હાર્યો, મન વિસ્મય થાય
સુદરી સાહામુ જુએ નહિ, કળિયુગ પેઠો કાય ૩
હેમ ઘણુ રાય હારીઓ પ્રણ કરી વારોવારે
નિશાએ પુષ્કર ગયો આશ્રમે જીતી ધનભડાર. ૪
બીજે દિને તે આવીઓ. નળ લઇને બેઠો કામ.
વ્યસને વામા વીસરી ને હૃદે નાવે કામ. ૫
તેણે દિન બહુ ધન હાર્યું, ગઈ રાયની સાન
વારી ન સકે સુદરી, તો વારે કયમ પરધાન ? ૬
નિત્ય મેહેલ્યુ, ધર્મ છાંડયુ, ત્યજ્યો પડિત મગ,
રાજ્યકારજ વીસર્યું ને વૈહરભીશું રંગ. ૭
હાર્યા હયગજરથવાહન દિવસે દિવસે નિત્ય,
નારી કેહે, ' કાંઇ કરો રાયજી ! ધર્મ કેરા કૃત્ય. ' ૮
સાહામુ તે જુએ નહિ આવ્યા નગરના લોક
દર્શન કરવા કારણે, મન પામતા અતિ શોક ૯

---

૧૦૧ આવો, કહ્યુ, કમ ૧૦૨. પાસ થોઓ ૧૦૩ જીતુસ આવો નવે ૨ માડો ૩ રાએ હારો. થાએ ૪ રાએ ગઓ ૫ સામા ૬ હાર રાએની કમ ૭ મેહેલુ છાડુ તજો જે કારજ વીસરૂ વીહેહરસુ ૮ હારા હે ૯ જોએ આવા

નારે કહ્યું જઇ નાથને. 'આવીઆ છે બહુ જન.
પીડાએ છે પ્રજા તે જંન; દીજીએ દરશંન.' ૧૦
તોહે કહ્યું સુણે નહિ. તવ રૂદન કરંતી નારે
પ્રજાને આવી કહ્યું, 'એ તોહે તે ભરતાર ! ૧૧
કાંઇ રોગ થયો કે ભૂતસંભ્રમ કે ગ્રહનું કાંઇ ભાત !
મુઝ સાહામું જુએ નહિ ને રહિ નહિ એકાંત.' ૧૨
પ્રજા શોક સહિત હુઇ. પુષ્કર ગયો આશ્રમ.
પ્રિયુ કને જઇ પ્રમદા ટાળવા વાછે ભ્રમ. ૧૩
'પ્રેમ પ્રિયુ તે કાંહા ગયો જે કહ્યો મુઝને હસ.
જાણીએ છે તે નહિ તમે. શુ પલટાણો વેશ ? ૧૪
વેદવિદ્યા વીસરી ? કા સાધના પ્રતિબોધ ?
જ્ઞાનગતિ તે કાહા ગઇ ? કયમ બુદ્ધિનો થયો રોધ ? ૧૫
અલખામણુ કયમ ધર્મ થઉ, જે હુતો આદર આપ ?
વચન તે કા વીસાર્યા, જે દુરોદર મહા પાપ ? ૧૬
કુઅર વાહાલો કા ટળ્યો, પ્રાણથી અધિકો જેહ ?
ઇન્દુસેના ઉપરથી એમ ઉતાર્યો કા નેહ ?' ૧૭
એહેવા વચન કહીને દામણી નયણે ઢાળે નીર,
તોહે ચિત્ત વાળે નહિ કળિયુગે બાંધ્યો વીર ૧૮

કડવું ૧૩.

રાગ રામગ્રી.+

માનિની મન શુ કરે વિચારજી, 'વિકળ થયો છે એ ભરતારજી. ૧

ઢાળ.

ભરતાર એ વિકળ થયો, રહી નથી કાઇ સાન.
મુઝ થકી મન ઊતર્યું, જાણીએ કો અજ્ઞાન ! ૨
ભંડાર સર્વ હારી રહ્યો, ઓઢશે માહારા બાળ.
વાર્યું કોહોનુ નહિ કરે, પરવશ્ય થયો ભૂપાળ. ૩
પ્રપંચ કરીને મોકલું પીહરે પુત્રીતંન.
પ્રિયુને પાસે હું રહું એકાંત રાખી મન. ૪

---

૧૦ કહુ પુત્રુ જનને ૧૧ કહુ કહુ ૧૨ થો સુત સ નુમ એનુ જોએ ૧૩ હોઇ ગઓ પ્રીઉ ૧૪ ગઓ કહો ૧૫ કમ થો. ૧૬ કમ. વીસારા ૧૭ ટથો ઉતારો ૧૮ બાધો ૧. થયો ૨ થઓ રૂવે ઊતરૂ ૩. રહો વારૂ પરવસે થો ૪ રાખીને + મૂળમા રાગનુ નામ નથી

પાસા પરવશ થયા પ્રિયુને, પુષ્કરના સવળા પડે.
વિપરીત છે કાંઈ વારતા; માહારા દેહને અતિશે નડે.' ૫
બ્રહત્સેના સખી તેડી સુંદરી કેહે કાજે,
'ઉતાવળી વાર્ષ્ણેયને જઇ તેડી આવો આજ.' ૬
સાહેલી તેડીને આવી. સૂતે કર્યો પ્રણામ.
કર જોડી કરે વિનતી, 'આજ્ઞા દ્યો. શું કામ?' ૭
ભીમી કેહે રથ રાયનો જોતરો વેગે, ભ્રાત!
કુંડિનપુર જઇ સોંપી આવો મુઝ પિતા ને માત. ૮
રથ તે તાહા મૂકજે, તું જાજે રુચિ હોએ તાહા.
મનમાને તાહારૂં તો આવજે વળી આહા' ૯
શીખ લઇને સારથી બેસાર્યાં કુંવરી કુમાર.
રૂદન કરતા લઇ ગયો, જોતરી હયવર ચાર. ૧૦
કુંડિનપુર તે આવીઓ, સોંપીઆ બાળક બેહ.
રથ તે તાહા મૂકીઓ ને કથા ન કહી તેહ ૧૧
ચિત્તમાહે ચિંતવે, 'હવે નળતણી વેળા ફરી.
હવે જઇને શું કરૂં?' અયોધ્યા આવ્યો પુરી ૧૨
ઋતુપર્ણરાને ઘરે તે થઇ રહ્યો તાહા સારથી
મન જાણે નળની હવા વેળા વળવી નથી. ૧૩

રાએ રમતા સર્વ હાર્યું–રાજ્ય, રિદ્ધ, પશુમાત્ર,
બીજુ કાંઇ રહ્યું નહિ, ભૂષણ પેહેર્યાં ગાત્ર ૧૪
પુષ્કર કેહે, 'હવા રમો રાયજી! પણ કરીને નાર.
દમયંતીવિણ છે નહિ ઓઢવા ભુવન મુઝાર' ૧૫
વચન સુણીને હૃદય નળનું ફુટવાને થાએ.
ભૂષણ સર્વ લઇ ઓઢીઆ, ઊતારી તત્ક્ષણ રાએ. ૧૬
સર્વ હારીને રહ્યો, પુષ્કરે લીધું રાજ્ય.
પિત્રાઇ કેહે, 'પધારો મુઝ દેશથી તા આજ' ૧૭
એક વસ્ત્રે નીસરી, (પુર)થી ચાલી કામિની
શોક ધરતી ઘણો તે, શશીવિના જ્યમ જામિની ૧૮
નગરમાહે થઇ રહ્યો તેણે સમે હાહાકાર;
શોક પામે મનમાહે, તાહા વરણ અઢાર ૧૯

---

૫ થઆ ૬ વેહેસેના વષ્ણુઅને ૭ કરો દા ૮ રાએનો ૯ રૂચ્ય. હેએ ૧૦ બેસારા કુઅરી ગઓ હેવર ૧૨ આવો ૧૩ રહો. વેલાવી. ૧૪ હારૂં રહ્યું પેહેરા ૧૫. રાએજી ૧૭ રહો ૧૮ જમ ૧૯ રહો

પુષ્કરે સાદ પડાવીઓ—' જે નળશું કરશે વાત,
આશ્રમ દેશે રેહેવાને, હું કરીશ તેહેનો ઘાત.' ૨૦
મિત્ર આવ્યો મંનનો, સાહામુ ન જુએ કોય.×
પડી વેલા પાસુ દે તે મિત્ર સાચો સોય+ ૨૧
નગર બાહારે નીસર્યાં, તે ભૂખ્યાં તરસ્યાં બેહ.
રિદ્ધ જાતે કામિનીનો ટળ્યો નહિ તે નેહ. ૨૨
ત્રણ દિન તે નીરભર રહી નગર કેરે પાસ,
વનમાહે નીસર્યાં તે થઇ મને નિરાશ ૨૩
પાળાં પળતા પદ્મિને કાટા વાગ્યા ચર્ણ;
હેડુ ફાટે રાયનું, મન જાણે આવે મર્ણ ! ૨૪
ભૂખી તરશી ભામિની, ભરતાર સાહામુ જુએ.
દેખી પ્રિયુને વામણો તે રાતે લોચને રૂએ. ૨૫
એણી પેરે તે નીસર્યાં, સેવક નહિ કો સાથે.
ખ ગ કાઇ પાસે નહિ ને ધનુષ નહિ પણ હાથે. ૨૬

કડવું ૧૪.

રાગ રામગ્રી. તાલ જીતમાન.+

માણસ કો વાટે મળે, તે જાએ હવેખી.
પખી પણ આક્રંદ કરે, તેને દુખીઆં દેખી.
 સરજ્યું કાંઈ છૂટે નહિ જે ભાગ્યમા લખીઉં;
 કોણે કીધે થાએ નહિ સુખીઉં ને દુખીઉં. ધ્રુવપદ ૧
જે જાચકજન સંતોખતો વાછિત ફલ આપી,
તેહે વૃક્ષ કાટાળીઓ જુઠા કળિયુગ પાપે, સરજ્યું૦ ૨
'કોમલ અંગી જે કામિની, કયમ તે હીંડે પાળી ?'
ભૂપતિ પડખે નારને મુખ પાછુ વાળી. સરજ્યું૦ ૩
તરસ્યાં મુખ સૂકે ઘણું, કહીં ન મળે પાણી;
રાજાને હુકમ નહિ જે આપે આણી. સરજ્યું૦ ૪
દુઃખે દાઝે દેહડી, અબળાને નીરખી

---

૨૦ આસમ ૨૧ મત્ર. માનો ૨૨. નીસરા ભૂખા તરસા ટલ્યો. તેહનેહ ૨૩. નીસર્યાં ૨૪ રાએનુ. ૨૫ જોએ. ને. રોએ ૨૬ નીસરા હુવ હાથ
× મૂળમાંજ અત્ર 'ય'કાર છે, 'એ'કાર નથી. + મૂળમા 'રાગ રામગ્રી તાલ' નથી ૧ તેનુ સરજ્યુ કો. છી ૩ અગે. ૪ તરસા.

સની પીડાએ શા ભણી દમયતી સરખી? સરજ્યું૦ ૫
'કેહે તો બેસીએ કામિની' તું થઇ છો થાકી.
મુઝ મન દાઝે અતિઘણું, રાખુ છુ ઢાંખી. સરજ્યું૦ ૬
વનફળ આપુ વૃક્ષથી, જો તુંહને ભાવે.
હામણી દેખી તુંહને મુહને રોવુ આવે. સરજ્યુ૦ ૭
દુખીઆં દેખી દેવને અતિ દુખડુ લાગે;
પણ ભોગવ્યા વિણુ કયમ છુટીએ જે કીધા આગે?' સ૦ ૮
નરનારી બે નીસર્યા આખડતા પડતા;
વાટપથ જાણે નહિ, વને વને રડબડતા. સરજ્યું૦ ૯
સહુએ ભોગવવુ સહી આપાપણું કીધુ,
પર તે કો પામે નહિ લીધુ ને દીધુ સરજ્યુ. ૧૦

કડવું ૧૫.

રાગ રામગ્રી+

પખી દીઠો કનકની પાખ રે, એહેવા રાને મન થઇ ધાખ રે. ૧

ઢાળ.

ધાખ ગને મને થઈ જાણ્યું રૂખલ થાએ હેમ.
આહાર કરવા હોએ આમિષ ઊપન્યો રાને પ્રેમ ૨
વસ્ત્ર ઉપર નાંખીઊં તે ઊડી ગયો આકાશ.
અંબર લઇને રહ્યો અંતરિક્ષે. વચન કહ્યુ પ્રકાશ, ૩
'જે પાસા થઇને હરાવીઓ, તે અમો છુ મહારાજ!
નાગો દેખી તુંહને અમો મોદ પામ્યા આજ.' ૪
વચન પંખીના સુણી વિસ્મય થયો રાજાન.
જાણ્યું એ કો શત્રુ માહારો, હવિ આણ્યુ જ્ઞાન ૫
ઉદ્દરાટી અબળા થઈ રહી પ્રિયુને તે જાણી નગ્ન.
આસુ ઉગાએ નહિ નિ મન થયુ અતિ ભગ્ન. ૬
આસવાસના દે કથને રે, 'મન રાખો ધીર.
કષ્ટે કાયર થાવુ નહિ, બળવત છો જી વીર' ૭

---

૫ દેહોડી ૬. ન ખી, ૭. હામણુ ૮ ભોગવા ૯. નીસસા ૨ જાણ્યુ. ઉપનો. ૩ ગઓ. રહો. કહ્યુ ૪ મામા. ૫ શેઓ જાણ્યુ આણ્યુ. ૬ થઉ મગ્ન ૭ ન્એર + મૂળમા રાગનું નામ નથી

મહીપતિ મનમાહે ચિંતવે, 'અપદશા આવી અંગ
અબળા અતિ દુખણી થશે રે વિષમ વનમાં સંગ. ૮
આગળ જાણ્યુ નથી જાતું, કેહેવો આવશે કાળ
સીદાસે એ સુંદરી–કોમળ ચરણપ્રવાલ ૯
પેર કહું જો પીહર જાએ; છે એવો લાગ
સુખ પામે સુંદરી, મુઝ મોકળો થાએ પાગ.' ૧૦
એહેવુ વીમાસી કેહે નૈષધ, 'સાધવી છો સતી!
વચન માહારૂં ચિત્ત આણે ભલી છે તુજ મતિ ૧૧
આ પંથ છે અતિ પાધરો કુંડિનપુરની વાટ
સાથ જાએ છે ઘણા. આ વિંધ્યાચલનો ઘાટ. ૧૨
પયોષ્ણી નદી વહે છિ. અવંતિ એ દેશ.
ઋક્ષવંત પર્વત તળે મારગ રૂચિર નિવેશ.' ૧૩
હૃદય લાગ્યાં રામાને તે વચન તીક્ષ્ણ બાણ;
નયન સુકે, કંઠ બેઠો કથને કેહે વાણ, ૧૪
'મન છે જ મેહેલવાનું, મે તો નવ તજાએ;
રંગ બેઠો ચોલનો તે તો કયમે ન જાએ. ૧૫
તહમો વનમાં વગુચો, હું પીહર તો કરૂં રાજ્ય!
કથ' તે કયમ નીપજે કુળવંતથી એ કાજ? ૧૬
ચરણ ચાપું, નીર પાઊં, કરૂં અહોનિશ સેવ
નારને ભરથારથી કો અવર છે શું દેવ? ૧૭
વિશ્વાસ મુઝને તહમારો નથી આવતો જ એહ.
મન તો મેં ઓળખ્યું મુહને દેશો છેહ.' ૧૮
રા કેહે, 'ના સુંદરી! કયમ તજું તુજને વન?
તાહારા હિતને કારણે, કઇ કહ્યું વચંન.' ૧૯
'તો વારેવારે પંથ શાહાને કોહો છો રાજંન?
ચરણ તજવા તહમારા કયમ ચાલે માહારૂં મંન? ૨૦
×મન હોએ તો તહમો આવો; મળી જઇએ સાથે.
એકલા મેહેલું નહિ, જાણજો, કયમેએ હે નાથ!' ૨૧

૮. અવે ૯ જાણ ચરણે ૧૧ સલે. મત ૧૨ વધારણ ૧૩ પયો-
ષ્ણી ઋખીવંત ૧૪ લાગ્યા. ૧૫ કમેહે ૧૬ કમ ૧૮ મેં' નથી ઓલખું.
૧૯ કમ. ૨૦ કમ. ૨૧ કમે

×આ કડી મૂળમાં ૧૮ મી છે, પણ પૂર્વાપર સંબંધ જોતાં તેનું
સ્થાન અહિં હોય એમ લાગે છે

પિતા માહારો પૂજશે, સુખ પામશો ભરથાર'
વીર વળતો ઊચરે, 'સાંભળ સાચુ નાર' ૨૨
પડી વેલા કયમ આવુ શશુગ્ને ઘરે વાસ?
સગાને ઘેરે સમે જઈએ, તેહેની ન કીજે આશ.' ૨૩
એહેવુ કહીને નીસર્યાં, એકે વસ્ત્રે નમ
સભા સંદર આગલે આવી ઊતરીઆ થઇ ભમ. ૨૪
થાકયા, ભૂખ્યાં, રજભર્યાં, એકે વસ્ત્રે બેહ
સભા આવી ધરા તલે તવ સુતા દુર્બલદેહ ૨૫
નિદ્રા આવી નારને દુઃખશ્રમર્થા એવ
નયન ન મલિ રાયનાં ચિંતા તે કરતા એવ. ૨૬

કડવું ૧૯.

રાગ ગોડી.

ભૂપતિ માંડયો મન વિચાર, 'નથી મેહેલતી મુહને નાર
દોહેલી વેલા દુ ખ પામશે. વિષમ વાટ એ કયમ વામશે? ૧
નિદ્રા વશ છે, સુતી તજુ, આ વનથી બીજુ વન ભજુ.
જાગી નહિ દેખે જેટલે, કુડિનપુર જાશે તેટલે ૨
એહેનું એક વસ્ત્ર કયમ હરૂં? નાગોએ પણ કયમ નીસરૂ?
જાગે નહિ ત્યમ છેદન કરૂ. હલુએ શુ મેહેલી સાચરૂં' ૩
ઊઠી રાજા જોવા ગયો. દીઠુ ખડગ, રળીઆએત થયો.
વેગે લઇ વધાર્યું ચીર પેહેરી ખડ નીસરીઓ વીર. ૪
ગયો જેટલે ડગલાં સાત, હૈડા શુ વીમાસી વાત,
'હવડા એ નારી જાગશે; અણદીઠે આશા ભાગશે. ૫
અબળાનુ અતિ કોમળ મન, વિરહે પ્રાણ છોડશે તન
જોઉં, જાગી રોતી હશે, જોવાને પગલે આવશે' ૬
એમ ચિંતવી પાછા વળયો મુખ નીહાળી ઉપર ઢળયો
નિદ્રાવશ દીઠી વલ્લભા. વળી નીસર્યો છોડી સભા. ૭

---

૨૩ કમ ૨૪ નીસરા સાભા ૨૫ થાકા. ભૂખા ભરા. ૨૬ નચન. રાએના ૧ માંડો કમ ૩ કમ કમ તમ ૪ ગઓ થઓ ૭ વલો. ઢલો નીસરો

આઘેરો જાઇને ચિતવે, 'લોચન માહારૂ ડાબું' (ત્ર)વે.
જોઊં, રહી હશે ટળવળી.' પુનરપિ આવ્યો પાછો વળી. ૮
નારી દીઠી સુતી ભોમ, ચઢયો ઉકાઠો રોમેરોમ
'જેહને ન દેખતા રવિવાય, તે પડીઉ ઘાડી કાય!' ૯
એહેવુ કહી રા કરે રૂદન. નીહાળે નારીતણું વદંન.
વળી નીસરે, પાછો વળે, આણી દુઃખ રાજા ટળવળે ૧૦
'કયમ રેહશી એ નિરાધાર? વાઘ, સિહ કો કરશી આહાર.'
એણીપેરે કરતા વારોવાર, કળિયુગે મન વેહેર્યું અપાર. ૧૧
તવ રાજા કઠિણુ એ થયો + સુતી નાર તજીને ગયો
તાહા થકી જે દીધી દોટ, વળતી કા નવે વાળી કોટ. ૧૨
માયા મેહેલી ગ્યો ભૂપાળ. નિશા ગઇ, થયું પ્રાતુકાળ
જાગી નાર ન દેખી સ્વામ, શોધ્યો સઘળો સભાનો ઠામ. ૧૩
ચીર વધાર્યું દીઠુ જદા, મનિ સંદેહ પડયો તે તદા
દીનદામણી થઇને મદ, દેખે નહિ, કરે આક્રંદ. ૧૪
'પ્રિયુજી! હાસ કરો છો ત્હમો, હવડા પ્રાણ છોડશુ અહમો.
પ્રીત કાહા ગઈ પાછલી? જલવિણ કયમ જીવે માછલી? ૧૫

કડવું ૧૭

દેશી+

'હો માહારા નાથજી! કાહા ગયા રે, મુંને એકલી મેહેલીને વન રે?
વજ્રે કઠિણુ તે કયમ થયું રે વાહાલા તહમારૂં મનરે?
નળરા! નળરા! ઓચરે રે. ૧
પ્રિયુજી! માહારા પ્રાણઆધાર! દેવજી! દર્શન દીજીએ રે.
મુહને સુખ કરવા એક વાર. નળરા! નળરા! ઓચરે રે. ૨
વાઠ કરી પ્રભુ! માહારો રે, આવી કોહો માહારા નાથરે.
દુઃખસાગરમા બૂડતા રે કથજી! દીજે હાથ રે. નળરા૦ ૩
ધર્મરાય તહમો કાહાવીઆ રે, તે મિથ્યા કરશો નામ રે.
આવી આલિંગન દીજીએ રે માહારા મનડાના વિશ્રામ રે! નળરા૦ ૪

---

૮ આવો. ૯ ચડો. વાએ. ઉઘાડે. કાએ ૧૧ કમ મેહર ૧૨ ગઓ ૧૩ ગો. થઈ સોધો ૧૪ વધારૂ પડો ૧૫ કમ. ૧ ગયા કમ. થઈ ૪. ધરમરાએ. +મૂળમાં આ પ્રમાણેજ 'થયો' છે, 'ગ્યો' નથી
+ મૂળમા દેશી ફેર' લખ્યુ છે

ઍારીમાહે જે કહ્યું રે-એક આપણું ચિત્ત રે,
તે જુહું નવ કીજીએ રે. શુ થયું જુજુઉ ચિત્ત રે? નળરા૦ ૫

મિટ આગળે દેખુ નહિ રે ઉત્તર નાપો આજ રે.
કિયા કાજમા નાસી રહ્યા રે? મુહને વાહોછો મહારાજ રે. નળરા૦ ૬

પ્રાણુ ન જાએ પાપીઓ રે; વાહ્રુ, નાવે મર્ણું રે!
કથ તજીને જો ગયા રે, તો જઇએ કોહોને શર્ણું રે? નળરા૦ ૭

આ વન ગહન બીહામણું રે, એકલી અબળા દેહ રે.
કીધાં પૂરવ ભવ તણાં રે કયમે ન આવે છેહ રે! નળરા૦ ૮

મુખ સુકાએ માહારૂં રે; જળ પાઓ રાજાન!
મે તો એહેવા કઠિણુ જાણ્યા નહિ રે, વીરસેનના તન! નળરા૦ ૯

માહારૂં દુઃખ મુંને છે નહિ રે દુખ તમારૂ થાય રે
થાકયા થઇ જહવારા બેસશો રે, કોણુ ચાપશે પાય રે? નળરા૦ ૧૦

હું વનફળ આણીને આપતી રે, પ્રિયુ! સીતળ નીર રે.
સેવા સ્વામીની કરૂં રે, મન રાખીને ધીર રે નળરા૦ ૧૧

વાઘ, સિહ ને વાનરા રે બીહાવે મળવત રે.
કો એ પણુ કરતો નથી રે આણી વેળા અંત રે! નળરા૦ ૧૨

ઇન્દ્ર તજી મિ તુ વર્યો રે, તેહેને ચઢીઓ ક્રોધ રે
વૅરીના હૈયા નવ ઠારીએ રે તમો છો બળીઆ જોધ રે. નળરા૦ ૧૩

માહારો પિતા પાસે નહિ રે, એકલી આણે ઠાર રે.
તમ વિના કો પરહરે રે કઠિણુ થઇ ભરથાર રે? નળરા૦ ૧૪

આજ્ઞા મે લોપી નથી, કીધો નથી અન્યાય રે.
પાપ તો પૂરવ ભવતણા રે તે નીકળ્યાં ન જાય રે. નળરા૦ ૧૫

+એણી પેરે તે ટળવળે રે, ઢળી ઢળી પડે મહીમાંહે રે.
વનવને શોધે કથને રે. દેખે નહિ તે કાંહે રે. નળરા૦ ૧૬

---

૫ કહ્યુ થઉ જુજુ ૬ કીહા રહ્યા ૮ કમે ૯ જાણ્યા ૧૦. થાએ. થાક પાએ ૧૧ પાઉ ૧૨. કેએ ૧૩ વરો ૧૫ અનાએ લે. નીકલા. જાએ. ૧૬. સોધો કાંહા + આ કડી મૂળમા ૧૩ મી છે, પણુ તે છેલ્લી હોવી જોઇએ.

કડવું ૧૯.

રાગ મારૂ.+

એમ આક્રંદ કરતી પળે. માર્ગે માણસ કો નવ મળે.
પર્વતશૃંગ ચઢી આકુળી; પ્રિયુ ન દેખે, પાછી વળિ. ૧
એહેવે આવ્યો અજગર બ્યાલ, મુખ મોકળું અતિ વિકાળ.
ધણી ભૂખમાહે તે મળી, પગથી અબળા આખી ગળી. ૨
પાડે બુબ ને આક્રંદ કરે. 'રાખો નળ!', વાણી ઓચરે.
અતિશે કોમળ તેહેની કાય કો નહિ જે વાહારે ધાય. ૩
'જેણે દુખીઓ કીધો રાય તેહને થાય હઉંનું કામ—
તેતો દુખ પામજો ઘણું, સાચુ મન હોએ મુજતણું. ૪

દેશી.×

ભીમરાયને ઉદરે આવી. પરણ્યો પૃથ્વીપતિ.
જન્મથકી તો નથી કીધી પાપતણી તો મતિ.
પ્રિયુડા! આવો રે, ભક્ષ કરે છે બ્યાલ, નળ! મૂકાવો રે. ૫
બ્રહ્મહત્યા ગૌહત્યા કીધી? તે ફળ મુજને લાગ્યું!
ભવેભવે નળ ભરથાર હજો, બીજું કાંઇ નવ માગુ. પ્રિયુડા૦ ૬
આહાવી વેળા કોહોને ન પડશો, માનુષને ભવે આવી.
વિધાતા! એમ કાં પીડયાં ઉત્તમ દેહેરે લાવી? પ્રિયુડા૦ ૭
જાણ્યા જોષી તાતને કેહેતા માહારા લક્ષણ વારૂ;
તે સઘળાએ કાહા ગયાં રે? દુઃખ પડયું તે સારૂં. પ્રિયુડા૦ ૮
મુઆનું મુને દુઃખ નથી રે; પ્રિયુજી તમો કાંહા જા(શો)?
હું હઉં તો કરૂ સેવા, ધાહીલા દોહીલા થાશો. પ્રિયુડા૦ ૯
સુંદર મુખ સોહામણુ રે તે હવા કાંહા દેખુ?
એકવાર દુખડું પડયું તે કર્મે ન આવે લેખું! પ્રિયુડા૦ ૧૦

ઢાળ.×

સાદ સુણી આહેડી આ(વ્યો), ગળતી અબળા નીરખી.
ખડ્ગ લઇને વ્યાલ જ ચીર્યો, હરિવદણી તવ હરખી. ૧૧

---

૧ ચાઢી આકુળે વળી. ૨ આવો. વાલ ૩ કાએ ધાએ ૪ હઉં.
૫ રાખો. પ્રણ્યો ૬ લાગુ ૭ પીડા. ૮ જાણ્યા ગયા પડ્યુ ૯ દોહેલા
૧૦ પડ્યુ. કર્મે. ૧૧ આવો ચીરો હરનેઅણી. + મૂળમાં રાગનૂ નામ નથી.
×મૂળમાં 'દેશી' જુદી પાડી નથી. પહેલી કડી પછી 'દેસી' લખ્યુ છે.
× મુળમા અહિં 'ઢાળ' નથી લખ્યુ.

ઇન્દુમુખી ને કમળલોચની દીઠી અબળા બાળી.
બાંધે તાહાંથી મૂકાવી ને જળ લઇ પખાળી ૧૨
કામાતુર થયો તે પાપી; પ્રેમે પુછી વાત,
'કોહોની નારી? કોહો, અહિં કાહાંથી? કોણ તમારા તાત?' ૧૩
કહી કથા નારીઆ સઘળી-જયમ વનમાહે પરવરીઆ,
નળરાજા મેહેલીને ચાલ્યો, એકલડા અનુસરીઆ. ૧૪

કડવું ૧૯.

રાગ ગોડી.

આહેડીએ મન ફેરવ્યુ[1] એહેવા લાગ્યો હા(થ) રે.
'રેહે રે પાપી! વેગળો, નળ છે માહારો નાથ રે.' ૧
નારી નાસે, પડે આખડે, વળી વળી દે ગાળ રે;
તોહે પાપી કેડો ન મેહેલે જાણે વેહેર્યો[2] કાગ રે. ૨
કામિનીને ક્રોધ ચઢીઓ એહેવુ કહ્યું વચન રે,
'નળ થકી જો બીજે સ્થાનક ચળ્યુ[3] નોહે માહારૂં મન રે, ૩
તો તો પાપીનો દેહ પડજો, જાજો એહેના પ્રાણ રે.'
એહેવુ કેહેતા મરણ પામ્યો[4] અધમ વ્યાધ નિર્વાણ રે ૪
બાળા અતિશે બીહાવાને લાગી, નવ લેહે વાટ વકરે
પૂછી પીહર ભણી જે ચાલે, ન મળે માણુસ એક રે ૫
સિંહ, વાઘ, મૃગ, રીંછ, વાનર, સૂકર, સામર ઘોર રે.
આહેડી કો અંત્યજ[6] આવે મળે છે ભયકર ચોર રે. ૬
ખેર, ખાખર, ધવ, ધાવડી[7], બાઓલીઆ, બહુ બોર રે,
ઇંગોડીઆ, કથેર, કેરડા, ગોરડીઆ અતિ ઘોર રે, ૭
કૌકચ, કૌઅચ, અનિ કરમદી, ભોયરીંગણીની જાળ રે.
કોતરમાહેથી બીહાવે કાળા, તે ફણગર વ્યાલ રે ૮
શિર ઉઘાડે રોતી હીંડે જોતી વનમુઝાર રે;
× × × × × ૯
બૃહદશ્વ ઋષિ કેહે, કુંતાતન! સુખ દુઃખ નહિ કોન્હે×હાથ રે.
જેણી પેરે રાખે તેણી પેરે રહીએ ભાલણ પ્રભુ રઘુનાથ રે ૧૦

---

૧૩ થઓ ૧૪ જમ ચાલો ૧ ફેરવુ લાગો ૨ વેહેરો ૩ ડહુ ચલ્યુ ૪ પામો. ૬ અતજ ૭ ધાવાડી

× આશ્ચર્ય છે કે મૂળપ્રતમા આ શબ્દમા હકારજોડેલો છે

કડવું ૨૦.

રાગ સામેરી.+

વૈદર્ભી વિરહે વલુતી, વનમા બોલે બાળી.
'આમ એકલી મૂકી ન જાએ, નૈષધરા ! તમ વાહાલી. ૧
અતિ રૂપે સુંદર સોભાગી, કાહા ગયા નળરાય* ?
રમતા કેહેતા, 'તું અ તો વાહાલી' તે કયમ મિથ્યા થાય ? ૨
હસે હું વાહી, રે વાહાલા ! કહી તમારી પ્રીત.
વૈશ્વાનર સાંનિધ્યે જે બોલ્યું, કાં વીસારો નિત્ય ? ૩
ચાર વેદ ભણુવા આચરતા, માડી જોતાં તોલે,
સત્યતણે પાસે કો નાવે; મોટા મુનિ એમ બોલે. ૪
તે સત્ય તમો કા વીસારો ? વચન કહીને વાહી;
'એક શરીર આપણુ' પરઠી, તમો પાણુ સાહી ૫
વીરસેનના પુત્ર પનોતા ! વચન આપણુ થાપો.
આટલી વાર હું સાદ કરૂં છું, ઉત્તર શે નવે આપો ?' ૬
સિંહને દેખી શ્યામા કેહે છે, 'તેં દીઠો કહી નળભૂપ,
સુંદરને સોહામણુ જે મન્મથ જેવુ રૂપ ? ૭
અથવા ભક્ષ કરોજી મુઝને, દુઃખનો થાએ નાશ '
એહેવુ કહીને આગળે ઊભી મૃગપતિ કેરે પાસ ૮
ટોળાવછોહી જયમ મૃગલી, ત્યમ કરે (આ)ક્રંદ.
વનવને જોતા કંથ ન દેખે દીન દામણી મંદ ૯
પર્વત અતિ ઊંચા દેખીને જઈને કરે પ્રણામ,
'ગિરિરાજ ! કંઇ જાતો દીઠો તેં માહારો સ્વામ ?' ૧૦
અશોકની છાયાએ ઊભી કરે વીનતી વામ,
'શોક ટાળે રે નગપતિ ! માહારો તું થાએ વિશ્રામ ?' ૧૧
વળી આઘેરી રોતી ચાલી, કરતી અતિ વિલાપ.
'કાંહાથી ઉત્તર પ્રિયુજી આપે, માહારે પોતે પાપ ? ૧૨
કાહારે દેખુ વાહાલા માહારા ? થાએ મન ઉલ્હાદ.
'ભીમસુતા !' કહીને મુહને, કાહારે કરશો સાદ ?' ૧૩

---

૧ હાલી ૨ આતી. ૩ગયા ૩કમ થાએ ૩ બોલ્યુ ૫ આપણુનુ પરઠી તો ૮ ભખ. મુઝને, ૯ જમ કાથને. ૧૦ કે તે ૧૧ છાયાએ.

+ મૂળમા રાગનુ નામ આપ્યુ નથી *મૂળમા 'રાય' છે, 'રાએ' નથી.

ઘણા દિવસ ને રજની વીતી શકવકર્માં ઘનેવન
એમ કરતા એક આશ્રમ આવ્યો, બેઠા છે બહુ મુન્ય. ૧૪
વશિષ્ઠ વામદેવ સરખા મહા(નુ)ભાવ તે પૂજ્ય.
વૃક્ષફળફુલ મનોહર, લતા તણી તા કુંજ. ૧૫

કડવું ૨૧.

દેશી.+

અપૂર્વ દર્શનસુખ થયુ કામિની રે. જાઇને કર્યો પ્રણામ.
અંતરશુ એમ ચિતવેરે, 'એ આવ્યો શુભ ઠામ' ૧
મુનિજન જાહારે દીઠીનારી-સુંદર વપુ નિ દુ:ખભારી,
અર્ધવસ્ત્ર તે પેહેરણે અ. ૨
સુદર નખમુખ, સુલલિત વાણી, જાણીએ ભૂલી મૃગનયણી!
ચચળ નયણુ તે જળે ભરે અ ૩
ઋષિ રામાને દશ્યમાન પૂછે, 'પિતા પ્રિયુતુ અભિધાન?
કા રે એકલી કામિની? અ' ૪
ભીમસુતા કેહે, 'સાભળો તાત માહારા કર્મતણી તા વાત
દૈવે દોહેલા દિન કર્યા અ. ૫
નૈષધદેશનળ શે નવે જાણો પ્રિયુડો માહારો અતિ સપરાણો.
ભીમરાયની દીકરી અ ૬
ધૂત રમી હાર્યો મુઝ નાથ, વને નીસરીઆ બેહુએ સાથ,
સુતી તજીને તે ગયો અ ૭
દહો સ્વામી! તેહેને કહીઆ દેખુ? માહારા દુખનુ નહિ તા લેખુ.
પાપ એ પૂરવના કશા અ?' ૮
મુનિજન કેહે, 'સાભળો બાઇ! કાન્ત પામશો વળી રે વડાઇ.
થોડા દિનમાહે જાણજો અ ૯
પ્રમદા! પ્રિયુડો તાહારો મળશે, દુખડાં સઘળા નીશે ટળશે,
રાજ્ય નૈષધનું (પામ)શો અ.' ૧૦
એહેવુ કહી થયા અંતર્ધાન, અબળા આશ્ચર્ય પામી સ્થાન.
ચિતા કરતી નીસરી અ ૧૧

---

૧૪ આવો મુન ૧ પૂરવ કરો આવો. ૩ થી આણી ૪ દર્શમાન
૫ કરા. ૬ પતી રાએની ૭. હારો ગઓ ૧૧ થા
+ મૂળમા 'દેશી કેર કવણીની' લખ્યુ છે

દેખી પર્વતશૃંગ તે પ્રૌઢ, ગહ્વરગુફા જોઈ દિગમૂઢ,
રૂદન કરતી તે પળી અ. ૧૨
એમ કરતા નદી એક આવી–નિર્મળ જળ, હીંસ તાહા–ભારી;
સાથ ઘણો તાહા ઉતર્યો અ. ૧૩
માણસ ભેગી થઇ મૃગનયણી વીણજારે દીઠી શુભવયણી
ત્રાસ સર્વે મને પામીઆ અ. ૧૪
કો નાસે, કો બીહે જંન, કોહોના સ્થિર ન રેહે તે મંન;
'આ કોણ એકલી કામિની અ?' ૧૫
વૃદ્ધ આવી પૂછે તેણીવાર, 'છો કોણ આ વનમુઝાર,
દેવી કે તું રાક્ષસી અ? ૧૬
રક્ષા સાથ સહુની કરજો, સમચિત્ત સર્વે ઉપર ધરજો;
ભય અમને છે અતિ ઘણો અ!' ૧૭

કડવુ ૨[illegible]

રાગ સામેરી+

ભીમી ભય તજવાને બોલે, 'નીરે કરીને જાણો.
નહિ દેવી, હું નહિ રાક્ષસી; કા સંદેહ મનમા આણો? ૧
ભીમરાયની હું છુ પુત્રી, નળ છે મુઝ ભરથાર;
દૈવજોગથી મેહેલી ગ્યો છે મુહને આણે ઠાર. ૨
તેહને હું જોતી હીંડુ છુ વનવન પર્વત ઠામ.
મન સ્થિર રાખો–હું છુ દુખણી–સાથતણા તમો સ્વીમ. ૩
કોણ દેશ એ સાથજ જાશે, મુઝને કોહોને તેહ.
સાથેથી હું ચાલી આવુ; દુઃખણી છુ અતિ દેહ.' ૪
શુચી નામે વણઝારો બોલ્યો, 'ચેદિ રાયને દેશ
સાથ (સર્વે તા)હા વણજે જાશે, સુબાહુ જાહા નરેશ.' ૫
બૃહદશ્વ ઋષિ કેહે, હો રાજા! નારી કોમળ અંગ
ચાલી ચાલી તે જાવા લાગી વણજારાને સંગ ૬
એમ કરતા તે કા(ળ) કેટલે જાતાં મારગમાહે
સુંદર એક સરોવર આવ્યું; નિર્મળ જળ છે તાંહા. ૭

---

૧૧ ધ્યા. ૧૨. અધરગર્ક ૧૩ ઉતરો ૧૪ નેએણી વેએણી ૧૬ રાખસી
૧૭ રખા ને. ૨ રાએની. ગો ૩ સ્થેર ૪ ના ૬. ચલી ૭ આણુ
+ મૂળમા 'દેશી પ્રથમની' લખ્યુ છે.

નાના રંગ કમળ ફુલીઆ, ચકવાક બહુ હંસ,
નાના પાદપ ફળભારે નમીઆ—જાણે વને વસંત' ૮
વણજારા આવી ઊતરીઆ દેખી તૃણ બહુ નીર,
વૃક્ષતણી છાયાએ સહુએ સરની પશ્ચિમ તીર. ૯
અર્ધ રાત્રી સમે (સહુ) સુતા અતિ થાક્યાં વાહંન.
મારગમાહે તે ઊતરીઆ. નિદ્રાવશ સર્વે જંન ૧૦
તેણે સમે આવ્યા બહુ હસ્તિ—જાણે પર્વતશૃંગ'
મદ ઝરે ઝરણા ને જાણે મેઘસરીખા અંગ! ૧૧
ઊજાણા આવી વણજારા કીધા તો ચકચૂર
દંતસૂંઢપગઠેરે પ્રહારે; ખુબ પાડતા ક્રૂર. ૧૨
માહોમાહે સાદ કરે ને ત્રાસે પોઠીઆ ઊંટ.
હાહાકાર થઇ (રહ્યો) ને બાંધ્યા માર્યા ખૂટ. ૧૩

કડવું ૨૩.

રાગ ધનાશ્રી.

એણી પેરે તે રજની વીતી; થયુ પ્રાતઃકાળ જી
નાઠા ભાગ્યા શોધી કાઢયાં. રહ્યાં રૂએ છે બાળ જી ૧
માહોમાહે વણજારા બોલે, 'દુખ્ખ પડયુ વિશાળ જી.
આજ સુધી કહીંએ નહિ આહાવુ દીઠું ભય વિકાળ જી ૨
આપણને અહિં જતા આવતા થયો (કેટલો) કાળ જી.
કહીંએ આહાવી વેળા ન પડી દારૂણ એ જંજાળ જી. ૩
આ રંડા કો સાથે આવી—સુધી સીકોતરી નારી જી.
તે માટે આપણને એવુ જાણો દુઃખ એ ભારી જી. ૪
બીજુ કાંઇ નથી તો કારણ, જોતા મન વિચારી જી
એણીએ તો ઉત્પાત જ કીધો; ગજની ઘટા ઉતારી જી. ૫
× × × × ×
અધમુઆ આપણ તો કીધા હસ્તિએ સર્વે મારી જી ૬

---

૮ પાપદ ૧૦ થાકા ૧૧ તે. ૧૩ બાધા મારા. ૧. થઇ ભાગા કાઢા. રહા ૨ પડુ પજી ૪ અવુ

દેશી+

ત્રાહે રે સ્વામી જગજીવન! દુ:ખ તે સહ્યું નવ જાય જી.
વાહી વેલા જતન કર્યાનો કંઇ ન(હિ ઉ)પાય જી.

ધ્રુવપદ. ૭

કો પાષાણ કાષ્ટ (લઇ ક)રવા ધાએ પ્રહાર જી.
'ઝાંલો-બાંધો-(મારો)-નાસે,' એણીપેરે કરે પોકાર જી. ત્રાહે૦ ૮
જાળા હેઠળ બેઠી કામિની, નયણે આસુધાર જી
તેણી વેલા કો નહિ, જે કરિ તેહેની વાહાર જી. ત્રાહે૦ ૯
રૂદન કરતી રામા બોલે, 'ધાઓ નળ ભરથાર જી'
× × × × × ત્રાહે૦ ૧૦
ગાળ દે ને ધૂળે છાટે, દયા મને ન આવે જી.
તે માહે કો સાધુ નહિ, જે તેહેને આવી મૂકાવે જી. ત્રાહે૦ ૧૧
દૈવને મન જો દયા નહિ, તો અવરને શેને હોએ જી?
કોએનું હૈયુ નવ ભીંજે. નારીને અટવાવે જી. ત્રાહે૦ ૧૨
વિણજારો વૃદ્ધ તે વિચારે, 'અબળા કહીં સમાએ જી?
× × × × × ત્રાહે૦ ૧૩
ઉઠીને ઉજાણી નારી અતિશે કોમ(ળ અંગ જી.)
આગળ જાતા બ્રાહ્મણ કેરો વાટે મ(ળી)ઓ સંગ જી ત્રાહે૦ ૧૪
તેહેને સાથે જાવા લાગી, કેહેતી કથા પ્રસંગ જી.
દિવસ કેટલે નગરે તે આવી સુબાહુને સુચગ જી. ત્રાહે૦ ૧૫
× × × × × ૧૬
બાળક બહુ આવીને મળીઆ તેહેને ગેહેલી જાણી જી,
ધુળે છાટે, પુઠે હીંડે, 'હા! હા!' કરતા પ્રાણી જી ત્રાહે૦ ૧૭
વેણી છૂટી; એક વસ્ત્રે રાજપથમા આણી જી
કોએ પણ તે જાણે નહિ રે તેહેના કર્મની કાહાણી જી ત્રાહે૦ ૧૮
× × × × ×
માળી(એ તવારા) બેઠી હુતી રાજમાતા તે રાણી જી ત્રાહે૦ ૧૯

---

૭. સહુ નવે જાએ. કરાનો. દુપદ ૮ કરુટ. ૧૧ સાધ ૧૨. દેવને સે નવ ભાવેજી. નવે અવટાવે ૧૬ આ આખી કડી ગજત થઇ જણાય છે તેને બદલે આ અરધી કડી ક્ષેપક પેસી ગઇ છે—સંચા સમે નગરે તે આવી મનમાહે નહિ (ઉમંગજી).—તે કાઢી નાંખી છે ૫ કરમી સાથે સરખાવતા પુનરુક્ત હોવાથી તે ઉપાડી ક્ષેપક જણાય છે.

+ મૂળમા 'દેશી' નથી લખ્યુ, પણ સીજગ "કડીઓ" છે

દાસી મોકલીને તેડાવી બાળક રાખ્યાં વારી જી.
રાજમાતાએ પાસે તેડી, આસન આપી બેસારી જી. ત્રાહે૦ ૨૦
મનશુ જાણે, ગજ કુઅરી કે એક (છે) એ ભારી જી.
દૈવયોગથી દુ:ખ પડયુ છે, દીસે કો અવતારી જી! ત્રાહે૦ ૨૧
આસવાસના દઇને પૂછે વાત સર્વે વિસ્તારીજી,
'કેહેને બાઇ! તુ કાહાથી આવી? કોણ તહમારો તાત જી? ત્રાહે૦ ૨૨
માનુષ સરખી તુ અ નથી, કો દેવરૂપ વિખ્યાત જી.
એકાકી કોણ દીસે છે? સાચી કોહોને વાત જી ત્રાહે૦ ૨૩
કોહોને કર્મે, કયમ દુખ (ધ)રીઉ? સાથે કાં ઉત્પાત જી?
અહીંકણ મને (સુખ ગ)ણી રેહેજે, મુઝને જાણી માત જી' ત્રાહે૦ ૨૪
માનિની કેહે, 'મુને માનુષ જાણો સુંદર માહારો સ્વામજી
દૈવયોગથી ઘૂત રમીને હાર્યો રીધ સર્વે દામ જી ત્રાહે૦ ૨૫
હુ સૈરેન્ધ્રી છુ સાધવી. મન પતિશુ વિશ્રામ જી.
ફળમૂળ કંઇ આહાર કરૂ ને જુગતા કરશુ કામ જી. ત્રાહે૦ ૨૬
પરપુરૂષ શુ વાત ન કરવી, મંન રાખવુ ઠામ જી
× × × × × ત્રાહે૦ ૨૭

કડવું ૨૪.

રાગ કેદારો+

પગ ન ચાપુ પુરૂષ કોઇના કેહેનુ ન જમુ છાંડયુ અન્ન.
વાટ જોઉ માહારા પ્રિયુડા કેરી, રાખી તેહેને (ચરણે) મન. ૧
એણીપેરે જો અહિ રાખો, સોધા(વો) કહી માહારો નાથ.
પુત્રીની પેરે હું અ છુ, જીવિતમાન તમારે હાથ. ૨
પુરૂષ કોએ કરે જો હાસુ, તેહેને દડ દો નિરધાર;
તો હું રહું તમારે પાસે, જાહા લગે આવે માહારો ભરથાર.' ૩
રાજમાતા કહિ, 'સુખે રહો. અહિ કો નહિ લે તહમારૂં નામ.
જે અમે તે ભક્ષ કરજો, રૂચે તે કરજો કામ. ૪
તારા પ્રિયુને માહારા દૂત શોધસે, તું પતિ પામીશ સાધવી નાર!
આસવાસના દઇ રાખી, 'બાઇજી! ચિત્ત કરોને ઠાર.' ૫

---

૨૦ રાખ્યા આહ્યા ૨૪ ક્રમ ૨૫ હારી ૨૬ સેઅ દ્રી ૧ કોએના છાડ્યુ. ૨. જીવતમાણુ ૩. દો. + મૂળમા 'દેશી ફેર' લખ્યુ છે ×'રાગ કેદારો' નથી.

રાજમાતાએ પુત્રી તેહી સુનન્દા નામે સ્નેહે,
'સૈરન્ધ્રી સાથે બાઇ' સ્નેહ કરે, દેવ રૂપ જાણીને દેહે ૬
જે માગે તે આપજો એહેને ક્રીડા કરાવો દિન રાત
એ સાધવી છે રે દુ:ખણી. કોએ નથી એહેના માત ને તાત.' ૭
બૃહદશ્વ ઋષિ કે છે, રાજા ! નારી થઇ સ્વસ્થાન.
રાજમાતા અતિ પ્રેમ જ આણે, પુત્રી તેહેને દે બહુ માન. ૮

કડવું ૨૫

રાગ સામેરી.

દમયતીને× પરહરી ચાલીઓ નળ ભૂપાળ,
મારગે જાતા દાવાનળની દેખે તો પાવકઝાળ. ૧
સાદ ગાઢે કેરે છે કો કહી, 'નળ રાજન'
પુણ્યશ્લોક મુઝને દુ:ખ ટાળો સાભળુ રા ! કોણ ?' ૨
સાદ ઉપર સાંચર્યો પેઠો પાવક માહે.
જુએ તો એક સર્પ સુતો છે કુંડાળું વાળી તાહે ૩
સાહામુ જોઇ સર્પ બોલ્યો ધ્રૂજતો વચન,
'(કર્કોટ)ક મુહને જાણજોરે, કૃપાનિધ છો મ(ન) ૪
એક તાવસ હુંને પીડયો વિના તે અપરાધ,
શાપ તેણુ મુહને દીધો, કીધા મારે બાધ. ૫
પગલું ચાલી નવે શકુ હું, નથી કરતો રાઢ.
ઉપકાર કરશુ રાય ! તુહને, આ દુ:ખથી તો કાઢ. ૬
મિત્ર તાહરો હું અ થા(ઉ) કારજ કરવા ભૂપ !
ભાર તુઝ લાગે નહિ ત્યમ ધરૂં સૂક્ષ્મ રૂપ.' ૭
તેહેવુ કહીને થયો+ તત્ક્ષણ દેહે અંગુષ્ટ માત્ર.
રાય દવથી બાહેર લાવ્યો, લઘુ થયો જે ગાત્ર. ૮
નીરાળો એક ઠામ જોઇ મેહેલે જહવારે રાય.+
સર્પ એણીપેરે બોલીઓ, 'જો દયા મનમા થાય,+ ૯

---

૬ સુનેહે મૂળમા 'સ્નેહ' નથી. ૮ આણી. ૨ કોન ૩ સાચરો. ૪ જોએતો ૫. સુને. પીડો ૮ રાએ. લાવો. થઓ

× મૂળમાં 'દમઅતી' નથી, પણ શુદ્ધ 'દમયતી'જ છે

* આ શબ્દોમાં મૂળમાંજ અન્ત્ય 'ય' છે, એકાર નથી

તાહરાં ડમલા ગણે તું, મુને મેહેલ બીજે દેશ
પગલાં લાગ્યો (ગણુ) વા તે માની બોલ નરેશ ૧૦
ગણુતા રા(ય ચાલ્યો ત)વ ડસ્યો ભૂપતિ નાગ
કુરૂપ આ(ખે દેહે થ)યો વિસ્મય તે જોઇ લાગ. ૧૧
પનગ(હંસ પો)તાને થયો નીરખીઓ ભૂપતિ.
કુરૂપ દેખી (ધ)ણુ ચિંતા કરે, ના કરે સ્થિર મતિ ૧૨
કર્કોટક એમ ઓચરે, 'કા કરે ચિતા ભ્રાત'
રૂપ તાહારૂ મે હર્યું છે, વીમાસીને વાત ૧૩
કાળ કેટલો રિહેવુ છે એ વિષમ તાહારે વન.
રૂપ એહેવુ કર્યું છે, કો ઓળખે નહિ જન. ૧૪
શત્રુ તાહરા દેહમાહે વસ્યો છે જે દુષ્ટ,
વિષ માહારે તેણે જોગે તેહ લેહેશે કષ્ટ. ૧૫
તુંહને દુઃખ કાંઇ નહિ કરે રા! વિષ (માહારૂં જે)હ
પાપીને કષ્ટ થાશે, તુઝ (દેહે રેહે છે) તેહ ૧૬
હવે સર્પથી તું હ(ણાએ) નહિ ને જાહા હશે સંગ્રામ.
ચાલ ભૂપતિ! અહિં થકી હવા નગર અયોધ્યા (રા)મ. ૧૭
બાહુક તું તા થઇ રેહેજે ઋતુપર્ણું રાને ઘેર.
ઇચ્છાએ કરી મિત્ર થાએ–તેહ કરશો પેર. ૧૮
અશ્વમત્ર તેહેને આપજો રે, પડે જવારા કાજ
અક્ષવિદ્યા તુંહને આપશે તે મિત્ર થઇ મહારાજ! ૧૯
પછે નારી પામશો ને મળશે બે બાળ,
રાજ્યરિદ્ધ સર્વ પામશો, પ્રથમ જેહ વ્યવહાર ૨૦
રૂપની ઇચ્છા હોય તાહારે સભારે મુહને, ખેવ
કોટિ કામસ્વરૂપ થાઇશ, જાણે અવશ્યમેવ. ૨૧
આ વસ્ત્ર જહવારા ઓઢશો, તહવારા થા(શે) રૂપ પ્રકાશ.'
વસ્ત્ર જુગતે આપીઆં ને સાખ દીધી આશ ૨૩
એહેવુ નળરાને કહી તે થયો અંતર્ધાન
અયોધ્યા ભણી નીસર્યો, હદે આણી જ્ઞાન. ૨૩

---

૧૦ લાગો ૧૧ ડસો. ૧૨ થો કા. ૧૩ હરૂ ૧૪ કરૂ ૧૫. વસો. ૧૭ નીજ ૧૮ મત્ર ૧૯ અખકદેય. મત્ર. ૨૦ વીહી વાર ૨૩. થઓ. નીસરો.

દિવસ દસમે નગર આવ્યો. ગયો રાજદ્વાર.
ઋતુપર્ણરાએ બોલાવીઓ, પૂછીઓ સમાચાર. ૨૪
નળ કેહે, 'મુહને બાહુક જાણો. અશ્વવિદ્યા સાર
માહારા જેવી જાણે નહિ કો બીજો તો સંસાર. ૨૫
અન ઉત્તમ રાંધી જાણું, ખટ રસના જે સ્વાદ.
ગણું કારજ કરૂં પ્રીછું, ઉપજે ઉલ્હાદ.' ૨૬
રાય કેહે, 'તમો રોહો બાહુક! મુહને છે અતિપ્રીત
અશ્વ ઉતાવળા કરી, ચલાવો એ રીત.' ૨૭
(મા)ન દઇ રાએ રાખીઓ. સોંપીઆ અશ્વ અનેક.
દશ સહસ્ર પરઠીઓ ને મુખ કીધો એક. ૨૮
એણી પેરે તો નળ રહ્યો તે રાયનું અતિ માન.
વાર્ષ્ણેય જે જીવલ નામે રેહે છે તેણે સ્થાન ૨૯
નળ તેહેને ઓળખે, તે ન જાણે નિજ નાથ.
રમે, બેસે એકઠા તે માહોમાહે સાથ. ૩૦
સાંઝે સાઝે ચિંતાતુર તે ભણે નૈષધ કેરો શ્લોક,
—સારથી જયમ સાભળે-અંતરે આણી શોક. ૩૧
"ભૂખી, તરશી, થાકી નારી સુતી હશે તેણે ઠામ.
સતી કિહાં રહી હશે? મૂરખે કીધુ કામ!" ૩૨
શ્લોક સુણીને સારથી પૂછે છે વતભેદ,
'કોણ સ્રીને સંભારે તું? ધરે મનમાહે ખેદ.' ૩૩
નળ કેહે 'કો મંદમિતિ(એ મેહે)લી હુતી નાર
કોણ કુઅર્થે સુતી મેહેલી ઘોર વનમુઝાર? ૩૪
તજીને દુઃખ પામીઓ તે, કરે છે પશ્ચાત્તાપ.
વાક કોનો કાઢીએ, પૂરવનું કાંઇ પાપ? ૩૫
તે રડબડતો કહીએ ગયો, જવ દુખ પામ્યો મૂઢ.
વ્યસને પીડયો જઇ રહ્યો' એહેવુ કેહે થઇ મૂઢ, ૩૬

× × × × ×

'મંદભાગે પરહરી; જીવશે કેયો કાળ? ૩૭
એકલી મારગ ન જાણે તે વન અતિશે ઘોર
રોવી ક્યમ રહી હશે, તાહાં વાઘસિંહ કઠોર? ૩૮

---

૨૪ આવો ૨૯ રહો જવલ ૩૧ સાંઝા કેરા જમ. ૩૨ કેહો.
૩૩ શ્રીને. ૩૪. કુઅરથી. ૩૬ ગઓ. પામો. પીડો રહો. ૩૮ ક્યમ.

અલ્પમતિઆ તજી નારી, કરે દુઃખવિજોગ।
દુઃખે પીડયો ભમતો હીંડે. સંભારે સંજોગ. ૩૯
મુહને તે ત્યમ સાભ(રે), શોક તેહેનો થાએ.'
સારથીને એણી પે(રે બોલ) આપ્યા રાએ. ૪૦
ઋષિ કેહે, એમ નળ વસીઓ અયોધ્યાએ અનુસરી.
કેહે ભાલણ, સુબાહુને ઘેરે રહી તા સુંદરી ૪૧

કડવું ૨૬.

રાગ આશાવરી.

ભીમરાએ તે જાણીઉં, દુ.ખ ઘણું મને આણી (ઈ).
(વિપ્ર) બહુ નગરના વાસી તેડીઆ રે. ૧

ઢાળ+

વિપ્ર સઘળા તેડીઆ ને કેહે રાજા ભીમ,
'દમયતીનળરાયને શોધવા જાઓ સીમ. ૨
સીધ લાવે તેહની, તેહને આવુ સહસ્ર સુદર ગાય;
મુખ્ય આસન દઉ તેહને, કરે જે ઉપાય' ૩
વચન રાયનાં હ્રદે આણી ચાલીઆ વિપ્ર અનેક
દેશદેશે શોધવાને ઘણો કરે વિવેક. ૪
અવરે પાછા આવીઆ. ઘણી કરી તા બુદ્ધ.
રાયને આવી(ને કહ્યુ, 'કાંઇ) ન લાધી સુધ' ૫
સુદેવ બ્રાહ્મણ ચે(દિ દે)શ ગયો જેવા કારણે કામ,
ઘણુ જણે રમાડી છે શિશુથકી નિજ ધામ. ૬
ચેહેન સઘળા ઓળખે છે. તે ગયો રાજભુવન.
નીરખતા તવ નયણે નીરખી; દુઃખે દાધુ તન. ૭
સુનન્દા સાથે રમે છે દેહની નહિ કાંત,
ધૂમે ઢાંકયો વહ્નિ જાણે! એહુ છે એકાંત. ૮
સકળ લક્ષણ સુંદરી, જાણે રમાનો અવતાર!
નયણે નીરખી હરખ પામ્યો વિપ્ર તેણે ઠાર. ૯

---

૩૯ પીડો સાંભરે ૪૦ તમ આપા ૪૧ અણુસરી ૧ રાએને. ૩. ગાએ. મુખ ઉપાએ ૪ રાએના ૫. રાએને. ૬ ગોઓ સસુથકાં. ૭. ગએ. ૮ દેહીની કાંત ઢાંકો ૯ રામનો પામો.

+ મૂળમા 'ઢાળ' નથી લખ્યુ.

એધાણુ સઘળાએ (ઓળખી, મા)નિની હોએ એહ.
ચિત્તમાહે ચિંતવે, 'દુઃખે બળી છે દેહ. ૧૦
શશી ગ્રહ્યો જ્યમ રાહુ આવી પૂર્ણિમાની રાતે,
તેહેવુ મુખ એ માનિનીનું ભાસે ભુંડી ભાતે' ૧૧
ભૂષણુ પાખે ભામિની ભાસે નહિ શરીર;
ઉપમા એહેવી ઉપજે–જ્યમ નદી સુકે નીર' ૧૨
નીશે એ હોએ સહી બોલાવુ બાળા આજ.
નરતિ લાગે નરપતિની, તો સરે માહારા કાજ' ૧૩
વીમાસીને ગયો પાસે, આણી અતિ ઉલ્હાદ
'દમયતી!' એમ નામ લઇને કર્યો હલુએ સાદ. ૧૪
'ભીમી! હું સુદેવ છુ. કુશલ તાહારો તાત.
પુત્રપુત્રી કુશલ છે, કુટુંબ, ભ્રાત, માત. ૧૫
શોધવા રાએ મોકલ્યો મે જોયા તાં બહુ દેશ;
ગયાં જાણી તહમને દુઃખ પામે છે નરેશ.' ૧૬
વિસ્મય પામી વચન સુણુતા. ઓળખ્યો સુદેવ.
રૂદન કરતી માનિની પૂછવા લાગી ખેવ, ૧૭
'સ્વજન સહુનિ કુશલ છે? ભલા છે પુત્રભ્રાત?
દુઃખ માહરા દેહનું તે થી કહુ હું વાત'' ૧૮
રૂદન કરતી રામા જોઈ, સુનન્દા તત્કાળ
માતાને તે જઇ કેહે, 'એક વિપ્ર આવ્યો વિશાળ. ૧૯
સૈરન્ધ્રીને કહ્યું કાઇ, એ કરે છે રૂદન,
વાત કરે છે વિપ્ર સાથે, દુઃખ છે અતિઘન ૨૦
વચન સુણી (તત્ક્ષણુ) ઉઠી, રાજમાતા જાય.
દમયતી ને વિપ્ર છે, તાહા વેગે આવી ધાય+ ૨૧

કડવું ૨૭.

રાગ આશાવરી×

વાડવને પૂછે વાત રે, 'કોણુ છે એનો તાત રે?
પ્રિયુડો તે કોણુ, કોહો જી, એહનો રે?

---

૧૧ ગ્રહો. જમ ૧૨. જમ ૧૪ ગયો કરો ૧૫. કુશળ. ૧૬ મોકલ્યો. જોયા. ગયાં ૧૭ ઓળખ્યો. ૧૯ આવો ૨૦ કહ્યું ૨૧ જાય.

+ મૂળમાં ચમરજ છે. × રાગનું નામ નથી આપ્યું.

ઢાળ.

કોણ પ્રિયુ છે એહનો ? તહમો કાહાથી આવ્યા સુન્ય ?
રૂદન કરે છે શા ભણી ? તે સત્ય કોહો વચન.' ૨
વિપ્ર વળતો બોલીઓ, ' વિદર્ભ દેશ વિશાળ;
ધર્માત્મા એક ભીમ નામે વસે તાહા ભૂપાળ. ૩
દમયતી એ સુતા તેહેની વરી નળ ભૂપાળ.
રાજ્ય હારી વન ગયો, તે નહિ સમાચાર ૪
તે ભીમરાએ મોકલ્યા અહમો શોધવાને કામ
એધાણે મે ઓળખી સુંદરી આણે ઠામ ૫
જન્મથી (લલાટ) મધ્યે તલ છે વિશાળ;
મેં રમતા દીઠો હુતો, જહવારા નાહાની બાળ. ૬
વિધાતાએ નિર્મીઓ તે મૅલ ઢાંકયો ગૂઢ.
જોતા જોતાં જાણીઉ; હુ થઇ રહ્યો દિગમૂઢ.' ૭
સુનન્દા તે સાભળીને મૅલ ધોયો ખેવ.
રાજમાતાએ નીરખીઓ તે પ્રગટ અવશ્યમેવ. ૮
રોવા લાગી રાજમાતા આણી અંતર નેહ.
રૂદન કરવા અતિ ઘણું બેહુએ તે લાગ્યાં તેહ. ૯
' બાઇ ' તું ભાણેજ માહારી, ઓળખી નહિ આપ !
માન કાઇ દીધુ નહિ તે માહારે પોતે પાપ ! ૧૦
દેશ દશારણ્ય તણો તે સુદામા રાજાન.
પુત્રી બે અહમો તેહની, એક ભીમને દીધુ દાન, ૧૧
વીરબાહુને હુ અ દીધી ભલે આવી ઘેર
નાના વિધના વસ્ત્ર પેહેરો, ભોગ ભોગવો પેર.' ૧૨
રોતી રહી કેહે દમયતી, ' હું પામી સુખ અપાર.
તહમો માહારી કરી રક્ષા, રહી આણે ઠાર. ૧૩
હવે સુહને વળાવો, પીહર જાવા મન.
સુઝ વિના દોહેલાં થાતા હોશે પુત્રી ને તા તન. ૧૪
બાળક બે મે મોકલ્યાં, રમતો દેખીને રાય+
પિતા પાખે માશીજી ' તે પ્રેમ દુખીઆં થાય+ ૧૫

---

૨. આવા સુન ૩ વસે ૪ ગઓ. ૫. મોકલા. ૭ ઢાંકો. રહો ૮. ધોઓ. ૯ બહુએગા. ૧૨. સુબાહુને. ૧૩. રખા ૧૪ સુઇવના. ૧૫ મોકલા.

+ મૂળમાજ અત્ય અક્ષર છે

શોક મુહને પ્રિયુ તણો, જે મેહેલી ગયા રાત.'
માશી આગળ માડીને સઘળીએ કહી તા વાત. ૧૬
સુબાહુ (આગ્રહ) કરે ઘણો; ઘણુ એ કહ્યું દઇ માન.
(થોડે) દાહેડે દિવસ તે રાખીઆ તેણે સ્થાન. ૧૭
સજાઈ કરી ઘણી, શિબિકા વાહંન.
સેના સાથે અતિ ઘણી તે ચલાવી રાજન. ૧૮
ખાનપાન અનેક વિધના આપીઆ તાં સંગ.
શીખ માગી સાચરી તે દુઃખ ધરતી અંગ. ૧૯
મારગમાહા થયા દિવસ કેટલા, પીહર જાવા પ્રેમ.
કેહે ભાલણ, કુંડિનપુર પોહોતા તે કુશલીખેમ. ૨૦

કડવું ૨૮.

રાગ મેવાડો એક તાલી.

આગળથી આવી સુદેવે વધામણી (તા કી)ધી,
'સ્વામીજી' મેં ઘણુએ શોધ્યુ. દમયંતી તા લાધી. ૧
કુઅરી આવી હો નગર તણે તાં દ્વાર'
રાજા આપીઉ વિત્ત વિપ્રને, તે હૈડે હરખ અપાર રે
કુઅરી૦ ધ્રુવપદ. ૨
માતાએ તે શ્રવણે સાંભળ્યું, (ફુલ)ટ અંગ ન માય+
મળવાને સહુ સાહામુ ચાલે—બાળક લઇને રાય. કુંઅરી૦ ૩
જનની આવી દે આલિંગન, હેરી સાહામું જોય.
દીનદામણી દુખણી દેખી, માતા મળતી રોય+ કુ૦ ૪
બાળક બેહે કરે અતિ આક્રંદ, રુએ સજ્જન, સર્વ ભાઈ.
હાહાકાર તે થઇ રહ્યો અતિ, દેખી તેહ સગાઇ. કુ૦ ૫
રોતી રાખી માતા પૂછે, 'કહે તુઝ પતિ ક્યાહાં બાઇ!?
રાજાએ શા માટે મેહેલી? એવડો નહિ અન્યાયી' કું૦ ૬
ગદ ગદ કંઠે કેહે કામિની, 'દ્યૂત રમીને હાર્યો.
સરજ્યું તે કોએ નવ છૂટે! મેં તો ઘણુએ વાર્યો' કુ૦ ૭

---

૧૬ ગભા ૧૭ ન્હુ. ૨૦ યથો. ખીમ. ૧ ચોહ્યુ. ૨ ધ્રુપદ. ૩ સાભળ્યુ. રાએ. ૪ જનુની હેડી જોએ. ૫ રહ્યો. ૬ અનાઈ. ૭. હારો. સરજ્યુ વારો.

+ મૂળમા અત્ય એ નથી પણ 'ય' છે

કુઅરી બોલેરે, ' સાભળિ માહારી માત.
માહારા દુઃખની કહી ન જાએ સોએ વર્ષે વાત. કુઅરી બોલેરે. ૮
નગર થકી બેહુએ નીસરીઆ, સાથે કો નવ લીધો.
હસ ઝાલવાને મતિ કોધી, તેણુ નાગો કીધો કુ૦ ૯
છેડો એક મે પેહેરવા આપ્યો, એક વસ્ત્રે પરવરીઆ
એમ કરતા સભા એક (આવી), થાકયાં થઇ ઉતરીઆ. કુ૦૧૦
(અર્ધ નિ)શા મુહને મ્યો મેહેલી નિદ્રાભર તા સુતી.
જાગી હું, આક્રદ કરતી; ઘણુ એ વન વગુતી. કુ૦ ૧૧
શોધતા ગળી અજગરે, આહેડીઆ કાઢી,
પેરે રાખ(વા મ)ન તેણુ કીધુ, વેદના વેઠી ગાઢી કુ૦ ૧૨
તાહા થકી વણુજારા મીલી, તેણુ પણુ દુઃખ દીધુ.
કોણુ આગળ કહું દુઃખ માહારૂ, જો અધ પોતે કીધુ ? કુ૦ ૧૩
પછી ચેદિ દેશ હું આવી. મેં નવ જાણી માશી.
—વા વાએ તેવા લીજે બોલવા—જઇ રહી તાહા દાસી. કુ૦ ૧૪
એમ કરતા આ બ્રાહ્મણુ આવ્યો માસીએ વળાવી.
દુખ મુહને માતા' કેટલુ (પડયુ). હવા આહી આવી ' કુ૦૧૫
સજ્જન સહુ કરે અતિ આરતિ આવી તે નિજધામ.
સુદેવ રાજાએ સતોખ્યો, આપી ગૌ બહુ દ્રામ. કુ૦ ૧૬
થઇ સાસતી માતા પ્રત્યે દમયતી કેહે વાણી,
' જો જાણો જે પુત્રી જીવે, પ્રિયુ શોધાવો જાણી કુ૦ ૧૭
નહિ તો પ્રાણુ તજુ હું હવડા, મે રહ્યું નવ જાય.+
ઘણા દિવસ થયા+ મે દીઠો, સુંદર જે નળરાય. કુ૦ ૧૮

કડવું ૨૯

રાગ મેવાડો.×

રાયજીઆં બહુ બ્રાહ્મણુ તેડયા, આદર કરી ચલાવે.
' (તેહને મન)વાછિત ફળ આપુ, જે નળની સુધ લાવે' ૧
બીજી બ્રાહ્મણુને એમ કેહે છે, ' દેશ દેશ જઇ રેહેજો.
રાજસભામાહે તા વાણી એણી પેરે તહમે કેહેજો— ૨

---

૮ સાશળે ૯ બહુએ નવે ૧૦ આપો. થાકા ૧૧ ગે. ૧૨ અગરે ઘેડી ૧૫ આવો બોલાવી ૧૬ સંતોખો ૧૮ રહ્યુ, રાએ. ૧ રાએજીઆં તેડા
× અત્ય ચકાર મૂળમાજ છે × રાગનુ નામ નથી આપ્યુ

" ધૂર્તે વસ્ત્ર વધારી વનમા સુતી મેહેલી નારી—
પરમ સાધવી પુત્રની માતા, કેહી બુધ્ધે વિચારી ? ૩
" તે દુઃખ પામી રોતી હીંડે. કૃપા તાં હવા કીજે.
દુર્બળ પણુ નારીને પાળે, તેહ વીમાસી લીજે. ૪
" પત્નીની તો રક્ષા કરવી, ભરણુ પોષણુ તા દેવુ,
ધર્મ જાણુતો તે કયમ મેહેલે સ્વર્ગતણું ફળ લેવુ ? ૫
" ચતુર, કુલિન ને દયાવતનો પ્રેમ ઘણો મને હુતો
અવળુ ભાગ્ય થયુ એ માહારૂં, તો મોહજાળે ગુતો." ૬
સ્વામી' એહેવી ગાથા બોલજો. પ્રતિ ઉત્તર દે કોય+,
એધાણે એ ઓળખજો રે તે નળરાજા હોય+ ૭
એ વચન (સુણી)ને મુહને કેહેજો, જયમ ન જાણે કોણુ —
દોહેલો સાહેલો છે તે કેહેવો? પ્રેમ તે કેહેવો આણે ? ૮
એહેવુ કહીને વિપ્ર ચલાવ્યા દેશદેશ જ્યા શુન્ય.
શેરીશેરી કેહેતા હીંડે વનિતાતણા વચન. ૯
(કા)હે નળરાજા નવ લાધ્યો, પાછા આવ્યા વિપ્ર
વાત કહી તે દમયતીને, જોઇ જોઇ ક્ષિપ્ર. ૧૦
કાળ કેટલે વિપ્ર તે આવ્યો, પર્ણાદ જેહેનુ નામ.
સમાચાર આવીને કેહે છે. દમયતીને ધામ, ૧૧
'દેશ બહુ નીરખ્યા મે' બાઇ' પુરી અયોધ્યા પેઠો.
વાટે વાટે ભમતો હીંડયો, એક ઘડી નવ બેઠો. ૧૨
ઋતુપર્ણતણી સભામા ગયો, ગાથા ભણીય સુણાવી.
વળતા કાઇ રાજા નવ બોલ્યો. કોને મંન ન આવી. ૧૩
બાહુક એક ઉઠીને આવ્યો મુઝ પાસે એકાંત.
કાળો કુચિત્ર અને કુબડો, કાયામા+ નહિ કાંત, ૧૪
ઘોડા શીઘ્ર ચલાવી જાણે, અતિ સ્વાદ ભોજન.
નીસાસો મુકીને તેડયો. કીધુ ઘણું રૂદન. ૧૫

---

૪. તાંહા ૫ રખા. કમ. મેહેલી ૬. થઉ. ૮. જમ. ૯. ચલાવા. ગા. શુન. ૧૦. લાધો. આવા ખીપ્ર. ૧૧. પરણદેવ. ૧૨. નીરખા. હીંડા નવે ૧૩ ગ્યો બોલો. ૧૪. આવો. કચિત્ર. ૧૫ તેડા

\+ આ શબ્દોમા મૂળમા ચકાર છે, એકાર નથી.

કુશળ કથા પૂછી તે મુહને, વીનતડી નવ દાખી.
દુખીઓ પ્રીત કેહે કો આગળે, અવરે નહિ કો સાખી? ૧૬
"વસ્ત્ર હરીને હંસ ગયો તે, વઢી જહવારા વાહાર.
તે રાકનો વાંક કશો, જે દશા પડી અપાર? ૧૭
"દોહેલી વેલા સતી હોય તે પોતે રાખે આપ,
ક્રોધ કરે નહિ દુખીઆ ઉપર, મન ન આણે પાપ. ૧૮
"(જન દુર્બળ) ધનહીન થયો જે, તે ઉપરે શી રીસ?
દીન બાપડો શું કરે, જેહેને કોપ્યા શ્રી જગદીશ?" ૧૯
એહેવુ કહીને રહ્યો બાહુક, હું અ સુણીને આવ્યો,
નળરાજા મે દીઠો નહિ, પણ સીધ એટલી લાવ્યો' ૨૦
આપી દક્ષિણા ને દ્વિજ વાળ્યો, જઈ માતાને પાસ
રૂદન કરતી કુંવરી કેહે છે, 'સુણ વીનતી, આશ. ૨૧
કાંઇક મતિ મુહને ઉપની છે—કીજે તા પરપચ
સુદેવ બ્રાહ્મણને મોકલીએ પ્રિયુ આણવા સચ ૨૨
તાત ન જાણે ત્યમ તેડાતુ પેરે પ્રાતુ તે વાહી
તુંએ મનમાહે વાત રાખજે. માતા! છે અતિ ડાહી ૨૩
સંતોખી પર્ણાદ વાળ્યો, તેડાવ્યો સુદેવ.
દુઃખ આણતી કેહે છે વાણી દમયંતી તતખેવ, ૨૪

કડવું ૩૦.

રાગ મારૂ

'અહિંથી વિપ્ર' અયોધ્યા જાઓ, રાજસભામાહે રેહેજો.
એકાંતે ઋતુપર્ણ રાજાને વચન એહવા કેહેજો, ૧
'દમયંતી સ્વયંવર કરશે, વરશે ઇચ્છાવર વાગી
પ્રિયુવિણ કેહિ પેરે કાળ નીગમે રૂપ અનુપમ બાળી? ૨
ઇચ્છા હોય તે જાઓ રાજાજી' મળશે બહુ ભૂપાળ
સુરજ ઉગે તે વરને વરશે આજ પ્રાતઃકાળ. ૩
નળની નરતિ નથી લાધતી, જીવે છે કે મુઓ.
વળતો સમાચાર નથી, જેહેની સાથે થયો જુઓ' ૪

૧૬ નવે ૧૮ હોએ. ૧૯ થઓ કોપા ૨૦ રહો આવો લાગો. ૨૧ વાલો ૨૩ તમ પ્રેર વાતુ ૨૪ વાલો તેડાવો ૩ હોએ

એહેવુ કહી તે વિપ્ર ચલાવ્યો વેગે વહી ગ્યો સુન્ય.
ઋતુપર્ણ રાજાને તે જઇ વેગે કહ્યું વચન. ૫
વચન સુણી રાજા મને હરખ્યો. તેડયો બાહુક દઇ માન
મધુરી વાણી કેહે વિવેકે પ્રેમ સહિત રાજાન, ૬
'દમયતી સ્વયવર માંડયો, મુહૂરત છે તે કાલે.
જો જવાએ તો તાહા જઇએ, અશ્વ અનુપમ ચાલે' ૭
વચન સુણી નળ ચિતા પામ્યો હૈડામાંહે વીમાસે,
'શુ ભાઇ સાચુ કે જુઠુ?' રાજા પડીઓ સાસે ૮
મે મૂરખે મેહેલી એકલી, અબળા ઓછા મન!'
વળી વિચારે, 'કયમે ન કરે જેહને પુત્રીતન' ૯
વળી વિચારે, 'નારીનુ મન જેહેવુ રાન્નુ ભાત
ક્ષણમાહે વણસે સગતથી, ન જાણીએ ઉત્પાત. ૧૦
રાજા આદર અતિ કરે છે, તેહેને સાથે જાઊં.
જુઠુ સાચુ નયણે જોઇ, સુખીઓ દુખીઓ થાઊં' ૧૧
એહેવુ વિમાસી કેહે, 'રાજાજી! જાશું એકે દન,
—અશ્વવિદ્યા હું પૂરણ જાણુ—, જો છે મન ગજન.' ૧૨
અશ્વશાળા જઇ નળ રાજા દુર્બળ હય કર ધરીઆ;
લક્ષણ સઘળે પૂરણ જોઇ રથે લઇ જોતરીઆ ૧૩
ઋતુપર્ણ કેહે, 'બાહુક! એણે કયમ જવાશે?
પથ ઘણો ને અશ્વ દુબળા, તત્ક્ષણ થાકયા થાશે' ૧૪
કેહે બાહુક, 'ચિતા મન મ કરો શુભ લક્ષણ હું જાણુ.
વેગે વાટે જાશુ રાજા! પેહેલુ શુ વખાણું?' ૧૫
એહવુ કહીને રથ જોતરીઓ રાજા બેઠો રગ
વાર્ષ્ણેય બેસાર્યો પાસે, બાહુક કેરે સંગ ૧૬
અશ્વ ચલાવ્યા મત્ર ભણી, તે ગરૂડતણી ગતે ચાલે
બાહુક સજ થઇને બેઠો; રાશ ભેદશુ ઝાલે. ૧૭
અશ્વ ઊડે આકાશે ઊંચા, રમ્ય ઘોષ રથ વાજે.
વિસ્મય રા ઋતુપર્ણ તે જાણે, 'શુ બાઇ આ ઘન ગાજે!' ૧૮

---

૫ ચલાવો ગ્યો સુન કહ્યુ ૬ હરખ્યો. તેડ્યો. ૭. માંડ્યો ૮. પામો. ૯ કયમહે ૧૪ કમ થાકા. ૧૬ બેસાર્યો પાસે. ૧૭ ચલાવ્યા. રાસે ૧૮ રમ્ય ઘોખ. તે એમ

સૂત સંદેહ કરે મનમાહે; 'શુ બાઇ માતલિ એહ ?
અથવા શાલિહોત્ર શુ આવ્યો કુછત ધારી દેહ ? ૧૯
અથવા શુ ભાઈ નળરાજા એ ? વિદ્યા તેહેના સરખી !'
વાર્ષ્ણેય તવ રહ્યો વિમાસી, એહેવાની ગતિ નીરખી. ૨૦
પર્વત નદી પથ બહુ મેહેલ્યો, પવન વેગે જાએ.
ભાગાસુરિ રાજા મોહ પામ્યો, ક્ષણ વાર ન થાએ ' ૨૧
જાતા પડી પછેડી રાયની. 'રથ રાખો,' એમ ભાખે.
'વાર્ષ્ણેય વસ્ત્ર એ લાવે' તાહા બાહુક એમ દાખે, ૨૨
'જોયણ એક મેહેલીને આવ્યા, વસ્ત્ર રહ્યુ તાં દૂર
પાછા વળીને લઇ આવતા થાએ તા અસૂર' ૨૩
એહેવુ કહી રથ આઘો ખેડયો પળતા પથ મુઝાર,
બેહેડાનો વૃક્ષ એક આવ્યો-ફુલ્યો, ફળ્યો અપાર ૨૪
ઋતુપર્ણ કેહે બાહુકને, 'વિદ્યા છે મુઝ પાસે.
ફળ પત્રની સંખ્યા તત્ક્ષણ દીઠે કહુ પ્રકાશે ૨૫
સઘળી વિદ્યા કો નવ જાણે, સહુમાહે એકેકી.
× × × × ૨૬
ફળ પત્ર જે ભૂમિ પડયાં છે—શત એ(ક) પચવીસ.
શાખા ખટ અયુત જાણજો,' એહવુ બોલે ઇશ ૨૭
'ગણી જુઓ બાહુક ! એ શાખા,' એહેવુ બોલે રાય+
તવ ઉતર્યો ગણવા કારણે, સજ થઇને કાય+ ૨૮
અયોધ્યાપતિ કેહે, 'બાહુકજી ! ગણતા લાગશે વાર,
એટલે આપણને અસૂર થાશે જાવા તેણે ઠાર ' ૨૯
'ના, રાજાજી ! હવડા જાશુ, નહિ થાએ અસૂર.
(વિદ)ર્ભદેશ તમને પોહાચાડુ અણઆથમતે સૂર ' ૩૦
એહેવુ કહી નળે શાખા છેદી; સંખ્યા કરવા લાગ્યો.
કહ્યાં તેટલા ફળપત્ર થયાં; સંદેહ મનનો ભાગ્યો. ૩૧
આશ્ચર્ય પામી બાહુક બોલે, 'વિદ્યા એ મુઝને આપો
(સેવાનુ) ફળ એહ જ માહારૂં; નિશ્ચલ કરીને થાપો. ૩૨

---

૧૯ માતુલ. આવો ૨૦ રહ્યો ૨૧ મેહેલ્યો પામ્યો ૨૨ રાએની ૨૩ જોઅણ આવ્યા રહુ ૨૪ બેહેડા. આવ્યો. ફુલ્યો. ફલ્યો. ૨૭ પડ્યા. બોલ. અયુત. ૨૮ બે. ઉતરે. ૩૧ લાગો. કહ્યા. થઆ લાગો. × મૂળમાં અંત્યાક્ષર જ છે

રાય કેહે, ' જો તું મુઝને આપે અશ્વવિદ્યા વિખ્યાત,
તો હું તને એ વિદ્યા આપુ–માહારા મનની વાત.' ૩૩
બાહુકને કેહે, ' લ્યે આ વિદ્યા, જો ઇચ્છા છે તાહારી.
અશ્વતણી વિદ્યા તુઝ પાસે છે તે થાપણ માહારી. ૩૪
એહવુ કહી તે વિદ્યા આપી, મંત્ર આપણો કરીઓ
તત્ક્ષણ નળના દેહ થકી કળિયુગ તાં નીસરીઓ. ૩૫
કર્કોટકનું વિષ મુખે દમતો, અતિ દુર્બળ દેહ
સાહવાને થ્યો તે તત્પર નળરા દેખી તેહ. ૩૬
કળિ કેહે ' રા ! હું શાપ્યો છુ દયમતીએ આપ
પાગ પડું છુ, કોપ સંવરો; કીર્તિ કરશુ પ્રસાર ૩૭
તાહારે દેહે વસ્યો હું રાજા' વિષે ઘણુ પીડાણો
વૈદર્ભીના શાપ થકી તે વળી વિશેષે જાણો. ૩૮
જે માનવી પ્રેમે જશ ગાશે અનુદિન રાજા' તાહારો,
–સત્ય વચને કહું છું–તેહને ભય નહિ તે માહારો' ૩૯
એહવુ કહીને તે જુગ ચોથો બેહેડામાહે પેઠો
નળરાજા મન આણંદ પામ્યો, રથ ઉપર જ(ઇ) બેઠો. ૪૦
કળિયુગ રાજાએ નવ દીઠો, નળ શુ થયો સુસંગ.
નગર ભણી વેગે રથ ખેડયો બાહુક આણી રંગ. ૪૧
ક્ષણ એક માહે વહીને વેગે કુંડિનપુર તે આવ્યા.
સાયંકાળ સમે પુર દેખી, મનમા જાણે કુવા ! ૪૨
નગરમાહે એકે નવ દીસે સ્વયવર તણી સજાઇ.
શત જોજન અધ કેરૂં આવ્યા રથ વેગે તે ધાઇ ! ૪૩
ધ્વજા, પતાકા, નહિ મંડપ, રાજપુત્ર નવે દીસે.
ચિંતા મન કરે તે રાજા, ' વિપ્રે વાહ્યા રીસે !' ૪૪
ભીમરાયને જાણ કરાવ્યું. આવ્યા તે તત્કાળ.
નગર મધ્યે રથ ખેડાવ્યો વિસ્મય શુ ભૂપાળ. ૪૫

---

૩૩ રામે ૩૪. છે માહારી. ૩૬ થો ૩૭. શાપો પ્રસાદ ૩૮ વસો. વસે ૪૦. પામો ૪૧ સસગ બેઠો ૪૨ આવા ૪૪ એ તે વાહ્યા ૪૫. રાએને. કરાવુ આવા. બેઠાવો.

કડવું ૩૧.

રાગ દેશાખ.

દમયતી સુણી રથનો નાદ, પામી મનમાહા અતિ હલ્હાદ.
નળ ઓળખી (તે દડવ)ડી, વેગે જઇ માળીએ ચઢી. ૧
શકે તો આવ્યો નળ ભૂપ ' નહિ તેહેના સરખુ કંઇ રૂપ
ચઢી ઊંચે જુએ જાહાં, પોળે રથ દીઠો તે તાહા. ૨
ઋતુપર્ણ, બાહુક, સારથી, મન જાણ્યું નળરાજા નથી.
છોડયો રથ, રાજા ઉતર્યા. ભીમરાય સાહામો પરવર્યો. ૩
માહો માંહે મળીઆ બેહે, કુશલ ક્ષેમ પૂછે અતિ નેહે,
' કોહો કારાજ કયમ આવ્યા તમો ? કૃતારથ તા કીધા અમો.'૪
ઋતુપર્ણ કેહે વચન, ' તમને મળવાને થયુ મન.'
દઇ માન પધરાવ્યા ઘેર, પૂજા કીધી પેરાપેર. ૫
વાર્ષ્ણેય વ(સ્યો) તઉ વાસ, જઇ ઉતરીઆ મધ્ય આવાસ
બાહુક હયશાળામા રહો બાધી હય ને આશ્રમ ગ્રહો ૬
દમયતી મને કરે વિચાર, ' કોહાનો રથ ? નોહે ભરથાર
વળતી વીમાસે તે સુદરી, વિદ્યિ એ વિદ્યાએ ધરી ' ૭
તેણી વાતનો જાણી મોખ, નળના સરખો રથનો ઘોખ.'
દૂતી એક કેશિની નામ તે મોકલી દઇને કામ ૮
'જઇ પૂછો તેહેને વૃત્તાત, પર્ણાદે જે કહ્યુ એકાત,'
વચન સુણી દૂતી ગઇ જાહા, દમયતી જુએ છે તાહા ૯
પ્રશ્ન કરે કેશિની પ્રેમ, ' કોહોજી આવ્યા કુશીલખેમ ?
નગર થકી કાહારે નીસર્યા ? શે કારજ અહિ પરવર્યા ?' ૧૦
બાહુક કેહે, 'સ્વયવર માભળી, ઋતુપર્ણ પામ્યો મન રળી;
વાડવ વાત કહી વિસ્તરી–દમયતી વર વરશે ફરી. ૧૧
માની વાત તે સાચી સહી, એકે દાડે આવ્યા વહી.'
દાસી પુછે ભેદે કરી, 'તહમો ત્રણ કોણ ? કોહો વાણી ખરી.'૧૨
બાહુક કેહે, 'નળનો સારથી વાર્ષ્ણેય જે બીજો રથી,
ત્રીજો ઋતુપર્ણ રાજાન—એ ત્રણે આવ્યા જોડી જાન. ૧૩

---

૨ આવો ૩. છોડો ઉતરો. રાએ પરવરો ૪ આવા. ૫. થઇ પધરાવા ૬ રહો. ગ્રહો ૭ વલીતી વાર્ષ્ણે ૯ કહ્યુ ૧૦ નીસરા પરવરા. ૧૧ પામો ખરી ૧૨ આવા. ૧૩ આવા જોઇ.

અશ્વવિદ્યા હું જાણું, ખરૂં, તેણે નળનું કારજ કર્યું.'
અતિ સ્વાદ કરે ભોજન, તેણે મિત્ર થયો રાજન.' ૧૪
વળી કેશિની વાણી કેહે, 'વાર્ષ્ણેય નળને નવ લેહે?'
કેહે બાહુક, ' મેહેલ્યાં બે બાળ, ગયો અયોધ્યા તે તત્કાળ ૧૫
રાએ હારી જાણી રિદ્ધ, નથી જાણતો નળની સીધ.
તેહેને તો નવ જાણે કોય, નષ્ટરૂપ ગૂઢ રેહે સોય. ૧૬
તેહેને જાણે તેહેનું મંન, બીજા કોહોને નહિ દર્શન.'
કેહે કેશિની, ' દ્વિજપર્ણાદિવાદ, તેહેનો શો કહીએ સ્વાદ? ૧૭
બાહુક! વાણી કોહોને ખરી, સાભળવા ઇચ્છે સુદરી;'
બાહુક વળતો વાણી વદે ગદગદ કંઠે-દુ:ખ અતિ હ્રદે, ૧૮
'સતી સાચવે શીલ સુ(જાત); કષ્ટ પડે કરે શી વાત?'
પૂરવનું વાળીને કહ્યું, ગયું વસ્ત્ર જે હંસે ગ્રહ્યું. ૧૯
તે સાભળીને દૂતી કથા, ભીમીને કેહે સરવથા.
મૃગનયણી મને શંકા કરિ, નયણે અતિઘન આસુ ઝરિ. ૨૦
'જાણે શુ નળ હોએ એહ' અંતરગતે આવ્યો સદેહ
શ્યામા કેહે, ' કેશિની! સુણો, રૂપતણો સંદેહે મન ઘણો. ૨૧
પાસે રહી પરીક્ષા કરો, ભોજનની સજાઇ ધરો.
શાક સ(મારી), મેહેલો અંન વિના જળ ને હુતાશન. ૨૨
નળ હશે તો આવશે, જે જે અંતર તે ભાવશે
કાઇ બોલે તે સાભળે, જોઇ ચેહેન ને ભૂપતિ કળે. ૨૩
પાસે રહી પરીક્ષા કરી, મુહને વાણી કેહેજે ખરી'
વાણી શ્યામાની તે સુણી, ગઇ કેશિની નળરા ભણી. ૨૪
પુનરપિ આવી પાછી વળી, કેહે કથા, અતિ મનની રળી-
'સુણિ ભીમી! મેં જોયો ભેદ, દેવરૂપ હોએ, એ વેદ. ૨૫
ઠાલો કુભ લઇ આગળે ધર્યો, ઉપર કર દીધો, જળે ભર્યો;
તૃણ મુષ્ટે ગ્રહી જેટલે, હુતાશન આવ્યો તેટલે. ૨૬
માસ અનેક પશુના જેહ, રાંનિ આપી નીપાયાં તેહ
એક આશ્ચર્ય મે દીઠુ સહી-પાવક સાહે દાઝે નહિ!' ૨૭

---

૧૪ કરે થએ ૧૫ મેહેલા ગએ ૧૬ રિધે :સીધ્ર કોઅ સોએ ૧૯ કહુ ગઉ ગ્રહુ ૨૦ ઝરે. ૨૧ આવો, ૨૩ તો તે ૨૫ સુણે. ૨૬ ધરે. ત્રણ મુષ્ઠ આવો. ૨૭ નીપાયાં. સાહે

ચોળી પુષ્પ નાખે જે પાણ, તે વળી શુભ થાએ જાણ.
કોહોને દ્વારે જાતાં નવ નમે, થાએ મોકળુ જે મને ગમે. ૨૮
એહેવી વાત માહારે મન વસી, જોઇ કેહેવા આવી ધસી '
વચન સુણીને જાણે નાર, બાહુક એ હોએ ભરથાર. ૨૯
પુનરપિ દાસીને મોકલે, કારજ કરવાને મન ભલે,
'જારે કશિની ' વેગે તાહાં, માંસ આણીને લાવિ આંહા. ૩૦
જોઉ, છે તે કેહેવો સ્વાદ, નળનું પચાવ્યુ તે ઉલ્હાદ ? '
ચોરી ચાલી વેગે ગઇ, રસોઇ માહે સજ થઈ. ૩૧
જાણે નહિ તેમ લીધુ હરી, ઉષ્ણ માસ કરે ધરી.
આમિષ આપ્યુ ભીમીહાથ સ્વાદ જોઇને જાણ્યો નાથ. ૩૨
મુખ ધોઇને બેહુ બાળ, મોકલીઆ તાહા તત્કાળ
બાહુકને આપ્યાં શુભ અંગ, લઇ બેસાર્યાં ઉછંગ ૩૩
સુતના મુખ સાહામુ તે જોય.× પામી દુઃખ ને ગાઢે રોય,×
અતિશે દુખ સંભાવી હદે, દાસી પ્રત્યે વાણી વદે, ૩૪
' માહારા સુતનો છે આકાર, તેણુ મુઝમુ આસુધાર,
બાળકને લઇ જાઓ ઘેર, લોકતણી છે અવળી પેર ૩૫
તું આવાછાં વારોવાર, કરશે લોક નવો વિચાર.
× × × × ૩૬
આવી કેશિનીએ સવિ કહી, વામા વાત ચિત્તમાહે ગ્રહી
મને વિમાસી મૃગલોચની માત ભણી પઠવી કેશિની. ૩૭
' જા, સખી ' માને કેહે મર્મ, રૂપતણો એક છે તા ભ્રમ,
બીજા સઘળા મળ્યાં એંધાણ. બાહુક નળ હોએ નિર્વાણ ૩૮
મુખામુખ મળું જો એહ, રૂપતણો ભાગે સંદેહ,
તેહને તેડો, અહિ આવશે, કે હું જાઉં તેહને પાસ ? ૩૯
પૂછી પિતાને કરો વાત; અથવા જ્યમ ન જાણે તાત,
આપો આજ્ઞા જાઉં તાહાં. કોહો તો તે તેડાવુ આહા. ૪૦
રાણીએ પૂછયું રાજાન દીધી આજ્ઞા જોઇને જ્ઞાનઃ
—જાણ્યુ, સુખ ગયું વાળીએ. વેગે નળ તેડયો બાળીએ ૪૧

---

૩૦ લાવે ૩૧ પચાવુ ૩૨ ઉષ્ટ. આપુ જણુ નાથા ૩૩ આપો. બેસારા ૩૪ સભાવી. ૩૮ બ્રાહ્મ. મલા. ૪૦ જમ. ૪૧ પુછ્ઉ જણુ ગઉ તેડો. × મુળમા અ લાખકારં છે

દીઠી નારી દુઃખ ના માય; ગદગદ કંઠ થયો તવ રાય+
નળે જોઇ તે દમયંતી-રૂદન કરે, ચિંતા અતિ ઘણી ૪૨
વસ્ત્ર કુષાયાં, જટા મેલભરી, દુર્બળ દેહ, પ્રભા ઉતરી.
શોકપ્રભાવ સહી નવ શકે. લોહાં આંસુ. વાણી બકે, ૪૩
'બાહુક' સાચુ કેહેજો આજ, કેહિ તમો દીઠા મહારાજ,
જેણે હુ (સુ)તી પરહરી વણ અપરાધે એી સુંદરી? ૪૪
પ્રેમ કરી જે નિશદિન ભજે, નળવિના વનમાહે કોણ તજે?
મે મોટો અપરાધ જ કર્યો, દેવ તજી મંડપમાહે વર્યો ૪૫
જાણે ધર્મ ચતુર જેહ, પુત્રવતી તજે કયમ તેહ?
હસવચને ધરી અતિપ્રીત, તેહેને તજવુ કેહિ રીત?' ૪૬
વચન સુણીને નળ ઓચરે,—નયણે, શોકે, આસુ ઝરે—
'માહારો વાક કશો મને માણ, સર્વે કળિનું કીધુ જાણ. ૪૭
ગયુ રાજ્ય નીસરીઓ વન, તેણા મુઝ ઉતરીઉ મન.
કળિ તાહારે શાપે અતિ બળ્યો; માહારે દેહે વસ્યો, પરજળ્યો. ૪૮
કર્કોટનુ વિષ અતિ ચહડ્યું, તેણે તન તેહેનુ અતિ નડ્યુ.
તેણે હું તજ્યો તા આજ. અહિ આવ્યો છુ તાહારે કાજ. ૪૯
દૂત ભમે છે દેશેદેશ—સ્વયવર માંડયો નરેશ,
દમયતી (વર વર)સે નવો-તહમો ભલે એ વાણી સ્તવો. ૫૦
કોહોને રૂડા કુળની નાર! વર વરશો મેહેલી ભરથાર?
જીવતા બીજાને વરે! તું વિના કોણ એહેવુ કરે? ૫૧
ઋતુપર્ણ જાણી આવીઓ, મુહને પણ સાથે લાવીઓ.
માહારૂ મન માન્યું અતિઘણું-પ્રીછ્યુ સગપણ નારીતણું" ૫૨

કડવું ૩૨.

રાગ રામગ્રી+

વચન પ્રભુના સાભળી, મન વાળીએ જી, ચરણે કર્યો પ્રણામ.
બોહ્યું પાળીએ જી.
એહ અમારી વીનતી. „ સાચુ સુણીએ સ્વામ! „ ૧

---

૪૨. દીની માએ. ૪૩ કખાયા હુહા ૪૪ શ્રી. ૪૫ કરો વરો. ૪૬. કમ ૪૮. ગઇ બળ્યો. વસ્યો. પરજળ્યો. ૪૯ ચહુ નડુ તજ્યો. આવો. ૫૦. માહો, ૫૨. માહરૂ પ્રીછ. ૧. જવાબમાં. કરો. બોહ.

+ મુળમાં, અંતે, ચકાર છે.

(મુજ)માહે દોષ મ જાણશો; ,, મેં કીધો તો પરપંચ. ,,
તમો તેડવા કારણે, ,, સ્વયર કેરો સચ ,, ૨
પણુદિ આવી કહ્યાં ,, મુહને ત્રણ એધાણ— ,,
પંખી વસ્ત્ર હરી ગયો, ,, તેણુ રહ્યા માહારા પ્રાણ ,, ૩
એહ દા(હાડે) કયમ આવશે ,, નળવિણ બીજો કોય ? ,,
એહ વિમાસી મોકલ્યો ,, કેહેવા કારણે સુન્ય. ,, ૪
મેહેલ્યા ચારે દેવને, ,, મે તું વરીઓ નાથ ! ,,
વૈશ્વાનર સાનિધ્યે અહો ,, તિં પ્રભુ ! માહારો હાથ.,, ૫
તે કયમ બીજાને વરુ, ,, પશ્ચિમ ઉગે સુર, ,,
પાવક જો સીતળ થાએ, ,, સુકે સાગર પૂર ? ,, ૬
મનથી તહમો ન વીમરો, ,, સત્ય કરીને જાણય ,,
ચિત્ત જો કાંઇ ચહ્યું હોએ, ,, ચરણ તહમારીની આણય,, ૭
ર્વિ, શશી, પવન તે સાખીઆ, ,, જો કાંઇ હોએ અસત્ય ,,
કેહુ જો કાંઇ કહું, ,, તે મુઝને દેજો મૃત્ય. ,, ૮
ત્રણ વરસ રહી એકલી, ,, જો કીધો કાંઇ અન્યાય, ,,
તેણે પાપે પ્રાણ એ ,, માહારા તત્ક્ષણ જાય ,, ૯
સત્ય કરીને જાણજો, ,, તમોને આણવા કર્યો ઉપાય '

× × × × ૧૦

એહેવું કહીને કામિની, ,, ગાઢે કરે રૂદન, ,,
(રોતી) મેહેલી કામિની, ,, તહવારા (બોલે) પવન, ,, ૧૧
' અહમો ત્રણે છુ સાખીઆ, ,, દૂષણ નથી લગાર. ,,
શીલ સાચું છે એહનું, ,, કીજે અંગીકાર ' ,, ૧૨
વચન સુણીને દેવના, ,, દયા ઉપની ભૂપ, ,,
(વ)સ્ત્ર ઓઢી અહિ ચિંતવ્યો,, તત્ક્ષણ થયો+ સ્વરૂપ ,, ૧૩
કંઠે વળગી કામિની, ,, તત્ક્ષણ મેહેલી લાજ. ,,
કુંઅર ખોળે તેડીઓ, ,, પ્રેમ કરી મહારાજ ,, ૧૪

× × × ×

એમ કરતા દિન આથમ્યો , રંગે રમીઆ રાત. ,, ૧૫

---

૩ કહ્યા ગયો રહ્યા ૪ કમ કોંઅ. મોકલ્યો સુન ૫ મેહેલ્યા. અહો. ૬ કમ થઓ. ૭. જાણે ચહ્યુ. આણે ૮ અસતે. પ્રતે ૯ જાએ. ૧૦ કરો. ઉપાએ ૧૩ ચિંતવુ ૧૫ આથમો. રાતે. +મુળમાં અત્ય વકાર છે."

કડવું ૩૩.

રાગ રામગ્રી. તાલભેદ+

રાયજી પૂછે વનની વારતા રે, કામિનીએ કહી સરવથારે. ૧
કામિનીએ કથા કહી, દુઃખ વેઠ્યું જેહ વિશાળ.
નિશા એણી પેર નીગમી ને થયું પ્રાતુકાળ. ૨
ભીમને વધામણી કેશિની જઈને ખાય+,
'દમયતી આનન્દ પામી પ્રગટ થયો નળરાય.' ૩
ભીમરા આવી મળ્યો. વરતીઓ જય જયકાર.
આનન્દ સહુએ પામીઉ તેણે સમે નરનાર. ૪
ભીમે નળ અતિ પૂજીઓ ને દીધા તા બહુમાન.
સાભળીને આવીઓ રે ઋતુપર્ણ રાજાન ૫
(માહો) માહે તે મળ્યા; ઋતુપર્ણ કેહે કરજોડ,
'અપરાધ કાઇ મે કર્યા, તે મન માણુશો ખોડ. ૬
તુકારે બોલાવીઓ ને દીધા નહિ કાંઇ માન.
ઓળખ્યા વિણુ અપરાધ કીધો, ક્ષમા કરજો સ્વામ!' ૭
નળ કેહે, 'નહિ રીસ મુઝને. તહમો (મા)હારે ભાત.
પ્રીત આગળે વાધશે, એ જાણજો વિખ્યાત ' ૮
માહો માહે વિદ્યા આપી, ઉલટ અંગ ન માય+,
બીજો કરીને સારથી ઋતુપર્ણ તા ઘરે જાય+. ૯
નળ સુખે તાહા રહ્યો ને નગર એ ઉત્સાહ
ધ્વજાપતાકા ઘરે ઘરે ને પુષ્પતણા પ્રવાહ. ૧૦
સંવત્સર તો તાહા રહી, શીખ માગી રાયજ
ભીમની આજ્ઞાથી તે નિજ નગર તો જાય.+ ૧૧
સોળ હાથી સંગ લીધા, અશ્વ તો પચાસ,
છસેહ પાળે પરવર્યો, તે બેઠો રથ ઉલ્લાસ. ૧૨
નગરે નરપતિ આવીઓ, પુષ્કર મળીઓ વીર.
નૈષધરાજા ઓચરે, 'સાંભલિ સાચું ધીર! ૧૩

---

૧ રાએજી ૨ વેઠું ૩ઉ ૩ થયો. ૪ મૂળ પંક્તિમા 'ભીમરા' છે પણ તેની ઉપર જૂદા મરોડમા અને જૂદી શાહીમા કોઇએ 'ય' ઉમેરલો છે મશે. ૬ તમે મહા. કરા ૭ ઓલખા ૧૦ રહો. ઉછાહ ૧૧ સંવછર. તે ૧૨. પરવરો. ૧૩. સાંભળે

+ 'રાગ રામગ્રી' લખ્યુ નથી, માત્ર 'તાલી ભેદ' લખ્યુ છે.

+ મૂળમા અંત્ય એકાર નથી પણ યકાર છે

ધન ઘણું હું પામીઓ છુ, દ્યૂત રમીએ આજ
થાપણ માહારી જાણજે તું કને છે જે રાજ્ય ૧૪
રમે નહિ તો યુદ્ધ કીજે, ક્ષત્રીનુ જે ધર્મ
ઇચ્છા તાહારા મનમાહે તેહ કીજે કર્મ.' ૧૫
પુષ્કર વળતો બોલીઓ, 'રાય! રમુ આણી વાર.
રાજ્ય તો મે જીત્યું છે ને હવા જીતું નાર. ૧૬
દમયતીને હું અ જીતી ભોગવુ સુખભોગ.
ભલે તું આંહ આવીઓ મેળવા એ જોગ.' ૧૭
પુષ્કર મનમા ચિતવે, 'પેહેલાંની તાં પેર
જાણે ત્યમ વ(ળી) જીતશું; કળયુગે કીધુ ઘેર ' ૧૮
ક્રોધ નળરાને ચઢયો, જાણે છેદુ શીશ.
ચતુર થઇને વીમાસે મનમા સમાવી રીસ. ૧૯
દ્યૂત પુનરપિ માડીઓ; જીતીઓ નળ તેણીવાર.
પુષ્કર ઝાખો થઈ રહ્યો. નળ વચન બોલ્યો સાર, ૨૦
'કાઇએ તે કીધુ નથી, કળિયુગે કર્યું કૃત્ય.
રીસ નહિ કાઇ સુને તુ ઉપર તા સત્ય. ૨૧
મંદિર જા તું તાહારે, હું ધરીશ તુંશુ પ્રીત.
વેર માહારે છે નહિ, કળિયુગે કર્યું વિપરીત. ૨૨
ભાઇ છા તુ માહારો, પ્રીત પેરે પેર
કારજ પોતાના કરો, હવાં વીર' જાઓ ઘેર.' ૨૩
માન દઇ ચલાવીઓ પુષ્કર તા નિજ ગામ.
નગરજન સંતોખીઆ. નળરાય પોહોતો ધામ ૨૪
સેના તા બહુ મોકલી તેડાવી સુંદરી;
પરમ આનન્દ પામીઆં તે રાજ્ય તા પોતે કરી. ૨૫
નરનાર નગરે પધારીઆ ને હરખીઆ સર્વે લોક.
રાય દીઠે ગયો સર્વ જન કેરો શોક. ૨૬
(યાગ) કીધા અતિ ઘણા, સુખ ભોગવ્યું સંસાર.
ત્યમ તહમોએ પામશો સુખકાળ, નિજ પરિવાર. ૨૭

---

૧૪ રાજ ૧૬ રાયા રાજ. જીતું ૧૭ મેળવાને. ૧૮ પેહેલની. તમ. ૨૦ રહો. બોલ્યો. ૨૧. કર. પ્રીત. સત. ૨૨ કર ૨૪ સંચે ૨૫ રાજ ૨૬ શાએ. ગઓ ૨૭ ભોગવુ. તમ

વીર અર્જુન આવશે, પામશો નિજ પદસ્થાન.
શીશ તોહારે છે પ્રભુ સમરણ શ્રી ભગવાન. ૨૮

ભાઈ સઘળા એકઠા છો, દ્રૌપદી છે પાસ,
વિપ્ર પા(સે) રેહે છે મહાપાત્ર તે વનવાસ. ૨૯

દૈવ જાહા વીસમો થયો, તવ નહિ કાંઇ વળે પ્રાણ.
વળી વેળા સર્વ સાચુ—જાણજો નિર્વાણ.' ૩૦

કથા એહેવી સાભળી, રળીઆત કુંતાનન;
અક્ષવિદ્યા જાણવા વિનવ્યા તાહારે મુન્ય. ૩૧

અક્ષવિદ્યા મ આપી બૃહદશ્વ આણી પ્રીત.
સહુને તેણે અધિકવિદ્યા, જાણજો એ રીત. ૩૨

'યુદ્ધ કે વળી દ્યૂત પરઠીને લેજો રાજ્ય;
બેહુ વાતે સરસે સહી નીશે તમારૂં કાજ.' ૩૩

શીખ માગી સાંચર્યા ઋષિ, રાએ નામ્યું શીશ
ભ્રાત સહિત તે વળાવે પ્રેમે યુધિષ્ઠિર ઇશ. ૩૪

યુધિષ્ઠિર આનન્દ પામ્યા, સાભળી આખ્યાન.
વાટ જુએ અર્જુન કેરી. સમરણ શ્રીભગવાન ૩૫

આર્ણ્યિક પર્વતણી કથા જે સાભળે નરનાર,
પામે સુખ સંસારના, પુનરપિ નહિ અવતાર. ૩૬

(તે તો) દેહ પામે નહિ, જે સાભળે, કરે ગાન
રાજ્ય પામે આપણું, જે સુણે તો રાજાન ૩૭

સાભળે પ્રેમે કરી તે પામે પદ નિર્વાણ—
કેહે ભાલણ બુદ્ધિમાને બોલ્યુ એહ પ્રમાણ. ૩૮

---

૨૮ 'છે' મુળમાં નથી, ૩૦ થયો. વસ ૩૧ રળીઅતે. વીનવા. મુન
૩૨. આપીઉ ૩૩ રાજ ૩૪.સાચરે નાંમ્યુ ૩૫. પાંમા. જોએ. ૩૭. રાજ

બીજું નળાખ્યાન.

કડવું ૧.

રાગ ધન્યાશ્રી મેવાડો.

પર્વતજાને પ્રણમું પ્રીતે રે, નીલકંઠ નમન કરૂં.
ગણનાયક બુધ દાયક રે, સિદ્ધિ બુદ્ધિ મનમાં ધરૂં. ૧

ઢાળ.

સિદ્ધિ બુદ્ધિ ધારી મનમા સમરૂ તેનો સ્વામી,
સિંદુરારૂણ મોદ મોદક નમું મગળ ગામી. ૨
ફરશી કરમા છરાછાં; વિપુલ દેહ પાવન,
ઉદર મોટે દીસાછો; સ્વરૂપે વામન. ૩
સેવલાની સોઇ સારી, ધટા ઝાલ્યા પાણુ;
મૂષકવાહન મલ્પતા છા, વેદ ઉચ્ચરે વાણુ. ૪
શુડાદડ અખંડ અવિચળ, સેવકજન સાઇ સદા,
કવિતા કરવા વિનવિ છિ. મન કરો દેવા! મુદા ૫
વિધુવદની વિધાત્રી દેવી! વિધુવત શીતલ પ્રકાશ.
બ્રહ્મતનયા! બ્રહ્મરૂપા! કરિ કૃપા નિજ દાસ. ૬
અંગમાહે અંધકાર છિ, પ્રગટો અર્ક અનુપ
ચાર નામથી ચતુરા! તારિ, ચાર વાણીના કૂપ. ૭
અલ્પમતિ, આઇ! કાંઇ ન જાણું, ગુણ ગાવાની આશ.
દયાનિધિ! દયા કરિઓ, તો ગુણ ગાયે દાસ. ૮
સુરિનર મુનિવર જિ હુઆ વંદુ તેના પાઇ.
છદ પ્રબંધ હું કાંઇ ન જાણું કરો કવિજન સાઇ. ૯
રાગ ઢાળનું માપ ન જાણું, અહબુદ્ધિ કવિની વસે.
અલકારનો અક્ષર કેવો. જાણું નહિ નવ રસે. ૧૦
શારદા! સંપૂર્ણ કરજો કૃપા મુજપર આજ.
પુણ્યશ્લોકના ગુણ ગાવા મતિ દિઓ, મહારાજ! ૧૧

---

૩ ક-ખ દેવ ૪ ક-ખ ઝાલી ચારે

યુધિષ્ઠિર અતિદુઃખ પામ્યા, હવિ કરવુ કિમ?
અર્જુન તો સ્વર્ગે ગયો, આએ કેઇ વિધિ ક્ષેમે ૧૨
મહા દુઃખ એ રાઇ પામે, બૃહદશ્વ ઋષિ બોલે.
'રાયને દુઃખ છે મંન માંહિ,' તાપસ તોલ તોળે ૧૩
'રાય! દુખ તું શા ધરે છિ? પામ્યો દુખ જે નળ,
તારાથી તે અતિ ઘણું છિ; પુણ્યે વળી સબળ.' ૧૪
ધર્મનંદન બોલીઆ, 'મુજ સમો દુઃખી કુણ?'
બૃહદશ્વમુનિ ભાખઈ, 'નથી નીપન્યો ઉણ.' ૧૫
નિષધ દેશનો રાઈ કહાવે વીરસેન સુજાણ
મહા પરાક્રમી તે હુતો રાયજી ગુણનો જાણ. ૧૬
પુત્ર તેનો તત્ત્વવેત્તા, નળ એવું નામ.
પુષ્કર સાથે તે દ્યૂત રમીઓ, હાર્યો સર્વે ઠામ ૧૭
સ્ત્રી સહિત તિ વનમા વસીઓ; સાથે નહિ દ્વિજ વા રથ.
રાજા તમે પુણ્યશાળી; સાથિ વિપ્ર સમર્થ. ૧૮
સાથિ કો સગું નહિ, મહાદુઃખ પામ્યો નળ.
પિત્રાઈયે પરપંચ કરી રાજ મુકાવિયુ દ્યૂત છળ.' ૧૯
ધર્મનંદન બોલીઆ, 'કુણ કારણ રમ્યો દ્યૂત?
રાજ્ય ગયે કિમ દુખી હવો? કિમ અયાં રાજબૃહસૂત? ૨૦
વિસ્તારી મુનિજી! સંભળાવો નળતણું ચરિત્ર.
પુણ્યશ્લોકની કીર્તિ સાંભળી, થઉં મુનિ! પવિત્ર' ૨૧

કડવું ૨.

રાગ મેવાડો.

બૃહદશ્વ ઋષિ બોલે રે, સુણો નળના ચરિત્ર.
રાજ્ય, બંધુ, મળે તમને રે, મળે યદુપતિ મિત્ર. ૧

ઢાળ

મિત્ર યદુપતિ મળે રાજા! હવિ સુણો આખ્યાન
કીર્તિવંત બળવાન હરિ શો નળ નામે રાજાન. ૨

---

૧૨. ક.–ख ક્ષિમ. ૧૩. ક–ख રાય દુખના મનમાંહી ૧૯–૨૦. આ ૫ ક્તિઓ कमा નથી. ૧ ક–ख રાગનું નામ 'દેશાખ' આપ્યુ છે

તેના ગુણ અબ્ધિ કેઇ પેર ગાઇ, ઇન્દ્ર જેવો મતિમાન?
તેજે તો તિ સૂર્ય સરિખો. પૃથ્વીપતિનું પામ્યો માન. ૩
બ્રાહ્મણને અતિ દાન દેતો, નામ હતુ દાતાર.
દયાવાન નળરાય એહવો, વેદનો પામ્યો પાર. ૪
શૂર સાચો તપસ્વી તે દ્યૂતવિદ્યા સમજિ પ્રાણ
સત્યવાદી સેનાપતિ જે કો કરિ ગુણવિખાણ? ૫
સ્વરૂપ સુંદર જોઇને કામિની વાધે કામ.
ઉદાર મનનો રાયજી, જેવા રઘુવર રામ. ૬
શરણાગતનું રક્ષણ કરતો પુરૂષ ઈ પુણ્યવાન
ધનુષધરમા મનુ જેવો નળરાજા બળવાન ૭
કીર્તિ વાધી દશ દિશામા, નળ થયો પ્રકાશ.
વિદર્ભદેશે રાય મોટો પૂરે યાચકની આશ. ૮
રઘુનાથ કૃપાથી ગાઇ છિ ભાલણ તિના ગુણ.
ગણપતિ ગુરૂની કૃપા હોઇ તો ગ્રંથમા રહે નહિ ન્યૂન. ૯

કડવું ૩.

રાગ મેવાડો.

નળરાજા અતિ ભલો રે, વિદર્ભમા રાય ભીમ.
શૂરવીર શાણો તેહ અતિ રે, તપવ્રતધારી નામ ૧

ઢાળ

નીમધારી ભીમ રાય છિ સતતિ કામના મન
સ્થિર ચિત્તે તે દ્વિજને સેવે. કરિ ભજન અનુદિન. ૨
ધર્મનંદન' તેની પાસે આવ્યા દમન મુનિ,
સૂર્ય ઉગ્યો એવી શોભા કરિ વેદશાસ્ત્રની ધ્વનિ. ૩
અર્ઘ્યપાદ્યે મુનિ પૂજ્યા પત્ની સહિત રાજાન
હાથ જોડી સન્મુખ ઉભો, જાણે જોઇએ વરદાન. ૪

---

૪ क-छि ૫ क-छिं क-ख-સેનપતિ क-छि ૭ क-छि,
૧ રાગનુ નામ 'દેશાખ' આપ્યુ છે ૨ નીચેની એક કડી ख़मां વધારે છેઃ—દિનરાત્રી તાપે તપે, સંતાન સોચના મન સદા રહે ઉદાસી તિન રાણી રાય તપે તન. ૩ क-તિની.

મનનું હારદ મુનિ જાણુઇ; વદ્યા છિ વચન,
'ઇચ્છા હોય તિ માગિયે. બેસો તમિ આસન' ૬
રાય બેસી બોલીઆ, 'મુનિ નહિ સંતાન.'
'વંઝાદોષને ટાળિયે,' ઇમ રાણી માગઇ માન. ૬
પ્રસન્‍ન થઇ વરદાન દીધુ–'ત્રણ પુત્ર થાશે સાર.
એક પુત્રી તારે થાશે ગુણ રૂપનો ભંડાર' ૭
કેટલિ કાળે રાયને સંતાન હુઆ ચાર.
દમયંતી, દમ, દાન્ત, એ ત્રણ, દમન ચોથો ધાર. ૮
યુધિષ્ઠિર! સુણ કથા તેની પુત્રીકેરી આજ
રૂપયૌવન રાજતી, થશે શોભા મહારાજ! ૯
ગુણવતી ગોરી ઘણું. અપાર મહિમા વાધ્યો.
અનુચરી શત સેવા કરતી. જોગ રૂપનો સાધ્યો. ૧૦
ઇંદ્રાણીથી અધિક ઓપે દમયંતી ભીમકુમારી.
આકાશરૂપી અનુચરી છે. વિદ્યુતરૂપી બાળી. ૧૧
વિષ્ણુકેરી લક્ષ્મી જેવા નેત્રકમળ વિશાલ.
ભ્રકુટિ ધનુષ છે વાંકડું. વિપુલ પ્રકાશિત ભાલ. ૧૨
દેવ, દાનવ, યક્ષ, કિન્નર, મનુષ્યમાં નવ સાર.
દમયંતી છે અતિ મનોહર. ઉતારે સર્વનું વાર. ૧૩
દેવ જોઇ આનંદ પામઇ, એવી છે દમયંતી;
ભાલણ પ્રભુ રઘુનાથના, દમયંતી ગુણવતી. ૧૪

કડવું ૪ થું.

રાગ મોડી.

જશી દમયંતી રૂપાળી, તશી નળની જોડી ભાળી.
નૃસિંહશું પ્રાક્રમ જાણુ, ઉગ્યો જાણે નિષધભાણ. ૧
પૃથ્વીતલમાં નર નહિ એવો. પ્રજા કહે રાઇને સેવો
કામદેવ હારે રૂપે, રાય પૃથ્વી માંહે અનુપે. ૨
એવા બંને રૂપના રાશિ જન વાત કરિ બેઉ પાસિ.
બંને નજરે નહોતાં મિલ્યા, ગુણ સુણી મુખ થાતા વ્હીલા. ૩

૬. ક–પુત્ર ૧૪ ખ–દેવજાણી લજીત થાઇ ૧. ક–તેવી. ૩. ખ–
કરે રૂપ તપાસિ.

જાગ્યો પરસ્પરને કામ. બંને જપે અન્યોન્યનું નામ.
વાધ્યો નળને કામ અપાર. કરઇ દમયતીનો વિચાર. ૪

મન ભ્રમિત થયુ જિ વાર, અંતઃપુર સાન્નિધ્ય ગયો સાર
વાડી રમણી પોતીકી હતી, કામવાસના મન જાગતી. ૫

એવિ દીઠો રમતો હસ, જિના શિથિલ થયા છિ અવતંસ.
ઘણા હસ જોયા ભૂપે. ધર્યો એક રૂપ અનુપે. ૬

પામી ભય ને બોલ્યો તેહ, 'મુનિ હણશો મા નિઃસંદેહ,
કાઇ કારજ કરશુ તમારૂં, રાય માનો જો અમારૂં.' ૭

નળે (તાં) વચન પ્રકાશ્યાં, 'કિમ પુરીશ તું મુજ આશા!'
'દેઉ ગુણવતી એક નારી, જિના ગુણપર દેવ ' જાઉં વારી. ૮

જાઉં દમયતી પાસે હુંય રાજા મનમા રીઝે તુંય.
મોહિની તેને તારી લગાડુ, કામ તારો તેને જગાડુ ૯

કરૂ હવિ એવા વિજ્ઞાણ, બીજો પુરૂષ ન પરણે જાણ'
સુણી આનન્દ પામ્યો રાય હસને આપી આજ્ઞા ય. ૧૦

હસ ટોળે મળી ગયા, મનમાહી સુખી થયા
વિદર્ભમા ગયા જ્યાહિ, નગરી ભીમકની છિ ત્યાહિ ૧૧

ઉતર્યા નભચર હસ ઊભી નારી ધરી અવતસ.
સખી સાથે ઊભી શ્યામા. ગયા હસ તેણીના સામા. ૧૨

રામા દોડી ધગવા હસ, પડતા શિરકર્ણના અવતસ.
સખી જેટલી તેટલા હસ. કોઇ ઉડીને બેઠા વંશ. ૧૩

કોઇ સખી દોડતી પૂઠિ. કોઇ ઝલાય નહિ, તેણે રૂઠી.
ગઇ દમયતી હસ સાહવા, તિ તો હંસ બોલ્યો, બોલ આવા. ૧૪

વાણી મનુષ્યની, જાત પખી, બોલે ઉડતો કઇક ઝંખી.
ભાલણ પ્રભુ રઘુનાથ કેરો હાથ ન આવે ફરતાં ફેરો. ૧૫

---

૪ ख-નળને કામદેવના. ૭ क-નિ દેહ. ख-આ દેહ. ख-જો વેણ અમારૂ ૮ આખી તૂક कમા નથી ૯ ख-દમયતી પાસે જઇ આ શબ્દ कમા નથી ૧૧ खમા આ શબ્દ આગળ 'રાય' વધારે છે ૧૫ ख હાથ નહિ અવિડ તમસે, અમો રેઉ સરોવર માનસે

કડવું ૫ મું.

રાગ રામગ્રી.

ઉડતા બોલ્યો હંસ, 'શ્યામા ! સાંભળ રે.
દેશ નિષધ મુઝાર, છિ નરમણિ નળ રે. ૧
કામદેવ જેવું રૂપ, શ્યામા૦ અશ્વિની કુમાર શો અનુપ. છિ૦ ૨
જિના જેવો નહિ કોઇ, ,, ભાગ્યહીન તિ તજિ સોઇ ,, ૩
માટે પરણ્ય તું નાર, ,, કિજે નળ ભરતાર. ,, ૪
તું છિ હીરાની ખાણ, ,, મિલ્યબ્ય હીરો ગુણ જાણ. ,, ૫
થાયે રૂપ રંગ સરળ. ,, જિનું અપાર છિ બળ ,, ૬
અમિ જોયા દાનવ દેવ; , ગંધર્વ મનુષ્ય મૂકિ અહમેવ. ,, ૭
સર્પ, વિદ્યાધર જાણ, , કરે ઘનું વિખાણ, ,, ૮
નારી માત્રમાં તું ગુણવાન, ,, તેવો નળ છિ રૂપવાન. ,, ૯
મિલિયા યોદ્ધ સમાન, ,, રવિ યુદ્ધ કરો બળવાન. ,, ૧૦
સર્વ વિશ્વ જોઇ સંગ્રામ, ,, સુરતક્રીડામાં શાભે કામ.' ,, ૧૧
જાય બોલવા દમયતીનાર.શ્યામા૦ભાલણ પ્રભુરામ રસાળ, ,, ૧૨

કડવું ૬ ઠું.

રાગ રામગ્રી.

બોલી દમયતી રાણીજી, 'હંસ ! સાંભળ મારી વાણીજી.
ગુણ નળના ગાયા જેવાજી. મારા તહીં જઇ કહેવાજી. ૧
જેવુ બોલ્યા અમિનેજી, તેવું કહેજે તમિનેજી'
અંડજ ઊડી ચાલ્યા જ્યાંથીજી. 'વારૂ,' કહી ઉડયા ત્યાંથીજી. ૨
નિષધ દેશમાં ગયા જેહજી. બેઠો નળ વીમાસે તેહજી.
એવે આવ્યા ઉડતા હંસજી, જાણે શબ્દ થાયે છે વંશજી. ૩
એવું ઉડવુ સુણી રાયજી બાહાર નીસરી જોવા જાયજી.
હંસ રાયને જોઇ ભાખિજી, 'તારી વાત રાજા ! દાખીજી. ૪

---

૧ क–ख 'સામેરી' ૪ માટે માફ નાર ૫ ख ચમકની ચમક ૧૧ क શોભો શ્યામ. ૧૨. ख હંસ સુણાવીરે ગાય ભાલણ રસના રસાળ, પ્રભુ વેહના આણીરે. કડવુ ૬ क આદિ ઉમતાળ. ख ચોપાઈ ૧ ख ક્યારે. એવારે

પામી આનન્દ નારીજી. ગુણ તમારા ભાયા ભારીજી.
રામા બોલી બોલો એવાજી, 'માગ ગુણ કહો તહિ તેવાજી. ૫
અમિ બીજાને નવિ વરૂંજી, અન્ય પુરૂષે મન ના કરૂંજી
રાયે કરવુ તિમજી, રાખવો હૃદયે નામજી ' ૬
એમ કહીને હંસ ઉડયાજી રાય નારીના પ્રેમમા બુડયાજી
રીઝે ભાલણ પ્રભુ રઘુનાથજી. ઝાલે દમયતી નળનો હાથજી. ૭

કડવું ૭.

રાગ આશાવરી.

હે યુધિષ્ઠિર! સુણ રાયજી, દમયતીના દિન ન જાયજી,
હંસ ભાખિ જ્યારથી વચન રે. ૧

ઢાળ

વચન હંસનાં સાંભળીને દમયતી મન ચિતા કરિ.
ચિતવન નળરાજાતણું નયણે જળ નારી ભરિ ૨
ચિતાગ્રસ્ત, દીન દર્શિ, પીળી પડી છિ રાણી.
કૃશતનુ ઉશ્વાસ લેતી, ઉર્ધ્વ જોતી જાણી. ૩
જાપ જપે નળરાયનો. ગાંડી સરખી દેખી.
કાંતિહીણી કામમીણી રાણી એવી પેખી ૪
શય્યા, આસન, વસન તજીઆ, ખાવે પીવે ના પ્રીતિ
ગાડી સરખી ચરે ચહુદિશ; નહિ રૂડી રીતિ. ૫
એવુ જોઇને દાસી ગઇ છિ રાજભુવનમાંહિ.
દમયતીના જનક પ્રત્યે બોલે જઇને ત્યાંહિ, ૬
'નળપ્રતિ દમયતીને લાગ્યો છે ઘણો મોહ.
માટે ઇને પરણાવો, મુકઈ જાણે ઓહ.' ૭
દાસી કેરા વચન સાભળી રાયે નીરખી ચેષ્ટા.
ઘેલી સરખી લાગી તિને, બાળ મટી થઇ જ્યેષ્ઠા. ૮
હવિ સ્વયંવર તો કરૂં, ઇમ રાયે નીરો કીધો.
પુત્ર દમનને વાત કીધી. પત્ર સેવક દીધો. ૯

---

૫ क-ख જેવુજી ૨૫. તેવુંજી ख મા દરેક ચરણના અંતે 'જી' ને બદલે 'રે' છે. કડવુ ૭. क-ख બંનેમા રાગનુ નામ 'ધનાશ્રી' છે ૪ ख દેહી સાયને સેહી ૭ ख નેડો. શીઘ્રે નળરાયને તેડો. ૯. कमा આ શબ્દ નથી.

લખ્યું લેખ રામજી–' ભીમ ભુપત જાણ.
સ્વયંવર આલોકવો નૃપાળ સર્વ સુજાણ ! ' ૧૦
પત્ર વાંચી રાય આવ્યા દેશદેશથી ત્યાંહિ.
ભીમની નગરી ભરી, ગજરથઘોડા જ્યાંહિ. ૧૧
જે જે રાજા ત્યાંહિ આવે તેને દેતો માન,
અર્ઘ્યપાદ સમર્પતો, પૂજતો રાજાન. ૧૨
ઘણા રાજા આવીઆ, જેની ગણતી ના થાય.
નિવાસ કરી ત્યાંહિ રહ્યા. ગુણી માગધ ગુણ ગાય ૧૩
ઇ વિધિ સ્વયંવર રચ્યો. રાય મળીઆ જાણ.
બૃહદશ્વ કહે, રાય સુણીએ, પ્રતાપશાળી પ્રાણ ' ૧૪
નારદમુનિ ગયા સ્વર્ગ. કહે ભાલણ પ્રભુ રઘુનાથ,
પુરંદરશું વાત કરતા આનંદ કેરા સાથ. ૧૫

કડવું ૮

રાગ વેરાડી.

જોઇ નારદને ઇંદ્રરાય કરિ અર્ઘ્યપાદ્ય અર્પી પૂજાય.
કઇ વાત કહે ઋષિરાય, તનમન પ્રફુલિત થાય. ૧
' સર્વ ઋષિમાં શિરોમણ ! કામ કાંઇ નહિ તમ વણ '
મહામતિમાન વ્રતધારી કઇ વાત કહે સભારી, ૨
' જન લોકમા સર્વ સુખી ? કેશ કયે છે ઋષિ દુખી ? '
બોલ્યા નારદ ત્યાંહિ, ' સર્વ સુખી છે ભૂમાંહિ ૩
રાય ! તુજ પ્રતાપે કરી સર્વ સુખી નર-સુંદરી '
ત્યારે બોલ્યા પુનરપિ ઇંદ્ર, એવે આવ્યા યમ, વરુણ, ચંદ્ર. ૪
સર્વ લોકપાળ ત્યાં આવ્યા. ઇંદ્રરાયને મન ભાવ્યા.
પૂછ્યું ઇંદ્રે, ' સાંભળો રૂખી ! એક વાતે થાઉં અમે દુખી. ૫
મહા પુણ્યવાન ને બળવાન મનુષ્ય રાજા છે ભગવાન '
પુણ્ય અપાર તો થાએ, યાગ યજતા દેખાએ. ૬
તદપિ મારે લોકે જાણ કેમ નથી આવતા નિવારણ
તેનું કારણ ભાખો રૂખી, તો તો થઇએ અમે સુખી.' ૭
ત્યારે ઋષિ બોલ્યા ત્યાંહિ, ' સર્વ લોકપાળ બેઠા જ્યાંહિ.
' વિદર્ભદેશનો ભીમભૂપ, તેની કન્યા છે મહારૂપ. ૮

---

૧૦ નળચરિત. ૭

સર્વ સ્ત્રીઓમાં છિ રત્ન. તેના સ્વયંવરનો થાય યત્ન.
તેના મોહમા મોહ્યા સર્વ પૃથ્વીમા દમયતી રૂપપર્વ' ૯
બોલ્યા લોક પાળ ત્યાહિ, 'આપણે જાવુ સ્વયંવરમાંહિ'
એમ ભાખી ગયા લોકપાળ વાહન બેશી તતકાળ. ૧૦
સર્વ રાજા જાએ જ્યાહિ, દેવ ચાલવા માડ્યા ત્યાહિ.
કુંતાસૂનુ' સુણ કથા; કહું બુદ્ધિમાને યથા. ૧૧
દેવનળનો મિલાપ, વદું પુણ્ય શ્લોક પ્રતાપ.
ભાલણનો પ્રભુ રઘુનાથ આવતો લોકપાલની સાથ. ૧૨

કડવું ૯

રાગ રામશ્રી. (તાલ) જીતમાન.

એક રસ્તે નળ ચાલિ, એક રસ્તે દેવ.
નળકેરૂં રૂપ જોઇને દેવ મુકઇ અહેમેવ. ૧
રૂપ જોઇ નળતણું હારી જાએ કામ.
સૂર્ય તેજે હારતો. મૂકી દેવે માન. ૨
'નથી જોઈ દમયતી તો આપણને ના મિલી.
સ્વયવરથી જાઉ પાછા. કરી શોભા સહુ વ્હીની' ૩
એમ વિચારી દેવ સર્વે ઉતર્યા પૃથ્વી'જ્યાહિ.
અંતરિક્ષ ઊભા રહી બોલ્યા નળરાઇ જાતો ત્યાહિ, ૪
'હે નળરાઇ' તુ પુણ્યશાળી મહા પવિત્ર કહેવાઇ
માગ્યુ આપે મુખથી. કરે સર્વેને સ્હાઇ. ૫
સત્યવ્રત ધારીરાય! તું કીજે અમારૂં કાજ.
દૂત થઇ તમો જાઓ દમયતી પાસિ મહારાજ'' ૬
બૃહદશ્વ ઋષિ બોલીઆ, સુણ અજાતશત્રુ' વાત.
પછી નિષધપતિ ભણ્યુઇ, 'થઉ દાસ મારી જાત. ૭
સત્યવ્રતે એજ કરવુ, નહિ મીન કે મેષ
તમો સરવે કુણ છો, ઇંદ્ર, વરૂણ કે શેષ? ૮

૧૧-૧૨ ख મા આ પંક્તિઓ નથી. ૧ क મા 'રામશ્રી' નામ નથી 'રાગ જીતમાન' લખ્યુ છે ख મા દરેક પંક્તિની અંતે 'જી' વધારે છે અને રાગનું નામ 'ધન્યાશ્રી' આપ્યુ છે ७ क કરનોડી

શુ કરવુ તે યથાર્થ કહીએ; જાણી કરૂં હું આજ.'
ઇમ જ્યારે નળ બોલ્યો, ત્યારે ભાખઇ સુરરાજ, ૯
'હે પુણ્યશ્લોક ! તું સુણઇ, અમો દેવ છેયે જાણ.
દમયતી માટે આવ્યા છા. કહું નામ નિરવાણ. ૧૦
હું વાસવ, આ વન્હિછિ, આ વરૂણ, આ યમરાજ.
દમયંતી પાસ પઠાવુ તુંને. તે કહે જઇને આજ– ૧૧
ઇંદ્ર, અગ્નિ, વારિરાજા, યમ આવ્યા જાણ,
ઇચ્છાવર તું વરઇ નારી ! કરે દેવ વખાણ. ૧૨
માનવરૂપે નારી તુંને લોકપાળ તો ઇચ્છે.
એ વાત તું કહે, રાજા ! જિમ નારી વાંચ્છે.' ૧૩
સુણી નળરાય બોલીઓ હાથ જોડી ત્યાહિ,
'વાચ્છના જે દેવ ! ધરો, તે છિ મમ મનમાહિ. ૧૪
તમો વરીને હું રહું, ઇમ કિમ કરશો આપ ?
મુજ મને થાય પીડ મોટી, પ્રગટે અતિ સંતાપ. ૧૫
વળી જે નારી તણી ઇચ્છા કરે પુરૂષજાત,
ત્યાગ તિનો કિમ કરે ? એહ વિપરીત વાત. ૧૬
વળી દૂત થઇ અવરનો કિમ કહે જઇ કુવેણ ?
અપરાધ ક્ષમા કીજીએ, હે ઇંદ્રરાય સુખદેણ !' ૧૭
દેવ ક્રોધી તવ થયા, 'એ શુ બોલે મૂઢ ?
સત્વર કાજ સાધ્ય જઇને; સભારિ મા ગૂઢ.' ૧૮
બૃહદશ્વ ઋષિ ઉચ્ચરઇ, સુણ ધર્મનંદન ! વાત.
પુનરપિ નળ સ્તુતિ કરતો સુરતણી સાક્ષાત. ૧૯
'દમયતી રાજ કુઅરી રહે રાજ આવાસ.
દૂત અતિ વસતા તહિ, નહિ જાઇ શકુ હું વાસ.' ૨૦
ધર્મનન્દન ! ઇમ નળ ત્યા ઉચ્ચરઇ જિહ કાળ,
લોકપતિ ત્યા ઇમ વદઇ, 'કોઇ ન દેખે ભૂપાળ ! ૨૧
ઇમ ગોપ્ય દૂઇ ધણી. નળરાય નમીઓ પાય.
ભાલણ પ્રભુ રઘુનાથના નળ દૂત થઇને જાય. ૨૨

---

૧૧. ગમાં 'આ' નથી ખ–કર. કાજ ૧૨. ખ–કર જઇ દેવ વિખાણ ૧૩ ક–છાં. ખ–છિ ૧૪ ક–ખ ધરતા ૧૫ ક–દેય ૨૧ કનવિ.

કડવું ૧૦.

રાગ રામગ્રી.

દૂતનું રૂપ લીધુ નળરાયજી; દમયતીને જુવને જાય જી. ૧

ઢાળ.

જાય જગતપતિ નળરાય દમયતીને ભવન.
સખીગણશુ નારી બેઠી મહા યૌવનવન. ૨
અંગકાન્તિ અતિ મનોહર; શિરમણિ, ગુણવાન,
સુકોમળ ને કૃશકટિ; નયનાબુજ શોભાવાન. ૩
મદ હાસ્યે મન હરતી, ઉજવળતાએ હારે ચંદ્ર
નખશિખા નારી લહી, તવ કામાતુર થયો નરેન્દ્ર. ૪
ધરણીપતિ ધરમ ધારઇ; જીત્યો કામ તત્કાળ.
નિષધપતિનું સ્મરણ કરતી, એવે જોયો લોકપાળ. ૫
કોઇ કામની બોલી નવઈ, 'આ આવઇ કોઇ દેવ.
અર્ઘ્યપાદ્ય આણવુ, કરવી ઇનિ સેવ.' ૬
કોઇ સખી નવી ઉચરઇ; તેજમા અંજાઇ
તવિ દમયતી ભાખઇ, 'તું કુણ છિ મહારાઇ? ૭
તુંને જોઇ કામ જાગ્યો. વિપરીત ઇ તો વાત.
હું ઇદ્રિયજીત મહીલા; તું નળરૂપે સાક્ષાત. ૮
સત્ય કહેવુ રાજદ્વારે, નીતિ જાણો નરેશ.
હવઇ સત્વર બોલી દિજે, રાખઈ મા કંઈ શેષ. ૯
જાણવાને ઇચ્છા છિ મન, તમો નિષધનાથ
દૂત વેષે આવીઆ છો. નથી સેવક સાથ. ૧૦
મારૂં મંદિર અટપટુ છો; સેવક સાચવનાર.
અંતરિક્ષે તું રાય આવ્યો. સત્ય વદો અવિધાર ૧૧
પિતાએ બહુ દૂત રાખ્યા; કરે મારી સભાળ
સખી સહસ્ર મારી પાસે જોઇ અંજાઇ ભૂપાળ.' ૧૨
ધર્મનન્દન ! સુણો કથા, ભાખઇ શુ નળરાઇ,
'હે મનહર મહીલા ! સુણઈ, નળ નામ મારૂં ગવાઇ ૧૩
દેવ કેરો દૂત થયો છુ, કરવા તિમનું કાજ,
ઇંદ્ર, અગ્નિ, વરુણ, યમ—ચાર આવ્યા આજ. ૧૪

---

૨. ક—જગતી ૩ ખ—મદે માતી ૮ ખ—કહેતું ૧૩ ખ—સુણજે.

તુંને વરવા ઇચ્છા તિમની; વરો પતિ ઇંદ્ર નાર–
દેવતા સરખા ગુણી વરને; તજ નળ માનવ ભર્તાર. ૧૫

તેહ તણા પ્રતાપથી હું આવ્યો તારે ધામ.
કોઇક સેવક હું નવિ લહો, વદુ સત્ય; માનો વામ. ૧૬

કાર્યે આવ્યો દેવને હું;' કહી સર્વે વાત
'તુજ ઇચ્છાનુસાર વદીએ, કરૂં તહિં વિખ્યાત. ૧૭

બુદ્ધિ, બળ, ગુણ, રૂપ તુંમા વિચારી કહો વચણ.
જે ભાખઇ તિ ત્યાં કહું. વદઇ તું મૃગનયણ.' ૧૮

દમયતી ત્યાં શુ વદઇ, સુણો ધર્મ નરેશ.
ભાલણ પ્રભુ રઘુનાથના કરતા જ્ઞાનઉજેશ ૧૯

કડવું ૧૧.

રાગ રામગ્રી.

સુણો ધર્મનન્દન કરૂણાવાન જી,
શુ ભાખઇ નારી રૂપવાન જી. ૧

ઢાળ,

મંદ હાસ્યે દમયતી વદઈ, સુણઈ નળ ભૂપાલ
'દેવતાને નમઇ વદુ, મુને વરો તત્કાળ. ૨

વિશ્વાસવાળી વામા જાણો. કહો શુ કરૂં કામ?
વિશ્વાસ જેવો મિ ધર્યો, તેવો ધરો તમિ સ્વામ' ૩

હંસવચનથી હું વરી છુ; વ્યર્થ રાય તેહયા જાણુ
જો ના કહો નળરાયજી' તો વિષપાન કરી તજુ પ્રાણ ૪

અગ્નિથી આ અંગબાળુ, જળમા પાડુ દેહ,
ફાસો ગળામા ઘાલુ છુ, માનો નિઃસંદેહ. ૫

તે સુણી રાજા બોલીઓ, 'અઘટતી એ વાત.
જગતકર્તા, વિશ્વભર્તા, દેવના દેવ સાક્ષાત ૬

---

૧૫ આખી પંક્તિ कમા નથી. ख–નરલો ૧૬ क–ख–વદુ. ૧૭ ख–કાર્ય. ૧૮ क–ख–મૃગયાનયણ 'તુ' નથી ૧ क–ख–આદિ ઉમતાલ ૨ ख–વદે સુણજે ૪ ख–સર્વત્ર. ગાત્ર ૫ क–માર ૬ ख નળ વદો.

દેવ મૂકી માણસ વરો, એ તો મહા ઉત્પાત.
પહેરજથી હલકા અગ્નિ; સુરરાય મહાપ્રખ્યાત. ૭
માટે વરૂ તું માનની; અપ્રિય નવિ થાય દેવ.
મરણ પમાડે દેવતા, નારી ! મારૂં માનો ખેવ ૮
અનિન્દિતા માન મારૂં. થશે મહા અનર્થ.
દેવ હરી સર્વસ્વ લેશે; રાડ લીધી વ્યર્થ. ૯
પુષ્પમાળા પહેર બાળા ! થઇશ ઘણી સુખવાન.
સર્વનો સહાર કરતા વરો અગ્નિ ભગવાન. ૧૦
નિયમ રાખે સર્વનો ને ધર્માધર્મ લખે જેહ,
એવા યમને વરો શ્યામા ! કહું નિઃસંદેહ. ૧૧
ધર્મ ધારે ધ્યાનમા ને સુર અસુરનો રાય.
વરો મહિલા ! તેહને તો કાર્ય સિદ્ધ થાય ૧૨
લોકપાળમા અગ્રણી વરૂણ એવું નામ
વરો કન્યા ! તેહને, થાએ સહુ શુભ કામ ૧૩
એવી કન્યા કોણ જે દેવ મૂકી વરે નર ?
અજ્ઞાન જાણો તેહને, લહે નહિ ખાળ ને માનસર ! ૧૪
મારામા જો સ્નેહ તુંને, કહ્યુ માનો મારૂં
શકા સહુ નિવૃત્ત કીજે; શકું તેમા ધારૂ '
વચન એવુ સાંભળી દમયતી થઇ દુઃખી,
નેત્રે આસુ ધાર વહેતી, પછે ઉચરી મુખિ, ૧૬
' હે રાય ! મારૂં વચન સુણઇ, નમુ દેવ સર્વત્ર,
પતિરૂપે વરૂ તમને, તજુ બીજું તંત ' ૧૭
ધર્મનન્દનપ્રતિ બોલ્યા બૃહદશ્વ મુનિજન.
થરથર કંપઇ નળરાજા. હાથ જોડી ઉભી સ્રીજન. ૧૮
દીન વાણીએ નળ વદે, ' દૂત થઈ આવ્યો જાણ.
વરો તેમને માનુની ! ચતુરા ચતુરસુજાણ ! ૧૯
દેવે મુજને મોકલ્યો જો, કિમ સ્વાર્થ સાધુ શ્યામ ?
અધરમી હુ લેખવુ; નવિ રીઝે સુંદરશ્યામ ૨૦
તુને નારી ! સત્ય કહુ છુ, વરૂં તુજને હુંય,
ધર્મનાશ નવ થાય જ્યારેઃ સત્ય માને તુંય. ૨૧

---

૧૪ ख ' ને ' નથી ૧૬ ख–અક્ષિ क–ख–મુખી ૧૭ ख–સ્વામી સુણે' ૧૮ ख મા આખી કડી નથી

ધર્મ ગ્રહે ને સ્વાર્થ સાધે, કરો નારી! તિમ
વરૂં સો હું નાર નીશે ધર્મ સહિત રહી ક્ષિમ.' ૨૨
ધીમેથી તવ નારી બોલી, 'કરૂં સ્વામી' ઇમ
વ્યાકુળ ચિત્તથી શું કહું, પણ સર્વ થાશે ક્ષિમ ૨૩
હે પ્રાણપતિ! અમિ લહ્યો છે પરણવા તણો ઉપાય
દોષ ન લાગે આપને, કારજ સહુ સિદ્ધ થાય. ૨૪
સ્વયંવરમા દેવ આવે, તમો આવો ભૂપ.
સર્વદેવ સાંનિધ્ય વરૂં હું ઇચ્છાવર અનુપ. ૨૫
કશો દોષ ન આપને; તાપ નહિ તન માંય.
દેવ રીઝી જશે પાછા સ્વયવર કેરી માય.' ૨૬
નળરાય કાંઇ ન બોલીઆ, 'કરો મન જે ભાવે.'
ઊઠી ત્યાથી ચાલીઆ તે દેવની પાસે આવે. ૨૭
દૂતકેરૂ કાર્ય કરીઉં. સુણો શ્રોતા! જાણ.
ભાલણપ્રભુ રઘુનાથના શા શા કરૂં વિખાણ? ૨૮

કડવું ૧૨.

રાગ આશાવરી.

જોઇ નળને રીઝ્યા દેવરે; કરવા લાગ્ય અન્યોન્યે સેવરે
પૂછવા લાગ્યા સહુ વાતરે, 'કરી તે ત્યા કેવી ખ્યાતરે? ૧
દમયતી બોલી શુયરે, તે તો સત્વર કહે તુંયરે.
મદહાસ્યવતી દમયતીરે બોલી શુ તે બુદ્ધિવતીરે?' ૨
બોલ્યો નળરાય ત્યા વાણીરે, 'સુણો ઇંદ્રાદિક દડપાણીરે'
તમારા પ્રતાપથી ત્યયરે મુને રોકી ન શક્યુ કોયરે ૩
ગયો ભુવનમા હુ ચાલ્યોરે. દમયંતી વિના કોઇએ ન ભાળ્યોરે
જોઇ સખીનો શરમાયો સાથરે, કહ્યો દમયતીએ મુને નાથરે ૪
ઘણી વાત મે કહી તમારીરે, 'તોય માને ન એ અવિચારીરે.
નામ મારૂં આગળ કરતીરે, બીજા સર્વનું પાછળ ધરતીરે. ૫
મે ધર્મનો ભય બતાવ્યોરે, ત્યારે તિણે સંદેશો કહાવ્યોરે.
સ્વયવરમાં આવો સહુ સાથેરે. નાખું વરમાળ તારે માથેરે. ૬

---

૩. क-ख- જ્યાયરે ख-ચાલીરે. ભાળીરે ૬. ख-તમારે.

તેથી દોષ ન તને લાગેરે. આવ્યા દેવ સહુ અનુરાગેરે.
એવી વાત બની ત્યા હેવરે! સાચુ જુઠુ જાણે તતખેવરે ૭
ચોરી તમારાથી ન રખાયરે, રાખીએ તો જાણ્યુ સહુને થાયરે'
ભાલણપ્રભુ રઘુનાથના એમરે, બોલ્યો વિચારી સર્વે ક્ષેમરે ૮

કડવું ૧૩.

રાગ ગોડી (૧)

બૃહદશ્વઋષિ ઇમ બોલીઆ, સુણો રાયરે!
શુભ લગ્ન મુહૂર્ત જોઇ કરી રચનાયરે ૧
મોકલ્યા આમત્રણ જાણુ, તેડયા રાયરે.
ગામવાસનાવાળા સર્વ સજ સહુ થાયરે ૨
દમયતીને વરવા તણી છિ મન ઇચ્છાયરે.
પુષ્પની માળા પહેરી મનોહર; મણિ જડિત કુડળ શોભાયરે ૩
આમત્રણ સુણી આવીઆ જ્યા મડપની રચનાયરે.
સ્થભ સુવર્ણના છિ કર્યા, મણિતોરણ શોભાયરે ૪
પર્વત કેરા વિવરમાહે પેસે જિમ વનરાય રે,
મડપમાહે સર્વે પેઠા વરવાને કન્યાયરે. ૫
વિધ વિધ આસન ગોઠવ્યાં, બાજઠનો નહિ પારરે
તિ ઉપર જઇ બેઠા ઘણા કરે સારાસાર વિચારરે. ૬
પરિઘ સરખા પુષ્ટ છે, પચ ફણાળા સર્વરે
આકૃતિ હસ્તની છે મનોહર, ઘણો મનમા દર્પરે. ૭
કેશાગ્ર શોભે શરાગ્ર ત્યાહિ, નાસિકા કીર જાણુરે,
નેત્રપકજ છે મનોહર, ભૃકુટિતણા શાં વિખાણુરે ૮
આકાશમા નક્ષત્ર શોભે, તેવા શોભે રાયરે.
દમયતી ત્યા સજ થઇ સભામાંહે જાયરે ૯

---

૭ क–દેવારે તતખેવારે ૮ क ઇમ ક્ષિમ ૧ क–ख–કેદારો
૩ क મા 'છિ' પછી 'ઘણાને' વધારે છે ख–પુષ્પસાર માળા પહેરી
૪ क–મણિના ૫. ख–પેઠા સર્વે क–નરરાયરે આ કડી પછી ख મા
'ઉથલો' લખી નીચેની કડી વધારાની લખી છે —

કન્યા વરવા પેઠા સર્વ, નળ ને વળી પચદેવ
અદ્દભુત શોભા થઇ રહી, દેવ થશ્યા તતખેવ ૬

૮ क–ख મા 'છે' નથી. क–શુ ख–શા હોય

સ્વરૂપ શોભા અતિ ભલી, તેણે મોહ્યા મનરે,
જોનાર સહુ મનમા ધરે, નારી મળે શુભ દિનરે ૧૦
એવી અલૌકિક નારીએ, કર્યો મંડપ પ્રવેશરે
દૃષ્ટિ સંમિલન થઈ, થયો ઘણો ઉજેશરે. ૧૧
તૃપ્તિ થાય ન કોઈને નર નામ ધારી જેહરે.
નામ ગુણનું વર્ણન કરતા ભાટ સાથે જેહરે. ૧૨
દમયતીએ નિરખીઆ પંચાકૃતિ નળ એકરે.
વારવાર અવલોકીઉં; નવિ રૂપમા મીનમેખરે. ૧૩
નળરાય ન ઓળખ્યો; નારી પામી દુઃખરે
નળતણુ ચિત્વન કરે, 'દેવ પમાડો સુખરે. ૧૪
દેવ નળ હુ કિમ લહુ ? ઇમ કરે તર્ક અપારરે.
ચિત્વન કરતી ચતુરા વળીવળી, ગ્રહે ન સાચો સારરે. ૧૫
વૃદ્ધ સાધુ મુનિ થકી સુણ્યા સુરનરના ચિહ્નરે
પંચમા તિ નહિ જણાઇ, નહિ કોઇ ભિન્નરે.' ૧૬
વારવાર નિઃશ્વાસ મૂકી કર્યો ઘણો વિચારરે.
શરણુ જાણુ દેવને ધરી, કર્યો છિ નમસ્કારરે ૧૭
થરથર કંપે કામિની. દીન સ્વરે બોલી બાળરે,
'હે દેવના સહુ દેવ આબ્યા, દેખાડો નળ ભૂપાળરે. ૧૮
હંસપક્ષીએ જે કહ્યો, હુ વરી નળ નિસ્સંદેહરે.
મનવાણીથી ન અન્ય ઇચ્છુ. સત્ય કરો ઉજેહરે. ૧૯
સ્વયંવરનું વ્રત કીધુ પામવા નળ ભૂપરે.
પૂજન કરી હું દેવ પ્રણમુ, પ્રસન્ન થાઓ અનુપરે. ૨૦
વ્રત કેરી પ્રાપ્તિમા આપો નળ નરેશ્વરે.
નળરાયને હું ઓળખું, ઇમ કરો સર્વેશ્વરે. ૨૧

---

૧૧ મી તૂક પહેલા ख મા નીચેની બે કડીઓ વધારે છેઃ—
કઈક લીએ આખડી,—જો મળે દમયતી નાર,
અખડ આરાધુ શિવને કરે કઈક શક્તિ વિચાર ૧૨
કો વિષ્ણુની આરાધના મનમાહે કરે બહુ
કો કાલિકા અબા આરાધે, વરવા ઇચ્છા દમયતી સહુ ૧૩
૧૨. ख મા આ પક્તિ આવી છે—
દમયતીને નિરખતા હવ્યા નૃપતિ પૃથ્વીએ
૧૯ ख—મનિસા જેહ. ૨૧ ख એમ.

સ્વરૂપ અહો સ્વય સ્વય તણા, તો થાય મન પ્રસન્નરે'
બૃહદશ્વ મુનિ ઉચ્ચરઈ, સુણો ધર્મ ગજનરે. ૨૨
દીન વાણી સુણી દેવ થયા મન રળીઆતરે.
શાસ્ત્રમા જિ વિધ કહ્યા તેવા રૂપ ધરઇ તત્કાળરે ૨૩
પ્રસ્વેદ નહિ અગે વસઇ, નહિ મેષોન્મિષ નેત્રરે,
કરમાઇ નહિ માળા ધરઇ, પ્રફુલિત સુક્ષેત્રરે. ૨૪
નીરજ શરીર નિર્ઝર તણુ, પૃથ્વીથી ઊંચા જાણરે;
દેવ એવા નીરખીઆ કરૂં નળતણુ વિખાણરે. ૨૫
દેહ કેરી છાય પડતી; કરમાઇ પુષ્પની માળરે;
રજ સયુક્તે અગ શોભે જોઇ હરખી બાળરે ૨૬
નેત્ર મેષોન્મિષ થતા; પ્રસ્વેદ કણ મૌક્તિક રે
મનહરણ જોયો ભૂપતિ નળ એ; નહિ મીન મેખરે. ૨૭
કંઠમા વરમાળ અરપી, સ્વામી કીધો જાણરે
હાહાકાર ત્યાહિ થયો, વાગ્યા અન્ય નૃપને બાણરે. ૨૮
ઋષિવર આનન્દ પામીઆ, સાધુ હરખ્યા ત્યાહીરે
સારૂ ' સારૂ ' મુખ વદે, ક્ષીર નીર મળીઆ આહિરે ૨૯
ભીમ નૃપ આનન્દ પામ્યો સજોગ સારો જાણીરે
ભાલણ પ્રભુ રઘુનાથના શુ શુ કહુ વખાણીરે ? ૩૦

કડવું ૧૪.

રાગ રામશ્રી.

બોલ્યા નળરાય ત્યા વાણીજી, 'તમ સાભળો મારા રાણીજી'
કરી આશ્વાસન અપારજી, બોલે નળરાય તેણી વારજી, ૧
'હે કલ્યાણિ ! મૂકી દેવજી, સર્વ સાન્નિધ્ય ઇચ્છી મારી સેવજી.
તેથી થયા અમો પ્રસન્નજી; તારૂ દુભવુ નહિ કદી મનજી. ૨

---

૨૨ ख એમ ઉચરે ૨૩ ख જે ધરે સાક્ષાત ૨૪ ख વસે ૨૭ ख નળ શોભે સહસ્રાક્ષ સૌ ઉક્તિક એ કડી પહેલા क અને ख બન્નેમા નીચેની કડી ક્ષેપક જણાય છે —

દેવને નળરાય નીરખી થઇ વરવા સજરે
ઉતરીય સાંધ્યુ નળતણુ, જિમ વર કરિણીએ વર ગજરે.

૧ क–ख ધનાશ્રી ૧ ख તમે ૨ क થઈ ख કોઇ

ગણુ પ્રીતિ અહાનિશજી, અપ્રીતિનુ કાહુ ન મિષજી,
સત્ય વાણી મારી જાણોજી ધન્ય ભાગ્ય ઉભયના વિખાણોજી. ૩
ધર્મનન્દન ! સુણો કથાજી, ટાળી તન મન કેરી વ્યથાજી.
જિમ નળરાય બોલ્યો મુખેજી, તિમ દમયતી બોલી સુખેજી. ૪
કરવા દેવતાને પ્રસન્નજી, નમ્યા દપતી થઈ મગનજી.
પામ્યા આનન્દ મનમા દેવેશજી, આપતા રાખ્યુ નહિ કઇ શેષજી ૫
ઇંદ્રે આપ્યા બે વરદાનજી-યજ્ઞમા પ્રત્યક્ષ આવુ માનજી,
પરમ શ્રેષ્ઠ ગતિને પામોજી; વર સુણી દુખને વામોજી. ૬
અગ્નિએ આપ્યા બે વરદાનજી-પ્રગટ થાઉ ઇચ્છે જ્યા રાજાનજી,
સ્વય શ્રી પ્રકાશિત લોકની પ્રાપ્તિજી, થાય દેહની જ્યારે સમાપ્તિજી ૭
યમરાજાએ આપ્યાં વરદાનજી-અન્નરસ જાણે રાજાનજી,
ધર્મમા રહે મન સ્થિરજી, કહેવાય મહા બળી વીરજી. ૮
જળરાય વરૂણે આપ્યા બેયજી, સુણો શ્રોતા ! દાખુ તેયજી
નળ ઇચ્છાએ ઉત્પન્ન થાવુજી, માળ આપી ન જાણે કરમાવુ જી ૯
ધર્મનન્દન ! એણી વિધેજી નળરાયના મનોરથ સિધેજી
બન્ને વર આપી ગયા દેવજી અન્ય રાજા કરતા પછે સેવજી ૧૦
ગયા પોત પોતાને દેશજી, ત્યા રહ્યુ નહિ કોઇ શેષજી.
વિધિ પૂર્વક વિવાહ કીધોજી, ભીમ નરપતિએ જશ લીધોજી. ૧૧
નરશ્રેષ્ઠ રહ્યો નળ ત્યાયજી, સ્વેચ્છાએ ગયો નિજમાયજી
જઇ ધર્મે પાળે પ્રજાયજી, જોઈ દપતી સુખ સહુને થાયજી ૧૨
યયાતિએ કીધા યાગજી, તેવો નળ ધરે પુણ્યમા રાગજી
નહુષે મેળવી કીર્તિ જેવીજી, નળરાય મેળવતો તેવીજી ૧૩
કર્યા અશ્વમેધને બીજા યાગજી, દક્ષિણામા આપ્યા ભૂભાગજી.
વન ઉપવનમા નારી સાથિજી કર્યો વિહાર નિષધનાથિજી. ૧૪
વિહાર વૃક્ષ તો ફળીઉજી; ફળ ઇંદ્રસેન સહુએ કળીઉજી.
ઇન્દ્રસેન પુત્રની વધાઇજી, યાચક જન નળગુણ ગાઇજી. ૧૫
થઇ ઇન્દ્રસેના એક પુત્રીજી પસરી કીર્તિ બહુ સૂત્રીજી.
ભાલણ પ્રભુ રઘુનાથજી. પુણ્ય શ્લોકનો શોભે સાથજી. ૧૬

---

૪ ख જેમ. ૭ क ख પ્રકાશ. ૯ क ख કરમાવુજી
૧૪. ख ભ્રમ ને. સાથ નાથ. ૧૬ क ख સહુ.

કડવું ૧૫.

રાગ મેવાડો.

બૃહદશ્વ ઋષિ ઇમ ઉચરેરે, સુણો ધર્મ નરેશ
નળરાયની કીર્તિ પ્રસરીરે, જેવી સુરપતિ, પન્નગ શેષ. ૧

ઢાળ

સુખ પામે નરનારી અતિશે. લોકપાળની કહું વિધિ.
દેવ વળીઆ સ્વર્ગ જાવા, તેવે કળીએ તો કળ કીધી. ૨
મળ્યો કળિયુગ વાટમા; દ્વાપર હુતો સાથ.
બલિવૃત્રઅરિ ઉચરઇ, 'ક્યા જાય દ્વાપરનો સ્હાઇ હાથ ?' ૩
કળિ મુખથી બોલીઓ, 'જાઉં દમયની વરવા જાણ,
પરણી આવુ પ્રીતથી, મે ઇના સુણ્યા વખાણ' ૪
હાસ્ય કરી ઇન્દ્રરાય બોલ્યો, 'પરણી તે તો નાર.
સ્વયવર નિવૃત્તિ પામ્યો, લાગી તને ઘણી વાર. ૫
તને જોઇ નિશ્ચે તે પરણે, રૂપ જોઇ અજાય
પણ સાન્નિધ્ય અમારી, તુ વિના, વર્યો નિષધરાય.' ૬
સુણી વયણ ક્રોધ પામ્યો, નયણ હુઆં રક્ત,
'દેવ મૂકી નર વરી, વિપરીત કીધુ કૃત્ય ૭
દડ ધટે એ નારને,' ઇમ બોલ્યો મૂઢ.
સ્વર્ગપતિ તવ ઉચર્યો, 'નળે વશ કર્યો ગરૂડારૂઢ ૮
ધર્મજ્ઞ ધરણીપતિએ અમારી શીખ લીધી,
વર્યો પરૂે ઈ નારને; પુણ્યની રીત કીધી ૯
ગુણસપન્ન રૂપવાળો નળ ન ઇચ્છે કુણ ?
ધર્મધારી વ્રત આચારી અમો નિરખ્યો ઉણ ૧૦
ચાર વેદ ને ઇતિહાસ જાણે, જેહ પાચમો વેદ.
યજ્ઞ કરી સુર સતોષે, તૂમ કરતો ન ખેદ. ૧૧
ઔદાર્ય, ધૈર્ય ને સ્વધર્મે પવિત્રતા પાલન કરિ.
ઇંદ્રિ સયમ બહુ વિધિ કરતો અધર્મથી ઝાઝો હરિ. ૧૨
શાપ કુણ દે તેહને ? મૂર્ખ સ્વઆત્મા દહે.
નળને શાપ દે કોઇ તો, હે કળિ ! તે નરકે રહે.' ૧૩

કડવુ ૧૫ क ख દેશાખ.

૧ ख એમ क ख જેવા. ૨ क ख તિણે કળી તણી ૩. ख ઉચરે. ૭ ख ક્રોધે નયણ હુઆ ક્ષણમા क ख જકત. ૧૧ क ख જ્ઞાતા. क કરતો તેહ ख ધરે ન ખેદ ૧૨ क ख સ્વધર્મે કરી ડરી.

એમ કહી સુર સ્વસ્થાન સિધાવ્યા. કળિ કરે મન વિચાર,
'હું ક્રોધને નવ રાખું વારી, સુણ દ્વાપર નિરધાર. ૧૪
દમયતી નવ સુખ પામે, ઇમ કરવું જાણ.
ભ્રષ્ટ કરીશ હું રાયને પાસા મિષે; તું પરમાણ.' ૧૫.
ઇમ કળિએ કૂડમતિ કરી. સુણ ધર્મનન્દન! તુંય.
ભાલણ પ્રભુ રઘુનાથના! દુષ્ટ દુ:ખ દેતા શુંય. ૧૬

કડવું ૧૬

રાગ મેવાડો.

અજાતશત્રુ[1] નીશે કરીને આવીઓ કળિ ત્યાંય,
નળરાજા રાજ્ય કરતો; અધર્મ ક્યાંહે ન જણાય. ૧
કાર્ય કરવા કળિ ઊભો; લાગ નવ લહેવાય.
બાર વર્ષ ઇમ વહી ગયા, મનોરથ સિદ્ધ ન થાય. ૨
એક દિવસ નળનૃપતિ વીસર્યો લવલેશ.
છિદ્ર જોઇ ફરતો કળિ, માર્ગ મળીઓ રેશ. ૩
લઘુશંકા કરી પવિત્રાચમન કરવું ભૂલ્યો ભૂપ.
હાથપગ ધોયા વિના સંધ્યા કરવા ગયો અનુપ. ૪
તે દિવસથી વસ્યો અંગે કળિ કૂડો જાણ.
અન્ય રૂપે પુષ્કરને મળ્યો; ભમાવ્યું મન નિરવાણ. ૫
પુષ્કરને કહ્યું, 'જીતીશ તું દ્યૂતે કરી નળરાય.
મારી સાથે ચાલ તું; નિષધપતિ થાય' ૬
પુષ્કર આવ્યો કળિ સાથે રહ્યો પાસામા કળિ જાણ.
પુષ્કરે આવી નળને કહ્યું, 'રમો દ્યૂત આજ નિરવાણ.' ૭
નારી બેઠી નળતણી ત્યાં બોલ્યો અતિમૂઢ.
કળિ અંગમા વ્યાપ્ત છે, તેથી વીસર્યો ગતિ મૂઢ. ૮
સહન કર્યું નવિ રાયજી; દ્યૂત આરંભ્યો જાણ.
સુવર્ણ હીરા સર્વ હાર્યો, થઇ રાય અજાણ. ૯
મિત્ર, બંધુ, સગા કોઇ વારી ન શકીઆ ભૂપ.
પ્રધાનપ્રજા આવી તહિં જોવા નળનું રૂપ ૧૦

---

૧૫. क-ख-વશપાસે. ૧ क-ख-કાવેરો. ૩. ख-ફરતા કળિને. ૫ क-ख તિણે ભમાવ્યું ૬ क-ख-તું થાય. ૮ क-ख ઇમ.

વાર્ષ્ણેયનામા સારથી, તેણે દમયતીને કહ્યુ જાણ.
'પ્રજા આવી રાય પાસે દર્શન કરવા નૃપભાણ. ૧૧
વ્યસન દ્યૂતનુ જાણીને; દુઃખ પામી પ્રજાસ
વારવાને રાય આવી; મિલાવો સુખી થાય.' ૧૨
કષ્ટથી અગ્નિની સકાઇ, શોકથી મૂકે નિશ્વાસ.
વ્યગ્ર ચિત્તે દમયતી તો ગઇ નૃપની પાસ. ૧૩
રૂદન કરતી બોલતી, 'આવ્યા પ્રજા ને પ્રધાન
દ્વાર પાસે ઊભા રહ્યા, તિને જુઓ હે રાજન!' ૧૪
વિલાપ કરતી દમયતી, નેત્રાશ્રુખરતા ત્યાહિ
કળિયુગે મન વ્યગ્ર કીધુ; ગણ્યુ નહિ નૃપ મનમાંહિ ૧૫
મૌન ધરી રાજા રહ્યો, પ્રધાન પ્રજા વિચારે.
નળરાય તો નાશ પામ્યો, એવુ મનમા ધારે. ૧૬
સહુ સહુને ઘેર ગયા, સુણો અજાતશત્રુ! જાણ.
ભાલણ પ્રભુ રઘુનાથના કરે વિધિ એ પ્રમાણે. ૧૭

કડવું ૧૭.

રાગ મેવાડો.

બૃહદશ્વ ઋષિ ઉચરે, સાભળ નૃપ સુજાણ.
વીરસેનનન્દન વરણવુરે સુણ દુખીઆનુ આખ્યાન ૧
આખ્યાન સુણ દુખીઆતણુ થયો ઉન્મત્ત જેહ.
દમયતી મન દુ:ખ ધરે, શુ કરી શકે તેહ? ૨
દ્યૂત છે અતિ નિઘ, તિ લહે મહિલા સર્વ.
કળિયુગથી નળરાય પામ્યો તમમનમાંહે ગર્વ ૩
સર્વસ્વ હાર્યો રાય જાણી, રાણી પામી દુ ખ
ગુણવતી છે દમયતી, ઇચ્છે સ્વામીસુખ. ૪
પ્રિયભાષિણી વદી જઇ જ્યા બૃહત્સેના દાસી,
'તુ જઇ નળ આજ્ઞા થકી પ્રધાન લાવ મુજ પાસે ૫
પૂછજે-શુ ધન હાર્યા? નળને રહ્યુ શુ બાકી?'
પ્રધાન મનમા હર્ષ પામ્યો, હવિ ગયો રાય થાકી. ૬

---

૧૪ ख-શોચ કરે અશ્રુઝરે ૧૫ क-જ્યાહિ ૧૬ ख-માન. રમે.
૧૬ क-ख રઘુનાથને ૧ क કર દુઃખના વખાણ. ૨. क વિખાણ કર
નળ નાથના ૩ ख-તે ફર્યો મનમાંહે લાવી.૫ क-ख એક દાસી
૬. क-ख-પામ્યા

આજ્ઞાનુસારે તરત આવ્યો, પણ બોલ્યો નહિ નરેશ.
પોતાનું નખ માને ભૂપતિ; રાખ્યુ નહિ કંઈ શેષ. ૭
લજ્જા મનમા નારી પામી, કર્યો અંતઃપુર પ્રવેશ.
નળરાય ત્યા તો હારીઓ ધન, ધાન્ય ને સહુ દેશ. ૮
પાસા અવળા નળતણા પડે છે નિરવાણ.
[ત] દમયતી મન દુઃખ ધરે. દાસી તેડી જાણ. ૯
'હે ભદ્રે' નળ આજ્ઞાથી વાર્ષ્ણેય તેડી લાવ.
માત આજે એટલુ; વાર્ષ્ણેયને બોલાવ.' ૧૦
સત્વર ગઈ તે સુંદરી. વાર્ષ્ણેય આવ્યો ત્યાય.
દેશકાળ જાણતી સુંદરી, શુભાશુભ જાણે મનમાય. ૧૧
અનિંદિતા મુખથી વદી મધુર વાણીએ નિરવાણ.
સમય જાણી કહે સતી, ' વાર્ષ્ણેય! તું છિ જાણ. ૧૨
હે સારથી! નળ પ્રિય તુને; આવ્યો અધમ સ્થિતિએ તેહ
સ્હાય તિની કરો સાચી, મન કરી નિઃસંદેહ. ૧૩
પુષ્કર નળને જીતી છિ તિમ તિમ દ્યૂતમા મન
દ્યૂતજવાળે અગ્નિ દીપક તિમ તૃપ્ત થાય ન તન ૧૪
દાવ વેરીના પાધરા, અવળા પડે છિ નૃપાળ
રાય મિત્રનુ નવિ સાભળે, મારૂ નવિ સુણે ભૂપાળ ૧૫
દોષ છિ નૃપનો, કહું તો રસના ધાસી જાય.
પણ ભવિષ્ય મન વસતુ નથી; હુ આવી તારે સ્હાય. ૧૬
એક વચન પાળે માહરૂ, નળરથ જોડી લાવ.
બે બાળ તેમા બેસાડી નિષધદેશને તજાવ. ૧૭
કુંડિનપુરમા લઇ જજે પિતા ભીમની પાસ.
પિયર રેહેશે બાળકા; એટલી મનમા આશ. ૧૮
ગોઠે તો તું ત્યા રહે, સ્વેચ્છાએ જા ક્યાઇ.
બાળને તહિં મૂકવા; એટલુ મન માહિ.' ૧૯
વાર્ષ્ણેય 'વારૂ' કહી વળ્યો; ગયો જ્યા રાજપ્રધાન.
દમયતીના વચન ભાખ્યાં; કર્યા સર્વે માન્ય. ૨૦

---

૭ क–ख–આવ્યા. પતિ. ૮ क–ख હારીઆ ૯ ख મા 'તે'નથી.
क–ख–બૃહત્સેના ૧૨. ख–છે ૧૩ ख–તેને ૧૪ ख–જીતે તેમ તેમ.
જ્વાળો. દીપઇ તેમ. ૧૫ ख છે નવ. ૧૬ ख–છે. ૧૭. ख નહિ.

પ્રિય અશ્વ નળના જોડીઆ; રથ કર્યો સાવધાન.
બે બાળને બેસાડીઆ, વળ્યો વિદર્ભદેશ જાણ. ૨૧

ઈંદ્રસેન ને ઈંદ્રસેના સોપ્યા નરેશ.
નળ સંબંધી દુ:ખ ધરીને ગયો અયોધ્યાદેશ. ૨૨

ઋતુપર્ણ કેરા રાજ્યમા રહ્યો સારથી જાણ.
ભાલણપ્રભુ રઘુનાથને કરૂ કર જોડી પ્રણામ. ૨૩

કડવું ૧૮

રાગ દેશાખ

બૃહદશ્વમુનિ વદઇ વાણ, સુણો ધર્મનન્દન ! નિરવાણ.
ગયો વાર્ષ્ણેય વિદર્ભ દેશ હાર્યો નૃપ હતુ જે શેષ. ૧
પુષ્કર બોલ્યો ગર્વ વચન, 'હવિ તમો ઘૂત રમો રાજન
રાજ્યદ્રવ્ય લીધુ અમો જીતી, રહી દમયતી જેમા તમ પ્રીતિ ૨
માડો દાવમા તેહ નાર,' દુષ્ટની વાણીમા એવો સાર.
વચન સુણી વાધ્યો ક્રોધ, હૃદય તમ, થયો મન રોધ ૩
ઉત્તર કાંઇ ન પાછો વાળ્યો, પુષ્કરને જોઇ સશે ટાળ્યો
આપ્યા શરીરના આભરણ, એક વસ્ત્ર પહેરી નીકળ્યો વન ૪
[1]પ્રિયજનને કરતો શોક ચાલ્યો રાય દુખી કરતો લોક.
એક વસ્ત્રે નરપતિ જાએ, દમયતી ન મન હરખાએ ૫
[6]તિની પૂઠિ ગઇ રાણી; બહાર વસ્યા અશુભ જાણી.
નગરની પાસે રહ્યા દિન ત્રણ, કોઇએ આપીઉં નહિ શર્ણ ૬
પુષ્કરે ફેરવી આણ, 'કરે સહાય [7]તિના લેઉ પ્રાણ.'
મૂળથી નળ સાથે વેર, તેથી કર્યો એવો કેર ૭
તોય રહ્યો નિર્વાહ કરતો રાય પછી પાણી કોઇ ન પાય.
ફળમૂળની ધારી આશ ગયો વનમા રાય નિરાશ. ૮
[9]પૂઠિ દમયતી ગઇ ચાલી, નળ જુએ ન રાણી બાળી
એવે છક પખી દીઠો સાર; શુ સુવર્ણે મઢયો અવિધાર' ૯
કર્યો મનમા નીશે સહી, 'આ મારૂં ભક્ષ્ય છે વનમાહિ
ભોજન કરવા આવે અર્થ, નથી મારી પાસે કઇ ગર્થ.' ૧૦

---

૧ क-ख રાગ સામેરી ૬ ख-તેની ૭ ख-તેના ૯ ख-પૂઠે
क-જુએ બાળી ख-રાણી બાળી

અજાતશત્રુ' વિચારી એમ કરવા ગયો ભૂપતિ ક્ષેમ.
એક વસ્ત્ર પહેર્યુંતું કાય નાખ્યુ પક્ષી ઉપર ત્યાય. ૧૧
પક્ષી ઊડી ગયો આકાશ, રાય થયો ઘણો નિરાશ.
બોલ્યો પક્ષી જાતા એવુ, 'વસ્ત્ર સહિત તારે રહેવુ કેવુ? ૧૨
પક્ષી રૂપ અમો છું પાસા. મૂકો સુખની સર્વ આશા.'
જોઇ ગ્લાનિ પામ્યો મન; બન્યો દિગમ્બર રાજન. ૧૩
'વહાલી પરમ દુઃખવતી તુંય. પોષણ કિમ કરવું જાણું ન હુંય.
પ્રજાએ ન કર્યું પોષણ. પાસાએ રૂધિર કર્યું શોષણ. ૧૪
તારૂ શુભ થાય એવુ ભાખુ, આજ મહિલા' રૂડું દાખુ.
દક્ષિણ દિશા ભણી ઉજ્જન નગરી, ઘણી માર્ગની શાખા કરી. ૧૫
ઋક્ષવાન ને વિંધ્યાદ્રિ જાણ, નદી પયોષ્ણી નામ પ્રમાણ.
તેમા વસે ઋષિ ઘણા તપસી, તું સુખી થા નારી ત્યા વસી. ૧૬
આ માર્ગ વિદર્ભ દેશે જાવા; આ છે કોશલદેશે સુખ થાવા;
દક્ષિણ દેશ છે દક્ષિણ પાસે; નારી' ભરા તું સારી આશે.' ૧૭
એવો મર્મ કહ્યો પિયર જાવા, વાગ્યુ દમયન્તીને દુઃખ થાવા
'એશુ બોલ્યા હે નરેશ? શુ કરવો પિતાનો દેશ? ૧૮
વસ્ત્રવિહોણા ભૂખ્યા રાય મૂકી જાય તે નારી થાય?
ધિક તે નારીને જાણું. ધિક ભોગ સુખ તેનુ માણ્યુ ૧૯
નરવગરના વનમા મૂકી જાવુ પ્રિય પતિને ચૂકી.
હુ પાસે જો પતિ આજ, કરૂં આ વનમાં સુખસાજ. ૨૦
પુરૂષને દુઃખ સમે નવિ કોઇ નારી જેવી કરે કઇ સોઇ.
વૈદ્યોએ ખોળી કાઢ્યુ, સ્ત્રી સમાન સુખ ન ગાઢુ.' ૨૧
બોલ્યો નળરાય તવ વાણી, નારીનું વેણ વખાણી,
'સત્ય વાત તારી વસે હદે, દુઃખ વેળા સ્ત્રી મિત્રનો ઉદે. ૨૨
દુઃખી પુરૂષને સ્ત્રી મહામિત્ર; ઔષધરૂપ જાણી મેં પવિત્ર.
બીજુ કાઇ નથી એ વિના-જળ વિના જર્શા મીના. ૨૩
નહિ કરૂં તારો હું ત્યાગ. ધરો મનમાંહ અનુરાગ
કરૂ મારા જીવનો ત્યાગ, પણ રાખું તારા પર અનુરાગ' ૨૪
બોલી દમયતી તવ વાણ, 'પિયરપથ દેખાડો કિમ સુજાણ?
તમો ત્યાગ કરવુ નહિ જાણો, કલિયોગે અશુભ આણો. ૨૫

---

૧૧ ક-ઘણ ક્ષિમ. ૨૧ ક-ખ -કો ૨૨ ખ-વિખાણી.

વારવાર દેખાડો પથ. વદો નથી હું પાસે રથ.
રાય ! શોક વધે મુને ઘણો. રાય ' હાથે મુજને હણો'. ૨૬
મન હોય જો પિયર જાઇ, તો આપણ બન્ને જાઉં રાઇ !
કરે ભીમ તમારો સત્કાર, પણ સુખે ન લહો સાર. ૨૭
ઇમ કળિયોગે જણાય. નાથ ' શું વદુ અગ્નિ આય ? '
ભાલણપ્રભુ રઘુનાથ કેરો. ઇમ દુઃખનો આવતો ફેરો. ૨૮

કડવું. ૧૯

રાગ ગોડી.

નળ કહે, ' સુણો દમયંતી રાણી ', સર્વ વાત અમો સત્ય જાણી.
રાજ્ય મારૂં શ્વશુરનું એક; નથી મનમાહે વ્યતિરેક. ૧
વળી અવળી સ્થિતિમા હુંય, તે તો સરવે જાણ તું ય
સમૃદ્ધિ વધારનાર હું પહેલો થયો આજ અનર્થે ઘેલો ૨
માટે ત્યા નહિ જાઉં હું ય સાથે ચાલની શ્યામા ' તું ય '
એમ સાન્ત્વન કીધી ત્યાય એક વસ્ત્ર પહેરી ગયા વનમાય. ૩
ક્ષુધાતૃષાએ દુઃખ સહેતા, એકમેકને નવિ કહેતા.
એવે એક શૂન્ય આવ્યુ સ્થાન, બેઠા ત્યાહિ રાણી રાજાન ૪
ઘાસની નથી સાદડી; બેસવા આપદા પડી આવડી.
સુતો પૃથ્વી ઉપર ભૂપાળ, સુતી દમયતી ત્યા તત્કાળ ૫
નારી નિદ્રાવશ થઇ જાણ, અતિ થાકી જ્જિ નિરવાણ.
પૃથ્વીપતને મન વશ્યો શોક કરતા દુખનો તે આલોક, ૬
' રાજ્યાધિપતિ હતો જેવો, અધુના હું નહિ તેવો.
ગયુ રાજ્ય, વહાલાવિયોગ, આની સાથે લીધો જોગ. ૭
ગયા પક્ષી વસ્ત્ર હરી, ' એમ વિચાર કરે ફરી ફરી;
' શું કરવુ, ન કરવુ કાજ ? પ્રાણ ત્યાગ કરૂં ' કહે મહારાજ. ૮
' કરૂં દમયતી કેરો ત્યાગ, મળે સુખ એને મહાભાગ.
મારે કાજે પામે દુઃખ. કરમાયુ એણીનું મુખ ૯
તજુ નારીને હું આજ, મળે ભીમ પિતા મહારાજ
મારી સાથે પામશે કષ્ટ, થશે નારીરત્નરૂપ નષ્ટ ૧૦

૨૮ ख–અમે. એમ ૧ क–ख છતમાન. ૫ ख નથી પાસ તૃણુ
क આવી ૬ ख ૭ क ૫ વશ્યો ' નથી

કોઈ કાળે મળશે સુખ, જો વિજોગનું સહેશે દુઃખ '
એમ નિશ્ચે કર્યો નળ ભૂપ, તજવી દમયતી રામા રૂપ. ૧૧
ફેરવી કળિયુગે મતિ ત્યાહિ, ઉભો ઉભો વિચારે જયાહિ
'ધર્મવતી પતિવ્રતા જાણુ, યશવતી દુઃખ પામે નિરવાણુ. ૧૨
પુરૂષને લાગે નહિ છળ, અધર્મનું ચાલે નહિ બળ '
એમ નિશ્ચે કર્યો નરનાથ, તજવા દમયતીનો સાથ ૧૩
અર્ધું વસ્ત્ર લેવુ ધારી બુદ્ધિ વારવાર વિચારી,
' કિમ લેઉ અરધુ વસ્ત્ર ? નથી કાપવા કરમા શસ્ત્ર.' ૧૪
ફર્યો ચારે પાસ ચોગાન. અસિ કર આવી રાજાન
મ્યાન વગરની નિરવાણુ કાપ્યુ વસ્ત્ર અરધુ સુજાણુ. ૧૫
થયો ચાલતો રાજા ત્યાહિ, મૂકી દમયંતી સૂતી જયાહિ
થોડે જઇ વળ્યો રાય પાછો. થતો તનમનમાહિ આછો ૧૬
કરતો રૂદન નળ ભૂપાળ, 'ફાટી મરશે વિજોગે બાળ
મારી સ્રીને વાયુનો સ્પર્શ ન થાય; સૂર્ય જોવાને તલવાય. ૧૭
તે સૂતી છે પૃથ્વી માંય અરધુ વસ્ત્ર પહેરી આય.
હસિત વદન દમયતી જાણુ, નિદ્રિત મૂકી જાવું અજાણુ. ૧૮
થશે ઘેલી નારી માહારી, સર્પસિહ જમી જશે સારી.
ફરશે વનમા કેઇ પેર ? સ્વામી થઇ કરૂ શો કેર ?' ૧૯
સુણુ યુધિષ્ઠિર ! રાજાન, વળી ફેરવ્યુ કળિએ જ્ઞાન;
તજવી એમ નિશ્ચે કીધો, સૂર્ય, વસુ, રૂદ્ર સાક્ષી કીધો. ૨૦
'વાયુ ! અશ્વિનીકુમાર ! પરબ્રહ્મ ! રક્ષણુ કરજો, એના શુભ કર્મ.'
એમ કહી ચાલ્યો ભૂપાળ, સ્નેહથી પાછો આવ્યો તત્કાળ ૨૧
કળિયુગ ઘસી ઘસડી જાય, સ્નેહે પાછો આવે રાય,
એ ભાગમા વહેચાયુ હૃદે, હિંડોળાવત થયું ઉદે ૨૨
આવવુ અને જવુ જાણે, કળિયુગ જાવાને તન તાણે,
કરી વિલાપ આખર રાઇ, ગયો કળિયુગ કેરી સહાઇ ૨૩
મૂકી મનુષ્ય વગરને રણુ, ચાલ્યો દુખે ભજી નારાયણુ;
ગડભાંગ કરતો તે ગયો, ભાલણુ પ્રભુ રઘુનાથનો દુઃખી થયો. ૨૪

---

૧૧. ख નિશ્ચય ૧૨ क ख નહિ પામે ૧૭ क-ललय ૧૮ ख હસિ
૨૨ क લેઇ ख થયુ મન. ૨૪ क-ख દુઃખથી.

કડવું ૨૦

રાગ મેવાડો.

બૃહદશ્વ મુનિ બોલીઆ રે, સુણ યુધિષ્ઠિર રાજન '
નળ ગયો નારી તજી રે, કળિયુગે ભુલાવ્યું ભાન. ૧

ઢાળ.

ભાન ભુલાવ્યું કળિયુગે, થયો રાય અજાણ
શ્રમ મટયે નારી ઉઠી, તવ દુઃખ પામી સુજાણ ૨
નર વગરના વનમાંહે પતિ ન દીઠો પાસ,
'હે નાથ'' એમ સ્વર કરી નાખે ઘણો નિશ્વાસ ૩
પોકાર કરતી બોલતી તે કહું સુણ રાય '
વાણીની દીનતા અતિ, નહિ કોઇ જન સ્હાય. ૪
'હે નાથ' હે સ્વામી ' ભર્ત્તા ' કિમ કરો તમે ત્યાગ ?
હણાઇ હું નારી વને. ઇમ ન ઘટે મહારાજ ! ૫
મનુષ્ય વગરના વન વિષે હું એકલી પામું બીક,
ધર્મજ્ઞાતા ' નવ ઘટે, મુને હ્રદયે આવે હીક. ૬
સત્યવાદી ' આ શું કર્યું ? આથી અસત્યવાદી થાવ.
સ્વયંવરમાં શું કહ્યું ? ભૂલી ગયા તિનો ભાવ. ૭
ત્યાગ તારો નહિ કરૂં, ઇમ બોલ્યા દેવ સમક્ષ
સ્ત્રી મિત્ર જાણો સર્વથા દુઃખ સમે, હે દક્ષ ' ૮
લોકપાળ સમક્ષ બોલ્યા, નવ કરૂં તારો ત્યાગ,
તે સત્ય કરી દેખાડીએ, અહો નળ મહાભાગ ' ૯
અઘોર વનમાં પ્રાણીને અકાળ મૃત્યુ ન થાય ?
તમવિહોણી દમયંતી હું ધરીશ મારી કાય ? ૧૦
હાસ્ય ઉપહાસ કરવું નવ ઘટે, મુને ભય થાયે પુષ્ટ
પ્રતિમા આવી દાખવો, કાન્ત ' કાપી કષ્ટ ૧૧
હું જોઉછું, હું જોઉછું, દીઠા અધુના આંહી
દ્રુમ પૂઠે લપઇ પેઠા, દયા ધરો મનમાંહિ ૨
સ્વામી ' બોલો શે નહિ ? જાણું કળિ કરે ભેદ '
આશ્વાસન તમે નવિ કરો, તો નારી પામું ખેદ. ૧૩

क-ख દેશાખ ૨ ख નિર્વાણુ ૩ ख-નાથ નાથ ઇમ. ૪ ख-રૂદન. ૫ ख કેમ તમે ૬ ख વિષે ૧૦ ख કિમ મમ ૧૧ क-ख ઉપહાસ્ય ૧૨ ख-મથા ૧૩ ख અહિ શું. તમે. નવ. ધરો ન મન કિમ.

નહિ દેહ કેરા શોક ને નહિ શોક રાજ્યાસન;
પણ શોક એક મનમા પણો-ભુજ વિણુ દુઃખ સહો રાજન! ૧૪
ક્ષુધા તૃષાથી પીડિત સ્વામી ! બેસો વૃક્ષની હેઠ;
ત્યારે હુ નહિ સાભરૂં? એવા નિર્દયે નહિ તમે ઠેઠ.' ૧૫
પછી ઉઠી મહીલા આકળી, ચોદિશ જોતી જાય.
રૂદન કરતી દોડતી શ્યામા શ્વાસ ન ખાય. ૧૬
વૃક્ષ પાછળ લપાતી, 'સ્વામી' નાશી ગઈ,' વદે;
વારવાર પોકાર કરતી, દુઃખ ધારી અતિ હૃદે ૧૭
પછે શોકવાળી દમયતી બાળી મૂકે ઘણો નિ:શ્વાસ,
'જે દુઃખથી રાય દુ:ખ પામ્યો, તિને કરો હરિ! ઉદાસ ૧૮
સુખ જાઓ તેનુ સર્વેશુ, દુખ પામો દેહ,'
ઇમ શાપ દઇ પતિ પૂઠિ પળી નિઃસંદેહ. ૧૯
પચાનન પ્રૌઢા ઘણા, વ્યાઘ્ર મહા વિકાળ;
વિકળ ફરતી વનિતા ત્યાં, હૃદે પતિની ઝાળ. ૨૦
રાજા ! રાજા ! ઉચરે, દોડતી વનમાય.
ડરરી પક્ષિણી જિમ દોડે, તિમ દોડે ત્યય ૨૧
ઇમ કરતા આવી પડી ઈક સર્પ કેરી પાસ;
તે ક્ષુધા વાળો સર્પ ગ્રસતો, મન ભોજનની આશ. ૨૨
સર્પે ઝાલી સુંદરી, તદપિ ન તનની આશ,
નિષધપતિનું દુખ ધારી હવી ઘણી નિરાશ. ૨૩
મુખ બોલી ઇમ વામા, 'હે પતિ ! કરો રક્ષણ;
સર્પે સાહી સુંદરી, કરશે અધુના ભક્ષણ ૨૪
કલિયુગથી મન શુદ્ધ થાશે, ત્યારે જીવશો કિમ ?
એ દુઃખ મનમા મને સ્વામી ! મન રહે નહિ ક્ષેમ. ૨૫
ત્યાગ કરી જાવુ ન ઘટતું, થાકયા હશો સ્વામિન !
થાક કોણુથી ફેડશો ? હું પાસે નથી પતિ ! દીન.' ૨૬
એમ વિલાપ કરતી સુંદરી જોઇ પારધી આવ્યો એક
પાસે આવી સર્પ માર્યો, સુંદરી ચૂકાવી સવિવેક. ૨૭
જળ છાટયું સુંદરીને, કરાવીઓ પછી આહાર;
પુછયુ, 'શી તુ કુળની ? નામ કવણુ ભરતાર ? ૨૮

---

૧૭ ख गया २० क-ख-१५. २४ क-छि

પિતા છે કે નહિ તારો ? કિમ વન વેઠે નાર ?'
અજાતશત્રુ ! સાંભળો, ઇમ પારધીએ પૂછયો સાર. ૨૯
વૃત્તાંત સર્વે તેને વદ્યે, જોઈ પારધીએ નાર;
કૃશકટિ સ્તનપીન નારી, જોઇ કર્યો વિચાર. ૩૦
નેત્રાંબુજ અતિ મનોહર, મધુર ભાષિણી બાળ
જોઇ કામ વશ કાયા હવી, કરિ આશ્વાસન તત્કાળ. ૩૧
દુષ્ટ બુદ્ધિ તિની જોઇ, દમયતી પામી ક્રોધ;
જાજ્વલ્ય રૂપે નારી હુઇ. પારધી ન પામ્યો બોધ. ૩૨
સ્પર્શ કરવા તિ ગયો, નવ લહ્યો અન્ય ઉપાય;
શાપ દેતી સુંદરી, 'નળ વગર નીરખી ન કાય, ૩૩
અન્ય પુરૂષ નવિ દ્રષ્ટે જોયો, તો બળો પારધી આપ.'
શાપ દીધો સુંદરી, લાગ્યો હુતાશનનો તાપ. ૩૪
બળી પ્રલે તિ થયો, નારી ચાલી વન;
ભાલણ પ્રભુ રઘુનાથ ગ્લાનિ ધરતી મન ૩૫

કડવું ૨૧.

રાગ ગોડી.

યુધિષ્ઠિરરાય ' સાભળો નારી પામી દુઃખ રે,
કમળનયની ચાલતી, તન મનમા નહિ સુખ રે. નારી પામી દુઃખ રે. ૧
મનુષ્ય નહિ, ક્રૂર પશુ વિટયુ; એવુ ભયાનક વન રે;
કેસરી સિંહ વ્યાઘ્ર મોટા, વરૂ વણીઅર ફાડે તન. નારી૦ ૨
મહીષ રિછ ઘણા ત્યાહિં, ક્રૂર અનેક છે પક્ષી રે;
મ્લેચ્છ વસતા ત્યાં ઘણા, કોઇ નવિ નીરખ્યુ દક્ષી. નારી૦ ૩
ચોર વસતા ચહુ દિશે, કરતા કૂડા કાજ રે,
નારી ફરતી ત્યા સહી, ધૂત તણે કૂડે રાજ. નારી૦ ૪
સાગ, અર્જુન, વાસકેરાં, ઝાડ છે વનમાંય રે;
પીપળ, ધાવડી, ટેમ્બુરી, ઈંગોળી દરશે ત્યાવ નારી૦ ૫
નિંબ, ખાખર, સાવરી, કસ્તુરી મોગર, જાબ રે,
દેવતરૂ, ચીંચુ, પીંપળી, ખેર, નેતર, આબ, નારી૦ ૬
તાડ, ખજૂરી, ચારોળી, કેરા, કદબ કેરા વૃક્ષ રે;
બીલી, બોરડી, ત્રિફળા છે, ઉમરા પશ્યતિ સમક્ષ. નારી૦ ૭

---

૩૪ ક હુતાશનો ૩૫ તે હવો ૧ માર

વૃક્ષ જોતી વિધ વિધે, વળી ધાતુ જોતી ખાણુ રે;
વેલીથીથા ગુફ્ફ ગયું, એવુ વન જુએ નિરવાણુ. નારી૦ ૮
રવ ભયકર નારી સુણુતી, ગુફા જોતી પર્વત તણીરે;
તડાગ, સરિતા, વાવ જોતી, દીન થતી નારી ઘણી. નારી૦ ૯
પક્ષીઓ વિધવિધના; ભયાકુલ રૂપ પિશાચ રે;
સર્પ, રાક્ષસ ત્યાં ઘણા નારી જોતી સાથ. નારી૦ ૧૦
શિખર પર્વત તણા મોટા; ઝરણાનો નહિ પાર રે.
પતિ વિયોગે નારી આવી અઘોર વનમુઝાર. નારી૦ ૧૧
ભય નહિ, એક સ્મરણુપતિનુ; બેઠી જઇ પાષણુ રે.
હે વિશાળ હૃદે ! હે મહાબાહો ! હે નિષધ દેશના ભાણું ! નારી૦ ૧૨
ત્યાગ કરી પતિ ! માહારો કિમ ગયા વન નિરવાણુ રે !
હે ચતુર ! વચ ઘણા કર્યા; નથી નાથ ! અજાણુ. નારી૦ ૧૩
સ્વયવરમા શું વધા છાં, તેહ સ્મરો હે નાથ રે !
મતિમાન હલકુ નવિ કરિ, તજે નારીનો નવિ સાથ. નારી૦ ૧૪
સત્ય વચન વદવા થકી ગ્રહે ચાર વેદનું પુણ્ય રે.
અસત્યવાદી જો થશો તો, પુણ્યશ્લોક ! કીર્તિ થાશે ન્યૂન. નારી૦ ૧૫
નળપતિની નારી હું વનમા પામું નાશ,
નિષ્પાપ ! એ ઘટતું નથી અબળા દુઃખે મૂકુ નિઃશ્વાસ. નારી૦ ૧૬
સિંહ મુખ પહોળુ કરી મને ખાવા ધાય રે.
રક્ષણુ કરો ભરતાર ! માઃ શાસ્ત્રાજ્ઞા કહેવાય. નારી૦ ૧૭
પ્રિયા મારી, એમ કહેતા સદૈવ હે નરનાથ ! રે.
સત્ય વચન સ્વામી કરો, તેડો આ દાસી સાથ. નારી૦ ૧૮
ગાડી સરખી હું ભમું, તે વીસરો શે શ્યામ ?
કૃશતનુ જોઇ માહરૂં થાઓ પ્રભુ ! વિશ્રામ. નારી૦ ૧૯
મુખકાતિ ફીકી પડી, મલિન તનુ મહારાજ રે !
અર્ધું વસ્ત્ર અંગે ધર્યું, લાગશે પ્રભુ ! લાજ. નારી૦ ૨૦
મૃગયૂથથી મૃગલી વિખુટી પડી વન મહારાય રે.
દશા તેની નવિ વિલોકો. હવે કિમ થાય ? નારી૦ ૨૧

---

૮. क ખાણુ. ૧૦ क-ख ત્યાજ ૧૩ कમાં આ શબ્દ નથી. ધર્મ અજાણુ. ૧૪ ख-ઓ નવ કરો તજો નવ ૧૮ क-નારી. ૨૧ ख-તેની નવ क-ख-કેવી હાલ.

વન વિશિ હુ એકલી કરૂં વિધ વિધ સાદ રે
સતીને નવ મહેલો સ્વામી. નવિ કર્યો કંઇ વિખવાદ. નારી૰ ૨૨
સર્વાગે હે શોભતા અહો નરોત્તમ ! નામ રે.
હું આજ તમિને નવિ લહું, અહો નિષધ દેશના ધામ ! નારી૰ ૨૩
વ્યાઘ્રસિંહસમાકુલ વનમાહિ સુતા નાથ રે !
બેઠા હશો, ઉભા હશો. મુને અહો સંગાથ નારી૰ ૨૪
દુઃખવાળી હામણી હું સંદેશો પુછુ કુને રે ?
ભાળ આવી કો કહે સ્વામી તમારી મુને ? નારી૰ ૨૫
સુર સરખા સ્વરૂપવાળા ! અરિ જાણે પ્રતાપ રે.
કમળ સરખા નેત્રવાળા ! ખુઓ મારો તાપ. નારી૰ ૨૬
આ રણા સ્વામી, એવુ કહે આવી કુણ રે ?
આ સિંહ સન્મુખ આવતો, પુછુ જઇ હું ઉણ. નારી૰ ૨૭
' ભીમની હું પુત્રી કહાવુ, નિષધપતિની નાર રે.
દુઃખ ટાળ હે બાંધવા ! નિકર કર તું આહાર નારી૰ ૨૮
અરે સિંહ ન બોલતો, નવિ કરે આશ્વાસન રે '
ગઇ નારી નદી પાસે, વદે દીન વચન, નારી૰ ૨૯
' શિખરથી અતિ ઊંચો પર્વત, ધ્વજા જેવો મુજ મન રે.
સિંહ, વ્યાઘ્ર, હસ્તિ વસે, રિંછ, મૃગ ઘણા પાવન નારી૰ ૩૦
પક્ષીઓ બહુ વિધના કરે સુરસ ઉચ્ચાર રે
નદીબાઇ ! તું પુત્રી તેની. પૂછ મુજ ક્યાં ભરતાર ? નારી૰ ૩૧
નદીએ નવ પૂછીયુ. પર્વત પાસ જાતી નાર રે
' રાયપુત્રી, રાયવધૂ હું, નગરાજ ! આપો પાર. ' નારી૰ ૩૨
પર્વત ત્યા નવિ બોલીઓ, તવ પૂછ્યુ બીજે સ્થાન રે.
ઇમ નારી ભમતી પૂછતી, કંઇ ન પામતી માન. નારી૰ ૩૩
ઉત્તર દિશ ભણી ચાલી નારી તાપસ કેરે વન રે.
ભૃગુ અત્રિશા મુનિ નીરખી પ્રફુલ્લિત થઇ મન. નારી૰ ૩૪

---

૨૨ ख–નવ ૨૨ પછી નીચલી કડી ख–મા વધારે છે.—

અપરાધ માહારા હોય જે ક્ષમા કરો નવ નાથરે
પતિધર્મે દાસી તેડો, વનમા કરો સગાથ નારી૰ ૨૩

૨૩ खમા 'હું' નથી તમને નવ ૨૫. क–ख–દયામણી ૨૮ ख ટાળો વનરાજડા ૨૯ ख નવ. નવ રૂદન કરતી ગઇ क–ત્યાહી.
૩૧ कમાં ' ક્યા ' નથી, ख–ક્યા છે ૩૨. क–તવ. ૩૩. ख–નવ. કેહી.

ઋષિએ આદરસત્કાર કીધો, બેસારી દુખીઆરી રે,
'શું પ્રિય તારૂં કરીએ નારી' થાય સતી' સુખીઆરી ? નારી૦ ૩૫
દમયતીએ, પૂછ્યું તાપસને, 'તપ, અગ્નિ, મૃગ, આદિક કુશળ રે ?'
'કુશળ છે', ઇમ મુનિવર બોલ્યા નારી જાણી કોઈ મહાબળ નારી૦ ૩૬
'વનદેવા, કે રાજા, ઋષિની નારી છુ તું કોની રે ?
દુ.ખ સરવે દૂર થશે. અમિને સર્વે કહોની ' નારી૦ ૩૭
દમયતી કહે, વનદેવા નહિ, ભીમની કુમારી રે
વીરસેનના સુત નળની હુ ઋષિવર ! છુ નારી નારી૦ ૩૮
પતિની શોધ કરતી ફરૂં છુ, બીજું નહિ કાઇ કારજ રે
મળશે નહિ તો દેહ તજીશ અસત્ય ન વદવુ રજ ' નારી૦ ૩૯
ઋષિ કહે, 'સુંદરી ' સુણીએ, કહું તપોબળથી અમિ રે.
થોડા દિવસે સુખ પામશો નર નારી બેઉ તમિ.' નારી૦ ૪૦
એમ કહી, આશ્રમ ત્યાહિ તો થયો છે વિસર્જન રે.
દમયતી મનમા દુખ ધરે છે, અરે રહી એકની સ્રીજન. નારી૦ ૪૧
વિલાપ કરતી ત્યાથી ચાલી, એવે દીઠો એક અશોક રે.
ભાળ પૂછતી તેને ભામની, 'ભ્રાત ! મટાડો તમિ શોક નારી૦ ૪૨
ઇમ પૂછતી ચાલી બાળા' એવે નીરખ્યો સઘ ઇક રે.
તેની પાસે નારી જાતી, નહિ વનમા જિને બીક. નારી૦ ૪૩
નિર્મળ નદી ઉતરવી માટે ગઈ શ્યામા સઘ માહીરે
ગાંડી સરખી ગોરી જોઇ હસતા લોક જહીં તહીં. નારી૦ ૪૪
અરધુ વસ્ત્ર અબળાએ પહેર્યું; ગયુ શરીર તો સૂકીરે.
ઊઝરડા અંગે અતિ ઘણા, જીર્ણતા થઇ છે ટૂકી નારી૦ ૪૫
જોઇ એને કોઇક ભાગ્યા, કોઇક થતા ચિતાતુર રે,
હાસી કરતા કોઇક નાઠા, કોઇક થતા કામાતુર, નારી૦ ૪૬
તિરસ્કાર ત્યા કોઈક કરતા, કોઈક પૂછતા, 'કુણ છુ રે ?
વનની દેવી' પ્રણામ કીજે નીરખી અમોએ ઉણ છું' નારી૦ ૪૭
દમયતી કહે, 'ઇહયુવા સહુ સઘતણા જે જે જન રે'
રાયની પુત્રી, રાયની સ્રી હું, જાણો થઈ ઇક મન નારી૦ ૪૮
પતિદર્શનની ઇચ્છાવાળી છુ, નહિ બીજું કાઇ કામરે
ભીમસજાની પુત્રી હું છું, નળરાજા મારો સ્વામ. નારી૦ ૪૯

---

૩૭ ख-અમને ૩૯ क-ख-કરવા ૪૦ ख અમે તમે ૪૧ ख-નો નિર્જર વને ૪૨ ख-તમે. ૪૬. ख-કાઇક નાઠી ૪૭. क-ख હઉં પ્રણામ

પુણ્યશ્લોક તે પતિ મારો શોધતી હીંડુ વન રે
નીરખ્યો હોય તો તેહ દેખાડો; મળ્યા સહુ મહાજન નારી૦ ૫૦
દધામણીના વચન ઉચરઈ, તે થાએ શુભ મારૂં રે '
શુચિ મહાજન એમ વદ્યો, 'સાભળ કહુ જે સારૂ. નારી૦ ૫૧
આ વનમધ્યે હું ફર્યો, નિરખ્યા વ્યાઘ્ર, રીંછ અને મૃગ રે
પાડા, વરૂ ને શૃગાલ દીઠા, બીજુ નહિ આવ્યુ દગ નારી૦ ૫૨
કંઇક તું નારી અહીં લહેવાઇ, ઉજાતી આવી અહિ રે
બીજો નર અમે કોઇ ન નિરખ્યો ફરી આ વનમા સહી ' નારી૦ ૫૩
દમયતી નિરાશ થઇને બોલી શુચિ મહાજનથી રે
સઘ તમારો ક્યાહી જાશે ? તેહ કહો તમે સત્ય મનથી ' નારી૦ ૫૪
મહાજન કહે, 'નારી ! સુણીએ જશે સઘ ચેદિ દેશ રે,
સુબાહુના રાજમાં પડાવ કરશે, અહિ રહે નહિ કઇ શેષ ' નારી૦ ૫૫
સઘની સાથે શ્યામા ચાલી પતિ મળવાની આશે રે
ભાલણપ્રભુ રઘુનાથના વળી ભરાઇ તેહ નિરાશે નારી૦ ૫૬

કડવું ૨૨.

રાગ વેરાડી.

બૃહદશ્વ બોલ્યા, સુણુ રાય ! દમયતી સાથે જાય.
ગયો સઘ તે મોટા વનમા; નવીન ભય થયો છે તનમા. ૧
ખીલ્યા કમળ ત્યાહિ અપાર, તિનો કહીએ હવે વિચાર
ઘાસ ઉગ્યુ જેમાં ભલી ભાત, ઘણા પુષ્પ તણી ઘણી જાત ૨
સુંદર વૃક્ષની દીસે પાળ, જોઈ મન રીઝે તત્કાળ
ઘણા પક્ષીઓવાળુ વન, જોઇ જળ થાય તૃપ્ત મન. ૩
સઘ ચાલી ચાલી થાક્યો, આવી સૂતો ત્યા થાક્યો પાક્યો
વિશ્રામની કરી ત્યા સજાઈ મહાજનને પૂછ્યુ જાઈ ૪
પશ્ચિમ કિનારે સૂતા સર્વ; ઉંઘ્યા કામક્રોધ તજી ગર્વ
થઇ રાત્રી અધારી અર્ધ, વાગે ઘટા બોલે બલીવર્દ ૫
એવે જળપાન કરવા આવ્યુ, મદગળનુ ટોળુ જિ કહાવ્યું.
જોઈ જન મદગળ મલકાયા. શહેરના ગજને જઇ સહાયા. ૬

---

૫૦. ક–વીર્યવાન ૫૧ ખ-મુખી. ૫૪ ખ=મુખો. વમે ૫૫ ક–સુબાહુમા ૧ ક–વમાનની ચોપાઇ ૨. ખ–તેનો હવે ૬ ખ–જો,

થયુ યુદ્ધ હાથીનું જાણ; થયો સંઘ તો ક્ચ્ચર ઘાણ
થાય ભડાકા અતિ મોટા, સુણ્યા નહિ જેના જોટા. ૭
પર્વત પરથી પડે શૃંગ, તેવા શબ્દે થાય જન દગ
થયો માર્ગ એક ત્યા બંધ. કચર્યાં લોક ને પીડાયો સંઘ ૮
નાઠા લોક ચહુ દિશ ત્યાહિ વનરાજિ કેરી માહિ.
કેટલા રહ્યા નિદ્રામા મગ્ન; તેમના થયા ગાત્ર ભગ્ન. ૯
માર્યા હાતે કેટલા જાણ, શુંડમા સાહી લીધા પ્રાણ;
પગે દાબી નાખ્યા ઘણા. ઉષ્ટ્રવાજીનાશની નવિ મણા. ૧૦
માહોમાહે બચવા કાજ ઘણા લઢી મુઆ મહારાજ'
પડી ખાડમા મુઆ કોઇ; કોઇ બેઠા રહેતા રોઇ. ૧૧
દૈવબળથી થયો સંઘ નાશ વળી રહ્યો સર્વમા ત્રાસ.
'અરે ઉઠયો અગ્નિ આ તે ઇમ, હવિ કરવુ ભાઇ' કિમ? ૧૨
આતો મોહુ' કષ્ટ થયુ' છિ; સુખ આવેલુ ગયુ છિ'
'નાસો, ભાગો,' નહિ ઉચરાઇ અમૂલ્ય રત્નને કુણ સહાઇ? ૧૩
મહાજન કહેતો સર્વને ત્યાહિ, 'રત્ન શ્રમસાધ્ય લેવા સહાઇ.'
પણ નવિ માને કોઇ તિહું; થયુ ભયથી મન સહુનુ બીનું. ૧૪
એવુ જોઇને ઉઠી દમયતી, જે રાણી થઇ છિ ભમયતી.
જોઇ વિનાશ ભય પામી મન. દીનતાયુક્ત થયુ ઘણું તન. ૧૫
બચ્યા જે સઘના જન, તે તો દુખ પામતા ઘણું મન.
'પૂજ્યા યક્ષ ને વિઘ્ન નાશન, થયુ શેણે આ શાસન? ૧૬
થયુ શુકન કેરૂ ફળ કે ગ્રહ આપણા નિર્બળ;
નહિ તો થાએ નહિ આમ જાણ. ગયા સબંધીઓના પ્રાણ.' ૧૭
કોઇ બોલ્યા ત્યાહિ મૂર્ખ, અધમાધમ જેહ પુર્ખ,
'આ સાથે નારી રૂપાળી, નવિ સ્ત્રીઓમા બીજી ભાળી ૧૮
તેના કર્મ થકી આ હવુ; કૂડા પગલે દુખ અનુભવ્યુ.
એ છે રાક્ષસી કે પિશાચી; માનો વાત અમારી સાચી ૧૯
એનાથી થયુ કુડુ કર્મ. મારો પાષાણે; થાયે ધર્મ.
નવિ મારે એને જે જાણ, તેહ જાણો પાપની ખાણ.' ૨૦
સુણી એવાં વચન દમયતી ગઇ નાશી વનમા દુખવંતી
કર્યો ખેદ મને અતિ સાર, હું પાપણીએ કર્યો અકાર. ૨૧

---

૮ ख–પીડાવ્યો ૯ क–ख વનવેલી ૧૦ क–ख–નવિ રહી ૧૩ ख–કષ્ટ થયુ છે મોહું' ને ખોટુ ૧૪ ख–નવ તેનું. ૧૮ क–ख–અધમોધમ ख–નવ ૨૦ ख–નવ क–જાણે

કોપ્યો વિધાતા હું ઉપર, સુખનુ નવિ મળતું સર.
ક્યા કર્મનું ફળ થયુ ઉદે ? મન થાએ ન મારૂ મુદે. ૨૨
મનવાણીએ કર્યું કુડું કર્મ; કર્યાં હશે ઘણા અધર્મ
નવિ સાંભરે જોકે સુજને, પણ વિસરે હરિ ! કિમ તુજને ૨૩
કિયા કર્મનું હશે આ ફળ ? પૂર્વ જનમનું જાણું બળ
પામી દુ ખ, ન મળાએ હુંથી. અપરાધ ક્ષમા ન થાએ તુથી ! ૨૪
પતિરાજ્યહરણ, સ્વજનવિયોગ, પતિવિણ તજ્યા સહુ ભોગ;
ભયંકર વનમાહિ ભમવુ, એ સહુ ઇશ્વર ! તુજને ગમતુ !' ૨૫
સુણ યુધિષ્ઠિર રાજાન, થયો પ્રાત ને ઉગ્યો ભાણ.
સંઘવાળા મળીઆ સર્વ ગર્વી જનના ગળીઆ ગર્વ. ૨૬
જે રહ્યા તે સર્વે સિધાવ્યા; ગયા મનમાંહિ જ્યાંહિ ફાવ્યા.
દમયંતી વિચારે મન, 'મુઆ સંઘતણા સહુ જન. ૨૭
હજુ રહ્યુ ક્યા સુધી દુ:ખ ? નવિ જાણ્યુ કેવુ સુખ.
દુઃખ આવે, ન આવે મોત; શે નવિ મળતી જ્યોતે જ્યોત ?' ૨૮
એમ કરતી વિવિધ વિલાપ, 'થયો નહિ હસ્તિઓથી હુંને તાપ
ઉવેખ્યા જે મેં દેવ, દુઃખ દીધુ તેમણે એવ. ૨૯
જાતા બ્રાહ્મણ સાથે નારી ગઇ પૂઠિ પૂઠિ અવિચારિ
સાયંકાળે સુબાહુને દેશ ગયા ભજતા સહુ સર્વેશ ૩૦
તેની પૂઠિ ગઇ દમયંતી, વનવગડામા જિ ભમયંતી
અર્ધું વસ્ત્ર કર્યું પરિધાન, દર્શે ગાડી જેવુ સહુ વાન ૩૧
જોઇ આશ્ચર્ય પામ્યા લોક, કરતા ઘણા તેનો શોક.
થયા બાળક પૂઠિ ઘણા, કહું દુઃખ દમયંતી તણા. ૩૨
સુબાહુના મહેલની પાસ જાતી નારી દીઠી ઉદાસ.
કહ્યુ દાઇને રાયની માત, 'જઇ બોલાવ આ સ્ત્રીજાત ૩૩
પામે દુઃખ, મનુષ્યથી ઘણુ એનું રૂપ અતિ દીન બણ્યું.
ઇચ્છે એ શરણની વાંછા; એના મનની જાણી મે ઇચ્છા. ૩૪
લક્ષ્મી સમાન છે એ નાર, લહે ગાડી જન અવિચાર
એનું સ્વરૂપ છે રસાળ મમ ઘર શોભાવશે ઇ બાળ.' ૩૫

---

૨૨. ख–નવ. ૨૪ क–અપાર ૨૮ ख–નવ નવ ૨૭ પછી નીચલી કડી ख મા વધારે છે –

અપરાધ કહાવે એ મારો અધર્મ સંકટમાથી પ્રભુ ! તારો
પ્રભુ ! કીધા મેં ક્વણ પાપ, આવે આ સબળો સંતાપ ?

૩૦ क–ख–અવિચારી ૩૧. ख–જે

સુણી દાઇ ગઇ બોલાવા. કહ્યું લોકને, 'મૂર્ખ શા આવા ?'
તેડી ગઇ રાજમહેલની માંય; બેસાડી ભૂમિ આસન જ્યાય. ૩૬
દાઇએ પૂછ્યુ દમયંતીને પછે, 'બાઇ! તું દુઃખમા શે અછે ?
દેવકન્યા કે યક્ષની બાળ ? તારૂં રૂપ અતિ રસાળ. ૩૭
નથી સહાયક તારો કોઇ ? આંખ ફુલી ગઈ ઘણુ રોઇ.'
સુણી દાઇ કેરા વેણ, 'હું છુ સૈરંધ્રી હે બહેન ! ૩૮
સ્વેચ્છાએ વસનારી હુંય; પતિભક્તિવાળી જાણે તું ય.
મનુષ્ય સ્ત્રી હું છુ જાત. વસવુ પડે જ્યાહિ રાત. ૩૯
મારો પતિ છે મહા ગુણવાન, વળી તે જાતે છે બળવાન.
અન્યોન્ય અમારે પ્રીત, દેહ છાયાની રાખુ રીત. ૪૦
પણ દૈવ થયો માહિ આડો, દ્યૂત રૂપી ખોદ્યો ખાડો.
સર્વસ્વ હારી ગયો સ્વામી ગયો વનમા તે બહુ નામી. ૪૧
તેની પાછળ ગઇ હું જાણુ પટ પહેરેલુ તજ્યુ સુજાણુ.
મારૂ અર્ધું આપ્યુ મે વસ્ત્ર; ફાટયુ વસ્ત્ર, નહોતું કર શસ્ત્ર ૪૨
વગર અપરાધે તજી હુંય. ફરૂ ખોળવા; વદું શુ ય ?
પ્રાણેશ્વરને જોતી ફરૂં, બીજુ મનમાહે નવિ ધરૂં. ૪૩
હે સ્વામી ! હે સ્વામી ! ઉચ્ચાર, બીજો મુને નથી વિચાર.'
ઇમ દુઃખના કર્યા વિલાપ; સુબાહુની માને પ્રગટયો તાપ. ૪૪
'અરે રે દુખીઆરી છે, દાસી !' કહ્યું, 'અહિ રહે, મટશે ઉદાસી
જોશે સેવક મારા જાણુ; મેળવુ તારો પતિ નિરવાણુ. ૪૫
તારો પતિ આવશે અહિં. અહિં વસ્યે પતિ પામો સહી.'
સુણુ રાજા યુધિષ્ઠિર ! ત્યાહી, દમયતી શુ બોલી જ્યાહી, ૪૬
'સુપ્રજાવતિ હે માત ! તમારી પાસ રહું કરી ખ્યાત.
ઉચ્છિષ્ટ ભોજન હું નહિ કરૂ, પગે ચાલીને ભૂમિ ભરૂ, ૪૭
કોઇ પુરૂષશુ ન કરૂ વાત; જાળવવી મારી તમારે જાત;
અધર્મી પુરૂષ સામુ નવિ જોઉં, ધર્યું વ્રત તે મે નવિ ખોઉં; ૪૮
જોઇશ બ્રાહ્મણને હું એક, બીજો કોઇ નહિ વત્રેક
એવી બાધણી હોય તો વસુ, નિકર મારગ માતા ! જશુ'. ૪૯

---

૩૭. कमा 'દમયતીને' નથી. ख-કિમ વસે ૩૮ ख-જાણુ. ૪૨. ख-પડયો ૪૩. ख-નવ. ૪૪. क-સુણી સુબાહુની. ख-(સુણી) સુબાહુની. ૪૮ ख-નવ. નવ.

સુણી દમયતીના વચણુ થયા પ્રફુલિત માતનયણુ.
'તારૂં વ્રત છે શ્રેષ્ઠ બાઈ! તારી કરીશ સર્વ સહાઈ.' ૫૦
પછે બોલાવી પુત્રી સુનંદા. કહ્યુ, 'આ નારી છે જે સુચંદા.
છે દુઃખણી એ અવિધાર. તારા સમાણી છે નિરધાર. ૫૧
કરી સખીપણું તુ ઉમંગે રમો સાહેલી બંને રંગે.'
સુણી વચણુ હરખી સુનંદા; સાથ તેડી ગઈ મન મુદા. ૫૨
ત્યાહિ આનન્દ પામી કાઈ, શરીર સંતોષાયુ જ્યાહિ.
ભાલણપ્રભુ રઘુનાથ. મળ્યો દમયતીને સારો સાથ ૫૩

કડવું ૨૩.

રાગ રામગ્રી.

સુણુ યુધિષ્ઠિર મહારાજ જી, કહુ્ં નળરાજાનું કાજ જી. ૧

ઢાળ.

કાજ કહુ્ં નળ નૃપતણું, સુણો હે ભૂપાળ!
તજી વનમા તારૂણી ગયો ક્યા હિ ભૂપાળ. ૨
ઇક વનમા ગયો રાજા, દવ બળતો ત્યાહિ
'નળ! હોહ!' એવો શબ્દ સુણીઓ 'ભય પામીશ નહિ મનમાહિ,' ૩
એમ કહીને અગ્નિમાં પહયો નળ ભૂપાળ.
ફણુવાળો નાગ કંપે. કહે, 'કાઢ હે દયાળ!' ૪
કર્કોટક છે નામ મારૂ. મે છળ્યા નારદ મુન્ય.
શાપ દીધો તેમણે, હર્યું મારૂ સહુ પુણ્ય ૫
સ્થિર રહીશ એમ ભાખીઆ, અડકે નળનો હાથ,
ઉચકીને લઇ જશે નળરાય તુને સાથ ૬
ત્યારે મુક્ત થઇશ તું શાપથી, ઇમ નારદે કહ્યુ વચન.
ચાલવા સમર્થ નથી હું, ઉચક હે રાજન! ૭
અગ્નિથી રક્ષા કરો અહો નળ નૃપાળ!
હું શ્રેય કરીશ કાઇ તાહરૂ, વળી મિત્ર થઇશ ભૂપાળ! ૮

---

૧ क-ख-ધનાશ્રી क-કહે ख-હવે કાજજી ख-મા બેને બદલે ત્રણ ચરણ છે ત્રીજુ આ પ્રમાણે-'દમયતી રહી માસી ઘેર દુ:ખમા રે, ૨ ख-દુખે રહી માસી ગૃહે સુણો કાજ નળનુ ભૂપાળ.' ૩ ख-દોડ, દોડ, નળરાયજી. ન ૪ શબ્દ સુણી ધાયો રાયજી, અગ્નિ તરફ નળ ભૂપાળ

મુજ સમા કો સર્પ નહિ. જો લઘુ રૂપ કરૂં હું રાય'
અગ્નિથી લઈ બહાર મૂકો, કાર્ય મારૂં થાય.' ૯
અજાતશત્રુ! સાભળો, થયો કર્કોટક લઘુ રૂપ.
પ્રવર જેટલું સ્વરૂપ જોઇ હરખ્યો મનમા ભૂપ. ૧૦
વન્હિ વિનાને સ્થાન ચાલ્યો, લઈ કરમા નાગ.
મૂકવા મન કરે રાજા, કર્કોટક બોલ્યો, 'હે મહાભાગ' ૧૧
'નિષધદેશના રાયજી! દશ ડગ ભરો દયાળ'
શ્રેય થાશે તાહરૂં, ઇમ કરીશ હું ભૂપાળ!' ૧૨

પગલા ગણુતો રાય ચાલ્યો. દશ પગલે ડસ્યો નાગ.
નળ શરીરનો રંગ ફરીઓ; નાગમન પ્રગટ્યો રાગ. ૧૩

મનુષ્ય રૂપે નાગ હુઓ. કહ્યું, 'ચિંતા નવ કીજે.
કોઇ જાણે નહિ માટે કર્યું અમો આ. રીઝે. ૧૪
જે કળિએ આ કૂડ કીધું, તે પામશે હવિ દુઃખ.
શરીર તારે વશીને પામશે નહિ સુખ. ૧૫

તું કાંઇ નવિ જાણે જે દીધું એણે દુખ
તારી રક્ષા મે કરી; વદું શું મારે મુખ? ૧૬
અરિ થકી, બ્રાહ્મણ થકી, વળી દાઢવાળો જંત
રાય! તું આજે થયો, જાણજે નિશ્ચિત. ૧૭

યુદ્ધમા જય થશે તારો. બાહુક નામ ધરજે તુંય.
અયોધ્યામા જઇ વસે, કહું તુજને હું ય. ૧૮
ઋતુપર્ણ રાજા ત્યાહિનો અક્ષ વિદ્યાનો છે જાણ.
અશ્વવિદ્યા શીખવીને અક્ષમા થા સુજાણ. ૧૯.
તારો મિત્ર થશે તે રાજા. અક્ષવિદ્યા જાણીશ તું ય.
સુખી થઇશ તું. માન નિશ્ચે, દુખ જાશે કહું હું ય. ૨૦

સ્ત્રી, સંતાન ને રાજ્ય મળશે. વળી સ્વરૂપ ઇચ્છીશ પહેલું,
સ્મરણ કરજે માહરૂં; આવીશ વહેલું વહેલું. ૨૧

આ વસ્ત્ર અંગે ધારણ કરજે, પૂર્વ સ્વરૂપ તુંને મળશે.'
કર્કોટક એવું વદ્યો, 'કારજ તારા સરશે.' ૨૨

---

૧૨. क–થોડી ગતિ કરો ૧૩. क–તે વખત ડસ્યો ૧૬ क–ख–દુઃખ તેહને ૧૯ क–અક્ષવિદ્યા સુજાણ. ख–અક્ષવિદ્યાનો સુજાણ. ૨૨. ख–શીઘ્ર કારજ.

અંતર્ધાન ત્યાંહિ થયો. રાય થયો મનમાં રળી.
ભાલણ પ્રભુ રઘુનાથના જુક્તિ રૂડી મળી. ૨૩

કડવું ૨૪.

રાગ મેવાડો.

બૃહદશ્વ કહે, સુણ ગય રે! કર્કોટક ત્યાંથી જાય.
નળરાય ચાલ્યો વાટે રે; સુખી ઘણો મન થાય. ૧
દશમે દિવસે આવીઓ રે, ઋતુપર્ણ જ્યાં રાજન.
અયોધ્યામાં પેસતાં રે કચવાતું ઘણું મન. ૨
રાજા પાસે જઈ વધો રે; કહેવા લાગ્યો વેણ,
'બાહુક નામ છે માહરૂં રે. છુ સારથી હું સુખદેણ. ૩
રસોઈ ઉત્તમ હું કરૂં રે મારે રહેવું તુજ ઘેર.
પણ ગુહ્ય વાત ન પૂછોરે, તો હું રહું રૂડી પેર ૪
શિલ્પકામ જાણું અમિ રે, બીજાં જાણું ઘણાં કામ.
ભરણપોષણ કરી રાખશો રે, તો હું રહું આ ઠામ. ૫
ઋતુપર્ણ કહે, 'સુખે રહો રે મન ગમતું કરજો કાજ.
પણ અશ્વ રથના ચાલે ઘણા રે, ઇમ કરજો બાહુકરાજ! ૬
દશ સહસ્ર નિષ્ક તુજને રે હુ આપુ પ્રતિ માસ.
વાર્ષ્ણેય આદિ સારથી રે સહુ થાશે તારા દાસ.' ૭
ઋતુપર્ણે આનન્દ શું રે રાખ્યો બાહુક રૂપે નળ.
વાર્ષ્ણેય જીવળની પાસ તો રે વસતો નળ મહાબળ. ૮
ત્યાં વસતા નળ સંભારતો રે દમયંતી નારી જેહ
નિરંતર ઇક બોલતો રે શ્લોક મનથી તેહ. ૯
'ક્ષુધા તૃષાથી આતુરી રે ક્યાં ગઈ તું સ્ત્રી જન?
ક્યાંહી સતી સૂતી હશે રે અતિમદ પતિ ભજની મન? ૧૦
અધુના ક્યા પુરૂષને મળી રે?' ઇમ બોલતો નળ ભૂપાળ.
જીવળે તિને પૂછીઉં રે, 'વદો બાહુક દયાળ! ૧૧
કયી સ્ત્રીનો શોક કરો રે, હું સાંભળવા ઇચ્છુ રાય!'
નળ બાહુક ત્યારે બોલીઓ રે, 'કુબુદ્ધિની સ્ત્રી ઇક રાય. ૧૨

---

૨૩ ख–જુક્તે જુક્તિ. ૨ क–ख–પેસતો. ૪ क–પૂછો મને રે ख–ન પૂછો મને રે ૫. ख–અમે ૬ क–ख–કરશું. કહે રાજ ૮ क–ख–તે. ૧૧. ख–તેને.

માનીતી મનમા ધણીરે, સત્ય બોલી સુજાણ.
'જાણી જોઇ વિવાહ કર્યો, પછી તજી અજાણ. ૧૩
સ્ત્રીવિયોગવાળો મંદમતિ રે પીડા પામેલો તેહ.
અથહાતો ફરે નારી વિનારે, જીવળ! સુણો નિ:સંદેહ. ૧૪
સાયંકાળથી તે રાત્રી સુધીરે અમિ ગાઉજી શ્લોક.
જીવળ! તે પુરુષ મોટોરે, નામ જિતું પુણ્યશ્લોક. ૧૫
તે હમણા દુઃખ વેઠિ છિ રે, કષ્ટ પામિછિ અપાર.
તિનિ સ્ત્રી જોઇ તેહને રે પૂઠિ ગઇ વન મુઝાર. ૧૬
પણ મતિમૂઢે તિને તજીરે વિકાળ વનની માંય.
વ્યાઘ્ર વરૂ ભક્ષ્યાં હશે રે, તિની ચિંતા થાયે આંય. ૧૭
જીવતી જો તે રહી રે, દુષ્કર કરીઉં કામ.
જીવળ! સુણ તુજને કહુ રે, વિણ વાકે છોડી વામ' ૧૮
અજાતશત્રુ! સુણીએ રે, રહ્યો છૂપાઇને ઇમ રાય.
ભાલણ પ્રભુ રઘુનાથના રે તિની ગતિ કેવી થાય. ૧૯

કડવું ૨૫.

રાગ મેવાડો.

બૃહદશ્વ મુનિ ઇમ વદે રે, સાંભળ ધર્મતણા નન્દન!
સ્ત્રીપતિ બંને વસે રે પૃથક્ પૃથક્ રાય સદન. ૧

ઢાળ.

સદન પૃથક્ રાય કેરા વસે ભામિનીભૂપ.
હવિ ભીમરાયે મોકલ્યા શોધવા વિપ્ર અનુપ. ૨
મોકલતી વેળાએ વદ્યા, 'કરો નળ દમયંતી શોધ.
શોધ લાવો એહની; તમિ સુણો મારો બોધ. ૩
સહસ્ર ગાય આપુ અમિ, વળી આપુ મોટું ગામ,
બેમાથી ઇક લાવો તો, આપુ ઘણો હું દામ.' ૪
ભીમરાયના વચન સુણી ગયા બ્રાહ્મણ દેશ દેશ.
નળ દમયંતીને શોધતા, નવિ રાખે કંઇ શેષ. ૫

---

૧૩ क-ख ગણી પુરુષ જાત. ૧૪. क-ख. 'રે' નથી. વિનાનો. ૧૫. ख તે. અમે તે. ૧૬. ख-વેઠેછેરે પામીને. તેની ૧૭ ख-તેને. क-ख-ભક્ષી ગયાં ૧૯ ख-એમ તેની. ૧ क-ख-ભેખાખ. કરી રાયનું વદન. ૨. क-ख-વંદન કરી રાય ઇમ. ख-હવે ૩. ख-તમે ૫. क-ख- ભીમક.

નળ દમયતી નવિ નીરખ્યા. બ્રાહ્મણ એક સુદેવ
ચેદિ દેશે સુબાહુ રાજા, તહિં આવ્યો તે ભૂદેવ. ૬
ત્યા ગુપ્ત વસતી દમયંતી, અગ્નિ જ્વાળ રહે છૂપી.
તિમ સ્ત્રીઓમા તે રહી અજાણ્યુ પણે લૂપી. ૭
કમળનેત્રા, મલિનતનુ, કૃશાંગી દમયતી.
સુદેવે તહિ ઓળખી, 'નિશ્ચે આ મતિવંતી. ૮
પૂર્વે જોઇ જેહ દમયતી, તેના જેવી રૂપવાન.
પૂર્ણિમાના ચન્દ્ર સરખુ મુખ દીસે ગુણવાન. ૯
સુદર વર્ણવાળી દમયતી આ સ્તન ભારે નમતી.
ઉજેહ કરતી ચહુ દિશામાં દમયતી મતિવતી. ૧૦
ચન્દ્રકાતિવત્ પ્રિયકારી, રજ વિના તડાગે સુક્ષ'
પાપ રૂપ કર્દમમા ખરડાઇ, માટે દીસે જૂઇ. ૧૧
ગ્રહણ કેરી રાત્રી છે, પતિચન્દ્રથી થઇ મલિન.
પુષ્પ ખરીઆ વૃક્ષના, તેવી દીસે નારી દીન. ૧૨
દ્વિતીયાનો જિમ ચદ્ર જોઇ લોક કરે અવલોકન.
તિમ મિ નિરખી સતી, પ્રફુલિત થયો મન. ૧૩
સ્ત્રીને નવિ અલકાર કોઇ પતિ અલકાર સમાન.
પતિ વિના નવિ શોભતી દમયતી ગુણવાન. ૧૪
દમયતી વિના નળ રહે એ મોટુ આશ્ચર્ય,
મહા પીડા પામતો ગુણવાન જિ નૃપવર્ય. ૧૫
સ્વરૂપવતી જોઇ દમયતી થાય મુજને ખેદ.
રોહણી સમાગમે ચન્દ્ર જેવો, ક્યારે દુઃખનો થાશે છેહ? ૧૬
દમયતીને નળ પામે, થશે મહા સુખવાન.
ઉભય જોડી સમાન છે, ગુણવાન ને બળવાન' ૧૭
ઈમ વિચાર કરતો મન માહે સુદેવ મહાજાણ.
ચિન્હથી નિશ્ચય કર્યો, એ દમયતી નિરવાણ. ૧૮
પાસ જઇને કહેવા લાગ્યો, 'અહો ભીમકતનયા માત!
તુજ ભ્રાતનો સુદેવ નામે હુ મિત્ર છુ વિખ્યાત. ૧૯
તુજ પિતાના વચણથી આવ્યો શોધવા હું આહિ.
સર્વે કુશળ છે સગા તારા કુડિન પુરની માંહિ. ૨૦

---

૬ क–ख-તેમાંનો બ્રાહ્મણ 'તે' નથી ૭ क–ख–દમયતી ૧૩ ख–સુદેવે તેમ ૧૪ ख–નવ ૧૫ ख–જે ૧૬. ख–સુદેવને ૧૮ ख–એમ આવ્યો સુદેવ મહાવાન.

હે પ્રતિવ્રતા ! તુજ કારણે દુઃખીઆ તે સર્વત્ર.
ચેતન વગરના સહુ થયા; જીવ તજે છે તત્ર. ૨૧
ગુંખ્યાબ્ધિ વિપ્ર શોધ કરતા નળ અને તું નરખે'
દમયંતીએ સુદેવ જાણ્યો, મન ભરાતી હરખે. ૨૨
સર્વના સમાચાર પૂછ્યા ક્રમવારે દમયંતી
વિહ્વળ થઇ વનિતા રૂદન કરતી અતિ મતિવંતી. ૨૩
સુનંદાએ તે લહ્યું, એકાંત કરતા વાત.
માતા પાસે જઇ કહ્યું જે નિપન્યુ સાક્ષાત. ૨૪
'બ્રાહ્મણ પાસે સૈરંધ્રી તો ઘણો કરે વિલાપ.
પાસે જઇને ફેડીએ આઇ ! તેના તાપ.' ૨૫
સુણી વચણ આવી માતા સુબાહુની ત્યાહિં,
સુદેવને દમયંતી બેઠા દુ.ખ ધરતા જ્યાહિં. ૨૬
બ્રાહ્મણને પાસે તેડીને પૂછીયું નૃપમાત,
'આ કુની પુત્રી ? પત્ની કુની ? કહો મુને સહુ વાત. ૨૭
આ ઓસંબંધી સર્વ કહેજે, યથારથ જે હોય.'
વૃત્તાંત કહેતો સુદેવ ત્યા; માતા ટગમગ જોય. ૨૮
વિદર્ભરાય છિ અવનિમા મહા ગુણનુ ધામ.
પુત્રી તિની ગુણવતી એ દમયંતી સતી સતવાન. ૨૯
દુઃખ દાહેલે આવી રહી ફરતી ઠામો ઠામ.
ભાલણ પ્રભુ રઘુનાથનું જપતી નિશદિન નામ. ૩૦

કડવું ૨૬.

દોહરા.

નળની નારી એહ છે, ભીમક તણી કુમાર.
દ્યૂત રમતા હારીઆ, શોધું ઠારે ઠાર. ૧
મસ એના ભાલમા જોઇ ઓળખી નાર
રક્ત મસ નવ કોઇને; જાણ્યો જેથી સાર.' ૨
સુબાહુની માડી જે ઉઠી ત્યા તતકાળ.
મસ ધોઇને મળી; ઓળખી ભગિની બાળ. ૩

૨૯—૩૦ આ બે પંક્તિઓ क મા નથી. क જપતી. ૧. क રાગ દોહરા क–ख અગ્નિ શોધુ. ૨. क–ख તે જોઇ ૩ क–ख સુબાહુરાયની. ख મા 'જે' નથી.

રૂદન કર્યું ઘણું રાણીએ 'કહ્યું ન છાનું હું ય ?
માશી ઘેર દાસીપણું કરે વિચારી શું ય ? ૪
સુદામનની પુત્રી હું, તારી માતની બહેન,
તેને તે નવ ઓળખી ?' ભરતી વારિ નેન ૫
દમયતી બોલી તહિ માશી પ્રત્યે બોલ,
'અણજાણે સુખીઅણ કરી, તારૂં મોટું તોલ. ૬
કૃપા કરી હવિ મુજને આજ્ઞા આપો માય !
પુત્ર નિહાળુ પીઅર જઈ ઘણી કરી તમે સ્હાય.' ૭
પુત્રનો મત લેઇને શિબિકા સજ કરી ત્યાય.
દમયતી બેઠી પછે પાલખી કેરી માય. ૮
સેન અપારા મોકલ્યુ, વિદર્ભ દેશે જાય.
જઇ ભીમને ભેટીઆ, ભેટ્યાં જઇને માય. ૯
પુત્ર પરિવારને મિલ્યાં, સખીજન મળીઆ સાર
સહસ્ર ગાય સુદેવને ભીમ આપી અવિધાર. ૧૦
ઘણું દ્રવ્યને ગામ ઇક આપ્યુ રાયે ત્યાય.
આનન્દ પુરમાહે થયો, દમયતી દીઠી જ્યાય. ૧૧
દમયતી મળી માતને, વદે તિ સાથે બોલ,
'નળ નવ નિરખુ માસમા, તો તન કરૂં ડમડોલ ૧૨
શોધ કરાવો નળ તણી,' ઇમ કહી ભરીઆ નેણ.
માતા મન દુખ અતિ ધરે, ઉચરે દુખના વેણ. ૧૩
ભીમને કહ્યુ ભામિની, 'તજે દમયતી દેહ,
અવધિ કરી ઉગારી છા. પઠવો બ્રાહ્મણ જેહ.' ૧૪
ઘણું આપવાનું કહ્યું, લાવે નળને જેહ.
ઘણી ગાય ને ગામ બહુ પામે નિઃસંદેહ. ૧૫
વિપ્રે દમયંતીને કહી રાય પ્રતિજ્ઞા જાણ.
દમયતીએ વાત કહી, 'સુણો બ્રહ્મ સુજાણ ! ૧૬
એટલુ કહેતા તામ ફરો, તો થાયે મુજ કાજ.
પ્રતિઉત્તર આપે જાણવો, હરો નળ મહારાજ. ૧૭

---

૬ क ख નવિ ૮ क બેસાડી છિ ख બેસાડીને ૧૦ ख ભીમે. ૧૨. ख તે ૧૩. ख તણો ૧૪. क પઠવ્યા. ૧૬ क ख દમયતી પાસ જઇ ૧૭ ख–તમે क–આપે તિ.

" અર્ધવસ્ત્રવાળી, દુબળી, ભૂખી મૂકી નાર;
દયાવાનને નવ ઘટે. મનમા કરો વિચાર. ૧૮
" સંપત્તિમા સેવા કરી. વનમા આવી નાર.
તજવી તેને નવિ ઘટે. મનમા કરો વિચાર." ૧૯
આટલુ કહી ફરજો તમે. પ્રતિ ઉત્તર દે જેહ,
મેલો ઘેલો હોય પણ, મુજને કહેજો તેહ.' ૨૦
બ્રાહ્મણ ગયા વિદેશમા; જોતા ઠામો ઠામ.
ભાળ કંઇ નવ લાધતી. મૂકે મનની આમ. ૨૧
વિપ્ર પર્ણાદ દાહ વૃદ્ધ છિ, ગયો અયોધ્યા ગામ.
સભા મધ્યે જઈ બોલીઓ, થયુ નહિ કઈ કામ. ૨૨
એવે બાહુક નીકળ્યો, લાગે જોઇ બીક.
પ્રતિઉત્તર તેણે કર્યો સર્વે ઠીકાઠીકઃ— ૨૩
" તાવો સોનું સો વરા, માખણ તાવો સાર;
દુખ સહે પણ સુખ દે સતી, બીજે દાતાર. ૨૪
" અર્ધવસ્ત્ર પતિએ ધર્યું, દેતો વસ્ત્રનું દાન!
ચતુર ખરો પણ ચૂકીઓ, મોહે ભૂલ્યો ભાન." ૨૫
આટલુ કહેજો ત્યાં જઈ; મળશે ઝાઝી રિદ્ધ'
એમ કહી તે તો ગયો. વિદર્ભે થયો પ્રસિદ્ધ. ૨૬
દમયતીને જઈ કહ્યું બાહુક કેરૂં વેણ.
દમયતીને અતિ થયું તે તો ઘણુ સુખદેણ. ૨૭
માતાની આજ્ઞા ગ્રહી સુદેવ પઠવ્યો ત્યાય.
સંદેશો દીધો ભલો, જેથી આવે રાય. ૨૮
કહેજો રાયે કહાવીયું, 'વને ગયો નળરાય.
તેની શોધ લાગી નહિ, માટે આવ્યો આય. ૨૯

---

૧૯ ख—નવ ૨૦ क—ख—તિ મેલો. ૨૧ क—તે ગયો આ કડી પછી ख મા નીચલી કડી વધારે છે.—

અશ્વશાળા સમીપ જઈ કર્યો ભલો પોકાર,
દુર્બળ નર મૂકી ગયો કિમ ગુણવતી નાર?

૨૩ આ કડી પછી' નીચલી કડી क—ख બંનેમા ક્ષેપક જણાય છે

દ્વિજવર જઇ કહો નારને, અમો કહુ જે વેણ.
તમને નિવડશે સહી તેતો અતિ સુખદેણ

૨૪. क—છે સતી. ख ક્યાં સતી. ૨૫. क—જે દેતો. ૨૬. क—ગયો વાડવ. ૨૮ क—ख—પાઠવ્યો. આ બે પંક્તિઓ क મા નથી. ૨૯ क—ख—નળજી.

પુનરપિ સ્વયંવરે વરે દમયતી કો ભૂપ-
કાલે અવધિ તેહનો બાળા રૂપ અનુપ' ૩૦
સુદેવે જઇને કહ્યું ઋતુપર્ણને ત્યાય.
બાહુકને શણગારીઓ, ગય બેઠો રથમાય. ૩૧
ઘોડા હીંચણભર થયા; નળ ઉતર્યો ભૂમાય.
વાર્ષ્ણેયને બેસાડીઓ હાકવા કારણ ત્યાંય. ૩૨
બીજા ઘોડા જોતર્યા નવીન આગળ ચાર
અશ્વ હાક્યા બેસી પછે. ઊડ્યા તે નિરધાર. ૩૩
રાજા મન પરસન થયો, ધન છો હાકણહાર!
વાર્ષ્ણેય મન વિચારતો, 'શકે નળ નિરધાર!' ૩૪
ઊડે આકાશે ઘોડલા; પડ્યું રાયનું વસ્ત્ર.
બાહુકને લેવા કહ્યું, ઘણો દાખવીઓ દક્ષ ૩૫
× × × + ×
રાયે મન વિચારીયું, 'મોટા મનનો સાર!'
બેઠા કેરૂં વૃક્ષ દેખી કહ્યો રાયે વિચાર, ૩૬
'આ વૃક્ષની ડાળીપરે પાંચ કરોડ છે પાન.
ફળ પંચાણું છે સહી; એ ગણિતનું અનુમાન' ૩૭
નળ કહે, 'જૂઠી વારતા. નક્કી કરૂં હું તેહ.'
રાજા કહે, 'હવણાં નહિ નિવારીશ સંદેહ' ૩૮
બાહુક કહે 'જાઓ તમો, વાર્ષ્ણેય હાકશે રથ.
પત્ર ગણી અમો આવશું, અહો ગય સમર્થ!' ૩૯
રાજાએ વિનતી કરી, વિનવીઓ બહુ પેર.
'પત્ર ગણી લ્યો વેગથી, જવું વિદર્ભને ઘેર.' ૪૦
પત્ર ગણ્યા, ખરા પડ્યા. નળ બોલ્યો તહિં વેણ,
'અશ્વવિદ્યા અમો દઉં, ગણિતે કરો સુજાણ.' ૪૧
ઋતુપર્ણ કહે, 'પાસા તણી ને ગણિત વિદ્યા જેહ,
બે લહુ અમિ બાહુકા! જાણો નિસંદેહ.' ૪૨
નળ કહે, 'અશ્વવિદ્યા અહો, શિખવો મુજને બેય.'
પાસા તણી વિદ્યા કહી, રાયે જાણી તેય. ૪૩

---

૩૦ क-ख-દમયતી ૩૫ क-એવે પટ્યુ. આ કડી પછી કેટલીક કડીઓ લુપ્ત થઇ જણાય છે ૩૬ क-કો મોટા એવે બેઠા ख-રાયે કર્યો ૩૮ क-પછે કરીશું નિસંદેહ ૪૦ क-સત્વર જવું ૪૧ क-મુને ગણિતે ख-ગણિત દો ગુણવાન.

કળિયુગ નાઠો અંગથી; ક્ષમા કર્યો અપરાધ.
સૂર્યાસ્તે તે આવીઆ વિદર્ભ દેશે સાધ. ૪૪
રથનો રવ સુણી કામિની જોવા મેડી જાય.
તર્ક વિતર્ક અતિ કરે, 'ક્યાંથી હોય નળરાય!' ૪૫
એવે રથ ત્યાં આવીઓ, રાજસભા છે જ્યાય.
ભીમને ઋતુપર્ણ મિલ્યા; આનન્દ વાધ્યો ત્યાય. ૪૬
આગમનું કારણ પૂછ્યું, બોલ્યો અવધ રાજન,
'પ્રણામ કરવા આવીઓ.' દીધા ઝાઝાં માન. ૪૭
મન ભ્રમિત છિ ભીમતણું, 'કોઈ આવે નહિ ઇમ.
પ્રાત:કાળે જાણશુ, રાય ધરે શો નીમ?' ૪૮
દમયતીએ પાઠવી દૂતી ઇક નળ પાસ
ભાલણ પ્રભુ રઘુનાથના. કરતી શુ ય પ્રકાશ? ૪૯

કડવું ૨૭.

રાગ ગોડી (?)

બાહુક જોયો કેશીએ; તેની કરી પરીક્ષા જાણ રે
અજાઉદક નાણી જોયા. પુત્ર લઇ ગઇ સુજાણ રે ૧
નળ છે એવો નિશ્ચય થાતા, મળ્યા પરસ્પર બેય રે
આનન્દ તે મુખથી ન કહેવાએ; વિજોગ ભાગ્યો તેય રે ૨
ભીમને સહુ જાણ થયુ. ઋતુપર્ણ હરખ્યો અપાર રે.
અશ્વવિદ્યા નળે શિખવી. ગયો તેહ અજોધ્યામુઝાર રે ૩
ઘણા વર્ષ કુંડિનપુર રહ્યો, પછી નળ ગયો સ્વદેશ રે.
પુષ્કરને જીત્યો ધૂતમાં, તેની પાસે કાંઇ ન રહ્યું શેષ રે. ૪
ક્ષમા કર્યો અપરાધ તેનો નળ મહા કીર્તિવાન રે.
યુધિષ્ઠિરને બૃહદશ્વ ભાખ્યુ નળરાયનું આખ્યાન રે. ૫

---

૪૪. ख-નળે ક્ષમા. ख-રાયે ક્ષમા ૪૫ ख-ક્યા બાહુક ૪૬. क-ख-મિલીયા. ૪૭. क-ख-ઋતુપર્ણ.

૧ क-ख જીતમાન આ કડી પછી નીચલી બે કડીઓ खમા વધારે છે:—
ગઈ કેશી વિદર્ભી પાસે એ બાહુક નીરે તમ નાથરે
રૂપ દેખી બાળ બીહે, કહેવાય કિમ નૈષધ નાથરે? ૨
દમયંતી વિમાસણે પડી. ગઇ બાહુક બેઠા જ્યાયરે.
પ્રશ્નોત્તરે દુ:ખ સુખ પુછીયુ સંદેહ મટયો તવ ત્યાયરે. ૩

૧ क-શામણી.

નળના નગરમા હર્ષ વાધ્યો તેના ગુણ કવિ ગાય રે.
ભાલણ પ્રભુ રઘુનાથના કરી સત્યે તેને સ્હાય રે. ૬

કડવું ૨૮.

રાગ ધનાશ્રી.

ગુણ ગાયે, ગુણ ભાયે નળ કેરા જેહ જાણીજી
ભાગ્યનિધિ સુખ તેહ ભોગવે, ચાર પદારથ પામીજી. ૧
શ્રોતા વકતા ગાય સાભળે તિ પામે ભવપારેજી.
ધ્ચ્છિત અર્થ ને લક્ષ્મી મીલશે, નળ કથા શુદ્ધ વિચારેજી ૨
ભાવે કુભાવે સાંભળે નળરાયનું આખ્યાનજી,
ગર્ભવાસમા તે નવી આવે, રીઝે સુંદર શ્યામજી ૩
સસારના સુખ ભોગવે, પુત્ર કલત્રને પામેજી
પર્વણીએ વા રાત્રી, દિવસે કથા શ્રવણ કરે દુ:ખ વામેજી ૪
કિંચિત્ બુદ્ધિ જેવી નહિ, મારી મતિ છે મદજી.
સમુદ્રમાહે ચંચ ભરી છે, જાણું નહિ પ્રબંધ કે છદજી ૫
વાકો ચૂકો ગોધુમનો રોટલો, ક્ષુધિત પણું તો જાયજી.
કથામૃતને પીવુ પ્રીતે, અમ્રત પીતા કુણ ધરાયજી ? ૬
નાગરકાજે શ્રમ દુવેળા કવિને કર્મે લાગ્યોજી.
ધ્રુવાખ્યાન ને નળાખ્યાન બે પુનરપિ કરી અનુરાગ્યોજી ૭
ગાથીને કહેવુ મરી માટે, મૂર્ખ ન જાણે મરીની ખોટજી
ગુરૂકૃપાએ કવિતા સાગરમા આવે ભરતી ઓટજી. ૮
કૂડા કરમીને કૂડુ હોશે, સુખીઆને હોએ સુખજી
નળની કથા ગાઇ મનોહર, જાએ દુખીઆચા દુ:ખજી. ૯
દ્વય કરી જોડી ભાલણ વિનવે, કરે કૃપા સંતમહંતજી.
ભાલણ પ્રભુ રઘુનાથના નિર્મળ કરે મમ ચંતજી ૧૦

---

૧. क–ख–જાણેજી સુખ માણેજી આ કડી પછી क મા એક કડી વધારે છે —" કર્કોટક દમયતી કેરા નળ ઋતુપર્ણ કેરા ગુણ ગાયેજી, કળિ-યુગ દોષથી મુક્ત થાય તે, થાયે મોટા રાયજી " ૨ ख–તે મળશે ૩ क–ભાવ નળતણા ગુણ ગાયજી ख–નળ શ્રી ભગવાનજી ૬ આ કડી પછી क મા એક કડી વધારે છે —

પદરસે પીસતાળીસ માહિ ગાયા નળગુણગ્રામજી
પદ ખટશત ને સાત કર્યાં છે હરિ જનના વિશ્રામજી ૭

૮ क–ख–ગ્રથ રૂપી ભરતી. ૯ ख–દુખીઆના.

ટીકા.

પ્રથમ નળાખ્યાન.

કડવું ૧.

કડી ૧–ધ્યાઊં–ધ્યાન ધરૂં, સં. ધ્યા ઉપરથી. રા–રાજા. જુઓ કાદમ્બરીમા–' રા બીહુ શુભ તન ' (૫, ૧૬.) ૨. નૈષધ–સંસ્કૃત नैषधीय चरितम् તેની પંચમહાકાવ્યોમા ગણત્રી થાય છે. તેમજ બૃહત્ત્રયીમા પણ તે ગણાય છે. ચમ્પૂ–ત્રિવિક્રમ ભટ્ટ રચિત नलचम्पू. કાલાં–થોડા જ્ઞાનવાળાં, ભાલણ કાદમ્બરીમા જેને મુગ્ધ કહે છે તે. ભાષા–દેશભાષા, સંસ્કૃતથી ભિન્ન–બોલી ૩–કથીર–કલાઈ સં. कस्तीर, પ્રા. कत्थीर ઉપરથી. ૪–તવારાં–તે વારે–ત્યારે. પ્રાચીનતમ રૂપ તિહ્વારઇ સરખાવો–' તિહવાર પૂછિ જે થયું તે સાભલુનિ રાય ! ' (કાદમ્બરી; ૧૦૭, ૭) ૬–મૂરખજન૦–મારી કવિ તરીકે નિન્દા કરવા તત્પર થાય એવા મૂર્ખ માણસને મોહ કરવાને (?) ૮–રસબોળો–રસથી તરબોળ–પરિપૂર્ણ. આર્ણ્યિકપર્વ સર્વ રસથી પરિપૂર્ણ છે. શમદાંડી–શાન્તિનો ઉપાય. જેમ નાવિકને રાત્રે દીવાદાંડી જોઇ શાન્તિ વળે છે, તેમ ધર્મરાજાને વનવાસમાં આ આખ્યાન સાંભળી શાન્તિ મળી. ૧૦–લહાવતાં–રમાડતા શિશુ૦–બાળકને રમાડતા, તેના કાલાઘેલા બોલ છતા પિતા તેને તરછોડતો નથી. તેમ મારી પણ જેવી તેવી કવિતા સાંભળીને મહાકવિ મારી ઉપેક્ષા નહિજ કરે. અર્થાત્ હું તો મહાકવિની આગળ બાળક જેવો છું. મતિ ઉવેખિ–નહિ તરછોડે, સં उपेक्ष् ઉપરથી. ૧૧—કથામાત્ર–અલંકાર, વગેરે ત્યજી માત્ર કથાભાગ અપભ્રંશ–ગુજરાતીની માતા. ગુજરાતી ભાષા શૌરસેન અપભ્રંશમાંથી ઉત્પન્ન થઇ છે ભાલણના સમયમા ' ગુર્જરભાષા ' નામ પ્રચારમા આવી ગયુ હતું એ પ્રથમ કડીથી તેમજ કાદમ્બરી ઉપરથી જણાય છે, છતા પણ કંઇ કંઇ અપભ્રંશ નામ પણ પ્રચલિત હશે. સરખાવો નરસિંહ મહેતો ' અપભ્રષ્ટ ગિરા વિષે કાવ્ય કેવુ દીસે ? ' (સુરતસંગ્રામ)

કડવું ૨.

૪. ગ્યાનો–ગ્યાનો. ' ગ્યા પ્રધાન કાન્હડદે ભણી ' (કા. પ્ર. ૧, ૩૦) ૫. અગ્રજ–પ્રથમ જનમેલો–મ્હોટો ભાઇ. ૬ વગુતા–વ્યાકુલ

થયા; દેશ્ય चिग्गोओ ઉપરથી (चिग्गोओ-व्याकुलभावः दे. ना. ૬, ૬૪.) 'ઇસી વાત સાભલિ પ્રધાનિ, બાણુ વિગુચતા દીઠા' (કા. પ્ર. ૧, ૧૭૫.) ૯-નવે-નવ, સં. न अपि, પ્રા. ગુ. નવિ ઉપરથી. દમીઆ-દુઃખ દીધુ, સં. दम्र ઉપરથી ૧૨—પરઠયો-કબૂલ કરેલો, સં प्रतिष्ठित. પ્રા. पडिठ्ठिउ, ઉપરથી ૧૪—તાં-તો, સં. तावत् ઉપરથી. દઢતા બતાવનાર અવ્યય. ૧૫—અર્ઘ્યપાદ્યે-અર્ઘ્ય આપીને અને પગ ધોઇને.

કડવું ૩.

૨—શકુનિ-શકુનિએ. તૃતીયાના પ્રત્યયનો અહિ લોપ છે. ૪—અનુજ-પાછળ જન્મેલો-ન્હાનો ભાઇ-ભીમ. માટે-ને લીધે. સ. निमित्तकम्, પા निमित्तइ, અ. माटइ ઉપરથી. અરણ્ય માટે-અરણ્યના નિમિત્તથી. આ વાક્ય જોતા 'માટે'ની વ્યુત્પત્તિ આ જ ખરી લાગે છે. ૫—હુસપીછ તળાઈ-રૂને બદલે હ સના રૂંવાટાથી ભરેલી તળાઇ. 'શૈયા સુવર્ણુતણી તલાઇ, હ સતૂલિકા બેશ' (કાદ ૧૦, ૨૨) ૬—આહેડી-શીકારી, ભીલ સ. आखेटकः=શિકાર ઉપરથી 'સુખડી' ને બદલે મૂળનો 'રૂખી' પાઠ કાયમ રાખીએ તો એમ અર્થ થાય કે-અમારે ઘેર અનેક ઋષિઓ-બ્રાહ્મણો-હમેશા સોનાના પાત્રમા જમતા, છતા અમે અત્યારે વનમા ભીલની પેઠે ઢીલા ગાત્રથી રહીએ છીએ. તૃષ્ટ-તૂટેલા 'તૃષ્ટ'ને બદલે તુષ્ટ પાઠ હોય તો સંતોષ થી રહીએ છીએ એમ અર્થ લેવો. ૮—હુઓ-થયો સં. भूत, પ્રા हूओ, અપ-हूउ ઉપરથી ૧૧ ભેલી-ભેગુ કરીને. પાજ-સેતુ, પૂલ. ૧૨. અમર-સ્વર્ગ, અમરાવતી મઘવા-ઇન્દ્ર. શચી-ઇન્દ્રાણી. નહુષ-ચન્દ્રવશી પુરૂરવાના પુત્ર આયુષનો તે પુત્ર હતો. વૃત્રાસુરને મારવાથી વળગેલી બ્રહ્મહત્યાથી મુક્ત થવા સારૂ ઇન્દ્ર જ્યારે માનસસરોવરે તપ કરવા ગયો હતો, ત્યારે દેવોએ તેને પૃથ્વી ઉપરથી બોલાવી સ્વર્ગની ગાદીએ બેસાડયો હતો. તેણે ઇન્દ્રાણીને પોતાની પત્ની થવાનું કહ્યું ઇન્દ્રાણીએ યુક્તિથી જવાબ આપ્યો કે કોઇ અપૂર્વ વાહનમા બેસીને મારે ત્યા આવજે. એ ઉપરથી તે પાલખીમા બેઠો અને સપ્તર્ષિની પાસે ઉપડાવી. કામાંધને ઋષિઓનુ ચાલવુ ધીમુ લાગ્યુ, તેથી તેણે રૂઆબમા કહ્યું, सर्प सर्प (ચાલ, ચાલ.) અને અગસ્ત્ય ઋષિના ખભે પગ અડકાડયો. એ ઉપરથી તેમણે તેને શાપ આપ્યો કે 'તું સર્પ થઇને પૃથ્વીમા પડ' એ

શાપમાંથી યુધિષ્ઠિરે તેને મુક્ત કર્યો હતો. તે યયાતિનો પિતા થાય. ૧૩—વાડવ-બ્રાહ્મણ. ૧૫. વધારી-કાઢીને સં. વધ્-ઉપરથી. ‘વસ્ત્ર વધેરી મેહેલી જાણી’ (નાકરકૃત નળાખ્યાન ૧, ૧૧૭.) હાલ આ ક્રિયાપદ કાઢવાના અર્થમા નથી વપરાતું, પણ ફોડવાના અર્થમા વપરાય છે. નાળીએર વધેરવું. જુજુઆં-જૂદા. સં. વિયુક્ત ઉપરથી. ‘અલૂખાનિ જુજુઆ દેવાર્યા તે સવિહૂનિ અનામ’ (કા.પ્ર.૧, ૧૩૭.)

કડવું ૪.

૧-એક મને—એક ચિત્તથી, સં. एकमना મંન-મ્હને. ફારસી શબ્દ ? આપણુ-આપણો, પ્રશ્નનું વિશેષણ પ્રા. ગુ. મા પુંલ્લિંગે અંત્ય ઉકાર રહેતો. ૩. વસુધેશ—વસુધા+ઇશ-પૃથ્વીપતિ. ૪. મન્મથ જણીઓ—કામદેવનો અવતાર ટળ્યો-મુક્ત થયો રણીઓ-દેવાદાર, સ. ऋणिन्. માણુસને આ ત્રણ ઋણુ છે. તેમા પિતૃઋણુ પુત્રથી મટે છે. ૭. મલસ્નાન—મેલ ધોઇને ન્હાવું. કલંક-(૧) ડાઘ. (૨) અપવાદ, આળ ૮. નાપ્યો—ન આપ્યો. પાણુ-પાણિ-હાથ. કાણુ-કહેણી, અપવાદ ૯. વરૂણી કરતાં—યજ્ઞમા નોતરેલા બ્રાહ્મણોને દક્ષિણા આપવી તે. સ. वरण ઉપરથી. મરૂઆડિ-મારવાડ જેવો, અર્થાત્ નિર્જળ. દાનના સંકલ્પમા જળ જોઇએ, તે મેં એટલું બધુ ન વાપર્યું કે જેથી સમુદ્ર મારવાડ જેવો થાય ! મતલબ કે મે દાન બહુ ઓછુ કર્યું ' સરખાવો નૈષધનો નીચલો શ્લોક— **विभज्य मेरु र्न यदर्थिसात्कृतो न सिन्धु रुत्सर्गजलव्ययैर्मरु । अमानि तत्तेन निजायशोयुग द्विफालबद्धाश्चिकुराः शिरः स्थितम् ॥ १-१६ ॥** ૧૦ પાખલિ—આસપાસ, ચારે તરફ. સં. पक्ष ઉપરથી. ‘પરકર પુષ્પતણા બહુ પાખલિ’ (કા. ૧૦, ૨૩). તાંહાં કલ્પના૦—આ કવિની કલ્પનામાં એવી વાત આવી કે— ૧૨. લઇને વાળે૦—માગતા પૈસા પાછા લઇ રકમ વાળી નાંખે. કુંડાળે-આસપાસ કુડાળુ કરે. વર્ષાઋતુમા ચન્દ્રની આસપાસ જળકુંડુ થાય છે, તે ઉપરથી આ કલ્પના કરી છે. વાણીઓ જેમ કોઇને ધીરેલી રકમ આવી જાય તો તે રકમની આસપાસ કુંડાળું કરી તેને વાળી નાખે છે, તેમ નળના તેજરૂપી સૂર્ય અને યશરૂપી ચન્દ્રને જોઇને બ્રહ્માને સંદેહ થયો કે મ્હારા રચેલા સૂર્યચન્દ્ર ખોટા હશે. તેથી તેમની આસપાસ વર્ષાઋતુમા કુંડાળુ કરી તેમને રદ કરે છે. સરખાવો નૈષધ—**तदोजस्तद्यशसः**

स्थिताविमौ कृथेति चिरं कुरुते यदा यदा । तनोति भानोः परिवेषकैतवा त्तदा विधिः कुण्डलनां विधोरपि ॥ ૧-૧૪ ॥ અહિ વાણીઆના નામાની વાત નથી. સામાન્ય ઉલ્લેખ છે. પુસ્તકના ખોટા લખાએલા શબ્દને પણ લાગુ પડે. ટીકાકાર નારાયણે એમજ અર્થ કર્યો છે. ૧૪ ઇચ્છાએ—પોતાની ઇચ્છાથી, વણતેડયા. ૧૫ શ્રી સહિત—સજોડે. ૧૬ ઋષિજીઆં—ઋષિજીએ. પ્રાચીન સ अम् પ્રત્યય ઉપરથી 'આ' પ્રત્યય થયો છે. 'ઇચ્છા, આણુ સાચયું (કાદં ૨૧, ૧૧) 'ધ્રુવ કહે તે નાહે રૂપ નારદજીઆ કહ્યું છે રૂપ.' (ભાલણકૃત ધ્રુવાખ્યાન. ૧૧, ૨૦)

કડવું ૫.

૩. અભિરામ—મનોહર તેણાં-તેણે (જુઓ ૪, ૧૬ ઉપરની ટીકા) સરખાવો નૈષધ—भुवनत्रयसुभ्रुवामसौ दमयन्ती कमनीयतामदम् । उदियाय यतस्तनुश्रिया दमयन्तीति ततोऽभिधा दधौ ॥ ૨-૧૮ ॥ ૪—તત્ર-સત્ત્વ. તે-તેથી. ખાણ-ખોભણ. (ચપ્પુને ખાણ પડી છે.) બ્રહ્માએ ચન્દ્રનું સત્ત્વ લઇને દમયતીનું મુખ બનાવ્યુ; એ સત્ત્વ લેવાથી ચન્દ્રમા ખોભણો થઇ. (ચન્દ્રલાછન) અર્થાત્ ચન્દ્ર કરતા પણ દમયતીનું મુખ વધારે સુન્દર હતું. સરખાવો નૈષધ—हृतसार मिवेन्दुमण्डलं दमयन्तीवदनाय वेधसा । कृतमध्यबिलं विलोक्यते धृतगंभीरखनीखनीलिम ॥ ૨-૨૫ ॥ ૫. મુષ્ટિ૦—બ્રહ્માએ તેને ઘડતી વખતે મુઠીથી ઝાલેલી, તેની (ચાર) આંગળીઓની પેટ ઉપરની ત્રણ રેખા રૂપે એધાણી જણાય છે; બ્રહ્માએ તેને ઘડી તેનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે. ત્રિવલિ-ત્રણ રેખા સરખાવો નૈષધ—उदरं नतमध्यपृष्ठतास्फुटदङ्गुष्ठपदेन मुष्टिना । चतुरङ्गुलमध्यनिर्गतत्रिवलिभ्राजि कृतं दमस्वसुः ॥ ૨-૩૪ ॥ ૬ કબરી—વેણી, ચોટલો. પીછભાર—પીછાંનો સમૂહ-ભારો આં—મયા [જુઓ-૧, ૬ ઉપરની ટીકા] અર્ધચન્દ્ર—[૧] મોરનાં પીછાં ઉપર રંગીન અર્ધચન્દ્રનો આકાર હોય છે તે. [૨] ગળેથી પકડી કાઢી મૂકવુ-ધક્કો મારવો. [ગળુ ઝાલતા હાથનો અર્ધચન્દ્ર જેવો આકાર થાય છે તેથી] જુઓ-दीयतामेतस्यार्धचन्द्रम् (पञ्चतन्त्र, १) શિખી—મોર કબરી૦—મોરના પીછા અને દમયતીની વેણીને વાદ થયો કે આપણા બેમાથી શ્રેષ્ઠ કોણ. તેનો

ન્યાય કરાવવા લડતા લડતા બ્રહ્મા પાસે ગયા બ્રહ્માએ દમયતીની વેણીને શ્રેષ્ઠ ગણી પુષ્પથી પૂજા કરી [ચોટલામાં ફુલ ગુથ્યાં હોય છે તે] અને મોરના પીંછાને તેનાથી ઉતરતાં ગણી તેમને અર્ધચન્દ્ર આપ્યો-અર્થાત્ ધક્કો મારી કાઢી મૂક્યા. સરખાવો નૈષધ— अस्या कचानां शिखिनश्च किंतु विधिं कलापौ विमते रगाताम् । तेनायमेभिः किमपूजि पुष्पै रभर्त्सि दत्त्वा स किमर्धचन्द्रम् । ૭-૨૨ । ૯ ચૌદલોક—સાત સ્વર્ગ—ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનર્લોક, તપર્લોક અને બ્રહ્મલોક તથા સાત પાતાળ—અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ, એ મળી ચૌદ લોક. ૧૨. ભીમી—ભીમકરાજાની દીકરી-દમયતી (स भैमी) ઉપાઓ—ઉપજાવ્યો, સં. उत्पादित પ્રા. उप्पाइउ ઉપરથી. ' અનર્થ કોડિક ઉપાઈ' (કા. ૬૫, ૨૧), ' આદ્ય, મધ્ય ને અંતે તો ઉપાયો સસાર ' [ભાલણકૃત જાળંધર આખ્યાન; ૨૧, ૨૩]. સુણ્યા૦—સાભળ્યા કે જોયા સિવાય. પાખે—સિવાય-સ पक्ष ઉપરથી ૧૩ અનુરાગ—પ્રેમ. રસ-શૃંગાર—શૃંગાર રસ; શૃંગારનો રસ. વિપ્રલભ-વિયોગ- શૃંગાર બે પ્રકારનો છે, સભોગાત્મક અને વિપ્રલંભાત્મક. સંયોગ પછી વિયોગ-વિરહ સંભવે, પણ અહિ કવિએ પ્રથમજ વિપ્રલભ જણાવી નાયક અને નાયિકાના પ્રેમની ઉત્કટતા સૂચવી છે. ૧૪—ઉપવનપાદ-બગીચાનાં પશુઓ? ' પાદપ ' પાઠ લઇએ તો વૃક્ષ અર્થ થાય. રમતો—ખેલતો, શિકાર કરતો. ૧૫—તડાગ-સરોવર. પંગજ-કમળ. (સં. पंकज) ૧૬. સુતનુ-સુંદર. સોઇ-એવું. સરખાવો કાદબરીનું અચ્છોદનું વર્ણનઃ—અતિશિ નિર્મલતા શી ભણૂં ? જાણિ મન મહા મુનિતણુ ! (૮૧, ૬).

કડવું ૬.

૨. શુ ભઇ-જાણે. આશ્ચર્યદર્શક ઉદ્દગાર. નીચોઇ—નીચોવી સં. निश्चोत, અપ. निच्चोइउ ઉપરથી. ' શિલા મનોહર જોઇ વિશાલ રસ નીચોયું તિહાં તતકાલિ. ' (કા. ૧૦૨, ૧૪) ૩—સરખાવો—'જાણી દેવદૈત્ય મલી જોડિ મિહિરામણ મથિઉ અતિ કોડિ, અતિ ઉત્તમ અમ્રત નીસર્યૂં, જાણી એ તેણિ ભર્યું. ' (કા. ૮૧, ૭-૮.) ૫. સાગર-ક્ષીર સાગર. નારદજીઆં-નારદજીએ. સહી સર......

વખાણ્યું ?-શ્રી હરિને આ સરોવરની ખબર નહોતી ? અથવા શુ નારદજીએ આ સરોવર ક્ષીર સાગરમા સુઇ રહેનાર નારાયણ આગળ વખાણ્યું નહિ હોય ? અર્થાત્ જો વખાણ્યુ હોત તો નારાયણ ભગવાન્ ક્ષીર સાગરમાં જાય નહિ 'ધ્રુવ કેહે, તે નોહે રૂપ; નારદજીઆ કહ્યુ છે, ભૂપ' (ભાલણકૃત ધ્રુવાખ્યાન. ૧૨, ૨૦.) ૬-કુભીસુત-અગસ્ત્ય ઋષિ. મિત્રાવરૂણ ઋષિના પુત્ર. એ ઋષિ ઉર્વશીને જોઇને ક્ષુભિત થવાથી તેમનું વીર્ય કુભ-ઘડામા પડ્યુ. તેમાથી અગસ્ત્ય ઉત્પન્ન થયા, માટે તે કુભીપુત્ર કહેવાય છે. કુભનો છોકરો સમુદ્રને આચમન કરીને પી ગયો, પણ એવા અનેક કુભ-(ઘડા)થી આ સરોવરનુ જળ ઘટે નહિ. વૃત્રાસુર ને ઈન્દ્રે માર્યા પછી તેના આશ્રિત કાલેયા નામના રાક્ષસો ભયથી સમુદ્રમા ભરાઇ ગયા હતા તેઓ રાત્રે બહાર નીકળી બ્રાહ્મણોને મારી નાખતાં આથી દેવોએ અગસ્ત્ય ઋષિને સમુદ્રનું શોષણ કરવા વીનંતી કરી. તે પ્રમાણે તે આચમન કરી પી ગયા (वनपर्व. १०२-१०४) ૭-વરટાપતિ-વરટા (હ સી)નો પતિ-હ સ કનક જશું'-સોનાના જેવુ અ-પાદપૂરક અવ્યય, સં. च. ઉપરથી. આધુનિક ગુજરાતીમા વપરાતા 'ય' અને 'જ'નુ પૂર્વરૂપ 'જે રાજા પૃથ્વી અ પાલતિ' (કા. ૩, ૧૩.) ૮—રક્તપાદ-રાતાપગવાળો-વિદ્રુમ-રાતા પરવાળા. સરખાવો नैषध—सनालमात्माननर्जितप्रभ ह्रिया नत काञ्चन मम्बुजन्म किम् । अबुद्ध तं विद्रुमदण्डमण्डित स पीत मम्भ प्रभुचामर नु किम् ॥ १-१२२॥ ૧૦—ચરણત્રાણ-ચરણનુ રક્ષણ કરનાર-પગરખા. વામન-ઠીંગણો. ૧૧—દામણી-દયામણી, આર્ત. 'વાણી' અધ્યાહાર છે દેશ્ય શબ્દ છે. दयावणो-दीन (दे० ना० ५ ३९.) 'એહવા વચન દામણા બોલઇ' (કા પ્ર. ૧, ૧૭૨) ૧૨—મરાલ-રાજહસ. ઝાલ્યો હું-અકર્તરિ ભૂતકૃદ ત (સસ્કૃત પ્રયોગ) 'તેણિ હું દીઠુ નહિ' (કા, ૨૩. ૩) હાલની ગુજરાતીમા 'મને ઝાલ્યો છે' કહેવાય ૧૩. ઠાર-ઝાકળ સરખાવો नैषध—धिगस्तु तृष्णातरल भवन्मन समीक्ष्य पक्षान्मम हेमजन्मन । तवार्णवस्येव तुषारसीकरैः भवेदमीभि कमलोदयः कियान् ॥ १. १३० ॥ ૧૪ મને-મનથી. ૧૬—મુરારિ-મુરનામના દૈત્યને મારનાર-શ્રીકૃષ્ણ. ઘણુ-વિશેષણ નથી, ક્રિયા વિશેષણ છે. વિશેષણ હોય તો ઘણી જોઇએ. સરખાવો नैषध—मदेकपुत्रा जननी जरातुरा नवप्रसूति र्वरटा तप-

स्विनी । गति स्तयोरेष जन स्तमर्दयन्नहो विधे त्वां करु- णा रुणद्धि न ॥ १-१३५ ॥ १८—ગજપાત-હાથી અહિં ગજેન્દ્ર મોક્ષ સૂચિત છે. હાથી અને મગરના દ્વંદ્વયુદ્ધમા હાથીની જળપૂર સૂઢ પાણી બહાર રહી તે વખતે પ્રભુની સ્તુતિ કરતા તેને છોડાવ્યો હતો. દયાલેશ-દયાનો અંશ-થોડીક દયા. ૨૦—ઓસીકળ-આભારી. પ્રત્યુપકાર-સામો ઉપકાર, બદલો. કરેવા-કરવા, મ. तव्य અપ. पव्वउ ઉપરથી. વિશેષ ચર્ચા માટે જુઓ કા. પૃ. ૨૧૪. 'પુન- રપિ પામેવાનિ પતિ જાણી વ્રત કરિઇ છિ સતી.' (કા. ૧૦, ૩૧). કુંડિનપુર-વિદર્ભદેશની રાજધાની, ભીમની નગરી ૨૧—અભિ- ધાન-નામ. માન-તોલ, પ્રમાણ. ૨૨—નીશે-નક્કી, સ निश्चित ઉપરથી. નીપાઇ-નીપજાવી, ઉત્પન્ન કરી. સ. निष्पादितः પ્રા णिप्पाइ ઉપરથી. 'કેતકગર્ભ નીપાયુ કાય' (કા ૮૪, ૨) સૃષ્ટિ- સૃષ્ટિકર્મ, પ્રજોત્પત્તિનું કાર્ય. વરજી-ત્યજી એ વિધાતા૦—જે વિધા તાએ આવી ઉત્તમ સ્ત્રી નીપજાવી (પોતાની કલાની અવધિ જણાવી). છતા પણ પ્રજા ઉત્પન્ન કરવાનું કાર્ય છોડી ન દીધું, તે કેવો નિર્લજ હોવો જોઇએ? ૨૩. ચમરી—ચમરી ગાય, જેના પુછડાના વાળની ચમરી થાય છે મીન-માછલું મૃગ—હરણ તેના નેત્ર જોઇને તથા મોર અને ચમરી તેના કેશ જોઇને વનમા અને માછલા તેના નેત્ર જોઇને જળમા જતા રહ્યા કારણકે તેમને પોતાનાં અંગો એના કરતા ઉત- રતા લાગ્યા. ઇન્દુ૦—અર્થ બેસતો નથી પાઠ ભ્રષ્ટ છે. કદાચ એમ અર્થ કરીએ કે ચંદ્રે તેનું મુખ પોતાના કરતા સારૂ જોઇને અને હોલાએ તેના ગાલ સારા જોઇને એની પ્રશંસા કરી પોતાની હાર કબૂલ કરી. ૨૪. રંભા, ઉર્વશી, મેનકા અને ઘ્રતાચી-એ ચાર ઇન્દ્રની અપ્સરાઓ છે. આ અપ્સરાઓ કરતા પણ દમયંતીનું રૂપ ઉત્કૃષ્ટ કહ્યુ છે. નીચેના શ્લોકમા મુખ્ય અપ્સરાઓના નામ આપેલા છેઃ—घ्रताची मेनका रंभा उर्वशी च तिलोत्तमा। केशी मंजुघोषाद्या कथ्यंतेऽप्सरसो बुधै. ॥ અ-પાદપૂરક. ૨૫. વિધિ- નિર્માણ ગ્રહે પાણિ-હાથ ઝાલે, પરણે.

કડવું ૭.

૨. જહ્નવારાં-જ્યારે, પ્રાચીન રૂપ 'જિહ્નારિ' ઉપરથી. 'મિ જિહ્નારિ વાણી બહી.' (કા. ૧૦૨, ૧૫) ૩. પૂર્વાર્દ્ધ માટે જુઓ

નૈષધ—श्रुयते हि फलेन साधवो न तु कण्ठेन निजोपयोगिताम्॥ २-४८॥ ૪ સરખાવો નૈષધ—तव वर्त्मनि वर्ततां शिवं पुनरस्तु त्वरितं समागमः। अयि साधय साधयेप्सितं स्मरणीया समये वयं वः॥ २-६२॥ ૫. ગરૂડગતે—ગરૂડની ગતિએ. પ્રેમ સરખે-? પ્રેમ પરખે પાઠ હશે? ૬. પરિવાર—અનુચારીઓ સાથે પળે તેહેને-તેની સાથે જાય. ૭ દીર્ધિકા—વાવ. લંબચોરસ ન્હાનું તળાવ વિકચ્ય-વિકસેલાં, ખીલેલાં વારિજ-કમળ. તે અણુસારિ-તે અણુસારે, એધાણે. ૮. મૃણાલ-કમળની દાંડી ૧૦. અંબર-ઝીનખાબનો સાળુ ઓચરિ-ઓચરે, બોલે. ૧૧. છાં-છે દ્વિતીય પુરૂષ વર્તમાન એક વચનનુ પ્રાચીન રૂપ અમૂલક-અમૂલ્ય. સરખાવો મૂળ મહાભારત-त्वं चापि रत्नं नारीणा नरेषु च नलो वर। विशिष्टाया विशिष्टेषु संगमो गुणवान्भवेत्॥ ५३-३० ૧૩ જોગ પાખે એ નથી—એ સિવાય બીજો જોગ નથી (૧) લાયક, યોગ્ય. (૨) યોગ ૧૪. નાહે—ન હોય. આટલા બધા ગુણનો સાથે યોગ મળવો દુર્લભ છે. ૧૬. ભાવી—ભવિષ્ય, બનવાનું હોય તે કુંદન-ચોકખું સોનુ. રત્ન જડવામા તેની જરૂર પડે છે

કડવું ૮.

૧. વિહંગ—પક્ષી ગલિત-ગળગળી. વિનતા-વનિતા, સ્ત્રી ૪. વાચક-વચન સં. વાક્ય ઉપરથી અક્ષરો ઉલટાવાથી રૂપ થયુ છે દા. બિલાડી, અળગણુ (પાણી) અણુસરી-અનુસરી, જુ૪ ૫. ભૂપતિ તુ વર્યો-અહિ અર્થ તું વર્યો છે, એમ નથી, પણ તને તે વરી, એમ છે. અકર્તરિ ભૂતકૃદત-(જુઓ ૬, ૧૩ ઉપરની ટીકા) ૭. રળીઆત—પ્રસન્ન, સં. लल् ઉપરથી શીખ-રજા. ૮. સણુમણુ—સણુસણ્યુ? ક્ષુબ્ધ થયુ? સહી અ મરવુ-નક્કી જ મરવુ. 'અ' પાદપૂરક છે. ૯ ઢાળે તે સૂકે કહીં.?—? પાઠ ભ્રષ્ટ છે. ૧૦ દ્વિજપતિ—ચન્દ્ર. (જુઓ રઘુવંશ.૯, ૨૧. નૈષધ ૪, ૭૧) અસવા-ગળવા કોડેથી-ઉમંગથી. ઢળે-ધસે છે. આ કલ્પના ભાલણની સ્વતંત્ર છે. ૧૧. હરિ—વિષ્ણુ ભગવાન. હરિએ રાહુનું શિર છેદ્યુ એ પુરાણીઓ ખોટું કહે છે, કારણકે તેમ કરવાથી ચન્દ્ર બચી ગયો અને તે વિરહિણી સ્ત્રીને પીડે છે; તેથી ખરી રીતે તો, તેણે રાહુનું મસ્તક છેદ્યુ નથી, પણ વિરહિણીનું

કેહ્યું છે: એ વાત બીચારા પુરાણીઓ શુ સમજે! ૧૨. જઠર—હોજરી. રાહુને એકલુ મસ્તક છે, તેથી ચન્દ્રને ગળે છે ખરો, પણ તે તેના ગળામાથી નીકળી જાય છે. પશ્ચતો—પચી જાત, ૨ખાઇ જાત, બળી જાત. સમુદ્રને દેવ અને દાનવોએ મળીને વલોવી રત્ન કાઢયા ત્યારે તેમાથી નીકળેલુ અમ્રત વિષ્ણુએ દેવોને પાવા માડયુ તેમની પક્તિમા રાહુ આવીને ચન્દ્ર અને સૂર્યની વચમા છાનોમાનો બેસી ગયો. તેના મુખમા જેવુ અમ્રત રેડયુ, તેવુજ ચન્દ્ર અને સૂર્યે ઇસારત કરી, તેથી વિષ્ણુએ અમ્રત ગળાગ્ા ઉતરતાં ઉતરતા સુદર્શનથી તેનુ માથું કાપી નાંખ્યુ આથી તેનું મસ્તક અમર થયું, અને ત્યારથી તેને સૂર્યચન્દ્ર સાથે વેર બંધાયુ. સરખાવો નૈષધ—
ऋजुदृशः कथयन्ति पुराविदो मधुभिदं खलु राहुशिरश्छिदम्। विरहिणीमूर्धभिध निगदन्ति न क्व न शशी यदि तज्जठरानलः ॥ ४-६६॥ तथा वदनगर्भगत न निजेच्छया शशिनमुज्झति राहुरसंशयम्। अशित एष गलत्ययमस्यथ सखि बिनागलनालबिलाध्वना ॥ ४-६७. અહિ એમ છે કે રાહુને જઠર ન હોવાથી ચન્દ્રનો નાશ થતો નથી. પરન્તુ બાલણે વિરહિણીને પીડવા વિધાતાએ તેને ઉત્પન્ન કર્યો એમ વધારી ભૂજનો ભાવ વિશેષ દીપાવ્યો છે. ૧૩. ઉદધિ—સમુદ્ર. જર્યો—જણ્યો. ચન્દ્ર ચૌદ રત્નમાનું એક છે. એ રત્નો સમુદ્રમાથી નીકળ્યા હતા. તેથી અગસ્ત્યે જ્યારે સમુદ્રનું પાન કર્યું, ત્યારે તેમના પેટમા જઇને ચન્દ્ર કેમ બળી ન ગયો? અથવા તો દેવતાએ સમુદ્ર વલોવ્યો ત્યારે તેનો રવૈયો કરવા મદરાચળને સમુદ્રમા નાંખ્યો, તે વખતે ચન્દ્ર તેના નીચે કચરાઇને પૂરો કેમ ન થઈ ગયો? સરખાવો નૈષધ—
निपततापि मन्दरभूभृता त्वमुदधौ शशलाञ्छन चूर्णितः। अपि मुने जठरार्चिषि जीर्णतां बत गतोऽसि न पीतपयोनिधेः ॥ ४-५१ ॥ ૧૪. વડવાનલ—સમુદ્રનો અગ્નિ. ચન્દ્ર સમુદ્રનો પુત્ર છે અને શિવના મસ્તક ઉપર રહે છે, તેથી આ બાળવાની વિદ્યા સમુદ્રના વડવાનલ પાસે શીખ્યો કે શિવના ગળાના ઝેર પાસેથી? अयि विधुं परिपृच्छ गुरोः कुतः स्फुट मशिक्ष्यत दाहवदान्यता। ग्लपितशंभुगलाद्गरलात्त्वया किमुदधौ जड वा वडवानलात् ॥ ४-४८ ॥ ૧૫. ગુણવંત—(૧) ગુણવાળો (૨) ગુણ-દોરી બાંધેલો. આ શ્લેષ અમરુશતક ઉપરથી લીધેલો જણાય

છે. જુઓ-असद्वृत्तो नायं न च खलु गुणै रेषरहित प्रियो मुक्ताहारस्तव चरणमूले निपतितः । ६४ ॥ પયોધર-સ્તન શા મટિ—શા માટે. 'વ્યગ્ર થઇ રહિવૂ શા મટિ?' (કા. ૯૯, ૧૧.) આ અને આના પછીની કલ્પનાઓ ભાલણુની પોતાની જણાય છે. ૧૬. જ ધા—જાધ. કલ કી-(૧) આરોપી. ગુરૂપત્નીગમનનો દોષ (૨) મૃગલાછન વાળો. ૧૭—કામનાં-કામદેવના. શ્રમકરે-થાક ઉતારે, વિશ્રામ લે. 'શમ' પાઠ લઇએ તો, 'શાંતિ મેળવે.' ૧૮. ડસે—કરડે. ફૂણુગર-નાગ. ચ દનના વૃક્ષ ઉપર નાગ હોય છે, તેનું પ્રત્યક્ષ પારખુ જુઓ-ચ દનમા સાપની પેઠે ડસવાનો ગુણુ આવ્યો છે જો નાગની સંગત નહોય તો લાકડાને ડસવાનું કેવુ? ૧૯. ગાનવેણુ—વેણુગાન. વાસળીથી ગાવુ અથવા ગાન અને વાસળી વગાડવી. ૨૦ સૂની ચાલ—ભાન વિનાની ચાલ સં. शून्य ઉપરથી વામનયણી-સુદર નેત્રવાળી સ્ત્રી. ૨૧. નિગ઼ળી—ગળગળી થઇને બકી-બોલી 'મિ જિહ્વારિ વાણી બકી' (કા. ૧૦૩, ૧૫).

કડવું ૯.

૧. સુણુ—સાભળો-આજ્ઞાર્થ. 'સુણો'નું પૂર્વરૂપ. ૩. પરવરી—વીંટળાઇને, ભેગી કરીને. સં, परि+वृ ઉપરથી; અહિં 'જવા'ના અર્થમા નથી. ૪. જલપતા—બોલતા, સ. जल्प् ઉપરથી. ૬. સમે એહેવે—એ સમયે. ૧૦. પુલોમી—ઇન્દ્રાણી સોલમી કળા-એક આની ૧૩. પામવુ વશ દૈવને—મેળવવુ દૈવના હાથમા છે. લાલ-લાલસા ૧૪ તેણીઆં—તેણીએ ખોડ-દોષ. ૧૬. યમ—મૃત્યુલોકના અધિષ્ઠાતા દેવ. વરૂણુ-જળદેવ. હુતાશન-અગ્નિદેવ. ૧૭ લોકપાળ—દિક્‌પાળ, દિશાઓના અધિષ્ઠાતા દેવ. આઠ લોકપાળ છે જુઓ अमरकोश-इन्द्रो वह्नि पितृपति नैर्ऋतो वरुणो मरुत् । कुबेर ईश। पतयः पूर्वादीना दिशां क्रमात् ॥ १-२-३, २ ૧૯—આપણે-પોતાના ઠાલા પડીશું-મોઠા પડીશુ. ૨૦-૨૧-સરખાવો નૈષધ —नैव नः प्रियतमोभयथासौ यद्यमु न वृणुते वृणुते वा । एकतो हि धिगमूमगुणज्ञा मन्यत' कथमद्य प्रतिलम्भ ॥ ५-६९ ॥ અહિ એમ છે કે આપણને દમયતી નહિ વરે તો શુ લ્હાણુ કાઢીશુ? ભાલણે લખ્યુ છે કે નહિ વરે તો આપણી

લાજ જશે. ૨૨. જાહાં૦—જ્યાં મન માને ત્યાં (પરણવું)-એ રૂઢિનું સ્વર્ગ તરફ નામ સરખું નથી; અર્થાત્ સ્વર્ગમાં સ્વયંવરની ઉત્તમ પ્રથા નથી. ૨૫. ભોખ—લાગ દોખ-દોષ અર્થીન ગણે દોખ-ગરજવાનને અક્કલ ન હોય. સરખાવો अर्थी दोषं न पश्यति અને અંગ્રેજી Necessity hath no law એ કહેવત.

કડવું ૧૦.

૨. હલુ—હલકુ. તેજ-(૧) પ્રકાશ, મુખની આસપાસ દેવને તેજોમંડળ-halo હોય છે તે (૨) પ્રભાવ. ૩. નંનો—(૧) 'ન' અક્ષર, (૨) નકાર, ના પાડવી. નંનો તો—તમે નનો ભણ્યાજ નથી; કે ભણીને ભૂલી ગયા છો ? તમારી ઉદારતા જોઇને એવો સંશય થાય છે. અર્થાત્ તમારા મ્હોમાં કોઈ વાતની ના છેજ નહિ. સરખાવો નૈષધ—नाक्षराणि पठता किमपाठि प्रस्मृत किमथवा पठितोऽपि । इत्थमर्थिच य संशयदोलाखेलन खलु च कार नकारः ॥ ૫-૧૨૧ ॥ એકુ-એક. ૬. સંનિધાન—પાસે. ૮. શચીપતિ—શચીનો પતિ, ઇન્દ્ર. ૯ તુજહેત—તારે માટે. મનિગમિ-મને ગમે. સંકેત-નિશ્ચય. ૧૦ એક અર્થી—સરખા હેતુવાળા તમારો અને મારો હેતુ સરખો છે. તેથી આપણે બંને એક અર્થી-સમાન અર્થી છીએ. જુઓ મહાભારત:—एकार्थं समुपेतं मां न प्रेषयितुमर्हथ ॥ वन० ५६-७ ॥ ૧૧. પુલોમી-પતિ—ઇન્દ્ર જુઓ મૂળ મહાભારત—करिष्य इति संश्रुत्य पूर्वमस्मासु नैषध । न करिष्यसि कस्मात्त्वं व्रज नैषध माचिरम् ॥ ૫૫-૯ ॥ ૧૨. કલ્પતરૂ—સ્વર્ગનું એકવૃક્ષ. કામધેનુ—સ્વર્ગની ગાય. આ બે મનની ગમે તે ઇચ્છા પૂરી કરી શકે છે. કલ્પતરૂને૦—કલ્પતરૂ અને કામધેનુ ઇષ્ટાર્થ મેળવી આપે છે, છતાં પણ તે મકીને અમે અહિં તારી પાસે યાચના કરવા આવ્યા છીએ તેથી તે લજવાશે. સરખાવો નૈષધ-શ્લોક ૫-૧૨૧-૧૨૬-૧૩૩. ૧૩ અસ્થિ--હાડકાં. દધીચી-એ નામના ઋષિ હતા, જેમણે વૃત્રાસુરનો વધ કરવાને ઇન્દ્રને પોતાનાં અસ્થિ આપ્યાં હતાં. એનું ઇન્દ્રે વજ્ર બનાવી એ અસુરનો નાશ કર્યો હતો. શિબિ—એ પરદુ:ખભંજક રાજા હતો. ઇન્દ્ર અને અગ્નિએ તેની પરીક્ષા જોવાને બાજ અને હોલાના રૂપ ધારણ કર્યાં હતાં. હોલો આવીને રાજાના

ખોળામા બેઠો અને તેની પાછળ પડેલા બાજે પોતાના ભક્ષ્યની રાજા પાસે માગણી કરી. રાજાએ શરણાગતને આપવાની ના પાડી અને તેના બદલામાં પોતાના શરીરનું બારોબાર માસ આપવાનું કબૂલ કર્યું. ત્રાજવાના એક પલ્લામા હોલાને મૂક્યો અને બીજામા પોતાના શરીરનું માસ કાપી કાપીને મૂકવા માંડ્યું, પણ હોલાનું પલ્લુ ઉંચુ થાય નહિ. તે ઉપરથી પોતે જાતે પલ્લામા બેઠો. આથી ઇન્દ્રે પ્રસન્ન થઇ તેને વરદાન આપ્યુ. આ કથા वनपर्व अ० १३२ મા આપેલી છે. નૈષધમા દધીચી અને કર્ણનો ઉલ્લેખ છે. જુઓ શ્લોક ૯-૧૨૯. ૧૪ અધકુ—અધિકો 'ઉ' પ્રા ગુ. મા પુલ્લિંગનો પ્રત્યય હતો. એ 'ઉ' ઉપરથી હાલનો 'ઓ' પ્રત્યય થયો છે આથી 'જશ' પુલિંગેજ છે. ૧૬. ઉદધિ૦—જે દુષ્ટ માણુસ સત્કૃત્ય કરવામા ના પાડે તેનાથી પૃથ્વીને જેટલો ભાર લાગે છે તેટલો ભાર સમુદ્ર, પર્વતે કે વૃક્ષથી લાગતો નથી. મૂળમા 'કરે' છપાયુ છે તે 'ન કરે' જોઇએ સરખાવો નૈષધ—याचमानजनमानसवृत्तेः पूरणाय बत न जन्म यस्य। तेन भूमिरति भारवतीयं न द्रुमै र्न गिरि भि र्न समुद्रैः ॥ ५-८८ ॥ ૧૭. પાપ તેણે—તે પાપે.' આશ્રમ એણિ નહિ અવતાર (કા ૨૯, ૫) ૧૮. વેહેરો—ભેદ, તફાવત મેર—મેરુ પર્વત ૧૯ ભાગ્ય મહારે મન—હું મારૂં મ્હોટું ભાગ્ય સમજુ છુ જુઓ નૈષધ-श्लो० ५-५०. ૨૦ કાહાણુ—કીર્તિ, કહેણી. સ. कथ् ઉપરથી. કાદબરીમા કુલકાણિ' (કુલકીર્તિ) શબ્દ છે, જુઓ પૃ. ૧૧૦ ૨૧. ઓઢયો—ધર્યો. સ. उप+ढौक ઉપરથી. ૨૨. તેણે જીવીઓ સંસાર—તેજ સસારમા જીવ્યો.

કડવું ૧૧.

૧. મુઝાર—મા. સ. मध्य, પ્રા. मज्झ ઉપરથી ૩. દલવડી—દડબડી, દોડી. 'રામકૃષ્ણ રથ ઉપર ચડીઆ, હાકીને વેગે દડવડીઆ' (દશમ ૩૬૯, ૧૧) સરખાવો નૈષધ—अन्तःपुरान्तः स विलोक्य बालां कांचित्समालक्ष्यमसंवृतोरुम्। निमीलिताक्षः परया भ्रमन्त्या संघट्टमासाद्य चमत्कार ६-१३ વળી જુઓ ६-२०-२१ ૪ દષ્ટબંધ વિદ્યા—નજરબંધી. પ્રમાણુ—નક્કી. હાથા જોડી—હાથાભેલી. એકએકના હાથ પકડી માર્ગ રોકી ચાલવુ. આયાસ-પ્રયત્ન, યુક્તિ. અ-પાદપૂરક. આ કલ્પના

ભાલણની પોતાની જણાય છે. ૭. જીન—ભૂત, પ્રેત. 'દેવજન' પાઠ કાયમ રાખીએ તો 'દેવદૂત' અર્થ થાય. અવરાએ નહિ—આવી ન શકાય. ૧૩ ગતિ—જ્ઞાન. લેહે—જાણે. પોતાનું, ગુરુનું, કૃપણનું જ્યેષ્ઠ સંતાનનું અને ભાર્યાનુ નામ લેવાથી આયુષ્યની હાનિ થાય છે, એમ કહેવાય છે. જુઓઃ—आत्मनाम गुरोर्नाम नामाति कृपणस्य च । आयुष्कामो न गृह्णीयात् ज्येष्ठापत्य कलत्रयोः ॥ વળી જુઓ નૈષધ શ્લો૦ ૯-૧૩. ૧૪. કોહોજી તાત—બાપનું નામ કહો. રળી—ઉમેદ. ૧૫. ખેવ—જલદી. સં. क्षिप्र, પ્રા. खिप्प ઉપરથી 'જાવાનિ મન કીધુ ખેવ' (કા. ૯૬, ૧.) ૧૭. કહીએ—કહેવાય સં कथ्यते. ૧૮. નન્દનવન—સ્વર્ગનો બગીચો, બાગે બહિસ્ત. જરા—ઘડપણ. ૧૯ તાહરા૦—કામદેવના ઘાથી અમે મરણતોલ થયા છીએ, તે તારા અધરામૃતના પ્રતાપે સજીવન થવાની ઇચ્છા રાખીએ છીએ. સરખાવો નૈષધ—नास्माकमस्मान्मदनापमृत्यो—स्त्राणाय पियूषरसायनानि । प्रसीद तस्मादधिकं निजं तु प्रयच्छ पातुं रदनच्छदं नः ॥ ८. १०४ ॥ ૨૦. જો તું૦—જો તું કલ્પવૃક્ષની છાયાએ બેસે તો તેને (વૃક્ષને) આનન્દ મળે. આ અને આના પછીની કલ્પનાઓ ભાલણની પોતાની જણાય છે. ૨૧. પરિચર્યા—સેવા. અનુચરી—દાસી ૨૨. કરશે વાય—વાયુ નાંખશે. વિશિષ્ટ ભાષા રૂઢિ ૨૪ સુધુ—સમુ. "સ્વામી! સૂધુ કહુ તે મર્મ" (કા. ૩૨, ૮.) ૨૫. 'નોહે' ને બદલે મૂળનો 'નેહે' પાઠ કાયમ રાખીએ તો એવો અર્થ થઈ શકે કે બધા દેવ સ્નેહની વાતથી અજ્ઞાન છે. તેઓ સ્નેહમા શુ સમજે? ફેરવેલો પાઠ નૈષધને અનુકૂળ છે જુઓઃ—अपि स्वमस्वप्नमसुपन्नमी परस्यदारानवेतु मेव माम् । स्वयं दुरन्तार्णवनाविका कथं स्पृशन्तु विज्ञाय हृदापि तादृशीम् ॥ ९-३३॥ ૨૭ સરખાવો નૈષધ—विहाय सर्वसुपर्वनायक त्वया धृत किं नरसाधिमभ्रमः ॥ ९-४४ ॥ ૨૮-૨૯ ભજે—સેવે છે, પરણવાની ઇચ્છા કરે છે ગુંજા—ચણોઠી. સરખાવો નૈષધઃ—तपोनले जुह्वति सूरयस्तनूर्दिवे फलायाभ्यनुभेषिष्णवे । करे पुनः कर्षति सैव विह्वला बलादिव त्वां वलसे न बालिशे ॥ ९-४६ ॥ આમાથી 'બળાત્કાર' કાઢી નાંખી ભાલણે 'ઘેર બેઠા પામીએ' લખીને ઔચિત્ય જાળવ્યુ છે. બધા દેવ જાસવા

આવ્યા છે ત્યા બલાત્કાર ક્યા રહ્યો? બલાત્કારથી ખેચી શકવાની શક્તિ હોત તો જાચવા ન આવત ૩૦ વ્યાધ--વ્યાધિ, અંગરોગ કર્મતણા૦--જે કર્મના આધીન છે, સારા ખોટા કર્મનુ ફળ જેને ભોગવવુ પડે છે, એવો મનુષ્ય છે. ૩૧ મનમાન્યો૦—જે માણસ મનને ગમ્યો તેજ દેવ જેવો સમજી લેવો. જે પણ૦--જે મર્મ-ગુપ્ત લેખ-વિધાતાએ લખ્યો છે એમા ફેર પડે નહિ (') ૩૨. પોહોતી—પહોચી, સં પ્રાપ્ત ઉપરથી ૩૩ ઓળખ્યો—જાણી લીધો છે. અહલ્યા જાર-અહલ્યાની સાથે જારકર્મ કરનાર અહલ્યા ગૌતમ ઋષિની પત્ની હતી ઋષિ એક દિવસ સ્વારમા સ્નાન કરવા ગયા ત્યારે ઇન્દ્રે ગૌતમનું રૂપ લેઇ તેમના ઘરમા જઇ અહલ્યા સાથે વ્યભિચાર કર્યો હતો ઋષિ પાછા આવ્યા ત્યારે ખબર પડતા બંનેને શાપ આપ્યો હતો એ શાપમાથી શ્રી રામચન્દ્રજીએ તેનો ઉદ્ધાર કર્યો હતો પાવક—અગ્નિ પાવક૦—એવી મહાભારતના વનપર્વમા (અધ્યાય ૨૨૬-૨૭) કથા છે કે --એક વખત સપ્ત-ઋષિઓએ યજ્ઞ કર્યો હતો, ત્યાથી આહુતિ લઇને પાછા ફરતા અગ્નિએ ઋષિ-પત્નીઓને સ્નાન કરતા જોઈ તેથી તે કામાતુર થયો. તેણે વિચાર કર્યો કે, અત્યારે નિમિત્ત વિના આ સાધ્વી સ્ત્રીઓને પાપ વિચા-રથી જોવી ન્યાયયુક્ત નથી, તેથી હુ ગાર્હપત્ય (ગૃહવેદિ)મા પ્રવેશ કરીને તેમનુ નિરીક્ષણ કરીશ. આ પ્રમાણે તેમનું સ્વરૂપ તેણે નીરાતે જોયુ અને તેમના ઉપર મોહિત થયો પરન્તુ તેની ઇચ્છા તૃપ્ત ન થવાથી મરણનો નિશ્ચય કરીને વનમા ગયો આ વાતની દક્ષકન્યા સ્વાહાને ખબર પડી તેનો અગ્નિ ઉપર પ્રથમથીજ પ્રેમ હતો તેથી તેણે છ ઋષિની પત્નીના રૂપ ધારણ કરીને અગ્નિ સાથે વિહાર કર્યો, માત્ર અરૂન્ધતી મહાતપસ્વિની અને પતિપરાયણા હોવાથી તેનું રૂપ તેનાથી લઇ શકાયુ નહિ આ વાતની ઋષિઓને ખબર પડ-વાથી, જો કે તેમની પત્નીઓ નિર્દોષ હતી, તોપણ લોકાપવાદથી ડરીને તેમનો ત્યાગ કર્યો. સ્વાહાને છ મુખવાળો પુત્ર થયો, જે સ્કન્દકુમાર નામથી પ્રસિદ્ધ થયો આમા અગ્નિ તો દોષ પાત્ર ખરોજ કેમકે તેણે તો સ્વાહાને ઋષિપત્નીઓ ધારીનેજ વ્યભિચાર કર્યો હતો. જમ બાંધ્યુ૦—યમનુ મન યમુના સાથે મળ્યુ હતું. યમ અને યમુના સૂર્યના સતાન હોવાથી ભાઇ-બ્હેન થાય. તેથી આ સબંધ બહુ અનિષ્ટ ગણાય પરન્તુ આ કથા મહાભારત કે કોઇ પુરાણમા

જણાતી નથી. માત્ર ઋગ્વેદમા કઇક ઇસારો છે, પણ તે તો જૂદી રીતે જુઓ ૧૦ મા મડળનુ ૧૦ મુ **यमसूक्त** તેમા યમી યમ પાસે પ્રેમની યાચના કરે છે, પણ યમતો છેવટ સુધી ના પાડે છે અને સબંધ થતો જ નથી. આથી ખરૂ જોતા તો 'જમના બાધ્યુ જમશુ મન' એમ કહી શકાય, પણ અહિ તો યમને ઉપાલભ છે, યમીને નહિ ભાલણને આમ ફેરફાર કરવાને શુ કારણ હશે? કદાચ યમીની ઋચાઓ યમની ધારી હોય અને યમની યમીને આરોપી હોય તો એમ બને, અથવા અન્યત્ર એવા રૂપની કથા હોય તો કોણ જાણે' ૩૪. **સહોદર**-સગોભાઇ. નળરાજા પારકી સ્ત્રીઓને સગાભાઇ જેવો છે, જોકે એના જેવુ રૂપ કોઇનું છે નહિ તો પણ. આ કલ્પના પણ ભાલણની સ્વતત્ર છે ૩૫ સરખાવો **नैषध श्लो.** ९-३८. ૩૬. **એહાં જાશો**-વગર પ્રયત્ને જશો **દુર્મર્ણે**-આપઘાતથી આપઘાતથી અવગતિ થશે તેથી યમલોકમા જઇશ, એટલે યમના હાથમા જ. પુણ્ય કે તપ-વ્રત કરીને દેહ પાડીશ તો સ્વર્ગમા જઇશ, તો ઇન્દ્ર તારો નાથ થશે. **નાથ**-(૧) માલીક, રાજા (૨) પતિ આમા પ્રથમની કલ્પના-દુર્મર્ણની-નૈષધની છે જુઓ-**करिष्यसे यद्यत एष दूषणादुपायमभ्य विदुषि स्वमृत्यवे । प्रियातिथिः स्वेन गृहागता कथ न धर्मराज चरितार्थयिष्यसि ॥९-८९॥** બીજી કલ્પના-સ્વર્ગમા ઇન્દ્રપત્ની થવાની-ભાલણની સ્વતત્ર છે. ૩૯ **મેં કયમ વરાય?**-મારાથી કેમ વરાય? સંસ્કૃત વાક્ય રચના ૪૦ **માળ**-માળા, વરમાળ. જુઓ **महाभारत-तेषामह सन्निधौ त्वा वरयिष्यामि नैषध-५६-३०-वन०** ૪૨ **સમય**-સંકેત, નિશ્ચય ૪૪. **મંન**-મને. ૪૫ **ઉક્તિ**-વચન ૪૮ **રકધાવાર**-છાવણી ૫૦ **રંભ**-રભા. રભાની પેઠે પુતળીઓ નાચે ૫૧. **આપણાં**—જાતે સં **स्वयम्** **રાજે**-શોભે. **ઉડુમાળા**-નક્ષત્રની માળા સરખાવો કાદબરી-'મુક્તામાલાઇ મુખશોભિ જાણી ઉડુગણિ ઇંદુ' (૫, ૨૪) ૫૩ **ઉપાઇ**-ઉપજાવી, સં. **उत्पादिता** ઉપરથી 'અનર્થ કોડિક ઉપાઇ જુ અમારગના કામ' (કા. ૬૯,૨૧) **બુદ્ધ**-બુદ્ધિ, યુક્તિ. ૫૭-૫૮-૫૯. **હુંને**-મને **ચમરી ઢળે**-ચમરીથી પવન નખાતો. **ચિત્રામ**-ચિત્રામણ. **નિમિષ**-આખનો પલકારો. **આતપવારણ**-છત્ર. (આતપ=તાપ+વારણ=નિવારનાર) **લાગ**-પગ ટેકાવવાના આસન, foot stools. **અઢે**-અડકે.

સં. स्पृश्, પ્રા. छिव् ઉપરથી. ‘ભૂમિ છબે નહિ પાય’ (પ્રા. કા મ. મૌક્તિક ૬. ૨૧૬,૪૨.) ‘પ્રાકાર પાખલિ ગગન છબતા સુધાધવળ પ્રકાશિ’ (કા. ૩૨,૨૧) વૃદ્ધ પાસેથી મેં દેવના લક્ષણ સાભળેલા તે એવાં કે–તેમને પરસેવો ન વળે, તેમની આખ પલકારા ન મારે, તેમની ફુલની માળા કરમાય નહિ અને તેમના પગ જમીનને અડકે નહિ, પરન્તુ નળ તો મનુષ્ય હતો તેથી તેને તો તેમ થવુ જોઇએ, એટલે દેવ અને નળ પારખી શકાય. પણ દરેક સ્થળે ચમરીથી પવન નખાતો તેથી કોઇને પરસેવો નહોતો થતો, મડપના ચિત્રો જોવામા બધા એટલા તલ્લીન થયા હતા કે કોઇની આખો નિમિષમાત્ર બધ નહોતી થતી, છત્રથી તડકાનું રક્ષણ થતું હતું, તેથી કોઇની માળાઓ કરમાતી નહોતી, તેમજ સિહાસનોની આગળ લાગ મૂકેલા હતા, એટલે કોઇના પગ ભોય અડતા નહિ આ ભવ્ય-કલ્પના ભાલણની સ્વતત્ર છે. મૂળ મહાભારતમા તો એમ છે કે દેવ ભૂમિ ઉપર આવ્યાથી તેમનામા કોઇ ચિહ્‌ન જણાતા નહોતા देवानां यानि लिंगानि स्थविरेभ्य श्रुतानि मे। तानीह तिष्ठतां भूमावेकस्यापि न लक्ष्यये ॥ वन ૫૭,૧૪,૧૬ ॥ નૈષધમાએ માત્ર એટલુજ છે કે નળ મનુષ્યના ચિન્હ કેમ ધારણ કરતો નથી અને દેવ કેમ પોતાના ચિન્હો ધારણ કરતા નથી? જુઓ—एतन्मदीयमतिवञ्चकपञ्चकस्थे नाथे कथं नु मनुजस्य चकास्तु चिह्नम्। लक्ष्माणि तानि किममी न वहन्ति हन्त बर्हिर्मुखा धुतरजस्तनुतामुखानि ॥ १३, ४७ ॥ ૬૨ વૈખરી–વાણી વાચાના ચાર સ્વરૂપ છે. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વ્યક્ત સ્વરૂપ–કાને સભળાય તેવું–તે વૈખરી કહેવાય છે નયણ–આખ, આસુ (नयनजल ઉપરથી?) આકારિ–આકારથી (પાચ નળના આકારથી) ૬૩. વરીઓ–પસંદ કર્યો, સ. वृ ઉપરથી. આ સ્થળે ‘પરણ્યો’ નહિ ૬૬ દામણી–ગરીબડી (જુઓ ૬,૧૧ ઉપરની ટીકા) દિશાપતિ–દિક્પાલ, લોકપાળ. ૭૦. અનુત્તમ–અસાધારણ ત્રવસદન–સ્વર્ગ. જુઓ મૂળ महाभारत–प्रत्यक्षदर्शनं यज्ञे गतिं चानुत्तमां शुभाम्। वन० ૫૭, ३६. ૭૧ મનપ્રસાદ–મનની પ્રસન્નતા. ૭૨ જળપતિ–વરુણ. ઉત્તમ૦–શરીરે ફુલની માળા ઉત્તમ ગધવાળી રહે અર્થાત્ કરમાય નહિ વામીઓ–નીકળી ગયો. સં. वमन=ઉલટી થવી ૭૩. શીખકરી–વિદાય આપી. પુરસીમ–નગરની

બાગોળે .૭૪. માંડીને-વિધિ પુરઃસર. માન પ્રાણ-માન અને સ્નેહ હાલનો 'માનપાન' એ ઉપરથી થયો હશે? ૭૬ સરખાવો દમયન્તીનું વચન-'આનન્દ્યા નગરના લોક, પ્રાણી માત્રનો ટળીઓ શોક' (૩૬૬, ૧૦) ૭૭. વસિ-વસે, રહે. સં वसति, અપ वसइ ઉપરથી ૭૮. અન્યા-અન્યાય. હુઓ-થયો. ૮૬ સમય-સંકેત, ઠરાવ સરખાવો महाभारत-एवं समय कृत्वा द्वापरेण कलि. सह। आजगाम ततस्तत्र यत्र राजा नैषध ॥ वन० ५९, १॥ ૮૮. આકાશ—સરખાવો नैषध-वेत्तानुद्धारतां तत्र मुक्तानाकर्णयन्पदम् । न प्रसारयितुं काल कलि. परमपारयत॥ १७, १६३॥ ૮૯. અવરો—આવવુ. સરખાવો 'અવર જવર.' વરાસાં-છેતર પીંડીથી, 'ઘણું રે વરાસીઓ હું વિઠલા' અવસર વેળા ન આવીઓ કાજ' (હારમાળા, પ્રા કા. ત્રિ. ૫ ૧૨૬). 'હું વરાસીરે બાપ, એમ માણી કરે વિલાપ' (પ્રે નળાખ્યાન, ૪૮,૧૨) ૯૧ અતિ માનીએ—બહુ માન આપીએ ૯૨ થાભ-વિશ્રામ. મુદા-આનન્દથી. સરખાવો नैषधः-अतिथीना पदाम्भोभिरिम प्रत्यतिपिच्छिले । अङ्गणे गृहिणां तत्र स्खलेनानेन चस्खले ॥ १७, १६७ ॥ અર્થાત્ ગૃહસ્થોના આંગણામા અતિથિના પગ ધોવાનું પાણી ઢળવાથી એટલો કીચડ થયો હતો કે તે ધૂર્ત (કળિયુગ) નો પગ તેમા લપસી ગયો. આ ભવ્ય કલ્પના ભાલણ ઉતારી નથી શક્યો. ૯૪ સૌત્રામણે—સૌત્રામણીમા સૌત્રામણી શ્રૌત યજ્ઞ છે. એમા સુરાની આહુતિ અપાય છે सौत्रामण्यां सोमग्रहान्सुराग्रहांश्च गृह्णान्ति ॥ આ સુરા હાલનો દારૂ નહિ, પણ ડાંગર, જવ ત્રિફળા, પિપર, સુંઠ, જીરૂ અને હળદરના મિશ્રણમાથી એક પ્રકારનો અર્ક કાઢવામા આવતો તે. અણજાણે પુરા-પુરૂં જાણ્યા વિના. સરખાવો नैषध—मुमुदे मदिरापान विदन्नेष द्विजन्मन । दृष्ट्वा सौत्रामणीमिष्टिं तं कुर्वन्तमदूयत ॥ १७, १८२ ॥ ૯૫ બેહેડાનો વૃક્ષ—બેઢા થાય છે તે ઝાડ. અહિ વૃક્ષ સંસ્કૃત પેઠે પુંલિંગે છે ૯૬. ઉલાણ—પીત્યા, સં. अव+ली ઉપરથી. વિનાણ—જ્ઞાન, ખબર, સં विज्ञान, પ્રા. विण्णाण ઉપરથી કળિને૦—કળિયુગને એક જાણ થઈ-બાતમી મળી મૂળ પાઠ 'નળને' ('કળિને' બદલે) કાયમ રાખીએ તો, 'ને' સંબંધક વિભક્તિનો પ્રત્યય ગણવો. એટલે 'નળની. એક બાતમી

(કળિયુગને) મળી ' એવો અર્થ કરવો. ' ગઢ ઉપરિ છઇ એક સરોવર તેણિ કરૂ ત્રિનાણું ' (કા પ્ર ૨, ૧૩૯) ૯૮. નિવેશ—ઘેર. નીશે—નક્કી સ निश्चय ઉપરથી. ૯૯ વહેર્યો—ભમાવ્યો ? ઓધલો—આખડો. ૧૦૦ ઉખા—બળદ સ उक्षन् ઉપરથી ૧૦૨. વાસ—ઘેર. ૧૦૪ વેહે—તણાય

કડવું ૧૨.

૨. પ્રણ—પણ, પ્રતિજ્ઞા સ पण ઉપરથી એમા રકાર ગુજરાતીમા વધ્યો છે. દા કરોઠ, શરણુ ૫ વ્યસન—કોઇ કામમા મશગુલ રહેવુ તે (અહિ દ્યૂતમા) વામા—સ્ત્રી ૭. નિત્ય—નિત્યકર્મ, ખટકમ, ધર્મ-ધર્મકર્મ, પુણ્યદાન, આ શબ્દ એટલા માટે નપુસક લિંગે છે ૮ હાર્યા—તેણે હાર્યા કર્મણિ પ્રયોગ હાલ આ ક્રિયાપદ કર્મણિ પ્રયોગમા વપરાતું નથી ' તે હાર્યો ' એમ જ કહેવાય ' ખોવુ ' વપરાય છે, ' તેણે રૂપીઆ ખોયા ' ' અશ્વ ગજ ભડાર હાર્યો વીરસેનને પુત્રિ રે ' (ના નળાખ્યાન) ૧૦ પ્રજા તે જન—પ્રજાજન. ' તે ' ભાર દર્શક અવ્યય છે ૧૨. થ્યો—થયો સરખાવો ' ગ્યા. ' ભૂત સંભ્રમ-ભૂત વળગવુ ? પાઠ ભ્રષ્ટ છે. ' શુ તસ ભ્રમ ' એમ પાઠ લઇએ તો ' તેને શુ ભ્રમ થયો ? ' એમ અર્થ કરવો જોઇએ ગ્રહનુ ભ્રાંત-ગ્રહની પીડા ૧૪. જાણીએ છીએ—જણાય છે સં. ज्ञायते વેશ—મૂળ અર્થ પહેરવેશ થાય, પણ અહિં ભાલણે સ્વભાવના અર્થમા યોજ્યો છે ૧૫ સાધના—દેવની આરાધના, પૂજન. પ્રતિબોધ-વાણીની ચાતુરી. Reasoning faculty શાકુતલમાં આ શબ્દ આ રીતે પ્રયુક્ત થયો છે-स्त्रीणामशिक्षितपटुत्व ममानुषीषु संदृश्यते किमुत या प्रतिबोधवत्य (૫, ૨૨.) ૧૬. થઉ—થયો. પ્રા ગુ. માં પુલિંગે પ્રત્યય ' ઉ ' કાર હતો દુરોદર-ધૂત, જુગાર. જુઓ મનુસ્મૃતિનું વચન नाक्षै क्रोडेत्कदाचित्तु । ૧ । ૭૪ ॥ ૧૭ કાં ટળ્યો ? કેમ જતો રહ્યો ? કુઅર વાહાલો ક્યા ગયો ? અર્થાત કુઅર ઉપરનું વાહાલ કેમ જતું રહ્યું ?

કડવું. ૧૩

૩. ઓડશે—હોડમા મુકશે, જુગાર ખેલશે. દેશ્ય શબ્દ आऊढिअ ઉપરથી. आऊढिअं-द्यूतपण. દે૦ મા૦ ૧,૬૮. ૭. સૂત—

સારથી. ૧૦ હયવર—શ્રેષ્ઠ ઘોડા. ૧૩. વેળા વળવી—દહાડો ફરવો, સુખ મળવું. ૧૪. છિ—છે સ. अस्ति, પ્રા अच्छइ, અપ. अछइ ઉપરથી. ૧૮. જામિની--રાત્રી. સ यामिनी. ૨૧. આન્યો મનનો—મન મળેલા છે તેવો ૨૨. વેલાં—વેળાએ (જુઓ ૪,૧૬ ઉપરની ટીકા) ૫ડી૦—જે મિત્ર દુઃખમા મદદ કરે તે જ સાચો જાણવો स सुहृद् व्यसने यः स्यात् (पं. तं. १, ૧૨૭) સરખાવો અંગ્રેજી કહેવત-A friend in need is a friend indeed. 'વિલાસવતીઇ પ્રતવિઉ તા ઉત્તમ વેલા તન' (કા ૪૫, ૧૩) ૨૩ નીરભાર રહી—માત્ર પાણી પીને રહીને ૨૫ ધામણું-ગરીબડો

કડવું. ૧૪

૧. ઉવેખી—જોયુ ન જોયુ કરીને, સ उप+ईक्ष ઉપરથી સરજ્યું—વિધિએ નિર્માણ કરેલુ ૨ કાંટાળીઓ—કાટાવાળો થયો આ કડી વૃક્ષ અને નળ બંને ઉપર ઘટાવી શકાય છે ૩ પઠખે—વાટ જુએ, ઉભો રહી પાછુ જુએ સ. प्रति+ईक्ष ઉપરથી. 'મિત્ર મુહુનિ તા પડખિઇ આવૂ તા તુઝ સાથિ' (કા. ૧૧૪,૬.) ૫ શાભણી—શા માટે. 'વિલંબ કીજિ શાભણી જુ રિવઇ જાવૂ તેહ!' (કા. ૧૧૧,૧૮.) 'નિજ તનુ તપાવિછિ શાભણી?' (આ. કા મ મૌક. ૨૨૨,૬૫.) ૬. છાં--છે ભાંખી-જોઇ 'કટાક્ષ રાખિ, લલિત ભાખિ, નયન તા અતિલોલ' (કા ૧૪૪,૧૮) મુઝ-મન૦—તને જોઇને મારૂ મન બહુ દાઝે છે, પણ પરાણે રાખી રહ્યો છુ, હૃદય ફાટી નથી જતું. ૮ વાટપંથ—રસ્તો. સમાનાર્થ શબ્દનુ જોડકુ દા. અરણ્યઅટવી, લવલેશ, કુશલખેમ. 'વાટપથ સેના નવિ લહૃ.' (કા ૭૫,૨૫) ૧૦ આપાપણું—આપ આપણું-પોતપોતાનુ. 'આપાપણા મરાતબ લેયો, આંહિ ભલા ઝૂઝાર.' (કા. પ્ર. ૨,૨૭) ૧૧. પર—પારકું પોતે જે આપ્યું કે લીધુ હોય તેનું ફળ પારકાને ન મળે. અર્થાત સહુસહુને કર્મનું ફળ ભોગવવુ પડે છે.

કડવું ૧૫.

૧. પંખી—વૃક્ષની પેઠે આ શબ્દ પણ સસ્કૃત પ્રમાણે બાલણે ગુજરાતીમા પુલિંગે યોજ્યો છે. ૨. ધાંખ—ઇચ્છા. સ. तृषा ઉપરથી. 'પુરી આવી છિ નહિ પાખ, કરિ ઉડવાનિ અતિ ધાખ' (કા. ૨૪, ૨૨) સંબલ-મુસાફરીનું ભાથું, ખરચી. આપણના

સંસ્કૃત કોશમાં 'provisions for a journey' અર્થ આપ્યો છે આમિષ-માંસ ૬ ઉફરાટી—આડુ જોઇ રહી. 'સહી ગ્રહી સમરપણ કરિ, યદપિ ઉફરાટી ઈંધગી' (કા. ૧૬૨, ૧૮) 'કુંયરી કારણ હઇધિ ધરઈ, થઇ ઉફરાટી આસુ ભરઇ' (કા. પ્રે. ૪, ૩૨૪) સં. उर्ध्वं ઉપરથી. સરખાવો 'ખાટલો ઉફરો કરો.' ઉગાએ-સુકાએ સ अव+ग्लै ઉપરથી. 'રાતા તરુ દીસિ છિ તથા રક્તાંબર ઉગવિયા યથા' (કા ૩૧, ૬) 'પીતીઉ ઉગાઇ આકાસિ' (કા. પ્રે ૩, ૨૭) ૯. સીદાસે—ઝૂરી મરશે 'સ. सद्-सीदति ઉપરથી. सीदति राधा वासगृहे-गीत गोविंद ६ 'બંદીવાલ ઘણા સીદાતા દીઠા' (કા. પ્રે ૧,૧૫૨.) 'રોટલી સીઝવી' એ 'સીદ' ઉપરથી હશે? ૧૨ સાથ-(૧) સંગાથ (૨) સંઘ, પોઠ (વણઝારાની)૧૩ નિવેશ-ઉતારો,ધર્મશાળા ઠેરઠેર સુંદર ઉતારાવાળો એ માર્ગ છે ૧૫ ચોલ—કસુંબલ રાતું કપડું 'રાતુ ચોળજેવું,' નરચોળું, ચોળી, આદિમાં હજુ એ શબ્દ કાયમ રહ્યો છે 'ક્યારે પણ ફીટે નહિ, ચોલ તણો જેમ રંગ' (ભાલણ દશમ પદ ૨૧૯, ૯.) ૧૬ વગુચો—વ્યાકુલ થાઓ, દુઃખ પામો. (જુઓ. ૨, ૬ ઉપરની ટીકા) ૧૭. નારનેo—જુઓ मनुस्मृतिनुं વચન—उपचर्यः स्त्रिया साध्व्या सततं देववत्पतिः ॥ ५-१५४ ॥ ૨૧. સરખાવો મૂળ महाभारत—सहितावेव गच्छावो विदर्भान्यदि मन्यसे ॥६१-२९॥ ૨૨ જુઓ महाभारत—विदर्भराजस्तत्र त्वां पूजयिष्यति मानद। तेन त्वं पूजितो राजन् सुखं वत्स्यसि नो गृहे ॥ ६१ ॥ २६ ૨૩. પડી વેલાં—વાંકી વેળાએ, આપત્તિમાં સમે-ટાણે, અવસરે. જુઓ મૂળ—न तु तत्र गमिष्यामि विषमस्थः कथं च न ॥ ६२ १ ॥ ૨૪ સભા—ઘર, યજ્ઞશાળા. ૨૬ ખેવ—જલદી, સં. क्षिप्र ઉપરથી એવ-એ પ્રમાણે.

કડવું ૧૬.

૧ દોહેલી—કઠણ દેશ્ય શબ્દ दूहलो-दुर्भगवाचकः दे० ना० ५, ४३ ૨. ભજું—આશ્રય લઈ. भज=to resort ૪. વધાર્યું—ચીર્યું, ફાડ્યું. (જુઓ ૩, ૧૬ ઉપરની ટીકા) ખંડ—કડકો. ૮ સવે-ફરકે પુરુષનુ ડાબું અને સ્રીનુ જમણુ અંગ ફરકે એ ભાવી અનિષ્ટની આગાહી ગણાય છે, તેથી ઉલટાં અંગ ફરકે તો ભાવી લાભનુ ચિન્હ મનાય છે ૯. ઉકાટો—કંપ, ધ્રુજારો. સં उत्क-

ਚਣਕਿਤ ઉપરથી. 'શબ્દ એહેવા સાંભળી નિ અતિ ઉકાડું શરીર' (કા.૧૮, ૧૨) વાય—વાયુ, પવન. સરખાવો મૂળ-यां च वायुर्नै चादित्य: पुरा पश्यति मे प्रियाम् । सेयमद्य सभामध्ये शेते भूमावनाथवत् ॥ ६२,२१ ॥ ૧૧. વહેરું—ભેદ્યું ? ૧૨. કોટ—ડોક વળતી૦ ફરીને ડોકવાળી પાછું જોયુ નહિ. ૧૩. પ્રાતુકાળ—સવાર, પરોઢ સં. प्रातःकाल ઉપરથી.

કડવું. ૧૭

૫. ચૉરીમાંહે—અશ્મારોહણ કે મંગળ ફેરા વખતે વર વધૂના ખભા ઉપર હાથ મૂકી આ પ્રમાણે બોલે છે मम व्रते हृदयं ते दधामि ममचित्त मनुचित्तं तेऽस्तु । (आपस्तम्ब गृह्यसूत्रमાંથી 'સોળ સંસ્કાર'માં ઉતારેલું વાક્ય) ૮ છેહ—છેડો (छिद्) ઉપરથી ૧૩ તું વર્યો—તને વરી સંસ્કૃત રચના 'ભૂપિસખી પૂછી' (કા ૪૦,૧૩) ૧૫. અન્યાય—અનીતિ. અહિં 'ગેરઇન્સાફ'ના અર્થમાં નથી

કડવું ૧૮.

૨ વ્યાલ—સાપ ૩. રાખો-બચાવો, રક્ષણ કરો. સ. रक्ष ઉપરથી હાલમાં 'રાખવું.' એ અર્થમાં નથી વપરાતું. 'સ્તને ત્રિકમ રાખજો, તાહારે પાએ પુરૂષોત્તમ' (ભા વ્યાખ્યાન ૬, ૧૧) ૯. ધાહીલા-ધવાએલા દોહીલા-દુઃખી. ૧૧ હરિવયણી-(હરિ=ચન્દ્ર+વયણી=વદની) ચંદ્રમુખી ૧૩. પખાલી-નવરાવી સ. प्रक्षाल ઉપરથી.

કડવું ૧૯

૪. વ્યાધ—પારધી નિર્વાણ-નક્કી. ૬ સૂહર-સુવર, ભૂંડ સં. शूकर, प्रा.सूअर. સામર-શાહમૃગ ? કે સાબર ? ૭. ધાવડી—એનું ઝાડ ૫ થી ૧૨ ફુટ ઉંચુ થાય છે એના પાન અને ફુલ સંગ્રહણીના દરદમાં વપરાય છે બાઓલીઆ-બાવળીઆ. ઇંગોડીઆ-ઈંગોરીઆનું ઝાડ. સ. इङ्गुदी. એના ફળનું તેલ ચામડીના દરદો ઉપર વપરાય છે. એની શાખાઓ અણીદાર કાંટા જેવી હોય છે. કથેર-કથારો. એના વેલા થાય છે અને તેને તીક્ષ્ણ કાંટા હોય છે. એની અંતરછાલ મરગુમડા અને ફોગની ગાંઠ ઉપર કામ

આવે છે. કેરડા—કેરા થાય છે તે ઝાડ ગોરડીઆ—એને ગોરડીઓ બાવળ પણ કહે છે. એને ત્રણત્રણ ખેર જેવા વાકા કાંટા હોય છે એના મૂળ અને છાલ પ્રમેહ ઉપર વપરાય છે. કૌઅચ— એના વેલા થાય છે એની શીંગોને અડવાથી ચળ ઉઠે છે. એના બીજ ગોખરૂ સાથે દૂધમા લેવાથી પૌષ્ટિક ગુણ કરે છે. કૌકચ—કડાનુ ઝાડ એને ઇન્દ્રજવ પણ કહે છે. એના બીજ—કડા— કૃમિ અને ચૂકના દરદ ઉપર વપરાય છે. કરમદી—એના ઝાડવા ૧૫ થી ૨૦ ફુટ ઉંચા થાય છે. તેની શાખાઓએ મજબુત જાડા કાટા હોય છે તેના મૂળ પેટના દુખાવા ઉપર અપાય છે. તેના કાચા ફળનુ અથાણુ થાય છે પિત્તવિકારવાળાને ફાયદો કરે છે પાકા ફળ મેવા તરીકે ખવાય છે 'આખો દહાડો ભૂખ્યા રહેના બોર કરમદા ખાઇ' (દશમ ૩૮૮, ૨) ભોંયરીંગણી—એ કાટાવાળા વેલા હોય છે. તેના ફળને પણ કાટા હોય છે એના મૂળ કફ અને છાતીના દરદમા વપરાય છે આ બધા કાટાવાળા ઝાડ છે ફુણગર—ફણાવાળા.

કડવું ૨૦

૧ વગુતી—વ્યાકુળ થઇ (જુઓ ૨,૬ ઉપરની ટીકા) ન જાએ—ન જવાય ૩ વાહ્ની—છેતરી વૈશ્વાનર—અગ્નિ, લગ્નમા સાક્ષી તરીકે સ્થાપન કરવામા આવે છે તે બોલ્યુ—બોલવામા આવ્યુ, બોલ્યા હતા passive impersonalનું રૂપ ૫. એકશરીર૦— (જુઓ ૧૭,૧૫ ઉપરની ટીકા) ૯ વછોહી—છૂટી પડેલી દેશ્ય શબ્દ. विच्छोहो-विरहे (दे. ना. ७,६२) ઉપરથી 'એક છોરૂ માય બાપ વિછોહ્યા' (કા પ્ર ૧,૧૫૫) ૧૧ નગપતિ—વૃક્ષરાજ, મ્હોટુ ઝાડ. ૧૨ પોતે—પડે, શરીરે સં. आत्म ઉપરથી? ૧૩ વામદેવ— વૈદિક ઋષિ કેટલાક મત્રોના દ્રષ્ટા. વશિષ્ઠ—એ પણ વૈદિક ઋષિ છે અને મત્રદ્રષ્ટા છે. રામચન્દ્રજીના કુળગુરૂ થાય. ૨. વપુ—શરીર. પહેરણે—પહેરેલુ અ—પાદપૂરક ૪ દ્રશ્યમાન—દેખી શકાય એવુ, તે ઉપરથી સમાચાર, વર્તમાન ૬ સપરાણો—મ્હોટો સં सप्राणः ઉપરથી? 'હું સપરાણી કીધી માહારે વાહાલે' (નરસિંહ મેહેતાનું પદ ૮૮, બૃ કા દો. ગ્ર ૫) 'એક એક પાહિ સપરાણા જેહ ભુજિ નાવઇ હારિ' (કા. પ્ર ૧,૧૮૨.) ૧૨ ગર્વૂર—ગોર, ખીણ. ૧૪. શુભવયણી—શુભવદની, સુદંર મુખવાળી. ૧૭. સાથ—પોઠ, વણજારાનો કાફલો (સ. सार्थ)

કડવું. ૨૨

૫ વણજે--વેપાર માટે (સ. वाणिज्य) ૮ પાદપ--ઝાડ ૧૨ ઊજાણા આવી--ઝડપથી આવી સ उद्+या ઉપરથી 'એક જન અતિ ઉજાઈ નિ ધાઇ હર્ષ અપાર (કા ૪૯,૧૮) 'એક ઉજાણા ચડી અટાલે, એક ઉપરિ પ્રકાર' (આ કા મ મૌ ૬ ૩૩૪,૧૧૧) 'ગાળ દેઇને ઉજાતો તે નાર પૂઠે આવતી' (દશમ ૨૧૮,૨) ૧૩. બાધ્યા૦--જે ખૂટે-ખીલે બાધેલા તે કાઢી નાખીને એનાથીજ સધના લોકોને માર્યા અથવા હાથીઓએ ખીલે બાધેલા પોઠીઆ અને ઉટને માર્યા.

કડવું. ૨૩

૨. દીઠું--દીઠો, જોયો પુલિંગે છે પ્રાચીન ઉકારાન્ત રૂપ ૪ સુધી--ખરેખરી. સીકોતરી-ડાકણ. ૫ ગજની ઘટા--હાથીનુ ટોળુ હાથીઓને મેઘની ઉપમા આપી છે તેથી સરખાવો 'ઘનઘટા' ૧૨. શેને--શાને, શા માટે અટવાવે-ગખડાવે. સં अट् ઉપરથી. ૧૩. કહીં સમાએજી--ક્યા જાય. ૧૪. ઊજાણી--ઝડપથી ગઈ. (જુઓ ૨૨,૧૨ ઉપરની ટીકા) ૧૫ સુચંગ--સુશોભિત (નગર) ૨૧. અવતારી--દૈવી ૨૩. એકાકી--એકલી. ૨૫. હારી--હારવામા આવી 'રીધ'નું વિશેષણ. ૨૬ સૈરન્ધ્રી--હુન્નરકળા જાણનાર સ્ત્રી चतुषष्ठिकलाभिज्ञा शीलरूपादिसेविनी । प्रसाधनोपचारज्ञा सैरन्ध्री परिकीर्तिता ॥ कात्य'

કડવું. ૨૪

૨ જીવિતમાન--જીંદગી. ૩. હાંસુ--હાસી, મશ્કરી. 'પાતસાહ મુખિ બોલઈ, વળિ રખે હુઇ હાસઉ' (કા. પ્ર ૨,૨૯) 'સીતાપતિ શીશુ કરે હાસુ, બાલણપ્રભુ મુરારિ' (દશમ. ૩૮૯,૪) ૮. સ્વસ્થાન--સ્વસ્થ, નિશ્ચિંત

કડવું. ૨૫

૨. મુઝને--મ્હારૂ સાંભલુ-સાભળો. ૫. તાપસ--તપસ્વી, ઋષિ કીધા માટે બાધ-અડચણ કરી તે માટે. તેણા-તેણે. ૧૦. દેશ--જગા. માની બોલ-વચનમાં વિશ્વાસ રાખી. ૧૨. પંનગ-નાગ. ૧૩. વીમાસીને--વિચાર કરીને. સં. विमर्श ઉપરથી. ૧૭. હણ્યાએ

નહિ--બંને વાક્ય ખડનુ 'દેહેલિ દીપક ન્યાયે' ક્રિયાપદ છે. તું સર્પથી તેમજ સગ્રામમા મરીશ નહિ. ૧૫. અશ્વમત્ર--ઘોડા ચલાવવાની વિદ્યા. અક્ષવિદ્યા-પાસાની વિદ્યા. ૨૬. ખટરસ--૭ જાતના સ્વાદ-ખાટું, ખારૂં, તીખું, ગળ્યુ, કડવુ અને તુરૂં. ૨૮. દશ સહસ્રા--પગાર દસ હજાર અને એકનો ઠરાવ્યો, ૧૦૦૦૧ ૨૯. વાર્ષ્ણેય--નળનો સારથી પોતાનું નામ જીવલ ધારણ કરીને રહ્યો છે. મૂળમાં તો આમ છે કે જીવલ જૂદો માણસ હતો. ભાલણે એમા ફેરફાર કર્યો છે. જુઓ મૂળ-नल ....न्यवसत्...सहवार्ष्णेय जीवल । वनपर्व ६७,८। ૩૧. नैषधकाव्य નો શ્લોક ? આ કાળવિરોધ ગણાય. નળ થયા પછી સેકડો વર્ષ કેડે આ કાવ્ય રચાયુ છે, તો તેનો શ્લોક નળના મોમા મૂકવો એ અપ્રાસગિક છે તેમજ નીચે આપેલો શ્લોક નૈષધમાં છે પણ નહિ, એતો મહાભારતમા છે. અહિ ભાલણની અનવધાનતા જણાય છે ૩૨ સરખાવો મૂળ શ્લોકઃ--क्वनु सा क्षुत्पिपासार्ता श्रान्ता शेते तपस्विनी । स्मरन्ती तस्य मन्दस्य कं वा साऽद्योपतिष्ठति ॥६७-१०॥ ૩૩ વ્રતભેદ—(૧) શ્લોક દરરોજ બોલવાનું લીધેલુ વ્રત, તેનુ રહસ્ય. (૨) 'વૃત્તભેદ' લેઇએ તો, વૃત્ત એટલે વીતક, તેનું રહસ્ય વૃત્તાતનો ભેદ ૩૪. કુઅર્થે--દુષ્ટ હેતુથી ૩૬ વ્યસને--દુ ખથી. આ ઠેકાણે 'કુટેવ' અર્થ નથી ૩૭ કેથો—કેટલો ૩૯ અલ્પમતિઆ-અલ્પમતિએ-ટૂકી બુદ્ધિવાળા એ. સ જોગ-સયોગનું સુખ

કડવું ૨૬.

૨. સીમ--દિશા, ચારે દિશાએ. ૩ સીધ--શોધ, ખબર સં शुद्धि ઉપરથી. મુખ્ય આસન-રાજસભામા આગળની બેઠક. ૫. સુધ--શોધ ૬ શિશુથકી--બાળપણથી. 'પાટણ થિકુ દેવ સોમઇયુ ઢીલી ભણી ચલાવ્યુ.' (કા. પ્ર ૧,૧૭૮) ૭ ચેહેન—ચિહ્ન, ચહેરા-નિશાન ૮ કાંત--કાન્તિ, તેજ. જૂએ મૂળ-निबद्धा धूमजालेन प्रभामिव विभावसो ॥ ६८।९॥ ૧૧. શશીઆહો--સરખાવો મૂળ-पौर्णमासीमिव निशा राहुग्रस्तनिशाकराम् ॥ ६८।१२॥ ૧૨ નદી મૂકે નીર--સરખાવો-शुष्कस्रोता नदीमिव । ६८।१४॥ ૧૩ નરતિ—શોધ પત્તો. સં. निरीक्षा ઉપરથી ? 'નળ કહે નિરતિ પડે નહિ, ઘોરઘપટ અંધાર' (આ કા. મ મૌ ૬. પૃ. ૨૭૭). 'માગીતણા વયણ તે સુણી

નરતિ કરાવી કુમરી તણી ' (વૈ. ૫. ૧૬,૧૬૭.) ૨૦. અતિધંન-અતિઘણું. સમાન અર્થના બેવડા શબ્દો (જુઓ. ૧૪,૯ ઉપરની ટીકા)

કડવું. ૨૭

૧૨ પ્રેમદુ.ખીઆં--પ્રેમના અભાવે દુ.ખીઆ ૧૮ શિબિકા-પાલખી. ૧૯. ચલાવી—મોકલી. ' તરલિકા ચલાવ્યા કેડિ થોડિ દિન તહૂમો આવ્યા.' (કા ૧૨૪,૫) ૨૦. કુશલીખેમ--કુશલી-આરોગ્યવાન્ સ. कुशलिन्, ખેમ-સુખી. સં. क्षेमन् 'ભરતકનુ આગ્રાણુ કરી નિ પૂછિ કુશલીખેમ.' (કા. ૬૩,૧૫)

કડવું. ૨૮

૪. હેરી--તાકીને જોવુ, સ. अव+घृ ઉપરથી. ૫ સજાઇ-પ્રસગ, દેખાવ. ૧૨. આહેડીઆ---આહેડીએ-પારધીએ ૧૪. ઓલવા--લપાવાનું-સંતાવાનું-સ્થાન. દેશ્ય શબ્દ ओलओ-अपलाप. દે. ना. १,१६०. એનું મૂળ સસ્કૃત ली ધાતુમા જણાય છે. વાવાએ૦-જેણી ગમનો પવન વાય તેણી ગમ છૂપાવાનું સ્થળ ખોળવુ જોઇએ. અર્થાત્ જેવુ દુ:ખ પડે તેવુ ભોગવી લેવુ. ' યાહાગિ જેહના વાય, તા ત્યાહારિ તેહવા ઓથના લિજે ' (નાકર નળાખ્યાન ૧૫,૧૧). ' આજ એહને વેલા પડિછિ ઓલત્રાવ્યૂ છિ રૂપરે ' (એજ ૨૬,૧૯) ૧૬. આરતિ--આર્ત્તિ-દુ ખ, કષ્ટપો.

કડવું ૨૯.

૩. વધારી—કાઢીને. પરમ સાધવી૦-શાસ્ત્રમા દુરાચરણી સ્ત્રીનો ત્યાગ કરવાનુ અને સંતાનહીન કે કન્યાવાળી સ્ત્રી ઉપર અમુક વર્ષ વાટ જોયા પછી, બીજી સ્ત્રી કરવાનું કહ્યુ છે, પણ સચ્ચરિતા અને પુત્રવતી સ્ત્રીનો ત્યાગ કરવાનું કંઇ કહ્યુ નથી. ૫ પ્રત્ની૦—જુઓ मनुस्मृति-विधाय वृत्ति भार्यायाः प्रवसे त्कार्यवान्नरः । ९।७४।૬ ગુતો—ગુંથાઈ ગયો, અટવાઇ ગયો. સં. गुम्फित ઉપરથી. ૭. ગાથા—કાવ્ય, ટહેલ ૮, દોહેલો સાહેલો--દુ:ખી કે સુખી. दुर्भगो વા सुभगः ઉપરથી ૧૦. ક્ષિપ્ર--તુરત. ૧૩. ભણીય--ભણીને. કોને મંન ન આવી-કોઇને ગમ પડી નહિ ૧૪. કુચિત્ર--કદરૂપો. કૂબડો-ખૂંધો-સં कुब्ज. ઉપરથી. ૧૬. વીનતડી—વીનતી, આજીજી. સં विज्ञप्ति ઉપરથી ૧૭.

વંઠી—નાશપામી. વાહાર-મદદ. વંઠી જ હવારાં વાહાર-જ્યારે કોઈની સહાય રહી નહિ. 'વાર' પાઠ લેઈએ તો, તેનો અર્થ 'વેળા' કરતાં, 'જ્યારે વાંઠી વેળા થઇ,' એમ કરવો. ૧૮. પોતે રાખે આપ—પોતાનું પણ રાખે. ૨૨. સંચ—યુક્તિ. ૨૩. પેરે પ્રાતુ તે વાહી—સવારના પહોરમા તેને છેતરીને યુક્તિથી (તેડાવું.)

કડવું ૩૦.

૨. વાળી—વળી, ફરી. 'ઇચ્છાવર'ની સાથે લઇએ તો 'ઇચ્છાવરવાળી,' જેને ઈચ્છાવર વરવો છે તેની (પરણશે) નીગમે-કાઢે સં. निर्गम्-ઉપરથી ૪. નરતિ—શોધ, પત્તો. (જુઓ ૨૬,૧૩ ઉપરની ટીકા) ૫. વહીઅો—જલદીથી ગયો. આધુનિક ગુજરાતીમા 'વહી ગયો' વહી ગયાના અર્થમા વપરાય છે ૮. સાસે—વિચા-રમાં. સં. संशय ઉપરથી. ૯. ઓછાં—અછકલા, સાકડા સ્ત્રીઓ સાકડા મનની હોય છે. કયમે ન કરે—એવુ કોઈ રીતે કરે નહિ, પુનર્લગ્ન ન કરે. ૧૩ કર ધરીઆ—હાથે ઝાલ્યા, કાઢયા. ૧૪. એણે—એનાથી. થાકયા થાશે-થાક લાગશે. પ્રાચીન ભાષા રૂઢિ. ૧૮ રમ્યઘોષ-સુંદર અવાજ. ૧૯. સૂત—સારથી, વાર્ષ્ણેય માતલિ-ઇન્દ્રનો સારથી શાલિહોત્ર-અશ્વવિદ્યાના આદ્ય આચાર્ય. કુછત-કુરૂપ સ कुत्सित ઉપરથી ૨૦. ગ્રેહવાની ગતિ—લગામ પક-ડવાની રીત-છટા. ૨૧ ભાંગાસુરિ-ભાગાસુરનો પુત્ર ઋતુપર્ણ વા-યુપુરાણમા ઋતુપર્ણના બાપનું નામ 'અયુતાયુષ' કહ્યું છે. પરન્તુ ઋતુપર્ણને તેનો દાયાદ (વારસ) કહ્યો છે, એટલે વખતે એનો સગો પુત્ર ન પણ હોય અને તેથી સગો પુત્ર ભાગાસુરનો હોય. (વાયુ૦ ૨૬, ૧૭૨) ૨૨ પછેડી-ખેસ, ચલોઠો. ૨૩ જોયણ—યોજન. બે કોશ અસૂર-મોડુ ૨૭ શત એક પંચવીસ-એકસો પચીસ. ખટ-છ. અયુત-દસહજાર, શાખા૦-ડાળી ઉપર છે તે સાઠ હજાર જાણવા ૩૦. અણ આથમતે સૂર-સૂર્ય આથમ્યા પહેલા. ૩૪ ચાપણ—મૂડી એટલે માણુ ત્યારે શી-ખવવી પડે. ૩૬. દમતો—ઓકતો ૩૭ હુ શાપ્યો છુ—મને શાપ થયો છે. સંસ્કૃત રચના. સંવરો-સંકેલો, કાઢી નાખો. ૩૮. વૈદ-ર્ભીના શાપ માટે જુઓ ૧૮, ૪. ૩૯. અનુદિન—હમેશા. ૪૨. મનમાં જાણે કુવા—મનમા ઊંડો ધ્રાસકો પડયો

કડવું ૩૧.

૨. શકે—જાણે. પે ળે-દરવાજે. હાલ પણ મેવાડમા ગામના દરવાજાને પોળ કહેવાય છે. ૬. તઉ વાસ—તેના-ઋતુપર્ણના-ઉતારે. ૭. વિદ્દિ—કામ, ધધો. એ વિદ્યા આવડતી હતી તેથી આ ધધો સ્વીકાર્યો (જુઓ આપ્ટેનો કોશ.) ૮. ઘોખ—ઘોષ-અવાજ. ૧૭. સંવાદ—મેળ, અર્થ. ૨૫. વેદ—નક્કી. 'વીકુભણિ, પાછા જાયિ-સું, વચન કહિસં વેદ' (કા. પ્ર ૪, ૧૮૧.) ૩૧. પચાવ્યું—રાંધેલું. સ. પચૂ ઉપરથી ચોરીચાલી—છાનીમાની ગઇ. ૩૫ સુખા સુખે—મોઢામોઢ. રૂ-બ-રૂ. face to face. ૪૩ કપાયાં—ગેરવા રગના. ૪૪. કેહિ—કાઇ પણ ઞી સુંદરી-સુદર સ્ત્રી ૪૭. મને માણુ—મનમા ન આણુ-લાવ.

કડવું ૩૨.

૨ સંચ—યુક્તિ ૩. ત્રણ એધાણુ—આમા તો માત્ર પખી વસ્ત્ર હરી ગયો એ એકજ કહ્યુ છે બાકીના બે કયા? અસ્પષ્ટતા છે. ૮. સાખીઆ—સાક્ષીદાર. ૯. અન્યાય—અહિ પણ 'અનીતિ' ના અર્થમા છે. ૧૩. અહિ—નાગ. ચિતવ્યો—સ્મરણ કર્યું. ૬. મન માણુશો ખોડ—મનમા દોષ મ આણુશો-લાવશો નહિ. ૮. માહારે—માહારા. ૯ બીજો કરીને૦—વાર્ષ્ણેય નળ પાસે રહ્યો તેથી બીજો સારથી કરીને ઘેર ગયો. ૧૦. પ્રવાહ—વૃષ્ટિ ૧૭. મેળવા એ જોગ—એ યોગ મેળવી આપવા. ૧૮. ધેર—ધૈર્ય? કળિયુગે હિંમત આપી છે? અથવા 'ઘેર' પાઠ લઇએ તો-ઘેરો અર્થ કરતાં, કળિયુગે નળના શરીરમા ઘેરો ઘાલ્યો છે ૨૮ નિજ-પદ સ્થાન—(૧) તમારી પ્રથમની પદવી, સત્તા અર્થાત્ ગજગાદી (૨) પ્રભુધામની પ્રાપ્તિ ૨૯. મહાપાત્ર—યોગ્ય, લાયક. ૩૦. વીસમો—વાંકો સં. વિષમઃ ઉપરથી. વળી વેલાં—વેળા ફરે ત્યારે, સારા વખતે. ૩૨. સહુને૦—તેથી સર્વની વિદ્યામાં વધારો થયો ૩૮. નિર્વાણ—(૧) નક્કી. (૨) મોક્ષ. બુદ્ધિમાને—બુદ્ધિ પ્રમાણે. પ્રમાણ-પ્રમાણયુક્ત.

બીજું નળાખ્યાન.

કડવું ૧.

૨ સિંદુરાડણ—સિંદુરથી લાલ થયેલા. ૩. ધરાં છાં—ધરો છો. દીસાં છાં-દીસો છો ૫ શુંડાદંડ—સૂંઢરૂપી દંડ. વિનવિછિ-વિનવુ છુ. પ્રથમ પુરૂષ એક વચનનું ખોટુ રૂપ. 'વિનવુ છું' જોઈએ કર્તા 'કવિ' અધ્યાહાર હોય તો, 'વિનવે છે.' ત્રીજા પુરૂષનું રૂપ ગણાય. ૬. વિધુવદની—ચન્દ્રમુખી. વિધાત્રી-સરસ્વતી. કરિ-કર આજ્ઞાર્થ બીજા પુરૂષ એક વચનનું રૂપ વિધુવત-ચન્દ્ર-જેવો. ૭. અર્ક—સૂર્ય. ચાર નામ-સરસ્વતીના ચાર નામ. ચાર વાણીના રૂપ-વાણીના ૪ સ્વરૂપ છે-પરા, પશ્યતી, મધ્યમા અને વૈખરી. ૮. આઇ—માતા. ૯. સૂરિનર—વિદ્વાન પુરૂષ. ૧૧. મહારાજ—સરસ્વતીને સંબોધન હોવાથી આ શબ્દ અહિં યુક્ત નથી. ૧૫ ઉણ—આ વર્ષે. નથી નીપજયો ઉણ-માત્ર પ્રાસ મેળવવા નિરર્થક શબ્દો મૂકેલા જણાય છે.

કડવું ૨.

૨ ગાઇ—ગાઇએ પ્રથમ પુરૂષ બહુવચનનું ખોટુ રૂપ. શુદ્ધ 'ગાઉ' જોઈએ ૫ પ્રાણ—નિરર્થક શબ્દ છે. કરિ-કરે, ૭ ધનુષ ધરમાં મનુ જેવો—ધનુષધારણ કરવામા મનુ જેવો કુશળ.

કડવું ૩.

૪ પત્ની સહિત—સરખાવો પ્રથમનુ નળાખ્યાન ૬, ૧૫. બનેમા મૂળનો અનુવાદ છે જુઓ **महिष्या सह राजेन्द्र सत्कारेण सुवर्चसम् । ६३ । ७ ॥** ૫. હારદ—હાર્દ, મર્મ. ૯. શશે શોભા—ભૂતકાળની કથા કહે છે, ત્યા ભવિષ્યકાળ કેવો? કાળવિરોધ જણાય છે. ૧૧ આકાશરૂપી અનુચરી—આકાશના જેવી દાસી. અર્થહીન શબ્દો જણાય છે. કદાચ વિજળીને મેઘની દાસી કહેવાનો અભિપ્રાય હશે, પરન્તુ આ શબ્દોથી એ અર્થ સ્પષ્ટ નથી થતો. ૧૩. વાર—વારિ, પાણી. ૧૪. ભાલણ પ્રભુ રઘુનાથના-મૂળ કડી સાથે સગત નથી ભાલણે અન્યત્ર-બીજા કાવ્યોમા-આમ આ શબ્દો સબંધ વિના નથી મૂકયા.

કડવું ૪.

૬ એવિ—એહેવે, હેવામા અવતંસ—મૂળ અર્થ અલંકાર કે મુકુટ થાય. અહિં પીંછાંના અર્થમા વાપર્યો જણાય છે પણ તેવો અર્થ સંસ્કૃતમા કોઇ સ્થળે જાણ્યો નથી મુકુટના અર્થમા વખતે માથાની કલગી અભિપ્રેત હોય, પણ હંસને કલગી હોય ખરી ? મને તો લાગે છે કે પ્રાસ મેળવવા માટે ખોટા અર્થમા શબ્દ યોજ્યો છે ૮. શિરકર્ણનાં અવતંસ—માથા અને કાનના પીંછા. કાને પીંછા હોય ખરા ? ધરવા—ઝાલવાને. વંશ-વાસ બગીચામા વાંસ શુ કરવા વાવવામાં આવે ? પ્રાસ માટે નિરર્થક શબ્દયોજના મૂકી છે. પ્રા.કા.મા.મા વંશનો અર્થ 'વાસો' આપ્યો છે, પણ તેનું શુ પ્રયોજન ? શુ હંસ ઉડીને વાસા ઉપર બેઠા ! ૧૫. હાથ ન આવે—(૧) પાછળ દોડવા છતા હંસ ઝલાતો નથી. (૨) ચોરાશી લાખ યોનિમા ફરવા છતા રઘુનાથજીનો હાથ મળતો નથી-અર્થાત્ દર્શન થતા નથી.

કડવું ૫.

૨. અશ્વિનીકુમાર—આ દેવ બહુ સુંદર અને હંમેશા યુવાન ગણાય છે. ૫ મિલવ્ય—મેળવ. આ ઉપમા નિર્બળ જણાય છે હીરાની ખાણને હીરા મેળવવાની શી જરૂર ? ૭. મુકિ અહમેવ—અહંકાર તજે.

કડવું ૬.

૨. અમિ-તમિ—ખોટા શબ્દો છે અહો-તહો જોઇએ ૭ વંશ—વાસળી

કડવું ૭,

૩. દર્શિ—દેખાય. કૃશતનું-સોસાઇ ગએલા શરીરવાળી. ઉર્ધ્વજોતી—ઉંચુ જોઇ રહેતી, બ્હેબાકળી. ૪. કામભીણી—કામ વેદનાથી બ્હીલી થએલી (ભીણી-મીણ જેવી નરમ) પા-કા. મા. માં 'કામનો ભીણો ચડેલો' અર્થ આપ્યો છે. ૫. વસન-વસ્ત્ર. સુંદર વસ્ત્રો ત્યજી દીધા-એ કહેવાનો ભાવાર્થ હશે. ચરે-ચાલે. ૭. સુકઇ જાણે ઓહ—ઉસ (ખાર)ની પેઠે સુકાઇ ગઇ છે. અર્થાત્ એવા ખારીલા સ્વભાવની છે—sensitive. ૧૧. નયરી—નગરી. ૧૩. ગુણી—ગુણગાનાર. માગધ-એ પ્રાચીન કાળમા ગાયકનો ધંધો

કરનારી જાત હતી. વૈશ્ય પિતા અને ક્ષત્રીય માતાથી ઉત્પન્ન થયેલી જાત મનાતી. ૧૪. પ્રતાપશાળી પ્રાણુ—આમા 'પ્રાણુ' શબ્દ અનુપ્રાસ માટે અર્થહીન યોજ્યો જણાય છે. પ્રા. કા. મા. મા 'પ્રતાપશાળીના પ્રાણુ' અર્થ આપ્યો છે, ૧૫. પુરંદર–ઇન્દ્ર.

કડવું ૮.

૫. રૂપ પર્વ--રૂપનું પર્વ ? પર્વ એટલે તહેવાર. રૂપનો તહેવાર–કેવો હોય ? અર્થહીન જણાય છે. ૧૧. સૂનુ—પુત્ર. ૧૨. ભાલણ પ્રભુ—ભાલ પ્રભુ રઘુનાથ લોકપાળની સાથે શુ કરવા જાય ? ઇશ્વર સર્વત્ર હોય તો એમ લખવાની શી જરૂર ? નિરર્થક શબ્દજાળ.

કડવું ૯.

૭. અજાતશત્રુ--જેને શત્રુ ન હોય તે–યુધિષ્ઠિરનું વિશેષણ ૮ નહિ—ફેર પડે નહિ. ૧૧ વાસવ—ઇન્દ્ર ૧૨ વારિરાજા—પાણીનો રાજા–વરૂણ ૧૮ સંભાર મા ગૂઢ—ગૂઢ સભારીશ નહિ 'ગૂઢ' અહિ નિરર્થક જણાય છે પ્રા કા. મા મા 'ગૂઢ વાત' લખ્યુ છે, પણ અહિ કઇ ગૂઢ વાત સભારવાની ના પાડે છે ? ૨૨. ભાલણ પ્રભુ રઘુનાથ—અહિં પણ આ શબ્દો મૂળથી છૂટા છે.

કડવું ૧૦.

૨. સખી ગણશું—સખીઓના ટોળા સાથે. યૌવનવન–જુવાનીનો બગીચો. પુર બહારમા જુવાની ખીલી નીકળેલી. ૭. કૃશકટિ--પાતળી કેડવાળી. નયનાંબુજ–નેત્રકમળ. ૮. તુંને જોઇ—આ શબ્દો કુળવતી કન્યાના મુખમા શોભતા નથી. ૧૧. છાં–છે ખોટો પ્રયોગ. ત્રીજા પુરૂષ એક વચનમા 'છઇ–છિ' જોઇએ. ૧૩. સુણઇ--સાભળ. ૧૪. તિમનુ—તેમનું–પ્રાચીન પ્રયોગ શુદ્ધ નથી.

કડવું ૧૧.

૨ વદઇ--વદે. સુણઇ–સુણે. નમઇ–નમીને. ખોટો પ્રયોગ. 'નમી' કે 'નમીય' જોઇએ. ૫. અનિન્દિતા—જેની નિન્દા ન થાય તેવી, સારા આચરણવાળી ૨૨–૨૩ ક્ષિમ–ક્ષેમ. અનુપ્રાસ માટે અશુદ્ધ શબ્દ મૂકયો છે.

કડવું ૧૨

૧. સેવ—સેવા ? અહિ 'સેવા' સગત નથી જણાતો. એક બીજાથી સેવા કરવા લાગ્યા એટલે ? 'દેવ'ની સાથે પ્રાસ મેળવવા

એ શબ્દ નિરર્થક મૂક્યો જણાય છે. ૩. દંડપાણિ—જેના હાથમા દંડ છે તે, જે દંડ-શિક્ષા કરે છે તે.

કડવું ૧૩.

૫. વિવર--ગુફા. નિર્બળ ઉપમા જણાય છે. ગુફામા સિંહ પેસે તેમ રાજાઓ મંડપમા પેઠા, એનો શો અર્થ ? ૭. પરિઘ-વર્તુળનો ઘેરાવો. પુષ્ટ-જાડા. આ શબ્દ ખોટો છે. પરિઘ જેવું ગોળ કહેવાય, જાડુ ન કહેવાય દમયંતીના સ્તનને ઉદ્દેશીને લખ્યું હશે ? અથવા રાજાઓને ઉદ્દેશીને હોય તો કેટલાક રાજાઓ જાડા હતા એમ અર્થ થાય. પંચ ફણાળા-પાચ ફણાવાળા નાગ. દમયંતીના ચોટલાને ઉદ્દેશીને હશે ? રાજાઓને એ ઉપમા બેસતી નથી. ૮. કેશાગ્ર--વાળના છેડા શરાગ્ર-બાણના ફળ જેવા જાડા. ઉપમા ખોટી છે બાણના છેડા તો જાડા હોય-વાળના છેડાને તેની સાથે સરખાવતા તો ઉલટી હીનોપમા થઇ જાય. ૧૯ સત્ય કરો ઉજેહ-સત્ય વાત પ્રકાશ કરો અર્થાત્ જણાવો. (ઉજેહ-અજવાળું). ૨૪, સ્વયસ્વયતણું—પોત પોતાના. નહિ૦-આખ પલકારા ન મારે. ૨૫ નીરજ--ધૂળ વિનાનું. નિર્જર-દેવ ૨૫ નીરક્ષીર--દૂધની સાથે પાણી. દૂધ અને પાણીની મૈત્રી ઉત્તમ મનાય છે. ચૂલા ઉપર મૂક્યા હોય તો દૂધને બદલે પાણી પ્રથમ બળવા માડે છે. પાણીને બળતું જોઇ દૂધ જાતે ચુલામાં ઉભરાથી કૂદી પડે છે અને દેવતા હોલવવા મથે છે.

કડવું ૧૪.

૭. સ્વયશા પ્રકાશિત લોક-પોતાના જેવી પ્રકાશિત દુનિયા-અર્થાત્ બ્રહ્મલોક. ૧૩. યયાતિ--એ નહુષનો પુત્ર થાય અને શુક્રાચાર્યની પુત્રી દેવયાનીનો પતિ થાય. એણે દેવયાની પ્રત્યે પ્રેમ ન્યૂન કરી અન્ય પ્રત્યે વ્યભિચાર કરવાથી, શુક્રાચાર્યે તેને શાપ આપી વૃદ્ધ બનાવી દીધો હતો. પરન્તુ પોતાના સૌથી ન્હાના પુત્ર પુરૂની યુવાની તેણે લીધી હતી. નહુષ-(જુઓ પ્રથમ નળાખ્યાન ૩,૧૨ ઉપરની ટીકા.) ૧૪ ભૂભાગ--પૃથ્વીના ટૂકડા-ઇનામી જમીન. ૧૬. બાહુસૂત્રી--લાબી

કડવું ૧૫.

૬. બલિવૃત્રઅરિ--બલિ અને વૃત્રનો શત્રુ-ઇન્દ્ર.

કડવું ૧૬.

૮. 'ગૂઢ' નો અહિં ઉપયોગ જણાતો નથી અનુપ્રાસ માટે મૂક્યો છે

કડવું ૧૭.

૧૨. જાણુ—જાણકાર, જ્ઞાની. ૧૪. તિમ તિમ—તેમ તેમ ઘૃતજવાળા—ઘીની ઝાળ ઘીની ઝાળ કેવી ? ઘીની તો ધાર કહેવાય ખોટા અર્થમા શબ્દ યોજના. ૧૭. હું આવી તાહારે સહાય—ખરી રીતે આનો અર્થ 'હુ તને સહાય કરવાને આવીશુ' એમ થાય, પણ અહિંતો તેથી ઉલટા અર્થમા જણાય છે 'હુ તારી પાસે સહાય માગવા આવી છું-તારે શરણે આવી છું' એવા અર્થમા છે. ભાષા રૂઢિનું અજ્ઞાન સૂચવે છે.

કડવું ૧૮.

૧ દિગંબર—દિશાઓ જેના વસ્ત્ર છે તે, નગ્ન ૧૭. જાવા—જવાને. નારી૦—સારી આશા રાખ 'આશાએ ભરાવુ' ગુજરાતી ન કહેવાય. ૨૭ પિયર જાઇ—પિયર જવાને. 'જાઇ' ખોટો પ્રયોગ છે. 'જાવા' જોઇએ. ૨૮. કળિયોગે—કળિની યોજનાથી,-કળિને લીધે અહિ કવિની અસાવધાનતા છે દમયતીને ક્યા ખબર હતી કે આ કળિનું કામ છે ?

કડવું ૧૯.

૧. વ્યતિરેક—જુદાઇ, ભિન્નભાવ ૬ આલોક—'નિરીક્ષણ' મૂળ અર્થ થાય, અહિ 'વિચાર' ના અર્થમા ખોટી રીતે યોજ્યો છે. એને માટે શબ્દ તો 'આલોચન' છે ૧૬ આછો—પાતળો, એ ઉપરથી અહિં 'દુઃખી' ખેચીને અર્થ કર્યો છે. ૨૦. વસુ—કુબેર, ધનપતિ. ૨૨. ઉદે—મૂળ અર્થ 'પ્રકાશિત' થાય. અહિ 'ઝુલતું' અર્થમાં પ્રયુક્ત છે, જે અર્થની ખેંચતાણ ગણાય. ૨૩.ગયો૦—એનો શો અર્થ ? કળિયુગની મદદે ગયો ? 'સહાય' નો અર્થ 'શરણ' કરતા પણ વાક્ય અર્થહીન જણાય છે. ૨૪. રણ—અહિં 'વન'ના અર્થમા છે, પણ આનો અર્થ તો ઉલટોજ થાય. 'રણ' તો ઝાડપાન વિનાનું મેદાન હોય તેને જ કહેવાય.

કડવું ૨૦.

૧૧. પુષ્ટ—મૂળ અર્થ 'જાડું' થાય. અહિં 'ઘણો' ના અર્થમાં યોજ્યો છે. પ્રતિમા-પ્રકૃતિ, મૂર્તિ આ ખોટો શબ્દ છે

નળની પ્રતિમા જોવી હતી કે જાતે નળને જોવો હતો? ૧૨. જે દુઃખથી૦—'જે' મૂક્યો છે, તેથી અર્થ 'દુઃખને ઉદાસ કરી' એવો થાય. 'જેનાથી' હોય તો બરોબર કહેવાય. ૨૦. પંચાનન—સિંહ. ૨૧ કુરરી—ટિટોડી.

કડવું ૨૧.

૩. નિરખઇ—નિરખે, જુએ. દક્ષી-મૂળ શબ્દ 'દક્ષ' ડાહ્યો છે, પણ અહિ પ્રાસ માટે બગડયો છે. તેમજ તે અહિ નિરૂપયોગી છે ૫ ધ્રાવડી-(જુઓ. પ્રથમ નળાખ્યાન ૧૫, ૭ ઉપરની ટીકા) ટેભુરી-? અર્જુન-અરજુન સાદડો. ઇંગોળી-ઇગોરીઓ (જુઓ. પ્રથમ નળાખ્યાન ૧૫, ૭ ઉપરની ટીકા) નિંબ-લીંબડો. સાવરી-? કસ્તુરી મોગર-મોગરાની કોઈ જાત. દેવતરૂ-દેવદાર. ચીંચુ-આબલી. કદંબ-એને ન્હાના સુદર ચપાની સુગંધી વાળા ફુલ હોય છે. એની છાલ સધિવાના દરદ ઉપર ચોપડવામા આવે છે ત્રિફળા-હરડા, બેહેડા અને આબળાનાં ઝાડ. ઉમરા-એ ઝાડ છે. એના પાન ગરમ કરીને વાળાના સોજા ઉપર મૂકવામા આવે છે. સં. उदुम्बर. पश्यत्ति-જુએ છે. સસ્કૃત રૂપ છે. ૨૭. ઉણુ—નકામો પ્રાસ મેળવવા ખાતર આપ્યો છે. 'ઉણુ'નો અર્થ આ વર્ષે થાય. 'અત્યારે' ન થાય. ૪૫. જીર્ણતા૦—જીર્ણતા પાસે આવી છે? 'છું' ચરોતરી આધુનિક પ્રયોગ. બીજા પુરૂષ એક વચનનો પ્રાચીન શબ્દ 'છા' ને 'છિ'હતો

કડવું ૨૨.

૫. બલીવર્દ—બળદ ૧૩ અમૂલ્ય૦—બેમૂલ ઝવાહીર લેવા પણ કોણ ઊભું રહે? ૧૩ શ્રમસાધ્ય—મહામહેનતે મેળવેલાં ૨૧. અકાર—અકાર્ય, પાપ. અહિ 'કેર'ના અર્થમા જણાય છે. ૨૨. સુખનું૦—સુખનું સરોવર નથી મળતું અસંગત સુખનો લેશ માત્ર નથી, ત્યા સરોવરની ઇચ્છા કરે છે! ૨૮. શે નવિ૦ દીવાની જ્યોતમા જ્યોત કેમ નથી મળતી? પતિપત્નીનો યોગ કેમ નથી થતો? ૩૧. વાન—શરીર. ૩૬. દાઇ—ધાવ આ શબ્દ બાલણના વખતનો હશે? ૩૭. ગછે—? શુ થાય? ૫૧-સુચંદા—પ્રા. કા. મા. માં. 'સારા ચન્દ્ર જેવી' અર્થ આપ્યો છે મૂળ શબ્દ 'સુચંગા' હોય તો 'સુન્દર' અર્થ થાય એ સંસ્કૃત શબ્દ છે. જુઓ પ્રથમ નળાખ્યાન ૨૩, ૧૫. 'દિવસ કેટલે તે નગરે આવી સુબાહુને સુચંગજી' ૫૨. વયણુ—વેણુ, વચન.

કડવું ૨૩.

૧૦ પ્રવર—ખોરો શબ્દ જણાય છે. એનો અર્થ '[illegible]' કે 'વંશ' થાય. પ્રા. કા. મા. મા. 'આગળીનુ બેડકુ' આપ્યો છે, એ શા ઉપરથી?

કડવું ૨૪.

૫ શિલ્પકામ—મૂળમા આ શબ્દ બહુ વચનમા છે. તેથી તેનો અર્થ કલાઓ થાય **यानि शिल्पानि लोकेऽस्मिन् यच्चैवान्यत्सुदुष्करम्** । ટીકાકાર પણ એજ અર્થ આપે છે. અહિ 'શિલ્પ કામ' મૂકવાથી 'ઘર બાંધવાની કળા' એટલોજ અર્થ થાય. મૂળનો ભાવ ન સમજવાને લીધે ગોટાળો થયો છે ૭. નિષ્ક—સોના મ્હોર ૧૧ અધુના૦—નળના મુખમા આ વચન શોભે છે? રાય-વાર્ષ્ણેયને ઉદ્દેશીને 'રાય' કહે છે, એ યુક્ત નથી જણાતું ૧૨. કુબુદ્ધિની—દુષ્ટ બુદ્ધિના પુરૂષની એ 'સ્ત્રી'નું વિશેષણ નથી.

કડવું ૨૫.

૭ અગ્નિજ્વાળ રહે છુપી—અસ્પષ્ટ છે. અગ્નિની જ્વાળા છુપી શી રીતે રહે? મૂળમાં તો **निबद्धां धूमजालेन** છે. પ્રથમ નળાખ્યાનમા પણ 'ધુમે ઢાંક્યો વહ્નિ જાણે,' એમ સ્પષ્ટ છે. અહિ 'ધુમ' શબ્દ પડતો મૂકવાથી આ અસ્પષ્ટતા આવી છે. ૧૧ રજ વિના તડાગે છુંછ--એટલે શુ? કંઈ અર્થજ નથી મૂળમા તો **मलपङ्कानुलिप्ताङ्गीं मृणालीमिव चोद्धृताम्** એમ છે. અર્થાત્ પતિ વિરહને લીધે એવી મેલીઘેલી થઇ હતી કે જાણે કાદવથી ખરડાએલી મૃણાલી (કમળનો છોડ) હોય' આમા તો એથી ઉલટુ 'રજવિનાની' લખ્યુ છે મૂળનો અર્થ સમાજાયો જણાતો નથી પ્રા. કા. મા. માં. 'તળાવમા રજવગરની (પોયણી) હોય તેવી' એમ અર્થ આપ્યો છે. તે પણ અસ્પષ્ટ છે રજવગરની કહેવાનુ શુ પ્રયોજન? ૧૨. પતિચન્દ્રથી થઈ મલિન—અહિં પણ મૂળનો ભાવાર્થ ન સમજવાથી ગોટાળો થયો છે. મૂળમા તો સ્પષ્ટ છે કે **पौर्णमासीमिव निशां राहुग्रस्तनिशाकरां** । એટલે, રાહુએ ગ્રસેલા ચન્દ્રવાળી પૂર્ણિમાની રાત્રી જેવી નિરતેજ લાગતી હતી. પ્રથમ નળાખ્યાનમા પણ 'શશી ગ્રસ્યો જેમ રાહુ આવી પૂર્ણિમાની રાતે' એમ સ્પષ્ટ છે. અહિં આપેલા શબ્દનો અર્થ કરીએ તો 'પતિરૂપી ચન્દ્રથી

મલિન થયેલી' એમ થાય. શું ચન્દ્ર રાત્રીને મલિન કરે છે? શું દમયંતીને તેના પતિએ મલિન—અપવિત્ર કરી? આવો આક્ષેપ સુદેવના મ્હોમા શોભે છે? ૧૬. રોહિણી—ચન્દ્રની સ્ત્રી–ચન્દ્રિકા. ૨૨. સંખ્યાબ્ધિ—સંખ્યાવધિ—અસંખ્ય. પ્રા. કા. મા મા 'અબ્ધિ' નો અર્થ 'સમુદ્ર' કરી, 'સમુદ્ર જેવા અપાર સંખ્યા વાળા' અર્થ આપ્યો છે. સમુદ્રનો વિસ્તાર અપાર કહેવાય પણ સમુદ્રની અપાર સંખ્યા હોય ખરી?

કડવું ૨૬.

૨. રક્ત મસ—રાતો મસ, તલ. મૂળમા બે ભ્રમર વચ્ચે કહ્યો છે. ભ્રુવામધ્યે। બે ભ્રમરની મધ્યે કે કપાળમા રાતો મસ હોવો તે રાજ્યચિહ્ન સૂચક સામુદ્રિક શાસ્ત્રમા ગણાય છે. भ्रुवोर्मध्ये ललाटे वा मषको राज्यसूचकः। પોતાનું રાણીપદ છૂપાવવાને તે આ મસ મેલથી ઢાંકી રાખતી. ૫. વારિ—પાણી, આંસુ. ૮. શિબિકા—પાલખી. 'મત લઇને' આધુનિક રચના જેવી લાગે છે. ૧૪. છાં—ખોટુ ૨૫. ત્રીજા પુરૂષ એક વચનમા 'છિ' જોઇએ. અવધિ૦—અમુક મુદતનો વાયદો કરી મરતા બચાવી છે. ૨૪. સો વરાં—સોવાર. સોનું, ભાખણ, સતી અને દાતાર—એમને ગમે તેટલી વખત તાવશો (દુઃખ આપશો), તો પણ દુઃખ સહન કરી બીજાને સુખી કરશે ૨૫ અર્ધવસ્ત્ર૦—જે વસ્ત્રોના દાન આપતો તેને પહેરવાને માત્ર અર્ધું વસ્ત્ર જ મળ્યું! ૩૦. અવધિ—અંત. ૩૫. દસ્ત્ર—આ નામનો સંસ્કૃતમાં કોઇ શબ્દજ નથી. 'વસ્ત્ર'ના અનુપ્રાસમાં નવો બનાવી કાઢ્યો છે. પ્રા. કા. મા. મા તેનો અર્થ 'ગર્વ' આપ્યો છે, તે શા આધારે? 'ગર્વ'નો પર્યાય તો 'દર્પ' છે. ૪૮. નીમ—નિયમ. આ શબ્દ યોગ્ય નથી જણાતો. પ્રાતઃકાળે તે શી યુક્તિ કરે છે—બાજી રચે છે એમ કહેવાનું તાત્પર્ય છે. નિયમનો તેવો અર્થ ન થાય.

કડવું ૨૭.

૧. ઉદક—પાણી. નાંખી જોયાં—પરીક્ષા કરી. આનો અર્થ જોવા જઇએ તો 'અગ્ન અને પાણીની પરીક્ષા કરી' એવો થાય. અહિ ભાષાજ્ઞાનની ખામી જણાય છે. કહેવાની મતલબતો એમ છે કે 'નળની અગ્ન અને પાણીથી' પરીક્ષા કરી. ખાલી ઘડા ઉપર હાથ મૂકીને પાણીથી ભર્યો અને અગ્નિ વિના લાકડા સળગાવ્યાં.

કડવું ૨૮.

૧. ચાર પદારથ—ચાર પુરૂષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ૬. ગોધૂમ—ઘઉ. ક્ષુધિતપણું—ભૂખ સરખાવો દલપતરામ-'વાકો ચૂકો ગોધુમનો રોટલો તેહ તો કહેવાય, જ્યાથી ભક્ષ કીજીએ ત્યાથી અગ્રત થાય [૪૧૭, ૯.] ૭. દુર્વેળા—બે વખત. કોઇ નાગરે નળાખ્યાન અને ધ્રુવાખ્યાન પાછા ન આપ્યાથી બીજી વખત રચના કરી જણાય છે. ૯. દુખીઆચા—દુખીઆનું. સરખાવો 'નરસૈયાચો'. ચંત-ચિત્ત

परिशिष्ट.

ભૌગોલિક ટિપ્પણ.

૧. કામ્યક વન—એ કુરૂક્ષેત્રની પશ્ચિમે સરસ્વતી અને શતદ્રુ (સતલજ)ની વચ્ચે આવ્યુ હતું. હાલમા પંજાબ અને રજપૂતાનાની સંધિ ઉપર એનું સ્થળ ગણાય જુઓ महाभारत वनपर्व-अध्या ५ प्रययुर्जाह्नवी कुलात्कुरुक्षेत्रं सहानुगा । सरस्वती दृषद्वत्यौ यमुनां च निषेव्यते । ययुर्वनेनैव वनं सतत पश्चिमां दिशाम् ॥ २ ॥ तत सरस्वतीकुले समेषु मरुधन्वसु । काम्यक नाम ददृशु वन मुनिजनप्रियम् ॥ ३ ॥ ૨. નૈષધદેશ અવન્તીની પૂર્વમા હશે. વેત્રવતી [બટવા] અને સિન્ધુ (માળવાની) વચ્ચે આગળ જતા-નળ અને દમયતી વનમાં નીકળે છે, ત્યારે થોડુક ચાલ્યા પછી નળ તેને અવન્તી અને વિન્ધ્ય પર્વત બતાવે છે ૩. વિદર્ભ—હાલનો વરાડ પ્રાત ૪ કુંડિનપુર—વિદર્ભની તે વખતે રાજધાનીનું શહેર હતું તે હાલના અમરાવતીની પૂર્વે ૪૦ માઇલ ઉપર હશે એમ જણાય છે ૫ દશાર્ણ—વેત્રવતી નદીની પૂર્વે આવ્યું હતું. એની રાજધાની વિદિશા (હાલનું ભેસનગર) હતી. જુઓ मेघदूत संपत्स्यन्ते कतिपयदिनस्थायिहंसा दशार्णा ॥२३॥ तेषां दिक्षु प्रथितविदिशालक्षणा राजधानी

× × × ×

सभ्रूभङ्गं मुखमिव पयो वेत्रवत्याश्चलोर्मि. ॥२४॥ ૬. ચેદિ—દશાર્ણની ઉત્તરે અને જમનાની દક્ષિણે એ દેશ આવ્યા હતો. ૭. રૂક્ષવંત—વિન્ધ્યાચલનો પૂર્વ ભાગ. ૮. પયોષ્ણી—હાલની તાપી નદી.